# 'અધ્યાત્મ કલ્પદ્રુમ'નાં અજવાળાં



આચાર્ય વિજયરાજરત્નસૂરિ

## સાહિત્યયાત્રાનો સત્કાર

**શાસન પ્રભાવક સિદ્ધહસ્તલેખક આચાર્ય**

**શ્રી રાજરત્નસૂરિજી!**

અનુવંદના... સુખશાતામાં હશો...

વિશેષમાં આપના તરફથી ત્રણે ય પુસ્તકો મળી ગયા છે. આપની હૃદયથી ખૂબ ખૂબ અનુમોદના કરું છું. આપના કોઈ પણ લેખ હોય કે પુસ્તક હોય, અરે! કોઈ એક પત્ર પણ હોયઃ આપ Pen થી નહીં પણ હૃદયથી લખો છો. આપના લેખ – પુસ્તક ખરેખર વાંચવા મજબૂર કરે એવા છે.

ખૂબ ખૂબ અનુમોદના...

સહવર્તી સર્વ મહાત્માઓને અનુવંદના – શાતાપૃચ્છા...

- પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ.ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

श्रीलोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ सूर्योदयं सूरिवरं नमामि

# 'અધ્યાત્મ કલ્પદ્રુમ'નાં અજવાળાં


✻ લેખક ✻

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય **સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યસર્જક તેજસ્વીવક્તા શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય **રાજરત્નસૂરીશ્વરજી મહારાજ**



✻ પ્રકાશક ✻

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન ✻ પુસ્તક ક્રમાંક-૧૭૬

## * પ્રકાશક - પ્રાપ્તિસ્થાન *

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે,
જૈન મંદિર પાસે, માંજલપુર,
વડોદરા – ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

## * પ્રકાશનતિથિ તથા સ્થળ *

વીર સં. ૨૫૪૮ * વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ–૬,
તા. ૨૧–૫–૨૦૨૨, શનિવાર. ૫૯ સંયમીઓના
૫૦૦ આયંબિલ તપમહોત્સવ અંતર્ગત ૨૮૦૦
તપસ્વીઓનો બહુમાનદિન.
'ધર્મ–સૂર્યોદય તપનગર', બોરીવલી–મુંબઈ.

## * પ્રથમાવૃત્તિ પ્રત *

૧૫૦૦
**મૂલ્ય : ₹ ૧૩૦/–**

## * મુદ્રક *

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ,
મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ફોન : ૪૩૪૬ ૭૧૭૧



દર્ભાવતીતીર્થાધિપતિ પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

અંજનસમા વર્ણે રસ્યા પદ્માસનાર્ધે રાજતા, જે સપ્તફણથી શોભતા ને સપ્તભય ઓગાળતા;
દર્ભાવતીમંડન બની ભક્તોતણી ભીડ ભાંજતા, તે પાર્શ્વપ્રભુ લોઢણતણા પદકમલમાં પ્રેમે નમું...



ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

**શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન**



ધર્મ-સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

**શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન**



જૈનશાસનના મહાન જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય ભગવંત

# શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

જેની વચનલબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા, અદ્‌ભુત શાસનકાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;
બની સંઘમાં સૂરજ સમા જે 'યુગદિવાકર' પદ વર્યા, તે ધર્મસૂરીશ્વરચરણમાં ભાવથી કરું વંદના...



વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આચાર્ય ભગવંત

# શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

શ્રી ધર્મસૂરીશ્વરતણી ધર્મધ્વજા લહેરાવતા, શાસનતણાં બહુ કાર્યથી જિનધર્મજય ફેલાવતા;
બહુ શિષ્યકેરી સંપદાથી જેહ નિત્ય વિરાજતા, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વંદના.

# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ શાસનપ્રભાવક

ગુરુદેવ આ.ભ.શ્રી વિજય

રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી આગમરત્નવિજયજી

ગણિવરની પ્રેરણાથી

શ્રી દેવચંદનગર શ્વે.મૂ. જૈન સંઘ

મલાડ–પૂર્વ તરફથી

આ પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન

– પ્રકાશક

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

# ગ્રન્થથી ગ્રન્થિવિસર્જન સુધી...

## લેખકીય નિવેદન

માનવીય જીવનશૈલી બે પ્રકારની છેઃ એક ભૌતિકતાલક્ષી અને બીજી અધ્યાત્મલક્ષી. જ્યાં ભૌતિકતાલક્ષી જીવનશૈલી છે ત્યાં જીવનના Target માત્ર ને માત્ર બાહ્ય સ્તરનાં હોય છે. Posh વિસ્તારમાં સર્વસુવિધાસજ્જ આકર્ષક ઘર, Latest modelની car, નવાં નવાં આધુનિક સાધનોનો ઉપભોગ, મોજમજા માટે વારે-તહેવારે વિવિધ Foreign Countryના પ્રવાસો, આ બધા માટે વધુ ને વધુ અર્થોપાર્જનઃ આ હોય છે ભૌતિકતાલક્ષી જીવનશૈલી ધરાવતી વ્યક્તિનાં Target. અલબત્ત, આ કે આના જેવા ઘણા Target સર કર્યા પછી ય વ્યક્તિને ભીતરથી શૂન્યાવકાશનો અનુભવ થયા કરે છે અને એક તબક્કે એની મનઃસ્થિતિ પેલી પંક્તિ જેવી થતી હોય છે કેઃ-

**દોડતા'તાં ત્યારે લાગતું'તું કે, આપણા જેવું કોઈ સમર્થ નથી;**
**જરાક પાછું વળીને જોતાં લાગ્યું કે, આટલું દોડ્યા તેનો કોઈ અર્થ નથી...**

અધ્યાત્મલક્ષી જીવનશૈલીના Target આનાથી સાવ અલગ હોય છે. ત્યાં જીવનના Target માત્ર ને માત્ર અભ્યંતર સ્તરના હોય છે. મમત્વનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ, ઇન્દ્રિયવિજય, મનોનિગ્રહ, વિષયોનો હ્રાસ, કષાયોનો હ્રાસ, ઉપશમભાવ, સામ્યયોગ અને આ બધા દ્વારા પૂર્ણ આત્મવિશુદ્ધિઃ આ હોય છે અધ્યાત્મલક્ષી જીવનશૈલી ધરાવતી વ્યક્તિનાં Target. કમાલ એ હોય છે કે જેમ જેમ એના Target સર થતાં જાય તેમ તેમ એ ભીતરી સમૃદ્ધિથી છલકાતી જાય. એને જીવનસાર્થક્યની અને પરમપદ નિકટ આવ્યાની અનુભૂતિ થયા કરે. સ્વયં શાસ્ત્રો એની આ અનુભૂતિ પર સત્યતાની મહોરછાપ લગાવતાં કહે છે કેઃ-

**जह जह दोसा विरमइ, जह जह विसएसु होइ वेरग्गं।**
**तह तह विन्नायव्वं, आसन्नं सेय परमपयं।।**

ભાવાર્થ કે જેમ જેમ સાધકનાં જીવનમાંથી દોષો દૂર થતા જાય અને વિષયો પ્રત્યે વૈરાગ્ય વધતો જાય તેમ તેમ એના માટે મોક્ષ નિકટ આવતો જાય છે એમ સમજવું.

અધ્યાત્મલક્ષી જીવનશૈલી આત્મસાત્ થાય એના માટે અધ્યાત્મસાર-અધ્યાત્મોપનિષદ્ વગેરે અનેક આધ્યાત્મિક ગ્રન્થો પ્રભુશાસનમાં ઉપલબ્ધ છે. એમાંનો એક મહત્ત્વપૂર્ણ અધ્યાત્મમઢ્યો ગ્રન્થ છે 'અધ્યાત્મકલ્પદ્રુમ.' એના રચયિતા પૂજ્યપ્રવર સહસ્રાવધાની **આચાર્યવર્ય શ્રીમાન મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ** સ્વયં એમના સમયના સુપ્રસિદ્ધ અધ્યાત્મસંપન્ન અને પરમ વૈરાગ્યસંપન્ન મહાપુરુષ હતા. તેઓશ્રીએ એ ગ્રન્થમાં જે આત્મવિશુદ્ધિલક્ષી ભાવો ભર્યા છે એ ભલભલા સાધકના પ્રમાદને ખેરવી નાંખવા અને એને આત્મવિશુદ્ધિનાં લક્ષ્યમાં જોડી રાખવા સક્ષમ છે. એમની માર્મિક રચનાશૈલીના એક-બે ઉદાહરણો નિહાળીએઃ

* સાતમા 'કષાયત્યાગાધિકાર'માં તેઓશ્રી મર્મસ્પર્શી વાત લખે છે કે **''मूलं हि संसारतरोः कषाया-स्तत्तान् विहायैव सुखी भवाऽत्मन्.''** મતલબ કે હે સાધક આત્મન્ । આ સત્ય સદાય સમજી લેજે કે સંસારરૂપી આ તોતિંગ વૃક્ષનું મૂળ જો કોઈ પણ હોય તો તે છે કષાયો. આ કષાયો-ક્રોધાદિ ભાવો છોડી દે તો સુખી થઇ જઇશ-શાંતિ અનુભવી શકીશ...

* અંતિમ 'સામ્યસર્વસ્વ' અધિકારમાં તેઓશ્રી લખે છે કે **''अवेहि विद्वन् ! ममतैव मूलं, शुचां सुखानां समतैव चेति.''** ભાવાર્થ કે હે વિદ્વાન્ ! શાસ્ત્રોનો સાર સંક્ષેપમાં એ સમજી લેજે કે દુઃખોનું સરનામું મમતા છે અને સુખોનું સરનામું સમતા છે...

આવા અદ્ભુત 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થ અંગે, એક ભૂમિકાલેખ અને પ્રત્યેક અધિકાર પર બે-બે લેખ મળી કુલ તેંત્રીશ લેખોની લેખમાળા ગુજરાતના વિખ્યાત અખબાર **'ગુજરાતસમાચાર'**ની 'ધર્મલોક' પૂર્તિના **'અમૃતનીઅંજલિ'** કક્ષમાં લખવાનું બન્યું. અલબત્ત, અખબારી લેખમાળામાં સ્થળની નિશ્ચિત મર્યાદા અને જૈન-જૈનેતર તમામ વાચક વર્ગને નજર સમક્ષ રખાતો હોવાથી આ વિવેચનમાં પ્રત્યેક અધિકારના પસંદગીના થોડા જ શ્લોકો લેવાયા છે અને સરલતા પર ખાસ ધ્યાન અપાયું છે. એથી એને એ પરિપ્રેક્ષ્યમાં નિહાળવું. આ વિવેચન જેઓશ્રીની અસીમ અમીદૃષ્ટિ લખી શકાયું છે તે પૂજ્યપાદ અનંતોપકારી ગુરુદેવો યુગદિવાકર **આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.** તથા પ્રૌઢપ્રભાવશાળી **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પુનિત પાદારવિંદમાં કૃતજ્ઞતાપૂર્ણ નમન કરીને એ જ મંગલ મનઃકામના કરું છું કે અમને અને વાચકવર્ગને આ ગ્રન્થ ગ્રન્થિવિસર્જન સુધી લઇ જાય...

વિ.સં. ૨૦૭૮. મહા વદિ-૧. તા. ૧૭-૨-૨૦૨૨<br>
દહિંસર-મુંબઇ } - **વિજય રાજરત્નસૂરિ**

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि ※ सूर्योदय सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

યુગદિવાકર સમુદાયના ૫૯-૫૯ તપસ્વીરત્નોના ૫૦૦ આયંબિલની મહાન આરાધનાની પૂર્ણાહુતિના વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ પ્રસંગે અમારી સંસ્થાના **૧૭૬**મા પુસ્તકરૂપે પ્રસ્તુત **'અધ્યાત્મ કલ્પદ્રુમનાં અજવાળાં'** પુસ્તકનું પ્રકાશન કરતાં અમે પરમ ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર **આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**ના 'ધર્મ'સામ્રાજ્યના યશસ્વી સંવાહક અને અમારી સંસ્થાના પ્રેરક-પ્રણેતા પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર પૂજ્યપાદ પરમ ગુરુકૃપાનિધાન **આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ની પુણ્યપ્રભાવવંતી નિશ્રામાં વિ.સં. ૨૦૭૮ના આ વર્ષના શેષકાળના પ્રારંભથી જ એકથી એક ચડિયાતા યશસ્વી શાસનપ્રભાવક ધર્મકાર્યોની દેદીપ્યમાન પરંપરા સર્જાઈ.

તેમાં (૧) કાંદિવલી-પૂર્વના શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં ભવ્ય શિખરબદ્ધ વિશાલ શત્રુંજય આદિનાથ જિનાલયનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૨) એ જ પ્રસંગે ચાર ચાર મુમુક્ષુઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ (૩) કાંદિવલી-પશ્ચિમના શ્રી વર્ધમાનભક્તિ ઈરાની વાડી જૈન સંઘમાં રમણીય શિખરબદ્ધ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનો ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૪) શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વતીર્થે ૩૦૪ આરાધકોના યાદગાર ઉપધાન તપ (૫) સફાલા જૈન સંઘના શિખરબદ્ધ ભવ્ય વાસુપૂજ્યજિનાલયનો અદ્ભુત અંજનશલાકા-

પ્રતિષ્ઠામહોત્સવ (૬) દહિંસર-શાંતિનાથ જૈન સંઘમાં યશસ્વી અંજનશલાકા-પ્રતિષ્ઠા-વડીદીક્ષામહોત્સવ અને (૭) મલાડ-ભાદરણનગર જૈન સંઘમાં જબરજસ્ત ઉલ્લાસમય પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રી આદિની પુણ્યનિશ્રામાં ઉજવાયો.

આ જ સમયખંડ દરમ્યાન (૮) કાંદિવલી (પ.)માં સંભવનાથજિનાલયમાં પ્રતિષ્ઠામહોત્સવ અને (૯) કાંદિવલી (પૂર્વ)માં આદિનાથ ગૃહજિનાલયની પ્રતિષ્ઠા (૧૦) ગ્રીનવુડમાં શિખરબદ્ધ જિનાલયશિલાન્યાસનાં કાર્યો થયાં. આમાંના મહદંશ મહોત્સવોમાં ૮૦-૮૦ સંયમીભગવંતોની ઉપસ્થિતિ હતી. આ સર્વ મહાન ધર્મપ્રસંગોનો વિશેષ ઉલ્લેખ તે સમયે પ્રકાશિત પુસ્તકોના 'પ્રકાશકીય પ્રકાશ'માં થયો હોવાથી અહીં તે પછીનાં ધર્મપ્રસંગોનો ઉલ્લેખ કરીશું.

મલાડના પ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રી સપરિવાર કાંદિવલીમાં મુનિસુવ્રત જિનાલય સંઘ તથા શંખેશ્વર જિનાલય સંઘ, મલાડમાં જિતેન્દ્રરોડ સંઘ તથા દેવચંદનગર સંઘ, ગોરેગામમાં જવાહરનગર સંઘ, અંધેરીમાં નાગરદાસરોડ સંઘ, ઘાટકોપરમાં નવરોજી લેન-૬૦ ફુટ રોડ તથા સાંઘાણી એસ્ટેટ સંઘ, ચેમ્બુર-સાયન-માટુંગા-ગોવાલીયાટેંક સંઘ, વાલકેશ્વરમાં બાબુ અમીચંદ આદીશ્વરજિનાલય-પ્લેઝન્ટ પેલેસ તથા સુપાર્શ્વનાથ સંઘ, મરીનડ્રાઇવ-ચોપાટી-ભાયખલા-અવિઘ્નટાવર-શાંતાક્રુઝ સંઘ, અંધેરીમાં જે.બી.નગર સંઘ તથા વીરા દેસાઈ સંઘ, પાર્લા-વેસ્ટ સંઘ તથા જુહુસ્કીમ સંઘઃ આવા આવા ત્રીશથી વધુ જૈન સંઘોમાં ક્રમશઃ પધારતા પ્રાયઃ દરેક સ્થાનોમાં પૂજ્યશ્રીનાં ભવ્ય સામૈયાં-હૃદયસ્પર્શી પ્રવચનો અને સંઘનવકારશીનાં આયોજનો થયાં. આ વિહારયાત્રા દરમ્યાન સાંઘાણી એસ્ટેટ જૈન સંઘના ઉપાશ્રયમાં **તે સંઘના પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવ વ્યા.સા.ન્યા. તીર્થ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ની પ્રતિકૃતિની કાયમી સ્થાપના થઇ, તો અંધેરી-જે.બી. નગરમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ગૃહજિનાલયની પ્રતિષ્ઠા થઇ.

ત્યાંથી પૂજ્યશ્રી પાર્લા-પૂર્વના શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથસંઘમાં શાશ્વતી ઓળીની આરાધનાર્થે પધારતાં પ્રવેશદિને પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું-મુમુક્ષુની દીક્ષાપત્રિકાઆલેખન-સાધર્મિકવાત્સલ્યાદિ યોજાયા. આ સંઘમાં બે વર્ષ પૂર્વે થયેલ પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં ૧૫૪ સામૂહિક માસક્ષમણો અને સમગ્ર મુંબઈમાં સર્વપ્રથમ બની રહેલ 'record break' ઉપાશ્રયઉછામણીનાં ઐતિહાસિક ધર્મકાર્યો થયા હોવાથી સંઘનો ભાવોલ્લાસ વિશિષ્ટ હતો. નિત્ય બે વાર પ્રવચનો, વિશાલ સંખ્યામાં સામૂહિક ઓળીઓ, ચૈત્ર શુદિ તેરશના પ્રભુમહાવીરદેવના જન્મકલ્યાણક ઉજવણીરૂપે ભવ્ય રથયાત્રા તથા શાનદાર સ્ટેજઉજવણી સહિત કલ્યાણક કાર્યક્રમ, તે દરમ્યાન જ પૂજ્યશ્રી આદિ ૫૯ સંયમીઓના ૫૦૦ આયંબિલસમાપનના વિરાટ ઐતિહાસિક તપમહોત્સવનો રંગારંગ પત્રિકાલેખન સમારોહ, સામૂહિક પારણાં વગેરે પ્રસંગો આ શાશ્વતી ઓળી દરમ્યાન થયા. આ રીતે (૧) **પૂજ્યશ્રી, પૂ.આ.ભ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.** તથા **પૂ.પં. શ્રી હિતરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં પાર્લામાં ભવ્યાતિભવ્ય ઓળીઆરાધના થઈ, તો (૨) **પૂ.પં. શ્રી આગમરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં ગોરેગામ - જવાહરનગરસંઘમાં (૩) **પૂ.પં. શ્રી ધર્મરત્નવિજયજીગણિવર** તથા **પૂ.પં. શ્રી અક્ષયરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વતીર્થમાં (૪) **પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ.**ની નિશ્રામાં શ્રી અવિઘ્નટાવરસંઘમાં અને (૫) **પૂ. મુનિરાજ શ્રી અર્હંરત્નવિજયજી મ.**ની નિશ્રામાં ગોરેગામ-શ્રીનગર સંઘમાં શાશ્વતી ઓળીની ભવ્ય આરાધનાઓ થઈ.

શાશ્વતી ઓળી પછીના વીશ દિવસો દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં (૧) મીરારોડમાં સુવિધિનાથ જિનાલય પ્રતિષ્ઠા (૨) બોરીવલીમાં ગૃહજિનાલયપ્રતિષ્ઠા (૩) બોરીવલીના નવ સંઘોમાં પૂજ્યશ્રીનાં ભવ્ય સામૈયાં-પ્રવચનો-સંઘનવકારશીઓ (૪) શ્રી સુમેરનગર સંઘમાં **પૂ.સા. શ્રી**

**અપૂર્વકલાશ્રીજી મ.** પ્રેરિત અંજનશલાકામહોત્સવ અને (૫) શ્રી આંબાવાડી સંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થનાર જિનાલયની પ્રતિષ્ઠાનો તથા ધર્મધામતીર્થના પરોણાગત નૂતન પ્રભુજીઓના અંજનનો ઉછામણીસમારોહ યોજાયો. હવે ઉપસ્થિત થયો તપક્ષેત્રે યુગદિવાકરસમુદાયને સમગ્ર પ્રભુશાસનમાં ગૌરવ બક્ષે તેવા મહાન આયંબિલતપનો મુંબઇભરમાં અનોખી ભાત ઉપસાવતો વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ.

બે વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૭૬માં સમગ્ર વિશ્વ કોરોનાના વિકરાલ પંજામાં સપડાયું હતું અને સર્વત્ર "Immunity" પર ભાર અપાતો હતો તેવા વિરલ સંયોગોમાં પૂજ્યશ્રીએ ૫૦૦ આયંબિલનો પ્રારંભ કર્યો. આશ્ચર્ય એ હતું કે પ્રબળ અંતરાયવશ પૂજ્યશ્રીએ ૪૪ વર્ષના સંયમપર્યાયમાં આયંબિલ અત્યંત જૂજ ક્વચિત જ કર્યા હતા અને તેમાં ય છેલ્લા ૩૬ વર્ષમાં એક પણ આયંબિલ કર્યું ન હતું. આમ છતાં દેવ-ગુરુ પરની પરમ શ્રદ્ધાથી તેઓશ્રીએ આ ૫૦૦ આયંબિલયજ્ઞનો પ્રારંભ કરતા તેઓશ્રીની સાથે એક-બે નહિ **૧૭ શ્રમણ ભગવંતો અને ૪૧ શ્રમણી ભગવંતો સહિત કુલ ૫૮ સંયમીઓ ૫૦૦ આયંબિલમાં સામેલ થયા!** આ તપસ્વી ભગવંતોની વંદનીય વિશેષતાઓ નિહાળીએ તો **(૧) એક પૂ. સાધ્વીજી દ્વારા ગિરનારતીર્થના ૩૫૦ યાત્રાઓ સાથે અખંડ ૧૦૦૮ આયંબિલ (૨) અન્ય એક પૂ. સાધ્વીજી દ્વારા ૧૦૦૮ આયંબિલ (૩) નવ સંયમીઓ દ્વારા અખંડ ૭૫૦–૬૫૦–૫૦૦ આયંબિલ (૪) કેટલા ય સંયમી ભગવંતો દ્વારા પૂજ્યશ્રીને સાથ આપવા માટે બીજી વાર–ત્રીજી વાર ૫૦૦ આયંબિલ (૫) ૭૨ વર્ષના સંયમીથી લઇ નાના–નાના બાલમુનિઓ દ્વારા ૫૦૦ આયંબિલ અને (૬) એક મુનિભગવંત દ્વારા અખંડ ૭૫૦ આયંબિલ માત્ર ચાર દ્રવ્યોથી અને તે પણ એક જ પાત્રમાં એકત્ર કરી ઉપર એક પાત્રી ઠંડું પાણી ભેળવીને કરાયા છે!** ગુરુભગવંતોની આ મહાન તપસ્યાની અનુમોદનાર્થે ગત વર્ષે મુંબઇના શ્રાવક-શ્રાવિકાઓ માટે ૧૧ માસમાં ૧૦૮ આયંબિલનું આયોજન રજૂ થતાં તેમાં ૨૮૦૦ આરાધકો

સામેલ થયા. આ રીતે સંયમીઓના અને ગૃહસ્થોના મળી **કુલ આયંબિલ થયા સાડા ત્રણ લાખથી અધિક!**

જેવી વિરાટ સંખ્યામાં આ આયંબિલ થયા તેવો જ વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ યોજવાનો નિર્ણય ગુરુભક્તોએ કર્યો. આ માટે શ્રી ગીતાંજલિસંઘ અને તપમહોત્સવસમિતિના ઉપક્રમે એકેકથી ચડિયાતા અનોખાં-અદ્‌ભુત આયોજનો થયાં. તેની મુખ્ય મુખ્ય ઝલક વિચારીએ તો (૧) ૧૦૮ આયંબિલ કરનાર ૨૮૦૦ આરાધકોનું પ્રત્યેકને રૂ. ૩000થી બહુમાન (૨) સમસ્ત મુંબઈના ૭00 થી વધુ શિક્ષક-શિક્ષિકાનું રૂ. ૧000થી બહુમાન (૩) એક સાથે ૨૧-૨૧ સંગીતકારોની સંગીતસૂરાવલિઓ વચ્ચે અષ્ટોત્તરી મહાભિષેક (૪) એક જ સરખાં પૂજાવસ્ત્રોમાં સજ્જ ૧000થી વધુ ભાવિકો દ્વારા ૧000 સિદ્ધચક્ર યન્ત્રોનું મહાપૂજન (૫) રાષ્ટ્રવ્યાપી ખ્યાતિને વરેલ કલાકારો દ્વારા પારિવારિક ભાવના દૃઢ કરતું નાટક તેમજ ડાયરો (૬) જૈન જગતની વિશિષ્ટતાઓ દર્શાવતું વિશાલ જૈન Museum (૭) ત્રણે ય પૂ. ગુરુદેવોનાં જીવનને તાદૃશ કરતી Documentary film (૮) 'ધર્મકૃપા ટ્રસ્ટ'ના ઉપક્રમે એક સાથે **૧૫** નવાં પુસ્તકોનાં પ્રકાશનો (૯) વિવિધ સંઘોના આયંબિલખાતામાં કાયમી માતબર દાન તેમજ સાધર્મિક ભક્તિ-જીવદયાના અનેકવિધ સત્કાર્યો આ મહોત્સવમાં ગૂંથી લેવાયા હતા.

વૈશાખ શુદિ-૭, તા. ૮-૫-૨૨ ને રવિવારે આ વિરાટ તપમહોત્સવ નિમિત્તે પૂજ્યશ્રી આદિનો ગીતાંજલિ સંઘમાં બાદશાહી નગરપ્રવેશ થયો ત્યારે એક સાથે ૨૦૦થી વધુ મંગલ કુંભધારી બહેનો - ૧૦૮ શુકનધારી બહેનો - ૧૦૮થી વધુ ગહુંલીઓ - ૧૭૫ શાસનધ્વજ - ૫૪ ઘોડેસવારો - ઠેર ઠેર રંગોળીરચનાઓ - વેશભૂષાસજ્જ બાળકો - શેરડીના સાંઠાથી સજ્જ વિશાલ મહિલાવૃંદ - સાફાસજ્જ મહાજનો - વિખ્યાત પુણેરી બેન્ડની સૂરાવલિ અને અન્ય વિવિધ મંડળીઓથી સમગ્ર સામૈયાનો માહોલ દેદીપ્યમાન બની ગયો. તે જ દિવસે સંઘના શિખરબદ્ધ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયની સાલગિરિ પૂજ્યશ્રીની નિશ્રામાં ચિક્કાર મેદની વચ્ચે ઉજવાઇ, તો

૫૯ અપંગ વ્યક્તિઓને Wheelchair અર્પણ કરાઈ. છ દિવસ પૂજ્યશ્રીનાં પ્રવચનો બાદ વૈશાખ શુદિ-૧૪, તા. ૧૫-૫-૨૦૨૨ થી એંશીથી અધિક સંયમીભગવંતોની નિશ્રામાં તપમહોત્સવ આરંભાયો. પ્રારંભિક ત્રણ દિવસના કાર્યક્રમોમાં દિવસે અને રાત્રે ગીતાંજલિસંઘના ભાવિકો વિશાલ સંખ્યામાં ઊમટ્યા હતા. વૈશાખ વદિ-ત્રીજથી અંતિમ પાંચ દિવસોના કાર્યક્રમો કોરાકેન્દ્રના ૨ અને ૩ નંબરના વિરાટ મેદાનમાં યોજાતા પ્રતિદિન હજારો ભાવિકો તેનો લાભ લેતા હતા.

કુલ એક લાખ Square feet ના વિરાટ કલાત્મક 'ધર્મ-સૂર્યોદય' તપનગરમાં ઉજવણીના અને સાધર્મિક ભક્તિના બે મંડપો અલગ અલગ છતાં નિકટ હતા. મુખ્ય વિરાટ પ્રવેશદ્વાર પાસે કરાયેલ વિરાટકાય રથરચના પ્રભુના 'ધર્મસારથિ' વિશેષણને ઉજાગર કરતી હતી, તો વૃંદાવનશૈલીનું ત્રણ હજાર square feetનું વિરાટ સ્ટેજ તપનગરનું મુખ્ય કેન્દ્રબિંદુ બની ગયું હતું. રાંકાવત Decoratorsની ઇન્દ્રલોકને શરમાવે તેવી અદ્‌ભુત રચના હજારો ભાવિકોને અભિભૂત કરતી હતી, તો Museum ઉપરાંત Game zone બાળકોને આકર્ષતો હતો. પ્રતિદિન નવા નવા બેન્ડો અને ચતુર્વિધ સંઘ સાથે તપસ્વી મહાત્માઓની તપનગરમાં પધરામણી, નિત્ય નવા નવા પ્રવક્તાઓ-સંગીતકારો દ્વારા હૈયું જકડી રાખે તેવી પ્રસ્તુતિ મહોત્સવને ચાર ચાંદ લગાવી રહી છે, તો આવતીકાલ વૈશાખ વદિ-૭ તા. ૨૨-૫-૨૦૨૨ના દિને દશ હજારથી અધિક માનવમહેરામણની ઉપસ્થિતિ વચ્ચે વિખ્યાત પ્રવક્તા શ્રી સંજયભાઇ વખારિયા અંતિમ તપસમાપનસમારોહનું ભાવવિભોર સંચાલન કરી તપમહોત્સવને Everestની ઊંચાઇએ લઇ જશે.

આ વિરાટ તપમહોત્સવ બાદ પણ પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં (૧) મુમુક્ષુ ચિ. આયુષીબેન મહેતાનો ભવ્ય દીક્ષામહોત્સવ (૨) ભાયંદરમાં શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ (૩) શ્રી શંખેશ્વર શણગાર જૈન સંઘના રથાકાર જિનાલયનો ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠારજતમહોત્સવ (૪) સૌભાગ્યવર્ધક આંબાવાડી સંઘ-બોરીવલીમાં

આદિનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ (૫) બોરીવલી ક્રિસ્ટલહાઈટ્સમાં શ્રી શાંતિનાથ જિનાલય પ્રતિષ્ઠા (૬) બોરીવલી-ગીતાંજલિસંઘ સહિત કુલ ચાર સંઘોમાં પૂજ્યશ્રી તથા તેમના શિષ્યવૃંદના ચાતુર્માસોમાં સામૂહિક માસક્ષમણ મહાતપઆરાધના (૭) ચાતુર્માસ બાદ તુર્ત કાંદિવલી-મહાવીરનગરસંઘમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ (૮) તે પછી ૮૦૦ કિ.મી.ની વિહારયાત્રા બાદ અયોધ્યાપુરમ્થી શત્રુંજયમહાતીર્થ પદયાત્રાસંઘ (૯) **શ્રી શત્રુંજયમહાતીર્થથી શ્રી ગિરનારજી મહાતીર્થનો પદયાત્રા સંઘ** (૧૦) હિંમતનગરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત ત્રિશિખરીય ભવ્ય જિનાલયમાં ૫૦૦ વર્ષ પ્રાચીન મૂલનાયક પ્રભુ આદિનો પ્રતિષ્ઠામહોત્સવ તથા ત્રિમજલી આરાધના ભવન ઉદ્ઘાટન (૧૧) **પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.**ની દીક્ષાભૂમિ લીંચનગરે તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રય-ધર્મશાળા ઉદ્ઘાટન (૧૨) **પૂ.આ.ભ.શ્રીધર્મસૂરીશ્વરજી મ.સા.**ની દીક્ષાભૂમિ સાંગણપુરમાં તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠા અને (૧૩) આગામી વર્ષના ચાતુર્માસ બાદ કરજણ-પાલેજ વચ્ચે National highway touch નિર્મિત ભવ્ય શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્ય-વસંતધામતીર્થનો યાદગાર અંજનશલાકાપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

આટલી સતત શાસનપ્રભાવનાઓ અને તપસાધના વચ્ચે ય પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા નિરંતર જારી છે. એનાં કારણે અમે આ પુસ્તકનું પ્રકાશન કરવા તત્પર થઇ શક્યા છીએ. એનાં વાચન-મનનથી સહુ વાચકો શુભ તરફ અગ્રેસર થાય એ જ મંગલ મનઃકામના.

**વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ-૬, તા. ૨૧-૫-૨૦૨૨. શનિવાર**
**દર્ભાવતીતીર્થ** } **- ધર્મકૃપા ટ્રસ્ટ**

# વિ..ષ..ય..દ..ર્શ..ન


| ક્રમાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | મુખપૃષ્ઠ | 1 |
| ૨. | પ્રકાશક - પ્રાપ્તિસ્થાન | 2 |
| ૩. | હાર્દિક અનુમોદન | 3 |
| ૪. | લેખકીય નિવેદન | 4-5 |
| ૪. | પ્રકાશકીય પ્રકાશ | 6-12 |
| ૫. | વિષય દર્શન | 13-14 |
| | ❖ ❖ ❖ ❖ | |
| ૧. | સંસારનું કલ્પવૃક્ષ શ્રેષ્ઠ ભૌતિક ફળ આપે છે | ૧ |
| ૨. | જેમ વસંત અને પાનખર ઉપવનનો ક્રમ છે | ૬ |
| ૩. | જેને સ્વજનો પર રાગ નથી અને શત્રુઓ પર રોષ નથી | ૧૧ |
| ૪. | દેહસૌંદર્ય પરનો પ્રેમ વાસના છે | ૧૬ |
| ૫. | દેહની ભીતરની ખામી દર્શાવે તે છે X-ray દૃષ્ટિ | ૨૨ |
| ૬. | સંતાનસંબંધી સંક્લેશોમાં કરવા જેવી પ્રાર્થના | ૨૭ |
| ૭. | સંતતિ ફક્ત સ્મશાન સુધી સાથ આપશે | ૩૨ |
| ૮. | સંપત્તિ પરલોકમાં સાથે આવતી નથી | ૩૭ |
| ૯. | બોજ અલ્પ હશે તો પગપાળા પ્રવાસ સરળ બનશે | ૪૨ |
| ૧૦. | દેહને રાગદૃષ્ટિથી જોશો તો એ સંસારનું કારણ બનશે | ૪૭ |
| ૧૧. | પંપાળેલી કાયા ધર્મસાધનામાં બાધક બને છે | ૫૨ |
| ૧૨. | ઈન્દ્રિયોનો અસંયમ દુર્ગતિ તરફ લઈ જાય છે | ૫૭ |
| ૧૩. | આ જગતની સૌથી નિશ્ચિત બાબત છે મૃત્યુ | ૬૨ |
| ૧૪. | મનના Mobileમાંથી 'Delete' કરવા જેવો 'અહં' છે | ૬૮ |

| ક્રમાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧૫. | કોઈની ‘હાય’ લઈને એકત્ર કરાયેલ સંપત્તિ | ૭૪ |
| ૧૬. | અન્યોને પ્રભાવિત કરવા શાસ્ત્રાભ્યાસ કરવાનો નથી | ૮૦ |
| ૧૭. | જેમ એકડાં વિનાની મીંડાઓની કોઇ કિંમત નથી હોતી | ૮૬ |
| ૧૮. | દુર્ધ્યાનમાં ગ્રસ્ત મન નર્કનાં દુઃખો ય આપે | ૯૧ |
| ૧૯. | ઉત્તમ વિચારોમાં લીન મન જેવો કોઇ શ્રેષ્ઠ મિત્ર નથી | ૯૬ |
| ૨૦. | જાત અને જગત પર અનાસક્તભાવ એ છે વૈરાગ્ય | ૧૦૧ |
| ૨૧. | તમારી સંચિત સંપત્તિ પરલોકમાં સાથે નહિ આવે | ૧૦૬ |
| ૨૨. | જો તમે તમારા ધર્મકાર્યો વિશે મૌન રહેશો તો | ૧૧૧ |
| ૨૩. | બહિર્મુખ વ્યક્તિ આત્મપ્રસિદ્ધિ માટે ધર્મ કરે | ૧૧૬ |
| ૨૪. | જે ન કરે મનથી પણ કોઇનું બુરું તે છે ગુરુ | ૧૨૧ |
| ૨૫. | આપણે ક્યાં છીએ? તે એટલી મહત્ત્વની વાત નથી | ૧૨૬ |
| ૨૬. | કેવું ધન્ય જીવન જીવે છે મુનિરાય | ૧૩૧ |
| ૨૭. | સમતાની સાધના છે મુનિજીવનનો સાચો પ્રાણ | ૧૩૬ |
| ૨૮. | અનિયન્ત્રિત શક્તિઓ જીવનને ખુવાર કરે છે | ૧૪૧ |
| ૨૯. | કષાયોના ઉદયનિમિત્તો સંસારવૃદ્ધિનું કારણ બને | ૧૪૬ |
| ૩૦. | સોપાનની શ્રેણિ પર્વતની ટોચ સર કરાવે | ૧૫૧ |
| ૩૧. | હે પ્રભુ! કોઇનું બુરું ન ચિંતવું એટલી સમજ દેજે | ૧૫૬ |
| ૩૨. | ચિત્ત જો સમતામય છે તો બારે માસ વસંત છે | ૧૬૧ |
| ૩૩. | ‘અધ્યાત્મકલ્પદ્રુમ’ ગ્રન્થની અધ્યાત્મયાત્રાનું સમાપન | ૧૬૬ |

# ૧

# સંસારનું કલ્પવૃક્ષ
# શ્રેષ્ઠ ભૌતિક ફળ આપે છે...
# અધ્યાત્મનું કલ્પવૃક્ષ
# શ્રેષ્ઠ આત્મિક ફળ આપે છે...

સતત ખાંસી-દાહજ્વર વગેરેથી તીવ્ર પીડાગ્રસ્ત પિતા મૃત્યુશય્યા પર પોઢ્યા હતા. પિતા ઘડી-બે ઘડીના મહેમાન છે એમ સમજીને પુત્રો પિતાના પલંગ પાસે હાજર હતા. થોડી વારે પિતાએ બિડાયેલી આંખ ખોલી પૂછ્યું : ‘‘મોટો દીકરો ક્યાં છે?’’ તુર્ત જ મોટો પુત્ર પલંગના પહેલા પાયા પાસેથી ઊભો થઈ બોલ્યો :‘‘બાપુજી ! આપની સેવામાં અહીં જ છું. બોલો, શું કાર્ય છે?’’

કાંઈક રહસ્યમય અણગમાના ભાવ સાથે ઉત્તર આપ્યા વિના પિતાએ ક્રમશઃ બીજા અને ત્રીજા પુત્ર વિશે પૃચ્છા કરી. ક્રમશઃ પલંગના બીજા અને ત્રીજા પાયા પાસેથી ઊભા થઈ એમણે પણ પોતાની હાજરી નોંધાવી. વધુ અણગમાના ભાવ સાથે પિતાએ છેલ્લો પ્રશ્ન કર્યો : ‘‘સૌથી નાનો દીકરો ક્યાં છે?’’તુર્ત જ પલંગના ચોથા પાયા પાસેથી ઊભા થઈ એણે કહ્યું :‘‘બાપુજી ! અમે ચારે ય અહીં જ છીએ. કામ શું છે એ કહો.’’ અને શક્તિ ન હોવા છતાં પિતા તાડૂક્યાઃ ‘‘બેવકૂફો ! તમે ચારે ય અહીં ભરાયા છો તો દુકાન કોણ

સંભાળે છે ? દુકાનનું તો ધ્યાન રાખો !'' આટલું બોલતાં બોલતાં જ પિતાને Severe Attack આવી ગયો અને એ દુકાનની ચિંતામાં - હાયવોયમાં જ પરલોક પહોંચી ગયા.

જીવનની અંતિમ ક્ષણોમાં પણ જ્યાં આવી લાલસા-સંપત્તિની હાયવૉય - આસક્તિ આદિ હોય એ મરણને જૈન શાસ્ત્રકારો બાળમરણ કહે છે. આવું મૃત્યુ વરનાર વ્યક્તિ ભલે ને વૃદ્ધાવસ્થામાં મરણ પામી હોય તો પણ આત્મહિતની દૃષ્ટિએ એની અવસ્થા સાવ નાદાન-નાસમજ બાળક જેવી હોવાથી એના મરણને સાવ યથાર્થપણે જ જૈન શાસ્ત્રકારો હમણાં જણાવ્યું તેમ બાળમરણ કહે છે. એથી વિપરીત જે વ્યક્તિ જીવનની અંતિમ ક્ષણોમાં સ્વજન-સંપત્તિ આદિની લાલસાથી - હાયવૉયથી ઉપર ઊઠીને સમાધિભાવમાં-પરમાત્મામાં લીન થઈ હોય એનાં મરણને શાસ્ત્રો પંડિતમરણરૂપે બિરદાવે છે. ભલે ને એ વ્યક્તિ ગ્રન્થોનું વિશદ જ્ઞાન-વક્તૃત્વ આદિના અભાવે લોકદૃષ્ટિએ પંડિત ન પણ ગણાતી હોય તો પણ આત્મહિતની અપેક્ષાએ એની અવસ્થા પારમાર્થિકપણે પંડિત જેવી હોવાથી એનાં મરણને ખૂબ યથાર્થપણે જૈન શાસ્ત્રકારો પંડિતમરણરૂપે જણાવે છે.

જે વ્યક્તિ બાળમરણ પામીને આ સૃષ્ટિમાંથી વિદાય લે છે એનું જીવન બાહ્ય દૃષ્ટિએ - ભૌતિક દૃષ્ટિએ ચાહે તેવું સફલ હોય તો ય તત્ત્વજ્ઞાનીઓની દૃષ્ટિએ નિષ્ફળ ગણાય છે. કારણ કે એ વ્યક્તિ આત્મહિતના સંદર્ભમાં કાંઈ ઉપલબ્ધિ પામી શકી નથી. જે વ્યક્તિ પંડિતમરણ પામીને આ સૃષ્ટિમાંથી વિદાય લે છે એનું જીવન ભૌતિક દૃષ્ટિએ કદાચ સફલ ન પણ હોય તો ય તત્ત્વજ્ઞાનીઓની દૃષ્ટિએ સફલ ગણાય છે. કારણ કે એ વ્યક્તિ આત્મહિતના સંદર્ભમાં ઘણી બધી ઉપલબ્ધિ પામી ગઈ હોય છે. પ્રબળ પુણ્યની મૂડી ખર્ચ્યા બાદ મળેલ માનવજન્મ તત્ત્વજ્ઞાનીઓની વાસ્તવિક દૃષ્ટિએ નિષ્ફળ ન ઠરે અને પંડિતમરણની ભૂમિકા સર કરી શકાય તે માટે જીવનશૈલીમાં ધર્મને પ્રાધાન્ય આપતા રહેવાની વૃત્તિ કેળવવી જોઈએ. એક કાવ્યકંડિકામાં એટલે જ બહુ સરલ રીતે આ નિર્દેશ કરાયો છે કે :-

**પાયા વિનાનું ચણતર, ઊંચું છતાં નકામું,**
**રુચિ વિનાનું ભોજન, તાજું છતાં નકામું;**
**ગણતર વિનાનું ભણતર, ઝાઝું છતાં નકામું,**
**ધર્મ વિનાનું જીવતર, લાંબુ છતાં નકામું...**

પણ...સબૂર ! આ ધર્મ પણ ખરો સાર્થક તે છે કે જેમાં અધ્યાત્મની-આત્મકલ્યાણની વિભાવના ભળી હોય. જ્યાં અધ્યાત્મની આછી પણ વિભાવના નથી તેવો માત્ર ક્રિયાકાંડરૂપ ધર્મ આત્મહિત સાધવામાં સમર્થ બની શકતો નથી. એટલે જ જૈન દર્શન બહુ સંતુલિત રીતે વ્યવહારધર્મ અને નિશ્ચયધર્મનું પ્રતિપાદન કરીને ક્રિયાત્મક ધર્મ સાથે અધ્યાત્મવિભાવનારૂપ ધર્મનું સાયુજ્ય સાધવાની હિમાયત કરે છે. જેઓ અધ્યાત્મદૃષ્ટિ કેળવવાનું વીસરી માત્ર ક્રિયામાં રાચે છે કે જેઓ ક્રિયાત્મક ધર્મનો નિષેધ કરીને માત્ર કોરી અધ્યાત્મની વાતો કરે છે એ બન્નેને એમની મર્યાદાઓ-ક્ષતિઓ સમજાવી દેતી આધ્યાત્મિક ધર્મની વિવિધ વ્યાખ્યાઓ જૈન શાસ્ત્રકારો દર્શાવે છે. આપણે એ પૈકી **અધ્યાત્મસાર** ગ્રન્થમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે કરેલ અધ્યાત્મધર્મની વ્યાખ્યા નિહાળીએ. તેઓ લખે છે કે :

गतमोहाधिकाराणा–मात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिना :।।

ભાવાર્થ કે જેમની મોહદશા નષ્ટ - નબળી થઈ ગઈ છે તેવા મહાનુભાવોની આત્માને આશ્રયી જે શુદ્ધ ક્રિયા - આરાધના પ્રવર્તે તેને શ્રી જિનેશ્વર ભગવંતો અધ્યાત્મ કહે છે. આ શાસ્ત્રીય વ્યાખ્યામાં બહુ સ્પષ્ટપણે ક્રિયાત્મક ધર્મનો પણ નિર્દેશ છે, તો આત્માને કેન્દ્રમાં રાખી મોહદશા નબળી યાવત્ નષ્ટ કરવાનો પણ નિર્દેશ છે. પરમાત્મા મહાવીરદેવનાં સાધનાજીવન તરફ દૃષ્ટિપાત કરીએ તો ત્યાં એવા અઢળક પ્રસંગો મળી રહે કે જેમાં ઉપરોક્ત બન્ને બાબતોનાં સાયુજ્ય સાથે યથાર્થ ધર્મ ઝળહળતો હોય. આપણે એ પૈકીનો એકમાત્ર સંગમદેવના ઉપસર્ગોનો પ્રસંગ વિચારીએ :

સાધનાકાળ દરમ્યાન પ્રભુ મહાવીરદેવે એક વાર સંપૂર્ણ રાત્રિ કાયોત્સર્ગ ધ્યાનમાં વ્યતીત કરવાનો સંકલ્પ કર્યો. એ સમયે અધમ પાપાત્મા સંગમદેવે પ્રભુને ધ્યાનભ્રષ્ટ કરવા એકેકથી ચડિયાતા અતિ ઘોર વીશ-વીશ ભયાનક ઉપસર્ગો કર્યા. આ એકેક ઉપસર્ગો-વેદનાઓ એવી હતી કે જે જાન લઈ લે. છતાં પ્રભુ દેહનાં મમત્વથી મુક્ત રહી એ ઉપસર્ગો સમતાથી સહન કરવાપૂર્વક કાઉસગ્ગમાં લીન રહ્યા. આ પ્રસંગમાં પ્રભુ સંકલ્પપૂર્વક કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા તે ક્રિયાત્મક ધર્મ હતો, તો દેહદશાથી ઉપર ઊઠી તેઓ મોહદશા નબળી કરી રહ્યા હતા તે અધ્યાત્મવિભાવનારૂપ ધર્મ હતો.

આગળની ઘટનામાં એ દેવે સળંગ છ માસ પ્રભુને શુદ્ધ ગોચરી (ભિક્ષા) ન મળે તે માટે અવરોધો કર્યા. પ્રભુએ ભિક્ષાચર્યાની ચુસ્ત મર્યાદા અનુસરીને સળંગ છ માસના ઉપવાસ કર્યા. છ - છ માસના ઉપસર્ગ બાદ પણ પ્રભુ વિચલિત ન થતાં આખર હારીને એ દેવ પ્રભુ પાસેથી વિદાય થયો. પરાજિત થયેલ એ દેવની પીઠ તરફ નિહાળતા પ્રભુની આંખમાંથી કરુણાની પરાકાષ્ઠાએ અશ્રુબિંદુ ઝર્યા કે મારા નિમિત્તે ઘોર પાપ બાંધનાર આ બિચારા આત્માની શી દુર્ગતિ થશે ? આ સમગ્ર ઘટનાક્રમમાં, સળંગ છ માસ ઉપવાસ - ચુસ્ત ભિક્ષાનિયમપાલન-કાયોત્સર્ગ વગેરેમાં પ્રભુનો ક્રિયારૂપ ધર્મ નિહાળાય છે, તો જાલિમ ઉપસર્ગો કરનાર અપરાધી દેવ તરફ પણ પ્રભુનાં હૈયે વિલસતા ક્ષમા-મૈત્રી-કરુણાદિ ભાવોમાં પ્રભુનો અધ્યાત્મવિભાવનારૂપ ધર્મ નિહાળાય છે.

ક્રિયારૂપ ધર્મની સાથે, મોહદશાને નબળી કરે મૈત્રી આદિ ભાવોને વિકસ્વર કરે તેવો અધ્યાત્મવિભાવનારૂપ ધર્મ પણ જીવનમાં વિલસે તે માટે અહીં આપણે શરૂ કરીશું **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રન્થઆધારિત ચિંતનયાત્રા. ગ્રન્થના પૂર્વાર્ધમાં રહેલ **અધ્યાત્મ** શબ્દનો અર્થ તો આપણે પૂર્વે વિચારી લીધો. એ જ રીતે ઉત્તરાર્ધમાં રહેલ **કલ્પદ્રુમ** શબ્દનો અર્થ પણ જાણી લઈએ. કલ્પદ્રુમ એટલે કલ્પવૃક્ષ. એ એવું દિવ્ય પ્રભાવસંપન્ન વૃક્ષ હોય છે કે એની પાસે જે ભૌતિક પદાર્થ માંગો તે મળે. બસ, એ જ મુજબ આ ગ્રન્થ પણ એવો આધ્યાત્મિક કલ્પવૃક્ષ જેવો છે કે મોહદશા પર પ્રહાર કરે તેવા એના ભાવો જો બરાબર હૃદયસ્થ થઈ જાય તો એના દ્વારા શ્રેષ્ઠ આત્મિક ઉપલબ્ધિઓ થઈ શકે. ભૌતિક કલ્પવૃક્ષને વિવિધ શાખા-પ્રશાખાઓ (ડાળ) હોય છે, તો આધ્યાત્મિક કલ્પવૃક્ષરૂપ આ ગ્રન્થને પણ સોળ શાખાઓ છે. મતલબ કે એના અલગ અલગ સોળ વિભાગો - પ્રકરણો છે અને એ દરેકમાં અધ્યાત્મદશા પ્રાપ્ત કરાવે તેવા વિષયોનું વૈરાગ્યવાહી નિરૂપણ છે. આ ગ્રન્થના સર્જક છે મહાન જૈનાચાર્ય સહસ્રાવધાની શ્રીમાન મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ.

આજથી છસો બેંતાળીશ વર્ષ પૂર્વે વિ.સં.૧૪૩૬માં જન્મ ધરનાર આ જૈનાચાર્યે માત્ર સાત વર્ષની બાળવયે સંયમધર્મ સ્વીકાર્યો હતો અને તેઓ પરમાત્મા મહાવીરપ્રભુની મૂળ પટ્ટપરંપરામાં ૫૧મા ક્રમના આચાર્ય બન્યા હતા. ત્રિદશતરંગિણી - ઉપદેશરત્નાકર - **અધ્યાત્મકલ્પદ્રુમ** - અંગુલસિત્તરી - સંતિકરં સ્તોત્ર વગેરે અનેક ગ્રન્થોના સર્જક આ જૈનાચાર્યનું સંસ્કૃતભાષા પરનું

પ્રભુત્વ અને કવિત્વશક્તિ નેત્રદીપક હતી. એમની અનેકવિધ વિશિષ્ટતાઓ પૈકી માત્ર ત્રણ વિશિષ્ટતાઓ સંક્ષેપમાં નિહાળીએ :

**(૧)** આબુગિરિ પાસેના રોહિણી (રોહિડા) નગરમાં ફેલાયેલ મહામારીનું તેઓએ મન્ત્રબળથી નિવારણ કરતાં ત્યાંના રાજાએ તેમની પાસે આજીવન શિકારત્યાગનો નિયમ લીધો હતો અને પોતાના સમગ્ર રાજ્યમાં પણ રાજાએ અહિંસાપ્રવર્તન કરાવ્યું હતું. **(૨)** અન્ય એક પ્રસંગમાં મરકીનો ઉપદ્રવ બહુ વ્યાપકપણે પ્રસર્યો હતો ત્યારે શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે ‘સંતિકરં સ્તોત્ર’ની રચના કરી. આ સ્તોત્ર એવું પ્રભાવશાળી નીવડ્યું કે એનાં સ્મરણમાત્રથી ત્યારે મરકીનો ઉપદ્રવ શમી જતો. આજે પણ આ સ્તોત્રને જૈન સંઘમાં ઠેર ઠેર નવસ્મરણમાં - માંગલિક પ્રતિક્રમણમાં તેમજ પાક્ષિક - ચાતુર્માસિક-સાંવત્સરિક પ્રતિક્રમણમાં સ્થાન અપાયું છે. **(૩)** અસામાન્ય સ્મૃતિશક્તિનાં કારણે તેઓ એક સાથે એક હજાર બાબતો યાદ રાખી શકતા હોવાથી ‘સહસ્રાવધાની’ બિરુદ પામ્યા હતા, તો તેમની અસાધારણ વિદ્વત્તાથી પ્રભાવિત દક્ષિણના પંડિતોએ એમને ‘કાલી સરસ્વતી’ બિરુદથી નવાજ્યા હતા.

આવી અનેકાનેક વિશિષ્ટતાથી સંપન્ન આ આચાર્યપ્રવરનાં અંતરમાં વૈરાગ્યભાવ કેવો પ્રબળ ઘુંટાતો હતો તે **અધ્યાત્મકલ્પદ્રુમ** ની એકેક શાખાઓમાં બહુ સરસ પ્રતિબિંબિત થાય છે. સ્થળસંકોચવશ આપણે એ શાખાઓના દરેક શ્લોકોનું વિવેચન તો નહિ કરીએ, પરંતુ દરેક શાખાના ઝલકરૂપ શ્લોકોનું હાર્દ માણીને પણ દરેક શાખાઓથી પરિચિત તો થઈશું જ.

છેલ્લે ગ્રન્થના નામના સંદર્ભમાં મજાની વાત : **સંસારનું કલ્પવૃક્ષ શ્રેષ્ઠ ભૌતિક ફળ આપે છે, અધ્યાત્મનું કલ્પવૃક્ષ શ્રેષ્ઠ આત્મિક ફળ આપે છે.**

૨

# જેમ વસંત અને પાનખર
# ઉપવનનો ક્રમ છે
# તેમ વસંત અને પાનખર
# જીવનનો ય ક્રમ છે

અમેરિકામાં કોઈ માનસચિકિત્સક પાસે એક વ્યક્તિએ આવીને પોતાની તકલીફ રજૂ કરી કે "આમ મારાં જીવનમાં કોઈ સીધી તકલીફ જણાતી નથી. પરંતુ મન સતત અજંપાગ્રસ્ત અશાંતિગ્રસ્ત રહે છે. એનો કોઈ ઉપાય-સારવાર હોય તો બતાવો." માનસચિકિત્સક ડૉક્ટર ઉતાવળમાં હતા. એથી ઉપર-ઉપરથી વાત જાણી લઈને એમણે ઉપાય સૂચવ્યો : 'બીજું કાંઈ કરવાની તમારે જરૂર નથી. ફક્ત આપણા દેશના પ્રસિદ્ધ હાસ્યકલાકાર ગ્રેમાલ્ડીના થોડા હાસ્યકાર્યક્રમોમાં હાજરી આપો. એથી તમારી આ તકલીફ દૂર થઈ જશે.'

પેલી વ્યક્તિએ નિરાશ થઈ જતાં કહ્યું : "એ ઉપાય મારા માટે કારગત નીવડે એવું લાગતું નથી."ડૉક્ટરે જરા નારાજગીથી પૂછ્યું : "કેમ"? "કારણ કે તમે જે નામ સૂચવ્યું એ ગ્રેમાલ્ડી હું પોતે જ છું !" પેલી વ્યક્તિએ વધુ નિરાશાથી ખુલાસો કર્યો. ડૉક્ટર સજ્જડ થઈ ગયા ગ્રેમાલ્ડીના આ ખુલાસાથી...

આ ઘટના સંસારની એક વાસ્તવિકતાનું વરવું દર્શન કરાવે છે કે અહીં હસતા-હસાવતા લાગે તેવાઓ પણ યથાર્થપણે પ્રસન્ન હાસ્યરસ માણી શકતા નથી. કારણ કે લગભગ સહુનાં જીવન આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત-ગ્રસ્ત છે. એનો સતત તનાવ-Tension વ્યક્તિને જો સાચુકલો હાસ્યરસ પણ ન માણવા દે તો પ્રશાંતવાહિતારૂપ શાંતરસની અનુભૂતિની તો વાત જ ક્યાંથી આવી શકે ?

સાહિત્યજગતમાં નવ રસો પ્રસિદ્ધ છે. શૃંગાર-હાસ્ય-કરુણ-રૌદ્ર-વીર-ભયાનક-બીભત્સ-અદ્ભુત અને શાંત : આ છે નવે ય રસનાં નામો. દરેકની પસંદગી અલગ અલગ રસની હોય. છતાં સામાન્યપણે એમ ધારી શકાય કે યુવાનો શૃંગારરસ તરફ આકર્ષાય, તો બાળકો હાસ્યરસ તરફ આકર્ષાય; લડાયક વ્યક્તિઓ વીરરસ તરફ આકર્ષાય, તો વિસ્મયરુચિ વ્યક્તિઓ અદ્ભુતરસ તરફ આકર્ષાય. પરંતુ જ્ઞાનીપુરુષો તો બહુ યથાર્થપણે એક અવાજે કહે છે કે શાંતરસ સર્વોત્કૃષ્ટ છે - રસાધિરાજ છે. એની તોલે કોઈ પણ રસ ન આવી શકે. એક વ્યવહારુ ઉદાહરણ જોઈએ તો, આપણે ઘણી વાર બોલી જતાં હોઈએ છીએ કે "જીવનમાં શાંતિ મળે એટલી જ ઈચ્છા છે." અરે ! સ્વર્ગસ્થ વ્યક્તિને અંજલિ આપતાં પણ આપણે એમ કહીએ છીએ કે "પ્રભુ એમના આત્માને શાંતિ આપે." શું દર્શાવે છે આ શબ્દો ? એ જ કે આપણને પણ શાંતિ-શાંતરસ સર્વાધિક પ્રિય છે.

સો ટચના સુવર્ણ જેવો શુદ્ધ યથાર્થ અપૌદ્ગલિક શાંતરસ આત્મસાત્ કરવા માટે, ગત લેખમાં જેનો ઉલ્લેખ કર્યો હતો તે **અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રન્થ** ખૂબ સહાયક બને તેમ છે. એથી જ આપણે એ ગ્રન્થના મુખ્ય મુખ્ય વિચારસ્ફૂલિંગોને ઝીલતી આ લેખમાળા આરંભી છે. ગ્રન્થકાર શ્રીમાન મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ પીઠિકા અધિકારના બીજા શ્લોકમાં શાંતરસ માટે ત્રણ સરસ વાત કરે છે. એક એ કે શાંતરસ સર્વમંગલનું નિધાન છે. મંગલ એ છે કે જે આપત્તિઓ-વિઘ્નો દૂર કરે. પરંતુ શાંતરસનિમગ્ન મહાત્માની અદ્ભુત વિશેષતા એ છે કે એમને કદાચ આપત્તિ આવે તો ય તે આપત્તિરૂપ બની શકતી નથી. આપત્તિ

એમનાં ચિત્તને લેશ પણ ખળભળાવી શકતી નથી. મંગલ જે કાર્ય કરે એનાથી પણ સવાયું કાર્ય આ શાંતરસ કરતો હોવાથી એ સર્વમંગલના નિધાનરૂપ જરૂર માની શકાય. બીજી વાત એ કે શાંતરસ હૃદયસાત્ થવાથી વ્યક્તિ નિરુપમ સુખાનુભૂતિ કરે. એવું સુખ કે સત્તાધીશો-શ્રીમંતો યા ભલભલા ચમરબંધીઓ પણ એની સ્પર્ધા ન કરી શકે. ત્રીજી વાત એ કે વર્તમાન જીવનમાં સિદ્ધ થયેલ શાંતરસ સિદ્ધિનાં-મોક્ષનાં શાશ્વત સુખને પણ ઝડપથી પ્રાપ્ત કરાવવા સક્ષમ છે.

આ શાંતરસ જે વ્યક્તિએ જીવનસિદ્ધ કરવો હોય એણે હર કોઈ પરિસ્થિતિમાં સમતા બરકરાર રાખવી જોઈએ. એથી જ ગ્રન્થકારે સોળ અધિકારમાં પ્રથમ સ્થાન આપ્યું છે સમતાધિકારને. શાંતિને સમતા સાથે જોડવાનું ગ્રન્થકારનું છસ્સો વર્ષ પૂર્વેનું વિધાન આજે પણ કેટલું પ્રબળ પ્રસ્તુત છે તે વિપશ્યના શિબિરમાં ગવાતી આ પ્રાર્થનાપંક્તિ દ્વારા સમજાય છે કે :-

**જીવનમાં આવ્યા કરે, પાનખર ને વસંત;**
**મનની સમતા જો રહે, તો સુખ-શાંતિ અનંત.**

સમતા જેનાં જીવનમાં હોય એ યોગીપુરુષનાં લક્ષણો કયા હોય? એ દર્શાવતા ગ્રન્થકારે સમતાધિકારના પાંચમા શ્લોકમાં બહુ અદ્ભુત પ્રસ્તુતિ છે કે :-

न यस्य मित्रं न च कोऽपि शत्रु-र्निज: परो वाऽपि न कश्चनास्ते ।
न चेन्द्रियार्थेषु रमेत चेत:, कषायमुक्त: परम: स योगी ।।

આ શ્લોક દ્વારા ગ્રન્થકાર સમતાવંત મહાત્માનાં જે લક્ષણો દર્શાવે છે તેમાં પ્રથમ બાબત એ છે કે એમની ચિત્તવૃત્તિમાં 'આ મિત્ર-આ શત્રુ, આ પરાયો-આ પોતીકો' આવા કોઈ ભેદભાવ ન હોય. આ પ્રથમ લક્ષણનાં અનુસંધાનમાં આપણે યાદ કરીએ સાધનાકાલીન પ્રભુ પાર્શ્વનાથનો એક ઉપસર્ગપ્રસંગઃ

સાધના કરી રહેલ પ્રભુએ એક વાર વટવૃક્ષ નીચે પૂર્ણ રાત્રિના ધ્યાનનો સંકલ્પ કરી કાયોત્સર્ગધ્યાન આરંભ્યું. એ રાત્રે પ્રભુના પૂર્વજન્મના શત્રુ મેઘમાળી દેવે પ્રભુને જલસમાધિ અપાવી દેવાના-ખતમ કરવાના દુષ્ટ આશયથી દૈવી બળે મૂશલધાર વર્ષા શરૂ કરી. એ અત્યંત વરસતી વર્ષાથી પહેલા પ્રભુ ઘૂંટણ

સુધી, પછી કમર સુધી, પછી છાતી સુધી, પછી ગળા સુધી અને અંતે નાસિકા સુધી પાણીમાં ગરકાવ થઈ ગયા. હવે જો જળસપાટી વધતી જાય તો પ્રભુના પ્રાણ જોખમાઈ જાય.

પ્રભુ ભલે ધ્યાનમગ્ન હતા. પરંતુ પ્રભુનાં પુણ્ય જ્વલંત-જાગૃત હતા. ધરણેન્દ્ર અને પદ્માવતીદેવીએ પ્રભુની સુરક્ષા માટે જબરજસ્ત પુરુષાર્થ તે જ ક્ષણોમાં કર્યો અને પ્રભુની ધ્યાનધારા અખંડ રહેવા ઉપરાંત તેઓ આબાદ બચી ગયા. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે આ ઘટનાની સમીક્ષા કરતાં સકલાર્હત્સ્તોત્રના શ્લોકમાં જણાવ્યું છે કે જે ક્ષણે મેઘમાળીદેવ પ્રભુને જલસમાધિ આપવા - ડુબાડી દેવા એડીચોટીનું જોર લગાવતો હતો એ જ ક્ષણે ધરણેન્દ્ર - પદ્માવતીદેવી પ્રભુની સુરક્ષા માટે પોતાનાં સામર્થ્યનો ઉપયોગ કરતા હતા. તે સમયે પ્રભુની ચિત્તવૃત્તિ આ બન્ને પ્રત્યે એકસમાન હતી. ત્યારે ન તો પ્રભુને મેઘમાળી પ્રત્યે દુશ્મનાવટનો ભાવ હતો, ન તો ધરણેન્દ્ર-પદ્માવતીદેવી પ્રત્યે લગાવ હતો. બસ, આ ચિત્તવૃત્તિને કહેવાય સમતાયોગીનું પહેલું લક્ષણ.

ગ્રન્થકાર સમતાયોગીનું બીજું લક્ષણ દર્શાવે છે ઈન્દ્રિયો પર પૂર્ણ નિયન્ત્રણ. ઈન્દ્રિયો પાંચ છે : સ્પર્શેન્દ્રિય-રસેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-નેત્રેન્દ્રિય-શ્રોત્રેન્દ્રિય. આ પાંચ ઈન્દ્રિયો સમક્ષ અનુકૂલ વિષયો ઉપસ્થિત થાય ત્યારે સમતાયોગી એને એ તરફ દોડવા ન દે, બલ્કે ઈન્દ્રિયોને બહુ આસાનીથી નિયન્ત્રણમાં રાખે. એક સરલ ઉદાહરણ જોઈએ : ગુલાબજાંબુ-રસગુલ્લા જેવી મનગમતી વાનગી સામે આવે ત્યારે રસેન્દ્રિયલોલુપ વ્યક્તિ એને તુરત આરોગવા તૈયાર થઈ જશે. જ્યારે એ જ વાનગી નજર સમક્ષ આવે ત્યારે જિતેન્દ્રિય યોગી એમ વિચારે કે 'સ્વાદિષ્ટ ચીજ આરોગતા કદાચ આસક્તિ આવી જાય તો કર્મબંધ થશે. એના કરતાં બહેતર છે કે સ્વાદરહિત ભોજન આરોગી અનાસક્તિ જાળવી રાખું'. આ બન્નેની આ અલગ અલગ માનસિકતાને ખૂબ જ સરસ કલ્પના દ્વારા સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે **"અધ્યાત્મસાર"** ગ્રન્થમાં આ શ્લોકરૂપે પ્રસ્તુત કરી છે કે :-

मधुरं रसमाप्य निष्पतेद्, रसनातो रसलोभिनां जलम।
परिभाव्य विपाकसाध्वसं, विरतानां तु ततो दृशोर्जलम्।।

ભાવાર્થ કે મધુર વાનગી નિહાળીને ઈન્દ્રિયલોલુપ અને જિતેન્દ્રિય, બન્ને પ્રકારની વ્યક્તિને પાણી છૂટે છે. પરંતુ ફર્ક એટલો કે ઈન્દ્રિયલોલુપને જીભમાંથી પાણી છૂટે છે, જ્યારે જિતેન્દ્રિય વ્યક્તિને (આસક્તિ આવી જાય તો થનાર સંભવિત દુર્ગતિના વિચારે) આંખમાંથી પાણી છૂટે છે-અશ્રુધારા વહે છે ! કેવી લા-જવાબ કલ્પના છે આ.

ગ્રન્થકાર સમતાયોગીનું ત્રીજું લક્ષણ દર્શાવે છે કષાયોથી મુક્તિ. કષાયો છે ક્રોધ-માન-માયા અને લોભ. આ ચારે ય મહાદોષોથી સમતાવંત આત્મા લગભગ લગભગ મુક્ત થઈ ગયા જેવા હોય. એમને આ કષાયો ઝાઝા પરેશાન ન કરી શકે. કષાયો અંગે એક સ્વતંત્ર અધિકાર આ ગ્રન્થમાં આવતો હોવાથી આપણે એનો વિશેષ વિચાર ત્યારે કરીશું. આ લેખનાં સમાપન પૂર્વે, મહાયોગી શ્રી આનંદઘનજી મહારાજે સમતાવંત આત્માનાં જે લક્ષણો દર્શાવ્યા છે તેના પર નજર કરીએ. તેઓ લખે છે કે :

**માન-અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે;**
**વંદક નિંદક સમ ગણે, ઈસ્યો હોય તું જાણ રે ...**
**સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિભાવ રે;**
**મુક્તિ-સંસાર બેહું સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે ...**
**આપણો આતમભાવ જે, એક એ ચેતનાધાર રે;**
**અવર સવિ સાથ સંજોગથી, એહ નિજ પરિકર સાર રે ...**

છેલ્લે સમતા આત્મસાત્ કરવામાં ઉપયોગી બને એવી વાત : **જેમ વસંત અને પાનખર ઉપવનનો ક્રમ છે તેમ વસંત અને પાનખર જીવનનો ય ક્રમ છે.**

■ ■ ■

# ૩

# જેને સ્વજનો પર રાગ નથી
# અને શત્રુઓ પર રોષ નથી
# એને સમતા
# સ્વયંવરા થઈને વરે છે!

જીવનના આકાશે અધ્યાત્મનાં અજવાળાં ફેલાય તે માટે આપણે આરંભેલ **અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રન્થ** આધારિત ચિંતનયાત્રામાં આજે આપણે વિચારીશું સમતાઅધિકારના જ નવા રસપ્રદ પદાર્થો.

ગ્રન્થકાર અગિયારમા શ્લોકમાં ચાર અદ્ભુત સોપાનો દર્શાવે છે. એ સોપાનો સમતાની પ્રાપ્તિ માટે તો અત્યંત ઉપયોગી પુરવાર થાય જ છે, ઉપરાંત ધર્મક્રિયાઓને યથાર્થપણે ધર્મ બનાવવા માટે અનિવાર્ય પરિબળ પણ ગણાય છે. એ ચાર સોપાનો છે મૈત્રીભાવના-પ્રમોદભાવના-કરુણાભાવના અને માધ્યસ્થ્યભાવના. જીવનને સમતામઢ્યું બનાવવું હોય તો વ્યક્તિનાં વિચાર-વિશ્વમાં આ ચાર ભાવનાઓ જોઈએ જ. જૈન તત્ત્વજ્ઞાનીઓ એમ જણાવે છે કે પ્રવૃત્તિનાં સ્તરે ધર્મક્રિયા હોય અને વૃત્તિનાં સ્તરે આ ચાર ભાવનાઓ હોય ત્યારે એ યથાર્થ ધર્મ બને છે. એથી એ દૃષ્ટિએ પણ આ ચાર

ભાવનાઓ મહત્ત્વપૂર્ણ છે. આવો, આપણે એ ચાર ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ અગિયારમા શ્લોક દ્વારા નિહાળીએઃ

**(૧) મૈત્રીભાવના :-** શ્લોકની પ્રથમ પંક્તિ એની વ્યાખ્યા આ કરે છે કે 'मैत्री परस्मिन् हितधी: समग्रे।' એટલે કે મૈત્રીભાવના તે છે કે જેમાં અન્ય જીવોની હિતચિંતા હોય. આ અન્ય જીવોનો અર્થ છે પોતાના સિવાયના તમામ જીવો. એમાં ન કોઈ જ્ઞાતિભેદ હોય કે ન કોઈ સંપ્રદાયભેદ હોય, ન કોઈ ગરીબ-તવંગરનો ભેદ હોય કે ન કોઈ ઊંચ-નીચનો ભેદ હોય. અરે ! વર્તમાન બુદ્ધિજીવી વર્ગ જેમાં જીવત્વની કલ્પના ય નથી કરી શકતો તેવા સૂક્ષ્મ-નિગોદવર્તી જીવોના પણ હિતની ચિંતા તેમાં હોય. મૈત્રીભાવનાનું સ્થૂલ-સૂક્ષ્મ ઉભય સ્વરૂપ આ ગુર્જર પ્રાર્થનપંક્તિમાં સરસ પ્રતિબિંબિત થાય છે કે :-

**સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો;**
**રાગ-દ્વેષથી મુક્ત થઈને, મોક્ષસુખ સહુ જીવ વરો..**

**(૨) પ્રમોદભાવના :-** મૈત્રીભાવનાનો વિષય જગતના સર્વ જીવો છે, તો પ્રમોદભાવનાનો વિષય જગતના ગુણવાન જીવો છે. જે જીવમાં જે નાનો યા મોટો ગુણ નિહાળવા મળે તે જીવના તે ગુણ પ્રત્યે હાર્દિક આદર-બહુમાન-પક્ષપાત ધરવો એ છે પ્રમોદભાવના. એથી જ પૂર્વોક્ત શ્લોકમાં પ્રમોદભાવની વ્યાખ્યા કરતા લખાયું છે કે ''भवेत् प्रमोदो गुणपक्षपात:'' એટલે કે ગુણો પ્રત્યે પક્ષપાત-આદરનું નામ પ્રમોદભાવના છે.

સામાન્યપણે વ્યક્તિઓની માનસિકતા 'જવાસો' નામે વનસ્પતિ જેવી હોય છે. જ્યારે અન્ય તમામ છોડ ખીલતા હોય ત્યારે આ 'જવાસો'નો છોડ સુકાઈ જાય. કારણ? કારણ કે એ કોઈની પ્રગતિ-વિકાસ જીરવી શકતો નથી. જવાસોની જમાતની વ્યક્તિઓ ય આવી હોય છે. એમનામાં ઈર્ષ્યાનું તત્ત્વ એવું જાલિમ હોય છે કે અન્યોનો વિકાસ-વિશિષ્ટ ગુણવૈભવ જોઈને એ રાજી ન થાય, બલ્કે કરમાઈ જાય. ઈર્ષ્યાનાં કારણે કાં તો તેઓ તે તે ગુણીજનમાં અન્ય ખામી કે કલ્પિત દોષો શોધી કાઢી એમની નિંદા કરે, કાં તો એમની પ્રશંસા

સાંભળી તેઓનું મુખ વિલાઇ જાય. પ્રમોદભાવના આવી નકારાત્મકતામાંથી મુક્ત કરી પોતાના-પરાયા નાના-મોટા હર કોઇના માર્ગસ્થ ગુણોની અનુમોદના કરાવે. તેઓ પેલી પ્રસિદ્ધ કાવ્યપંક્તિને ચરિતાર્થ કરતા હોય છે કે :-

**ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;**
**એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય વહે...**

**(૩) કરુણાભાવના :-** કરુણાની વ્યાખ્યારૂપે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર આ પંક્તિ આપે છે કે :-''कृपा भवार्ते प्रतीकर्तुमीहो–'' ભાવાર્થ કે દુઃખોથી અને દોષોથી પીડિત જીવોની તે પીડાઓ દૂર કરવાની ઇચ્છાનું નામ છે કરુણા. શક્તિ પહોંચે તો આ કરુણાળુ વ્યક્તિ તે તે દુઃખી જનોના દુઃખો દૂર કરે-દોષો દૂર કરે. શક્તિ ન પહોંચે એ સ્થિતિમાં ય એ દૂર કરવાની હાર્દિક અભિલાષા તો એનાં અંતરમાં રમતી જ હોય. જે કરુણાવંત હોય એનો દુઃખી-દોષી જીવો પ્રત્યેનો અભિગમ કેવો અદ્‌ભુત હોય એ જાણવું છે? તો વાંચો અમદાવાદના જગવિખ્યાત હઠીસિંહના દેરાસરના નિર્માણસમયની આ ઘટના :

ત્યારે હઠીસિંહના એ વિરાટ બાવન જિનાલયનું નિર્માણકાર્ય ચાલતું હતું. શેઠના ધર્મપત્ની હરકુંવરશેઠાણીની નિગરાનીમાં. એ જેવા બાહોશ-કાર્યદક્ષ હતા એવા જ કરુણાશીલ હતા. નિત્ય સાંજે મજૂરોને રોજી ચૂકવવાના સમયે શેઠાણી ગાદી નીચે રૂપિયાની કોથળી રાખી એમાંથી પગાર આપતા. નિત્યનું આ દશ્ય જોતાં એક ગરીબ મજૂરનાં મનમાં ચોરી કરવાનો દુષ્ટ વિચાર આવ્યો. આ રીતે પોતાની આર્થિક પીડા હળવી કરવા એક રાત્રે એ ગૂપચૂપ ગાદી પાસે આવ્યો અને ગાદી નીચે કલાક ખોદકામ કર્યું. પણ ગાદી નીચેથી રૂપિયાની કોઇ તિજોરી એને મળી નહિ. હતાશ મજૂર બધું યથાવત્ કરી છૂપી રીતે ભાગી ગયો. સંતોષ માત્ર એને એટલો રહ્યો કે કોઇએ એને ચોરી કરતા પકડી પાડ્યો ન હતો.

બીજા દિવસની સાંજે એ મજૂર રોજીનો પગાર લેવા લાઇનમાં ઊભો હતો. એનો ક્રમ આવ્યો ત્યારે શેઠાણીએ એને બે દિવસનો પગાર આપીને હસતા હસતા ઊમેર્યું : ''ગઇ કાલે રાત્રે તેં અહીં વધારાની મહેનત કરી હતી ને, એનો

આ પગાર છે.'' પેલા મજૂરની હાલત 'કાપો તો લોહી ન નીકળે' એવી થઇ ગઇ. 'ધાર્યું હોત તો શેઠાણીએ પોતાને રાત્રે જ પોલીસને હવાલે કર્યો હોત. પરંતુ આવું કાંઇ ન કરતાં ઉપરથી એક વધારાનો પગાર આપીને શેઠાણીએ ખરેખર કરુણા જ વરસાવી છે.' એ વિચારતા મજૂરે હવે ક્યારે ય ચોરી ન કરવાનો સંકલ્પ શેઠાણી પાસે કર્યો.

પીડિત વ્યક્તિની આર્થિક યા અન્ય કોઇ બાહ્ય તકલીફ દૂર કરવી એને કહેવાય છે દ્રવ્યકરુણા અને એના દોષો દૂર કરવા એને કહેવાય છે ભાવકરુણા. જૈન શાસ્ત્રો કહે છે કે જગતના સર્વ જીવોને દોષમુક્ત કરવાની ઉત્કૃષ્ટ ભાવકરુણાના પ્રતાપે જ, તીર્થંકરભગવંતોનો આત્મા પૂર્વેના ત્રીજા ભવે તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે. આમ, જનમાંથી જિનેશ્વર બનવાની પ્રક્રિયામાં પણ આ કરુણાભાવના અત્યંત અગત્યની પુરવાર થાય છે.

**(૪) માધ્યસ્થ્યભાવના :-** સમતાધિકારના અગિયારમા શ્લોકનું અંતિમ ચરણ માધ્યસ્થ્યભાવનાની વ્યાખ્યા આ કરે છે કે - **'पेक्षैवमाध्यस्थ्यमवार्यदोषे'.** ભાવાર્થ કે દુષ્ટ બુદ્ધિની વ્યક્તિઓ આપણી સારી-સાચી વાતને ય ધરાર ફગાવી દે અને લાખ સમજાવવા છતાં ય ગલત માર્ગેથી પરત ન ફરે ત્યારે હાય-વોય ન કરવી, આર્તધ્યાન ન કરવું. બલ્કે એની ઉપેક્ષા કરવી. આ ઉપેક્ષા એટલે જ માધ્યસ્થ્યભાવના. ઉદાહરણરૂપે, યુવાન પુત્ર સિગારેટ જેવા વ્યસને ચડી ગયો છે. પ્રેમભરી લાખ સમજાવટ અને આગળ જતાં કડક પગલા પછી પણ એ વ્યસનથી પીછેહઠ કરતો નથી. એનાં કારણે પરિવારમાં નિત્ય સંક્લેશ-સંઘર્ષનું વાતાવરણ જામે છે. આવી પરિસ્થિતિમાં બહેતર બાબત એ છે કે મધ્યસ્થભાવ ધરીને પુત્રની એ ગલત વર્તણૂંકની ઉપેક્ષા કરવી. દરેક ગલત ઘટનાક્રમમાં સુધારણાનો યોગ્ય પ્રયત્ન કર્યા પછી તે તે બાબતને ભવિતવ્યતા પર મૂકી દઇને ઉપેક્ષાભાવ ધરીએ તો જ આપણા જીવનમાં સમતા ટકી શકે, અન્યથા નહિ.

ચારે ય ભાવનાઓ સમતા આત્મસાત્ કરવામાં અતિ ઉપયોગી હોવાનું તર્કબદ્ધપણે પુરવાર કરી શકાય તેમ છે જ. પરંતુ એમાં આ ચતુર્થ ભાવના એવી બે-મિસાલ છે કે એ સમતાની પ્રાપ્તિમાં અચૂક કારણ હોવાનું પ્રથમ દષ્ટિએ જ પ્રતીત થઇ જાય. 'શાંતસુધારસ' ગ્રન્થમાં તો આ ભાવનાને 'આગમોનો સાર' કહીને બિરદાવવામાં આવી છે...

સમતાધિકારનો એકવીશમો શ્લોક એક સરસ તર્કબદ્ધ રજૂઆત કરે છે કે :-

'कृती हि सर्वं परिणामरम्यं, विचार्य गृह्णाति चिरस्थितीह।
भवान्तरेऽनन्तसुखाप्तये तद्, आत्मन्! किमाचारमिमं जहासि।।

શ્લોક કહે છે કે બુદ્ધિશાળી-પ્રાજ્ઞ વ્યક્તિ એ છે જે પરિણામમાં લાભદાયી પ્રવૃત્તિ કરે. ઉદાહરણરૂપે વિચારીએ તો, Medical શાખાનો વિદ્યાર્થી વર્ષોનાં વર્ષો સુધી તનતોડ મહેનત કરી ભણવાની પ્રવૃત્તિ એટલે કરે છે કે એના પરિણામમાં ડૉક્ટર બનીને લાખો રૂપિયાની કમાણીનો લાભ એની નજર સમક્ષ છે. એક યુવાન દિવસ-રાત ઉજાગરા દ્વારા પગભર થવાની મહેનત એટલા માટે કરે છે કે એના પરિણામમાં પાછલી વયની જિંદગી આર્થિક રીતે નિશ્ચિંત બની જવાનો લાભ એની નજર સમક્ષ છે. બસ, આ જ તર્ક કરી અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રન્થકાર ઉપરોક્ત શ્લોકમાં પ્રશ્ન કરે છે કે 'તો પછી ભવાંતરના સદ્ગતિ-સમાધિ-સિદ્ધિગતિના અનંત સુખમય પરિણામને નજર સમક્ષ રાખીને હે સાધક! તું શુભ આચારોને આત્મસાત્ કેમ કરી રાખતો નથી? ઉત્તમ આચારોને છોડી કેમ દે છે? પરિણામરમ્ય પ્રવૃત્તિ જ કરવાનો સિદ્ધાંત ખરેખર તો અહીં જ સૌથી વિશેષ અપનાવવાની જરૂર છે.'

સમતા જાય એનાં મુખ્ય કારણો બે છે : **રાગ અને રોષ.**

વ્યક્તિ સ્વજનાદિ પ્રત્યે રાગમાં-આસક્તિમાં ખેંચાય, તો શત્રુ-વિરોધીઓ પ્રત્યે રોષમાં-દ્વેષમાં તણાય. એનાથી જ ચિત્તની સમતુલા ખોરવાઇ જાય છે. ગ્રન્થકારે બત્રીશમા અને તેત્રીશમા શ્લોકમાં ખૂબ વાસ્તવિક વિચારધારા ભારતીય દર્શનોના પુનર્જન્મના સિદ્ધાંતના આધારે કરી છે. તેઓ કહે છે કે જે જે જીવોને તું આજે તારા શત્રુ ગણે છે તે તે જીવો ભૂતકાળમાં તારા માતા-પિતા-ભાઇ વગેરે સ્વજનો બન્યા હતા. તો પછી એમના પ્રત્યે રોષ ક્યાંથી શોભે? એથી વિપરીત જેઓ આજે તારા માતા-પિતા-ભાઇ વગેરે છે તે જીવો આગામી જન્મોમાં જાની દુશ્મન બની તને નુકસાન પણ કરી શકે છે. તો પછી એમના પર ગાઢ આસક્તિ શા માટે? વસ્તુતઃ સહુ પ્રત્યે સમભાવ ધરવો એ જ સાચું શાણપણ છે.

આવો, આપણે ગ્રન્થકારના આ ઉપદેશને ઝીલીને ચિત્તને-આત્માને સમતામય કરીએ.

■ ■ ■

# ૪

# દેહસૌંદર્ય પરનો પ્રેમ વાસના છે ... આત્મસૌંદર્ય પરનો પ્રેમ ઉપાસના છે ...

Sofa-set હો કે પલંગ હો : એ બરાબર વ્યવસ્થિત ટકી શકે એ માટે એને ચાર પાયા હોવા જરૂરી છે. સોફા યા પલંગના જો ચારે ય પાયા મજબૂત હોય તો એના પર બેસનાર-સૂઈ જનાર વ્યક્તિ સહીસલામત રહી શકે. પરંતુ જો એનો ચારમાંથી એક પાયો ખંડિત-તૂટેલો હોય તો ન પલંગ સલામત ટકી શકે, ન એના પર બેસનાર વ્યક્તિ. અરે ! માર્ગ પર દોડતી Car પણ જો એના ચાર Tyre સહીસલામત હોય તો જ પૂરવેગે દોડી શકે છે. જો એનું એક પણ Tyre ન હોય કે હવા વિનાનું હોય તો તે Car એક તસુ ય આગળ વધી શકે નહિ.

Sofa-set, Bed યા Car ને જે વાત લાગુ પડે છે એ જ વાત સંસારને ય લાગુ પડે છે. દરેક જીવનો સંસાર-ભવપરંપરા અણથક-અવિરત ચાલ્યા જ કરે છે. એમાં કારણ છે સંસારના ચાર મજબૂત પાયા અથવા Tyre. એનાં નામ

છે કામિની-કાયા-કુટુંબ અને કંચન. આ ચાર બાબતો પરની તીવ્ર આસક્તિ-મોહદશાનાં કારણે જીવોની ભવપરંપરા અનવરત ચાલ્યા કરે છે. અરે ! જ્યાં કામિની-કુટુંબ-કંચન સાથેનો કોઈ સીધો સંબંધ દેખાતો નથી તેવા એકેન્દ્રિયાદિ ભવોમાં અવ્યક્ત મૈથુનસંજ્ઞાદિરૂપે પણ એ આસક્તિ બરકરાર રહેતી હોય છે. જે કલ્યાણકામી આત્માએ ભવપરંપરાનો અંત લાવવો હોય એણે પૂર્વોક્ત ચાર બાબતોની આસક્તિ તોડવાનો સમ્યક્ સમજભર્યો પુરુષાર્થ કરવો જ જોઈએ.

આપણે જે ગ્રન્થના આધારે વૈરાગ્યભરી ચિંતનયાત્રા કરી રહ્યા છીએ તે **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રન્થના કર્તા આ ચારે ય બાબતોની આસક્તિ ખતમ કરી શકાય તેવી પ્રબળ વિચારધારા હવેના અધિકારો દ્વારા પ્રસ્તુત કરી રહ્યા છે. બીજા-ત્રીજા અને ચોથા અધિકારમાં આ વિચારણા હૈયાંસોંસરવી ઊતરી જાય તેવી તીવ્રતાથી રજૂ થઈ છે. તે પૈકી આપણે હવે વિચારવિહાર કરવાનો છે દ્વિતીય અધિકાર પર. આ અધિકારમાં સ્ત્રી પ્રત્યેની (ઉપલક્ષણથી વિજાતીય પ્રત્યેની) મમતા-આસક્તિ ત્યાગવાનો ઉપદેશ છે, તો એમાં જ અંતર્ગતરૂપે રજૂ થયેલી દેહની અશુચિમયતા દ્વારા કાયાની મમતા ત્યાગવાનો ય નિર્દેશ છે.

એક ખાસ સ્પષ્ટતા કે પુરુષની સરખામણીએ સ્ત્રીમાં રૂપસૌંદર્ય-મોહક વાણીવિલાસ-આકર્ષક દેહછટા પ્રચૂર પ્રમાણમાં હોવાથી, ગ્રન્થકારે આ અધિકારમાં સ્ત્રીમમત્વત્યાગ માટે ક્યાંક કડક શબ્દપ્રયોગ પણ કર્યા છે. પરંતુ એનો આશય સ્ત્રીસૌંદર્ય પ્રત્યે વૈરાગ્યદૃષ્ટિ વિકસ્વર કરવાનો જ છે, સ્ત્રીવર્ગ પ્રત્યે તિરસ્કારનો હરગિજ નથી. એટલે જ શાસ્ત્રોમાં ઠેર ઠેર એવા ઉલ્લેખો પણ મળે છે કે જેમાં સ્ત્રીઓ પ્રત્યે આદરભાવ-ગૌરવ પુરસ્કૃત થાય. જેમ કે ચોવીશે ય જૈન તીર્થંકર ભગવંતોનાં ધર્મશાસનની વિગતોમાં લગભગ એવા ઉલ્લેખો મળે છે જેમાં શ્રમણોની-સાધુઓની સંખ્યા કરતાં શ્રમણીઓની-સાધ્વીજીની સંખ્યા અધિક હોય અને બાર વ્રતધારી શ્રાવકોની-પુરુષોની સંખ્યા કરતાં શ્રાવિકાઓની-સ્ત્રીઓની સંખ્યા અધિક હોય. આ ઉલ્લેખો દ્વારા સ્ત્રીઓ માટે

એ ગૌરવપ્રદ નિર્દેશ મળે છે કે ધર્મઆરાધનામાં તેઓ વધુ અગ્રેસર હોય છે. આ ઉપરાંત શાસ્ત્રો તીર્થંકર પ્રભુની માતા માટે 'રત્નકુક્ષી' જેવા શબ્દપ્રયોગની નવાજેશ કરે છે, તો એ જ શાસ્ત્રો પ્રભાતની પ્રતિક્રમણારાધનાની 'ભરહેસર' સજ્ઝાયમાં મહાપુરુષોની સાથોસાથ મહાન સ્ત્રીઓનો ય સિલસિલાબદ્ધ ઉલ્લેખ કરે છે. આવા આવા ઉલ્લેખો એ પૂરવાર કરે છે કે જૈન શાસ્ત્રો તે તે ગુણવત્તા-વિશેષતાઓના આધારે સ્ત્રીવર્ગનો પણ ચોક્કસ સમાદર કરે છે. આટલી સ્પષ્ટતા સાથે હવે આપણે વિચારીશું સ્ત્રીમમત્વત્યાગાધિકારના કેટલાક વિચારસ્ફૂલિંગો.

સામાન્યપણે પદ્ધતિ આ નિહાળાય છે કે પહેલા બે વિજાતીય પાત્રો વચ્ચે મનનાં સ્તરે અવ્યક્ત પ્રણય પાંગરે, પછી એ વચનનાં સ્તરે વ્યક્ત થાય અને અંતે એ તનનાં સ્તરે પ્રવૃત્તિરૂપે પરિણમે. આમાં મનનાં સ્તરે સ્થિતિ હમણાં જણાવ્યું તેમ લગભગ અવ્યક્ત હોય છે. પરંતુ જ્યારે એ વચનનાં સ્તરે વ્યક્ત થાય ત્યારે એમાં સ્ત્રીની ભૂમિકા બહુ પ્રબળ અને મદહોશ કરી દે તેવી હોય છે. ગ્રન્થકારે એથી જ આ અધિકારના પ્રથમ શ્લોકમાં ''प्रणयचारुगिरासु प्रणयिनीषु'' શબ્દપ્રયોગ કર્યો છે. મતલબ કે પ્રણયની અવસ્થાએ રૂપસુંદરી સ્ત્રીઓનાં વચનકટાક્ષ એવાં કાતિલ હોય છે કે ભલભલા બુદ્ધિમાન વિવેકી પુરુષોનાં હૈયાં વિંધાઈ જાય અને એ તે ક્ષણોમાં બુદ્ધિભ્રષ્ટ-વિવેકભ્રષ્ટ થઈને વર્તે. મોહમૂઢતા ત્યારે એ પુરુષનો પરિચયપર્યાય બની જાય.

વચનનાં સ્તરની આ મોહક અભિવ્યક્તિ અંતે જ્યારે તનનાં સ્તરે પ્રવૃત્તિરૂપે પરિણમે ત્યારે એવું બનતું હોય છે કે પ્રણયિની સ્ત્રી, પુરુષનાં ગળે બાહુપાશ રચે. શૃંગારરસના કવિઓ-જ્ઞાતાઓ એને ઉત્કૃષ્ટ શૃંગારરસાભિવ્યક્તિ કહે છે. બસ, આ પ્રવૃત્તિ પર જબરજસ્ત કટાક્ષ કરતાં ગ્રન્થકાર કહે છે કે ''હે મૂઢ ! તું આને શ્રેષ્ઠ પ્રેમાભિવ્યક્તિ ગણે છે. પરંતુ હકીકત એ છે કે આ રીતે તો તારાં ગળે એક એવી ભારેખમ શિલા બંધાય છે કે જે તને ભવસાગરના તળિયે ડુબાડી દેશે !'' એમની ગ્રન્થગત પંક્તિઓ આ છે કે :-

**किं न वेत्सि पततां भववार्धौ,**
**ता नृणां खलु शिला गलबद्धाः।**

જે ઉત્કૃષ્ટ શૃંગારસાભિવ્યક્તિ ગણાય છે એનાં પર જ શરસંધાન કરી વૈરાગ્યની-અનાસક્તિની પ્રસ્તુતિ કરવાની ગ્રન્થકારની આ કલ્પનાશક્તિ ખરેખર કાબિલેદાદ છે. આપણે આ વૈરાગ્યભરી કલ્પનાશક્તિનો વિચારવિસ્તાર કરીએ તો એમાંથી ઘણા બધા સાર ઉપલબ્ધ થઈ શકે. પહેલો સાર એ કે કારમી વિષયાસક્તિ પ્રગાઢ મોહનીય કર્મ ઉપાર્જિત કરાવી ભવપરંપરા વધારી દે. બીજો સાર એ કે ખતરનાક વિષયલાલસાનાં કારણે ભવપરંપરાના ઘણા ઘણા જન્મો દુઃખમય દુર્ગતિના બની રહે. ત્રીજો સાર એ કે દુર્ગતિના એ જન્મોમાં પણ કુસંસ્કારોનો ગુણાકાર થતો રહેવાથી એ વિષચક્રમાંથી બહાર નીકળવું અત્યંત મુશ્કેલ બની જાય.

અરે ! આ તો આગામી ભવોનાં નુકસાનોની વાત થઈ. પરંતુ જો આ જન્મમાં ય વ્યક્તિ કારમી કામલાલસાવશ લગ્નબાહ્ય સંબંધો-પ્રણયત્રિકોણ જેવા સંબંધોમાં તણાય તો ઘણી વાર કલ્પના બહારની પીડા-પ્રતારણા-પ્રાણાંત કષ્ટોમાં ફસાય. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો માલવપતિ મહારાજા મુંજની આ કરુણ દાસ્તાન :

માલવદેશના વિશાલ સામ્રાજયનો સર્વસત્તાધીશ રાજા મુંજ જેવો રસિક હતો એવો જ શૂરવીર હતો. આ શૂરવીરતાનાં કારણે જ એણે સીમાવર્તી તૈલંગ દેશના રાજા તૈલપને રણસંગ્રામમાં એક વાર નહિ, છ-છ વાર હરાવ્યો હતો. પરંતુ સ્વભાવની ઉદારતા-ભોળપણનાં કારણે એણે દરેક વિજય પછી તૈલપને માફ કરી જીવતો જવા દીધો હતો. આ જ ઉદારતા મુંજને ભારે પડી ગઈ. સાતમી વારના યુદ્ધમાં મુંજ હારી ગયો અને તૈલપનાં સૈન્યના હાથમાં જીવતો પકડાયો ત્યારે તૈલપે કોઈ જ ઉદારતા દાખવ્યા વિના મુંજને રાજકેદી બનાવી પોતાની સાથે લીધો અને કેદમાં એનાં પર કડક દેખરેખ રાખવાનું કાર્ય પોતાની સગી બહેન મૃણાલિનીને સુપરત કર્યું.

મુંજ ત્યારે ભલે રાજકેદી હતો. પરંતુ આખર એ રૂપમઢી દેહયષ્ટિ અને છટાદાર વ્યક્તિત્વ ધરાવતો હતો. અધૂરામાં પૂરું એ શૃંગારરસમાં-સાહિત્યમાં નિષ્ણાત હતો. તો સામે પક્ષે મૃણાલિની બાળવિધવા હોવાથી પતિસુખ પામી ન હતી. કેદના એકાંતમાં બન્ને એકમેકના પ્રેમમાં-વાસનામાં લપેટાયા અને અંતે બધી મર્યાદા ઓળંગી ગયા. મૃણાલિનીના એકેક કટાક્ષવચન અને અંગભંગિમા પર મુંજ એ હદે ફિદા હતો કે પોતે માલવસમ્રાટ છે અને કેદમાંથી મુક્તિ પોતાનો પ્રથમ અગ્રતાક્રમ છે એ પણ એ વીસરી ગયો. મુંજની ગેરહાજરીમાં માલવસામ્રાજ્ય સંભાળતાં મુંજના ભત્રીજા રાજા ભોજે ઠેઠ કેદખાના સુધીની ગુપ્ત સુરંગ બનાવી મુંજને સહીસલામત ભગાવવાનો તખ્તો તૈયાર કર્યો ત્યારે મુંજને ખ્યાલ આવ્યો કે મારે અહીંથી વિદાય થવાનું છે. પણ રે બદનસીબ ! મૃણાલિનીનાં રૂપમાં-મીઠાં મદહોંશ વચનોમાં આસક્ત રાજા મુંજે એ ગુપ્ત વાત કહી દીધી અને પોતાની સાથે માલવ આવી જવાનો પ્રસ્તાવ મૃણાલિની સમક્ષ રજૂ કર્યો.

ચમકી ગયેલ મૃણાલિનીએ સ્વાર્થી વિચાર કર્યો કે માલવમાં તો મુંજ અનેક રાણીઓ વચ્ચે મને ભૂલી જશે. એ અહીં કેદમાં જ રહે તો મારું ઈષ્ટ થાય. એણે અલંકારપેટી લઈ આવવાનો ગલત વાયદો કરી રાજા તૈલપને આ કાવતરાના સમાચાર તત્કાલ આપ્યા. એનું પરિણામ એવું ભયંકર આવ્યું કે મુંજ અને મૃણાલિની, બન્નેમાંથી કોઈ એની કલ્પના ન કરી શકે. ક્રોધાંધ બની ગયેલ રાજા તૈલપે મુંજના હાથ-પગમાં જંઝીર પહેરાવી મુંજને પોતાની રાજધાનીમાં ઘરે ઘરે ભીખ મંગાવી પૂરેપૂરો અપમાનિત કર્યો. પૂરા સાત દિવસ આ રીતે ભીખ મંગાવી અંતે મુંજને હાથીના પગ નીચે કચડીને મારી નંખાવ્યો! એ સાત દિવસની ભીખ દરમ્યાન કવિહૃદયી મુંજે સ્ત્રીલોલુપતાવશ પોતે કરેલી મૂર્ખતાને અલગ-અલગ કાવ્યપંક્તિમાં હૈયું હચમચાવે તે રીતે રજૂ કરી હતી. આપણે એમાંની માત્ર એક કાવ્યપંક્તિ જોઈએ. મુંજરાજ એમાં જણાવે છે કે :-

**ઈત્થીપસંગ મત કો કરો, થીયવિલાસ દુઃખપુંજ ;**
**ઘર ઘર જિણે નચાવીયો, જિમ મક્કડ તિમ મુંજ.**

સ્ત્રીનાં બાહ્ય રૂપસૌંદર્ય પર લોલુપ થઈને લગ્નબાહ્ય સમાજનિષિદ્ધ સંબંધોમાં તણાવા દ્વારા જીવનને તબાહ કરી નાંખવા તૈયાર અવિવેકી યુવાનો માટે આ ઘટના આંખ ઊઘાડી દે એવી છે. વાસનાના અંજામ આવા હોવાથી આપણે એનાથી દૂર રહીએ અને વાસના - ઉપાસનાની ભેદરેખા દોરતું આ સૂત્ર યાદ રાખીએ કે **''દેહસૌંદર્ય પરનો પ્રેમ વાસના છે...આત્મસૌંદર્ય પરનો પ્રેમ ઉપાસના છે''...**

## ૫

# દેહની ભીતરની ખામી દર્શાવે તે છે X-Ray દૃષ્ટિ... દેહની ભીતરની અશુચિ દર્શાવે તે છે વૈરાગ્ય દૃષ્ટિ...

આ સૃષ્ટિમાં બંધનો અલગ અલગ પ્રકારના નિહાળવા મળે છે અને અલગ અલગ જીવોને નિયન્ત્રણમાં રાખવા એ અલગ અલગ બંધનોનો ઉપયોગ થતો હોય છે. જેમ કે ગાય-બળદને બાંધવા દોરડાનો ઉપયોગ થાય છે, તો કૂતરાને બાંધવા પટ્ટાનો ઉપયોગ થાય છે; હાથી જેવા મહાબલી પ્રાણીને બાંધવા સાંકળનો ઉપયોગ થાય છે, તો માનવીને બાંધવા લોખંડની બેડીનો ઉપયોગ થાય છે.

પણ...સબૂર ! બે બંધન આ સૃષ્ટિમાં એવાં છે કે જે સાચા વૈરાગી સાધક સિવાય હર કોઈને મુશ્કેટાટ બાંધી શકે છે. એ બે બંધનો છે સ્ત્રી (ઉપલક્ષણથી વિજાતીય પાત્ર) અને સુવર્ણ અર્થાત્ સંપત્તિ. એથી જ સંસ્કૃત સુભાષિતકારો યથાર્થપણે લખે છે કે ''कान्ता–कनकसूत्रेण, वेष्टितं निखिलं जगत्।'' માનવસૃષ્ટિ તો આ બન્ને લલચામણાં બંધનોથી મુશ્કેટાટ બંધાયેલી હોય એ

તો પ્રત્યક્ષ અનુભવાતી બાબત છે. એથી ત્યાં શંકાને સ્થાન ન હોય. પરંતુ પશુસૃષ્ટિમાં એવો પ્રશ્ન ઊઠી શકે કે ત્યાં આ બન્ને બંધન હોય જ એમ કેમ માની શકાય? એનો એકદમ તાર્કિક પ્રત્યુત્તર જૈન શાસ્ત્રોમાં મળી રહે છે કે પશુ તો શું, એથી આગળ સ્થાવર સૃષ્ટિમાં ય આ બે બંધનો હર કોઈ જીવને વ્યક્ત અથવા અવ્યક્તરૂપે હોય છે. કારણ કે એ સહુ જીવોમાં મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા અચૂક વિદ્યમાન હોય છે. તે પૈકી પરિગ્રહસંજ્ઞા અર્થાત્ સંપત્તિનું આકર્ષણ પશુઓમાં અવ્યક્તપણે નિહાળાય છે, જ્યારે મૈથુનસંજ્ઞા અર્થાત્ સ્ત્રીઆદિ વિજાતીયનું આકર્ષણ તો વ્યક્તપણે નિહાળાય છે. આ દૃષ્ટિબિંદુથી એમ વિચારી શકાય કે અપેક્ષાએ સંપત્તિ કરતા ય સ્ત્રીનું આકર્ષણ વધુ ખતરનાક છે.

ઈતિહાસ એમ કહે છે કે આ સ્ત્રીઆકર્ષણના અંજામરૂપે જ રાજા ભર્તૃહરિ જેવાને સંસારની અત્યંત કટુ વાસ્તવિકતાનો હૈયું વિદારી દે તેવો અનુભવ થયો, તો આ સ્ત્રીઆકર્ષણનાં વરવા અંજામરૂપે જ રાવણ જેવા મહાપરાક્રમી યોદ્ધાને બદનામી-અપકીર્તિપૂર્વક રણમાં રોળાઈ જવું પડ્યું. માત્ર ભૂતકાલીન ઈતિહાસ જ શા માટે? વર્તમાનકાલીન ઘટનાઓ પણ એ સાખ પૂરે છે કે સ્ત્રીઓ પ્રત્યેનો અંધાનુરાગ વ્યક્તિનો સર્વતોમુખી વિનિપાત નોંતરે છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો સાંપ્રત યુગની આ બે સત્ય ઘટનાઓ :

* પાકિસ્તાનની રાષ્ટ્રીય Cricket Team નો પૂર્વ ક્રિકેટર Cricketer. નઝરમહમદ રાષ્ટ્રીય Team માં સ્થાન હોવાથી એક celebrity રૂપે પાકિસ્તાનમાં એ સમયે એનું માન-સન્માન હતું. એ સમયની પાકિસ્તાનની લોકપ્રિય સ્વરસામ્રાજ્ઞી નૂરજહાં સાથે આંખો મળી જતા બન્ને વચ્ચે ગુપ્ત પ્રણય સંબંધ રચાયો. અલબત્ત, બન્ને પરિણીત હોવાથી એ લગ્નબાહ્ય અનિષ્ટ સંબંધ હતો. છાનાછપના મળવું અને કોઈ નથી જાણતું એવા ભ્રમમાં રાચવું : આ એમનો ક્રમ બની ગયો. પરંતુ કુદરતનો નિયમ સચોટ છે કે :-

**ના પાપ ઢંકાયું રહે, છાનું કરો કે ચોકમાં;**
**અંતે પુકારી ઊઠશે, આ લોક કે પરલોકમાં.**

નૂરજહાંના પતિને આ ગલત સંબંધની ગંધ આવી ગઇ. એથી એક વાર જ્યારે નઝરમહમદ નૂરજહાંના ઘરે છૂપી રીતે આવ્યો હતો ત્યારે જ નૂરજહાંના પતિએ ઘરમાં Entry કરી. ઉતાવળમાં શું કરવું એ સૂઝ્યું નહિ એથી ઇજ્જત બચાવીને ભાગી છૂટવા નઝરમહમદે બીજા માળની બાલ્કનીમાં નીચે કૂદકો લગાવ્યો. આ આંધળા સાહસનો અંજામ એ આવ્યો કે નઝરમહમદનો પગ કાયમ માટે ભાંગી ગયો અને નૂરજહાંનું લગ્નજીવન ભાંગી ગયું ! બન્નેની ઇજ્જત ગઇ એ લટકામાં.

* મહારાષ્ટ્રનું એક મધ્યમકક્ષાનું ગામ. ત્યાં તાજી પરિણીતા યુવતીને મળવા એનો પૂર્વપરિચિત પ્રેમી યુવક એકાંત શોધીને આવી જતો. યુવતી પણ યુવક પ્રત્યે એવો અંધાનુરાગ ધરાવતી હતી કે પરિણામના અપાયનો કોઇ વિચાર એણે ય ન કર્યો. આખર આ કિસ્સામાં નઝરમહમદ કરતાં પણ કરુણ અંજામ આવ્યો. અચાનક યુવતીના પતિનું આગમન થતાં પેલા યુવકે ચૂપચાપ ભાગી છૂટવા ઉપરના મજલેથી Road પર ઝંપલાવ્યું અને પડતાની સાથે માથું ફાટી જતાં એનું ત્યાં જ અપમૃત્યુ થયું.

દોઢેક વર્ષ પૂર્વે મુંબઇના અખબારોમાં પ્રગટ થયેલ આ કરુણ ઘટનાએ મનને એ વિચારોથી ઘેરી લીધું કે સ્ત્રીનું (વિજાતીયનું) આકર્ષણ કેવું ખતરનાક છે કે જે પ્રત્યક્ષ નુકસાનો પ્રત્યે પણ ઉપેક્ષા કરાવે છે!

આ ખતરનાક આકર્ષણનું મુખ્ય કારણ છે મોહનીયકર્મનો તીવ્ર ઊદય. એ કર્મના વિભાગરૂપ પુરુષવેદોદયનાં કારણે પુરુષ સ્ત્રી પ્રત્યે આવો કારમો અનુરાગ-સ્ત્રીદેહાભિલાષ અનુભવે છે. તો બાહ્ય કારણ છે સ્ત્રીનું આકર્ષક રૂપસૌંદર્ય. પૂર્વ લેખમાં ઉલ્લેખ કર્યો છે તેમ, સામાન્યતઃ પુરુષની અપેક્ષાને સ્ત્રીને અધિક સૌંદય-મોહકતા વરી હોય છે. એથી જ સાહિત્યગ્રન્થોથી લઇને સિનેસૃષ્ટિ સુધી સર્વત્ર સ્ત્રીસૌંદર્યને પ્રાધાન્ય અપાય છે. જે ગ્રન્થ પર આપણી ચિંતનયાત્રા થઇ રહી છે તે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થના કર્તા મહર્ષિ આ બન્ને કારણોનું સામર્થ્ય તોડે તેવી સરસ રજૂઆત દ્વિતીય સ્ત્રીમમત્વત્યાગાધિકારમાં કરે છે.

તેઓ વેદોદયનાં મુખ્ય કારણને લક્ષ્યમાં રાખી જણાવે છે કે જો તું અનાદિકાલીન કુસંસ્કારોને વશ થઇ વ્યભિચારાદિ ભયાનક પાપ કરીશ

તો ભવાંતરમાં તારા માટે નર્ક જેવી દારુણ દુર્ગતિ નિશ્ચિત રહેશે કે જ્યાં પરમાધામીકૃત દુઃખો-ક્ષેત્રજન્ય દુઃખો-રોગજન્ય દુઃખો-પરસ્પરજનિત દુઃખો વગેરે કાતિલ પીડાઓની વણથંભી વણઝાર હોય. આનો નિર્દેશ કરતી ગ્રન્થકારની મૂલ પંક્તિ આ છે કે :- ''संस्कारमोहान्नरकाय भुक्ता।''

સ્ત્રીનાં સૌંદર્યનું-મોહકતાનું જે બાહ્ય કારણ છે એને અનુલક્ષીને તો ગ્રન્થકાર બહુ લા-જવાબ રજૂઆત કરે છે. તેઓ કહે છે કે 'મલ-મૂત્ર-લોહી-ચામ-હાડકાં : આ બધી ચીજો એવી અપવિત્ર છે કે એનાં દર્શનમાત્રથી તને જુગુપ્સા-અરુચિ થાય. અરે! આવા અશુચિમય પદાર્થો પાસેથી પસાર થવાનો સમય આવે તો ય તારા નાકનું ટેરવું ચડી જાય. છતાં વિચિત્ર કમાલ એ છે કે આ જ પદાર્થોથી સ્ત્રીનો દેહ (વિજાતીયનો દેહ) ખચિત છે અને તો ય તું એના પર પ્રગાઢ આસક્તિ ધરે છે. લાગે છે તું ખરેખર વિમૂઢ જ છે-સારાસારના વિચાર વિનાનો જ છે. આ પ્રસ્તુતિ કરતો ગ્રન્થકારનો હૃદયસ્પર્શી શ્લોક આ છે કેઃ-

विलोक्य दूरस्थममेध्यमल्पं, जुगुप्ससे मोटितनासिकस्त्वम्।
भृतेषु तेनैव विमूढ! योषा,–वपु:षु तत्किं कुरुषेऽभिलाषम्।।

બે પ્રકારની દષ્ટિ હોઈ શકે : એક photograph જેવી અને બીજી X-Ray જેવી. સામી વ્યક્તિનો જ્યારે photograph લેવાય છે ત્યારે એમાં વ્યક્તિનો માત્ર દેખાવ-બાહ્ય સ્વરૂપ જ ઝિલાય છે. એથી વિપરીત વ્યક્તિનો જ્યારે X-Ray લેવાય છે ત્યારે એમાં વ્યક્તિનું ભીતરી સ્વરૂપ ઝિલાય છે. જેઓ સ્ત્રીસૌંદર્ય પર લુબ્ધ થઇ વ્યભિચારના માર્ગે પતિત થાય છે તેઓ પાસે માત્ર photograph જેવી જ દષ્ટિ છે. પરંતુ જેઓ વિવેક અને વૈરાગ્યની ભૂમિકાએ આરૂઢ થવા ચાહે છે તેઓએ આ X-Ray દષ્ટિ વિકસાવવી જરૂરી છે કે જેમાં સુંદર દેહની ભીતર વહેતા અશુચિમય પદાર્થોનું સમ્યક્ ચિંતન હોય. યોગશાસ્ત્ર-શાંતસુધારસ વગેરે અનેક જૈન ગ્રન્થો એવા છે કે જેમાં આવી X-Ray-દષ્ટિ વિકસ્વર કરે તેવા ઉપદેશશ્લોકો અંકિત છે, તો કેટલા ય કથાપ્રસંગો પણ એવા છે કે જેમાં આવી જ X-Ray દષ્ટિનો આવિષ્કાર હોય. એક આવો કથાપ્રસંગ નિહાળીએ :

પછીથી જેઓ ઓગણીશમા તીર્થંકર બન્યા તે રાજકુમારી મલ્લિ. એમનું દેહસૌંદર્ય એવું અનુપમ હતું કે એનાથી આકર્ષાઇને એક નહિ, છ-છ રાજાઓ એમની સાથે લગ્ન કરવા તલપાપડ બની ગયા હતા. તાકાતને જોરે મલ્લિકુમારીને પામવા સૈન્ય લઇને એ રાજાઓ મલ્લિકુમારીના પિતાની રાજધાનીને ઘેરી વળ્યા. બહુ મોટો રક્તપાત આ રાજાઓ પરસ્પર કરે એવી ભયાનક પરિસ્થિતિ સર્જાઇ ગઇ. રાજકુમારી મલ્લિએ ત્યારે બહુ શાણપણથી બાજી સંભાળી લીધી.

એમણે થોડા દિવસો બાદ નગરનાં એક ઉદ્યાનમાં છ યે રાજાને અલગ અલગ દિશાએથી આમન્ત્ર્યા. એકમેકથી સંપૂર્ણ અજાણ  એ રાજાઓએ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો ત્યાં જ સામે આબેહૂબ મલ્લિકુમારી જેવી સ્વર્ણપ્રતિમા દેખાઇ. છ યે રાજાઓ એને સાચા મલ્લિકુમારી સમજીને એમને પામવા દોડ્યા. બરાબર એ જ ક્ષણે પ્રતિમા પાછળ રહેલ મલ્લિકુમારીએ પ્રતિમાનું ઉપરનું ઢાંકણ ખોલ્યું. એમાંથી ગટર જેવી ભયંકર બદ-બૂ એવી આવી કે દરેક રાજા નાક દબાવી દૂર ભાગ્યા. મલ્લિકુમારીએ તે ક્ષણે પ્રત્યક્ષ પેશ થઇને રાજાઓને કહ્યું : ''આ દુર્ગંધથી ભાગો છો તો મારા દેહ પર કેમ આકર્ષણ અનુભવો છો? આ પ્રતિમામાં મેં એ જ ભોજન નાંખ્યું છે જે નિત્ય મેં આરોગ્યું છે.'' તે પછી મલ્લિકુમારીએ દેહની અશુચિમયતા-સૌંદયની ક્ષણભંગુરતાનો એવો સચોટ ઉપદેશ આપ્યો કે છ યે રાજાઓ વૈરાગી બની ગયા અને મલ્લિનાથપ્રભુનાં ધર્મશાસનમાં સંયમી બની આત્મકલ્યાણના પંથે આગળ વધ્યા.

X-Ray દૃષ્ટિ દ્વારા થતું ભીતરનું વાસ્તવદર્શન વ્યક્તિને વિરક્ત બનાવવામાં કેવી સરસ ભૂમિકા અદા કરી શકે તે આ દૃષ્ટાંતમાં સરસ પ્રતિબિંબિત થાય છે.

છેલ્લે, સ્ત્રીમમત્વત્યાગાધિકારને અનુરૂપ રહે તેવી રાજચન્દ્રજીની આ કાવ્યપંક્તિ ટાંકીને સમાપન કરીએ કે :-

**નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;**
**ગણે કાષ્ઠની પૂતળી, સો નર દેવ સમાન.**

■ ■ ■

૬

# સંતાનસંબંધી સંક્લેશોમાં કરવા જેવી પ્રાર્થના : ‘‘મનને પ્રસન્ન બનાવતી મળજો અનાસક્તિ મને’’

શૈશવના શાળાકીય અભ્યાસમાં અંકજ્ઞાન આપતી વેળાએ શિક્ષકો બાળકોને શીખવતા હોય છે કે ‘બગડે બે.’ શબ્દશ્લેષ કરીએ તો આમાંથી જીવનનું એક નવીન તત્ત્વજ્ઞાન ધ્વનિત થાય છે કે ‘બે ભેગા થાય ત્યારથી બાજી બગડવાની શરૂઆત થઇ જાય છે.’

અધ્યાત્મજગતમાં આનું અર્થઘટન એ છે કે વ્યક્તિ જ્યાં સુધી એકત્વભાવમાં રમે છે, અન્ય વ્યક્તિઓ-પદાર્થો પુદ્‌ગલોથી પોતાના આત્માને સંપૂર્ણ નિરાળો-અનાસક્ત અનુભવે છે ત્યાં સુધી એની આધ્યાત્મિક ઉન્નતિ બરકરાર રહે છે. જ્યારે વ્યક્તિ એકત્વભાવના ભૂલી જઈ અન્ય વ્યક્તિઓ આદિ સાથે રાગ-રોષ વગેરે ભાવોથી જોડાય છે ત્યારે આધ્યાત્મિક દૃષ્ટિએ એની અવનતિ થવા સાથે બાજી બગડે છે. એથી જ જૈનશાસન પ્રત્યેક સંયમીઓને નિત્ય આરાધનામાં આ અદ્‌ભુત વિચારશૈલી આપે છે કે :-

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा।।

ભાવાર્થ કે જ્ઞાન-દર્શનાદિ ગુણયુક્ત મારો આત્મા એકલો છે-શાશ્વત છે. બાકીના પુત્ર-પત્ની-પુદ્ગલાદિ તમામ ભાવો બાહ્ય છે-સંયોગસર્જિત છે. એનાથી મારે કોઇ આસક્તિ નથી રાખવી.

પણ...સબૂર! વ્યવહારજગતમાં માન્યતા આનાથી સાવ વિપરીત છે. અહીં મહદંશે એવું નિહાળાય છે કે વ્યક્તિ ન તો ઉપરોક્ત એકત્વની અનુભૂતિ કરી શકે છે, ન તો એકલતામાં જીવી શકે છે. એટલે જ તો એક યુવાન વ્યક્તિ યોગ્ય વય થતાં જ લગ્નરૂપે એકમાંથી બે થાય છે અને પછી 'हम दो हमारे दो' પંક્તિ ચરિતાર્થ કરી સંબંધોની માયાજાળ વધુ મજબૂત ગૂંથતો જાય છે. સાંસારિક દૃષ્ટિએ આ બધી બાબતો ભલે સર્વસામાન્ય અને આવશ્યકતારૂપ ગણાય. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ એ આસક્તિનાં કારણરૂપ હોવાથી એક પ્રકારનું દઢ અવરોધક બંધન છે.

સંસ્કૃત સાહિત્યજગતના મહારથી કવિ ભવભૂતિએ પણ એક સ્થળે લખ્યું છે કે ''પિતા અને માતા વચ્ચે પુત્ર નામની એક એવી શૃંખલા હોય છે કે જે મજબૂત સ્નેહબંધન બની રહે છે.'' મહાકવિ ભવભૂતિએ દુન્યવી વાસ્તવિકતાનો જે આ ઉલ્લેખ કર્યો છે એને જ જાણે કે વૈરાગ્યનો સ્પર્શ આપતા હોય તેમ **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકારે સંતાનમમત્વ ત્યાગ નામે તૃતીય અધિકારમાં સરસ પ્રસ્તુતિ કરી છે. સંસાર રાગમાં ગળાડૂબ વ્યક્તિ પુત્ર-પુત્રીના જન્મથી હર્ષઘેલી થઇ જાય, એનાં દર્શને રાજી રાજી થઇ જાય. ગ્રન્થકાર કહે છે કે :-''चिक्षिप्सया नारकचारकेऽसि, दृढं निबद्धो निगडैरमीभिः.'' ભાવાર્થ કે ''અરે મૂઢચિત્ત! તું એમનાં દર્શને એમ કેમ નથી વિચારતો કે આ તો મોહ નામે રાજાએ મને નર્કની કેદમાં નાંખવા પુત્રરાગ નામની મજબૂત સાંકળથી દઢપણે બાંધ્યો છે?''

કઇ સાંકળ વધુ મજબૂત? પતિ-પત્ની વચ્ચેના કામરાગની સાંકળ કે પિતા અને સંતાન યા માતા અને સંતાન વચ્ચેના સ્નેહરાગની સાંકળ? સામાન્યપણે કામરાગ વધુ ગાઢ આકર્ષણસ્વરૂપ હોવાથી એની સાંકળ વધુ મજબૂત ગણાય. પરંતુ ઘણી વાર એવું ય બને છે કે કામરાગ કરતાં સ્નેહરાગની સાંકળ વધુ દઢ-વધુ મજબૂત પુરવાર થાય. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો જૈન ઇતિહાસની આ રોમાંચક ઘટના :

ભગવાન મહાવીરદેવની વિદ્યમાનતાનો સમય. આર્દ્ર દેશના રાજપુત્ર આર્દ્રકુમાર બીજી વારના પ્રબળ પુરુષાર્થથી યુવરાજમાંથી મુનિરાજ બન્યા અને મહાવીરપ્રભુને વંદનાર્થે જઇ રહ્યા હતા. તેઓ વૈરાગ્યનું મૂર્તિમંત સ્વરૂપ હતા. એમના વિહારમાર્ગમાં એક તાપસ આશ્રમ આવતો હતો. અચાનક અણધારી ઘટના ત્યાં એ બની હતી કે આશ્રમના તાપસો સાથે શૈશવથી રહેલ એક યુવાન સશક્ત ગજરાજ એ દિવસે તોફાને ચડ્યો. લોખંડની મજબૂત જંઝીરોથી એ બંધાયેલ હોવા છતાં મદમસ્ત બની એણે લોખંડની જંઝીરો તોડી નાંખી. આશ્રમની કુટિરો-વૃક્ષો વગેરેનો કચ્ચરઘાણ કરતા કરતા એ પાગલ જેવો હાથી મુખ્ય માર્ગ પર વિનાશનું સાક્ષાત્ સ્વરૂપ બનીને ધસી રહ્યો હતો. એનાં વર્ષોનાં મિત્ર સમા તાપસો પણ જીવ બચાવવા દૂર દૂરના વૃક્ષો પર ચડી મજબૂરીથી હાથીનું તાંડવનૃત્ય નિહાળી રહ્યા હતા.

સામેથી એ જ માર્ગે આવી રહેલ આર્દ્રમુનિને જોતા તાપસો ફફડી ઊઠ્યા કે ચોક્કસ હવે આ અણજાણ મુનિને હાથી કાળનો કોળિયો બનાવી જ દેશે. એ દૂરથી ચિલ્લાઇ ચિલ્લાઇને મુનિને ભાગી છૂટવા કહી રહ્યા હતા. કિંતુ અ-ભયના અવતાર મુનિ મેરુગિરિની જેમ નિશ્ચલભાવે એ જ પથ પર આગળ વધતા રહ્યા. અને ... આશ્ચર્ય! મુનિવરની કરુણાનો પ્રભાવ હો કે ગમે તે હો, એમના આભાવલયમાં પહોંચતા જ ગાંડોતૂર હાથી આજ્ઞાંકિત બાળકની જેમ સાવ શાંત થઇ ગયો અને પગે પડીને બેસી ગયો. મુનિ એને ઉપદેશધારાથી અભિષિક્ત કરી રહ્યા.

આ ચમત્કાર સમું દશ્ય જોઇ અહોભાવિત થયેલ તાપસો ટોળે વળીને મુનિ સમીપે આવ્યા. તેઓ આશ્ચર્યચકિતપણે વારંવાર પૂછવા માંડ્યા કે "લોખંડી સાંકળોનું બંધન તોડી નાંખનાર હાથી અચાનક આપનાં દર્શને સાવ શાંત કેમ થઇ ગયો?" જ્ઞાની મુનિવરે એ પ્રશ્નનું યથાર્થ સમાધાન આપીને પછી સસ્મિતભાવે નવી વાત કહી કે "કેટલીક વાર લોખંડની મજબૂત સાંકળોનાં બંધન તોડવા આસાન બને છે અને સૂતરનાં બંધન તોડવા અતિ કઠિન બને છે." મુનિવરની વાતનો મર્મ ન સમજાતાં તાપસોએ વિસ્તારથી આનું રહસ્ય સમજાવવા વિનંતિ કરી. પ્રત્યુત્તરમાં મુનિએ પોતાનાં જ સાંસારિક જીવનની એક પ્રેરક ઘટના કહી. મુનિવર કહી રહ્યા હતા કે :-

''સાંસારિક અવસ્થામાં મારે શ્રીમતી નામે પત્ની હતી અને એક નાનકડો બાલકુમાર પુત્ર હતો. મારી વૈરાગ્યધારા એટલી તીવ્ર હતી કે પત્ની-પુત્રનો મોહ સર્વથા ત્યાગીને અધૂરી સાધનાની પૂર્તિ માટે મારે જૈન દીક્ષા ઝડપથી અંગીકાર કરવી હતી. પૂર્વજન્મથી મારી સાથે પ્રીતનાં બંધનથી સંબદ્ધ પત્ની શ્રીમતી પ્રત્યે ત્યારે મને કોઈ કામરાગ નડી ન શક્યો. એની લાખ આરઝૂ છતાં મેં એને શાંતિથી સમજાવીને મારો વૈરાગ્યપંથે સંચરવાનો નિર્ણય મક્કમ રાખ્યો. આખરે એ કચવાતા મને તૈયાર થઈ. મારી દીક્ષા થાય તો પછી નિર્દોષ નિર્વાહપ્રવૃત્તિ કરવા માટે એણે સૂતર કાંતવાનો વ્યવસાય શીખવો શરૂ કર્યો. મારી દીક્ષાના થોડા સમય પૂર્વે એક દિવસ મધ્યાહ્ને હું સૂતો હતો, શ્રીમતી અશ્રુભીનાં નયને સૂતરની આંટી બનાવતી હતી અને ત્યાં સાત-આઠ વર્ષનો અમારો બાલકુમાર આવી ચડ્યો. માતાને અશ્રુસારતી જોઈને એણે કાલી-ઘેલી ભાષામાં રુદનનું કારણ પૂછ્યું. એથી શ્રીમતીએ એને મારી દીક્ષાનો દૃઢ નિર્ધાર જણાવ્યો. માસૂમ બાળકે તુરત સૂતરની આંટી ઉઠાવી અને મારા પગ ફરતે એ વીંટાળતા બોલતો ગયો કે ''મેં હવે મારા પિતાને સૂતરથી બાંધી દીધા છે. હવે એ દીક્ષા લેવા જઈ જ નહિ શકે.'' પુત્રની આ નિર્દોષ બાળચેષ્ટા સૂતાં સૂતાં નિહાળી મેં ત્યાં જ સંકલ્પ કર્યો કે મારા પગે જેટલી આંટી પુત્રે બાંધી હશે એટલાં વર્ષો હું હવે અનાસક્તિપૂર્વક સંસારમાં રહીશ અને તે પછી દીક્ષા સ્વીકારીશ.''

''તાપસો ! ઊઠીને મેં એ આંટી ગણી તો કુલ બાર આંટી હતી. એથી મેં બાર વર્ષ સંસારમાં વીતાવ્યા અને પછી દીક્ષા લીધી. મારા સ્વયંની આ જીવનઘટનાના આધારે મેં હમણાં પેલું વિધાન કર્યું કે ''લોખંડની જંઝીરો તોડવી કેટલીક વાર આસાન છે. કિંતુ સૂતરનાં બંધન તોડવા અતિ કઠિન છે. મને પત્ની પ્રત્યેના કામરાગનું બંધન ન નડ્યું, પરંતુ પુત્ર પ્રત્યેના સ્નેહરાગનું બંધન ખૂબ નડ્યું.''

જૈન ઇતિહાસની આ હૃદયસ્પર્શી અને રોમાંચક ઘટના એ પ્રતીતિ કરાવી જાય છે કે સંતાન પ્રત્યેના સ્નેહરાગનું બંધન અધ્યાત્મપ્રેમી આત્માર્થી સાધકને કેવી મજબુતાઈથી નડી શકે છે. એથી જ **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકારે એને મોહરાજા દ્વારા આત્માને દુર્ગતિ તરફ લઈ જવા પહેરાવાયેલ મજબૂત બંધન-બેડીરૂપે પ્રથમ શ્લોકમાં વર્ણવ્યું છે.

સંતાનમમત્વત્યાગાધિકારના બીજા શ્લોકમાં ગ્રન્થકાર સંસારની વરવી વાસ્તવિકતાઓને લક્ષ્યમાં રાખી સંતાનને મહદંશે માતા-પિતાની સમાધિમાં-ચિત્તશાંતિમાં બાધક ગણાવે છે. અત્યંત સંસ્કારી અને સુવિનીત સંતાનોને બાદ કરતા, બહુલતાએ પરિસ્થિતિ ગ્રન્થકારનાં નિરીક્ષણ જેવી જ આ યુગમાં પણ નિહાળવા મળે છે. તેઓ સંતાનના ત્રણ પ્રકાર કરે છે : ચલ, અચલ અને ચલાચલ. ચલ સંતાન એ છે કે જે સંતાન બાળવયમાં-યુવાવયમાં જ માતા-પિતાની હયાતિમાં મૃત્યુ પામે. એના અકાળ મૃત્યુથી માતા-પિતાને હૈયે જે કારમો આઘાત-શૂન્યાવકાશ સર્જાતો હોય છે એ કલ્પનાતીત હોય છે. અમે ભાયંદરના એક એવા પિતાને પિછાણીએ છીએ કે જેમનો અત્યંત વિનીત ડૉક્ટર પુત્ર યુવાનીમાં મૃત્યુ પામ્યો છે. તેઓ અમને જ્યારે મળે ત્યારે એમની વાતનો વિષય એ મૃત પુત્ર જ હોય. એમનું દુઃખ ચહેરા પર સ્પષ્ટ જણાઈ આવે.

અસમાધિમાં કારણરૂપ બીજો પુત્રપ્રકાર છે અચલ. એ દીર્ઘ જીવન ધરાવતો હોવાથી માતા-પિતાની હયાતિમાં જીવંત તો હોય, પરંતુ સંસ્કાર ન હોવાથી નાનું-મોટું કારણ પકડી લઈ માતા-પિતાથી આજીવન અલગ રહે. આનાથી માતા-પિતાને જીવનભર જે દુઃખ-અજંપો થાય તે પહેલા પ્રકાર કરતાં ય ખતરનાક છે. અમે અમદાવાદના એક એવા પરિવારને જાણીએ છીએ કે જેમાં એકનો એક પુત્ર લગ્ન થતાંવેંત માતા-પિતાથી અલગ થઈ ગયો ને જીવનના અંતિમ ચાલીશ વર્ષ માતા-પિતા અજંપામાં ઝૂરતા રહ્યા.. પુત્રનો ત્રીજો પ્રકાર છે ચલાચલ. આવા દીર્ઘજીવી પુત્ર માતા-પિતાની સાથે જીવનભર રહે. પરંતુ સ્વભાવની ચલતા-ઉદ્ધતાઈનાં કારણે નિત્ય ઝઘડા-સંક્લેશ કરી માતા-પિતાને ત્રાસરૂપ બને. એક એવા પિતા ય અમારા પરિચયમાં છે જે જ્યારે આવે ત્યારે પુત્રની કરમકથા જ અશ્રુભીની આંખે કહ્યા કરે... વિષમ કર્મસંયોગે આ ત્રણ પ્રકારના પુત્રો મળે ત્યારે આર્તધ્યાન-અશાંતિ ન થાય એ માટે જ ગ્રન્થકાર અનાસકિત કેળવવા કાજે આ સમગ્ર ઉપદેશ આપે છે એ ઉપદેશ ઝીલીને સંતાનના સંદર્ભમાં અનાસક્તિ કેળવવા પ્રભુપ્રાર્થનાની આ પંક્તિ હૈયે ઘૂંટીએ કે :- "**મનને પ્રસન્ન બનાવતી મળજો અનાસકિત મને...**"

■ ■ ■

# ૭

# સંતતિ ફક્ત સ્મશાન સુધી સાથ આપશે... સન્મતિ તો ભવોભવ સુધી સાથ આપશે...

રવિવારનો દિવસ હતો. School અને Class ન હોવાથી દશ વર્ષનો પુત્ર એ દિવસે ઘરે જ હતો. એથી રાજકારણી પિતાએ પુત્રને Politics ના Practical પાઠ શીખવવાની તક ઝડપી લીધી. એમણે સીડી દ્વારા પુત્રને માળિયા પર ચડવા જણાવ્યું. પિતાનાં સૂચનનો અમલ કરી પુત્ર માળિયે ચડ્યો. ત્યાં જ પિતાએ નવી વાત કહી : ''હવે એ સીડીને લાત મારીને પહેલા નીચે ગબડાવી દે. પછી માળિયાનું બીજું કાર્ય કરજે.'' મુંઝાયેલા પુત્રે પિતાને પૂછ્યું : ''સીડીને લાત મારવાની શી જરૂર છે? નીચે ઊતરતાં મને એ જ તો ઉપયોગી બનશે.''

પિતાએ પહેલો Practical પાઠ શીખવ્યોઃ ''બેટા ! જે સીડીથી આપણે સૌથી ઉપર પહોંચ્યા હોઇએ એ સીડીનો ઉપયોગ કરી બીજા કોઈ ચડી ન આવે માટે પહેલું કાર્ય સીડીને ગબડાવી દેવાનું કરવું. રાજકારણનો આ સૌથી અગત્યનો પ્રથમ પાઠ છે. રહી વાત તારે નીચે ઊતરવાની. એની તું ચિંતા

ન કર. હું તારો સગો પિતા અહીં હાજર છું. તું કૂદકો લગાવજે, હું તને ઝીલી લઈશ.'' પુત્રે કચવાતે મને પિતાનાં સૂચનનો અમલ કરી સીડી ગબડાવી દીધી અને માળિયાનાં અન્ય કાર્યો બાદ ઉપરથી કૂદકો લગાવવાની તૈયારી પણ કરી. એના પિતા એને બે હાથમાં ઝીલી લેવા બરાબર સજ્જ થઈને ઊભા હતા.

પણ... આ શું? પુત્રે કૂદકો લગાવ્યો ત્યાં જ પિતા પાંચ Feet દૂર ખસી ગયા. જમીન પર પટકાવાથી પુત્રને માર લાગ્યો. કિંતુ એના કરતાં ય વધુ આઘાત એને પિતાના વિશ્વાસઘાતનાં કારણે લાગ્યો. પિતાએ ત્યારે પુત્રને કહ્યું : ''માફ કરજે મને. બાકી આ Politics નો બીજો Practical પાઠ છે કે રાજકારણમાં સગા બાપનો ય ભરોસો ન કરવો!''

રાજકારણીઓની સ્વાર્થી વિચારસરણી પર કટાક્ષ કરતું આ દૃષ્ટાંત જે સ્તર પર અંગુલિનિર્દેશ કરે છે એના કરતાં સાવ અલગ જ સ્તર પરનો અંગુલિનિર્દેશ **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર, આપણે ગત લેખથી જેના પર વિચારણા કરીએ છીએ તે 'પુત્રમમત્વત્યાગાધિકાર'માં કરે છે. હા, એમાં પ્રાથમિક દૃષ્ટિએ ઉપરોક્ત દૃષ્ટાંત સાથે સામ્ય લાગે તેવી વાત છે ખરી. જેમ કે ઉપરોક્ત દૃષ્ટાંતમાં સગા પિતા પર પણ વિશ્વાસ ન રાખવાની વાત છે, તો 'પુત્રમમત્વત્યાગાધિકાર'માં સગા પુત્ર પર પણ વિશ્વાસ ન રાખવાની વાત છે. પરંતુ હમણા જણાવ્યું તેમ બન્ને નિર્દેશનાં સ્તર સાવ જ અલગ છે. રાજકારણના પાઠ શીખવનાર રીઢા પિતાનો નિર્દેશ સ્વાર્થની બુનિયાદ પરનો છે, જ્યારે અધ્યાત્મના પાઠ શીખવનાર ગ્રન્થકારનો નિર્દેશ વૈરાગ્યની બુનિયાદ પરનો છે. આપણે આ વૈરાગ્યની બુનિયાદ પરનો ગ્રન્થકારનો નિર્દેશ જરા વિસ્તારથી સમજીએ :

સામાન્યપણે દરેક સંસારી વ્યક્તિને સંતાનની આકાંક્ષા-અભિલાષા હોય છે. ગુજરાતીમાં એક ઉક્તિ પ્રચલિત છે કે ''ગોળ વિના સૂનો કંસાર ને મા વિના સૂનો સંસાર.'' આ ઉક્તિના ઉત્તરાર્ધમાં જરા ફેરફાર કરીએ તો એમ પણ જરૂર કહી શકાય કે ''સંતાન વિના સૂનો સંસાર.'' માતા-પિતાની માનસિકતા તો સંતાનના સંદર્ભમાં ચોક્કસ આવી હોય છે. એનાં અનેક કારણોમાં એક મુખ્ય કારણ એ હોય છે કે 'સંતાન વૃદ્ધાવસ્થાની લાકડી બની રહેશે.' આજે ય એવું નિહાળવા મળે છે કે નિઃસંતાન માતા-પિતાને ઊંડે ઊંડે એ ચિંતા કોરી ખાતી

હોય છે કે વૃદ્ધાવસ્થામાં-અંતિમ દિવસોમાં અમારું કોણ? આ એમ સમજાવી જાય છે કે 'સંતાન વૃદ્ધાવસ્થાની લાકડી બની રહે' એવી માન્યતા દરેકની હોય છે. આ માન્યતાવશ જાગતા ગાઢ પુત્રમમત્વ પર મજબૂત ઘા કરવા ગ્રન્થકાર જે દલીલો પ્રસ્તુત કરે છે એમાંની બે દલીલ એકદમ અસરકારક છે.

પ્રથમ દલીલ કરતા ગ્રન્થકાર લખે છે ''त्राणाशक्तेरापदि.'' કોઈ અશુભ કર્મોદયે ઘણી વાર એવી તકલીફો-આપત્તિઓ જીવનમાં આવી પડતી હોય છે કે જેમાં સંસ્કારી-સેવાગુણસંપન્ન સંતાન પણ આપણી સમસ્યા-તકલીફો દૂર ન કરી શકે. એને ફરજિયાત દૂર રહીને દશ્ય જોતાં પ્રેક્ષક જેવા જ બની રહેવું પડે. ઉદાહરણરૂપે આપણે વિચારીએ કાતિલ રોગજન્ય આપત્તિ. ધારો કે પાછલી વયે સંપૂર્ણ અંગ **Paralysis** ગ્રસ્ત થઈ ગયું હોય, **Third Stage** નું **Cancer** પૂરા દેહમાં વ્યાપ્ત થઈ ગયું હોય કે કોઈ એવા ચેપી રોગે દેહ પર પકડ જમાવી દીધી હોય. એ સમયે સંતાન વ્યક્તિને એ આપત્તિમાંથી બચાવી લે એવું લગભગ નથી બનતું. એ બહુ બહુ તો સેવા-સારવાર-વ્યવસ્થા કરી શકે. પરંતુ રોગજન્ય પીડામાં વ્યક્તિ જે અસહાયતા-નિરાધારતા મહેસૂસ કરે છે એને એ નિવારી નથી શકતો લગભગ. અરે! કેટલાક ચેપી રોગોમાં તો એ દર્દી માતા-પિતાની નજીક પણ ફરકી નથી શકતો. કોરોનાકાળમાં આવી ઘણી ઘણી વિડંબનાઓ વ્યાપકપણે અનેકોએ અનુભવી છે. આ એ પુરવાર કરે છે કે ભયાનક રોગાદિ આપત્તિમાં સંતાન પણ રક્ષા કરવામાં મહદંશે ના-કામિયાબ પરિબળ બની રહે છે. તો પછી એના માટે એક હદથી વધુ મમત્વ શા માટે?

આનાથી પણ ધારદાર બીજી દલીલ કરતા ગ્રન્થકાર લખે છે કે ''संदेहाच्चोपकृते:''એ એમ જણાવવા ચાહે છે કે વૃદ્ધ વયના સમયે, સંતાનો સેવા-શુશ્રૂષા-સમાધિ આપવારૂપે ઉપકારી બનશે જ એવું નિશ્ચિત માની લેવાની જરૂર નથી. પિતાના પુત્ર સાથેના જન્માંતરીય ઋણાનુબંધ-પુત્રના સંસ્કારો યા કુસંસ્કારો-સ્વાર્થ સાધી લેવાનું આકર્ષણ વગેરે ઘણાં પરિબળો સંતાન સહાયક થશે કે નહિ એમાં ભાગ ભજવતા હોય છે. આપણી પરંપરામાં સંતાન માટે સામસામા બે છેડાના બે શબ્દો વારંવાર પ્રયોજાય છે : કુલદીપક અને કુલાંગાર. જે કુલદીપક સંતાન હોય એ સેવા-શુશ્રૂષાદિ દ્વારા સહાયક જરૂર નીવડે. પરંતુ જે કુલાંગાર સંતાન હોય એ તો એનાં કરતૂતો દ્વારા માતા-પિતાની અંતિમ

જિંદગી જીવતે જીવ દોઝખ જેવી બનાવી દે. એવું બને કે એ સંતાન ન હોત તો માતા-પિતા શાંતિથી જીવન-મરણ વરી શક્યા હોત અને એ હતા માટે માતા-પિતા બધી રીતે ખતમ થઇ અસમાધિ-અશાંતિમાં રિબાયા. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો સ્વાર્થાંધતાની આગમાં માતા-પિતાની પૂરી જિંદગી હોમી દેનાર કુલાંગાર પુત્રોની આ આંખ-અંતર રડાવી દે એવી કરમકથા :

દાયકાઓ પૂર્વેની વાત. જૂનાગઢના જોષીપુરા વિસ્તારમાં એક અભણ છતાં ગર્ભશ્રીમંત-સંસ્કારી દંપતી રહે. નામ એમના હતા રામજીભાઇ ડોબરીયા અને જયાબેન. સેવાભાવી-સરલ સ્વભાવ હતો. એથી સ્વાતંત્ર્યસંગ્રામકાળમાં ગાંધીજીએ જ્યારે દાંડીકૂચ યોજી ત્યારે પચીશ વર્ષની યુવાવયે રામજીભાઇ પણ એમાં થોડો સમય સામેલ થયા હતા. વીશ એકરની જમીન-એક બંગલો-ગાડી - બે પુત્રોનો પરિવાર હતો. પરંતુ સરલતા એટલી કે દરેકની વાત પર બહુ આસાનીથી વિશ્વાસ કરી લે. સ્વાર્થના રંગ સામે લોહીસગાઇનો રંગ ફિક્કો ઠરે એવું તો એમની કલ્પનામાં ય ન હતું. બન્ને પુત્રોને એમની ઇચ્છા અનુસાર પરદેશ અભ્યાસ માટે મોકલ્યા. બન્ને લગ્ન કરીને ત્યાં જ સ્થાયી થયા અને ત્યાં પોતાના બંગલા કર્યા. સરલ માતા-પિતાએ પુત્રોથી અલગ રહેવાની એ સ્થિતિ ય સહજતાથી સ્વીકારી લીધી.

એક દિવસની વાત. બન્ને પુત્રો સંપીને પરદેશથી જૂનાગઢ આવ્યા. ધંધામાં નુકસાની થઇ હશે કે ગમે તે બન્યું હશે. બન્નેની બુદ્ધિને સ્વાર્થાંધતાનો ભયાનક ભોરિંગ એવી તીક્ષ્ણ ડંખ્યો હતો કે બન્ને બહુ મોટી 'game' રમવાનો મનસૂબો ધરાવતા હતા. નિર્ધારિત script મુજબ બન્નેએ મીઠી મીઠી વાતોનું નાટક કર્યું કે ''આ વયે હવે તમે અહીં એકલા રહો એ ઉચિત નથી. અહીંની તમામ મિલકત વેચી દઇ તમે અમારી સાથે કાયમ રહેવા આવી જાવ. વૃદ્ધ વયે તમે અહીં પરાધીન-રોગાકુલ થઇ જાવ તો અમે વારંવાર તુર્ત આવી જઇએ એ શક્ય નથી. માટે તમે અમારી સાથે આવો એ જ વિકલ્પ શ્રેષ્ઠ છે.''

ભદ્રિક રામભાઇ શરૂઆતમાં તો કચવાયા કે 'આ વયે શાંતિની જિંદગી છોડી પરદેશમાં જવું બરાબર નથી.' પરંતુ પુત્રોના સતત મીઠા આગ્રહ સામે આખરે એ ઝૂકી ગયા. જમીન-મકાન અને **Bank Balance** સુદ્ધા મેળવી લઇ પુત્રો માતા-પિતા સાથે 'car' લઇને નીકળ્યા. સુરત જકાતનાકા પર માતા-

પિતાને ઉતારી પુત્રોએ કહ્યું : ''અમે શહેરમાં થોડું કાર્ય પતાવીને આવીએ છીએ, તમે અહીં બેસો.'' એક કલાક..બે કલાક.. એક દિવસ... પુત્રો પરત આવ્યા જ નહિ. માતા-પિતાને અક્ષરશઃ રસ્તે રખડતા મૂકી એ સ્વાર્થાંધ કુલાંગાર પુત્રો પરદેશ પહોંચી ગયા! આ વરવી વાસ્તવિકતાનો જ્યારે સાચો ખ્યાલ આવ્યો ત્યારે અભણ-સરલ માતા-પિતા મનથી તૂટી ગયા. કાયદેસર પગલાં લેવાની ન તો હવે આર્થિક ક્ષમતા હતી, ન તો સમજ હતી. એથી ન-છૂટકે રૂ. ૧૫૦ની રૂમ સુરતમાં ભાડે લઈ રામજીભાઈએ મજૂરી કરવાની નવી જિંદગી આરંભી. છેલ્લી વયે શાંતિની જિંદગીના બદલે સખત વિડંબણાઓની આ જિંદગી એમને માત્ર પુત્રો તરફથી બક્ષિસરૂપે મળી હતી!

થોડા સમયમાં આ દગાબાજીના આઘાતમાં એમના પત્ની મૃત્યુ પામ્યા, તો એ પછીના સમયમાં કર્મની કઠિનાઈનાં કારણે લપસી જવાથી રામજીભાઈને Fracture થયું. આખર સદ્નસીબે કોઈ સેવાભાવી સંસ્થાના કાર્યકરે આ સમગ્ર ઘટના જાણતાં એણે શેષ જીવનની તમામ વ્યવસ્થા સંસ્થામાં કરી આપી. પિતાનું મન એ હદે તૂટી ગયું હતું કે એ જીવ્યા ત્યાં સુધી એમણે એક પણ વાર પુત્રોને ફોન ન કર્યો કે પોતાની આપવીતી ન જણાવી!

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર એટલે જ જણાવે છે કે 'સંતાન પાછલી વયે ઉપકારી-સહાયક બનશે' એવી માન્યતાથી પણ સંતાન પ્રત્યે મમતાંધ ન બનશો, નહિ તો હાયવોય-ઝૂરાપો-આર્તધ્યાનથી ઘેરાઈ જશો. એના બદલે જો નિર્મમભાવ કેળવશો તો જીવનની આવી કરુણાંતિકામાં ય સ્વસ્થતા-સમાધિ સાચવી શકશો.

છેલ્લે એક સરસ વાત : **સંતતિ બહુ બહુ તો સ્મશાન સુધી સાથ આપશે. જ્યારે સન્મતિ તો ભવોભવપર્યંત સાથ આપશે...**

# ૮

# સંપત્તિ પરલોકમાં સાથે આવતી નથી. પરંતુ સંપત્તિ માટે કરેલાં પાપો તો પરલોકમાં ય સાથે આવે છે !

જૈન દર્શનની સૌથી મહાન વિશિષ્ટતા એની સ્યાદ્વાદશૈલી છે. આ સ્યાદ્વાદશૈલીનાં કારણે, કોઈ ચોક્કસ રજૂઆત અમૂક દષ્ટિબિંદુને પ્રાધાન્ય આપીને કરી હોય તો ય એનાથી અલગ રજૂઆત અન્ય દષ્ટિબિંદુને પ્રાધાન્ય આપીને એ બહુ સાર્થક અને પ્રભુત્વભરી રીતે કરી શકે છે. તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રે તો આ સ્યાદ્વાદશૈલી જૈનદર્શનને સર્વોપરિતા બક્ષે છે, ઉપરાંત ઉપદેશનાં ક્ષેત્રે પણ જૈન દર્શનને એ અનોખી મહત્તા બક્ષે છે. આપણે આ સ્યાદ્વાદશૈલીની એક મહત્તા ઉપદેશના સંદર્ભમાં નિહાળીએ :

સામાન્યપણે કામવાસનાને આત્મિક નુકસાનકારિતાનાં અનુસંધાનમાં અત્યંત ખતરનાક ગણવામાં આવી છે. એથી જ સંયમધર પુણ્યાત્માને બ્રહ્મચર્યમહાવ્રતમાં કોઈ જ અપવાદ-વિકલ્પ અપાયો નથી, જ્યારે અપરિગ્રહાદિ અન્ય મહાવ્રતોમાં વિશિષ્ટ સંયોગમાં અપવાદ મળે છે. આનાથી એમ

પુરવાર થાય છે કે કામવાસના સૌથી ખતરનાક પરિબળ છે. હવે નિહાળીએ સ્યાદ્વાદશૈલીના સહારે બિલકુલ વાસ્તવિકપણે સિક્કાની બીજી બાજુ.

એ એમ કહે છે કે કામવાસના કરતાં ય અપેક્ષાએ અર્થવાસના વધુ ખતરનાક છે. હા, સ્ત્રી વગેરેરૂપ વિજાતીય આકર્ષણ કરતાં સંપત્તિનું આકર્ષણ વધુ ખતરનાક ! આ વિધાનને આપણે જૈન શાસ્ત્રોના એક પદાર્થ દ્વારા અને એક વ્યાવહારિક વિચારણા દ્વારા પુષ્ટિ આપીએઃ જૈન શાસ્ત્રકારો કહે છે કે સામાન્યતઃ સ્ત્રીઓમાં કામવાસનાની પ્રબલતા હોય છે અને પુરુષોમાં અર્થવાસનાની પ્રબલતા. કામવાસનાનાં તીવ્ર પાપોથી સ્ત્રી વધુમાં વધુ છટ્ઠી નર્ક સુધી જાય, એથી આગળ નહિ. જ્યારે અર્થવાસનાનાં તીવ્ર પાપોથી પુરુષ છેલ્લી સાતમી નર્ક સુધી જાય. આ શાસ્ત્રપદાર્થ અર્થવાસનાની ભયાનક કાતિલતા પુષ્ટ કરે છે. વ્યાવહારિક વિચારણા કરીએ તો, કામવાસના મુખ્યત્વે યુવાવયની વ્યક્તિઓને તીવ્રપણે નડે. પ્રૌઢ, વૃદ્ધ કે બાલવયે એનાં નડતર ઝાઝા ન હોય. જ્યારે અર્થવાસના બાળકથી લઈને વૃદ્ધ સુધી સહુને તીવ્રભાવે પરેશાન કરે. સંપત્તિ હડપ કરી લેવાના પેંતરા બાળક પણ આપોઆપ શીખી જતો હોય છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ રમૂજી હાસ્યકથા :

નાના બાળકને લલચાવીને પોતાનાં કામે મોકલતા મમ્મીએ એને બે સિક્કા આપવાપૂર્વક કહ્યું : ''આમાંનો એક સિક્કો તારા ઈનામનો છે અને બીજો સિક્કો રસ્તે આવતા મંદિરના ભંડાર માટેનો છે.'' બાળક બન્ને સિક્કા ખીસામાં રાખી કામ માટે વિદાય થયો. થોડું ચાલ્યા બાદ બાળસહજ ચંચલતાથી એણે ખીસામાંથી એક સિક્કો કાઢ્યો અને થોડો ઊંચે ઉછાળી ઝીલી લીધો. સિક્કો ઝિલાઈ જતાં બાળકને મજા આવી ગઈ. એણે વધુ જોરથી ઊંચે ઊંચે સિક્કો ઉછાળી ઝીલવા માંડયો. આ રમતમાં આખર જે થવાનું હતું એ થયું. સિક્કો ખૂબ જોશથી ઉછાળાતાં એ ક્યાં દૂર જઈ પડ્યો એનો પત્તો ન લાગ્યો. અધૂરામાં પૂરું માર્ગ ધૂળિયો હતો. એથી સિક્કો શોધવો અતિ કઠિન બની ગયો.

સિક્કો શોધતા શોધતા થાકી ગયેલ બાળકે આખરે પ્રાર્થના કરી : ''હે પ્રભુ! મારી મમ્મીએ મને બે સિક્કા આપ્યા હતા. એક તારા માટેનો અને બીજો મારા માટેનો. મારો સિક્કો ખીસ્સામાં છે ને તારો સિક્કો મારાથી અહીં

ખોવાઈ ગયો છે. પ્રભુ ! તું તો અંતર્યામી છે. એટલે તારો સિક્કો તું અહીંથી શોધી લેજે!''

અર્થવાસનાની આ કારમી-કાતિલ પકડથી આપણને મુક્ત કરવા કાજે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર વૈરાગ્યની ભૂમિકા દૃઢ કરતી નવી પ્રસ્તુતિ કરે છે. જેનું નામ છે **'સંપત્તિમમત્વત્યાગાધિકાર'.** પૂર્વે જણાવેલ કંચન-કામિની-કાયા-કુટુંબરૂપ ચાર અત્યંત મજબૂત મમત્વકેન્દ્રો પૈકી કંચન અર્થાત્ સંપત્તિની મમતા લગભગ દરેક સંસારી વ્યક્તિમાં કેવી પ્રબળ-સબળ છે તે સમજવા એક વાસ્તવિક વિચારણા કરીએ :

મહદંશ વ્યક્તિઓના જીવનનો સૌથી વધુ પુરુષાર્થ જો કોઈ એક બાબતને કેન્દ્રમાં રાખીને થતો હોય તો એ છે સંપત્તિ. વીશ-બાવીશ વર્ષની વયથી વ્યક્તિ વ્યાપાર-નોકરી કે અન્ય ઉદ્યમ શરૂ કરીને વૃદ્ધવય સુધી સતત એમાં રચી-પચી રહે છે એનું ચાલક પરિબળ કયું? માનવું જ જોઈશે કે માત્ર ને માત્ર સંપત્તિની કમાણી કરી લેવાની વૃત્તિ. અરે ! જીવનની પ્રારંભિક અવસ્થામાં વ્યક્તિ જે વ્યાવહારિક અભ્યાસ કરે છે એનાં પણ એક મુખ્ય કારણરૂપે અર્થોપાર્જન હોય છે. એથી જ ઘણી વાર વિદ્યાર્થીને ટકોર કરાતી હોય છે કે :- ''અત્યારે બરાબર મહેનત કરી ભણી-ગણીને Degree મેળવશો તો જ ભવિષ્યમાં સારી રીતે પગભર થઈ શકશો.'' શું દર્શાવે છે આ ? એ જ કે અર્થોપાર્જનનું પ્રાધાન્ય જીવનમાં કેટલું પ્રબળ છે! હજુ એક ડગલું આગળ. જેઓ આર્થિક રીતે સમૃદ્ધ છે-સંપત્તિની કમાણી જેમના માટે હવે આવશ્યક નથી એવા શ્રીમંતો પણ રાત-દિન વ્યવસાયની પળોજણોમાં ગળાડૂબ રહી આપણને જાણે કે એ પ્રતીતિ કરાવે છે કે સંપત્તિની લાલસા એમને ય ખૂબ નડે છે : ભલે ને એ અઢળક મળી હોય તો ય ! એટલે જ ચિંતકો આ મનોવૃત્તિને લક્ષ્યમાં રાખી બહુ માર્મિક વાતો લખે છે કે :-

* ભરપેટ ભોજન કર્યા પછી વ્યક્તિને તૃપ્તિનો ઓડકાર આવે છે. પરંતુ ભરચક સંપત્તિ મેળવ્યા પછી ય વ્યક્તિને સંતોષનો ઓડકાર નથી આવતો !

* ભોજનમાં રોટલી-મીઠાઈ કે ફરસાણ કેટલું જોઈશે એ માનવી આસાનીથી નક્કી કરી શકે છે, પરિધાન માટે વસ્ત્રોની જોડ કેટલી જોઈશે એ

નક્કી કરી શકે છે; પરંતુ જીવવા માટે સંપત્તિનું પ્રમાણ કેટલું જોઈશે એ નક્કી કરી શકતો નથી ! સંપત્તિ તો જેટલી મળે એટલી એને ઓછી જ લાગે છે.

કારણ એમાં એક જ મુખ્ય છે : સંપત્તિનું પ્રબળ મમત્વ. આ મમત્વ ખતમ કરવા **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર 'સંપત્તિમમત્વત્યાગાધિકાર' ના પ્રથમ બે શ્લોકોમાં ચાર સરસ ચિંતન પ્રસ્તુત કરે છે :

**(૧) સંપત્તિનો ભાર સંસાર સમુદ્રમાં ડૂબાડે છે :-** સમુદ્રમાં તરતી નાવ કે જહાજ માટે નિયમ એ હોય છે કે એ જેટલા હળવા હોય એટલા આસાનીથી સફર કરી શકે. એથી વિપરીત ક્ષમતાથી પણ વધુ પ્રવાસીઓ કે સામાન એમાં ભરવામાં આવે તો એ નાવને યા જહાજને અવશ્ય ડુબાડે જ. ગ્રન્થકાર કહે છે કે આ જ નિયમ વ્યક્તિને ય લાગુ પડે છે. જેમ જેમ એ સંપત્તિના - પરિગ્રહના અને તેની મૂર્છાના - આસક્તિના ભારથી ઘેરાતો જાય તેમ તેમ સંસારસમુદ્રના તળિયે ડૂબી જવાની એની શક્યતા વધતી જાય. ગ્રન્થકારના શબ્દો આ છે કે ''पाप्मनोऽधिकरणत्वत एता:, हेतवो ददति संसृतिपातम्'' ભાવાર્થ કે પરિગ્રહલાલસાથી એકત્ર કરાતી સંપત્તિ પાપાધિકરણનું કારણ બની આત્માને સંસારમાં ડુબાડે છે. માટે જે આત્માર્થી વ્યક્તિ સંસારસાગર તરવા ચાહતી હોય એણે સંપત્તિનો પરિગ્રહ-સંપત્તિની લાલસા અલ્પ અલ્પ અત્યલ્પ કરી અંતે પરિગ્રહમુક્ત-લાલસામુક્ત બનવું જોઈએ.

**(૨) સંપત્તિ તો શત્રુને ય સહાયક થઈ શકે છે :-** કેટલીક વાર એવું ય બને છે કે સત્તાધીશો અઢળક પાપો અને પ્રચંડ જહેમત લઈ સમૃદ્ધિ એકત્ર કરે, એના પર ગાઢ મમત્વ ધરે. એ જ સમૃદ્ધિ પછી યુદ્ધના એકાદ પરાજયનાં કારણે સંપૂર્ણપણે શત્રુના - વિરોધીના હાથમાં ચાલી જાય. જૈન શાસ્ત્રોમાં ત્રિખંડાધીશ્વર પ્રતિવાસુદેવ અને વાસુદેવનાં ચરિત્રો મળે છે. એમાંના પ્રતિવાસુદેવ સખત જહેમત - સેંકડો યુદ્ધો કરી કરીને ત્રણ ખંડમાં પોતાનું એક છત્રી સામ્રાજ્ય સ્થાપે. એ પછી એકાએક વાસુદેવનો ઉદ્ભવ થાય. વાસુદેવ એક જ યુદ્ધમાં પ્રતિવાસુદેવને ખતમ કરી એનું તમામ સામ્રાજ્ય-ઐશ્વર્ય હસ્તગત કરી લે. જહેમત બધી પ્રતિવાસુદેવની અને લહાવો વાસુદેવને. ગ્રન્થકાર કહે છે કે અથાગ જહેમતથી ઉપાર્જિત સમૃદ્ધિ જો પ્રખર વિરોધીના

હાથમાં ય જઈ શકે છે અને એને લીલાલહેર કરાવી શકે છે તો એવી બેવફા સંપત્તિ માટે પાગલપન જેવું મમત્વ શા માટે ?

**(૩) સંપત્તિ પરની તીવ્ર મૂર્છા તિર્યંચાદિ ગતિની ભેટ આપી શકે છે :-** ચરિત્રગ્રન્થોમાં એવાં ઘણાં ઉદાહરણો નિહાળવા મળે છે કે આયુષ્યના અંતસમય સુધી પોતે ખડકેલ ધનના ઢગ પર ગાઢ મૂર્ચ્છા - આસક્તિ રાખનારા મૃત્યુ પામીને એ જ સંપત્તિના ઢગ પાસે ફણિધર સાપ થયા હોય. સંપત્તિ પાસે કોઈને એ ધરાર આવવા ન દે. માનવમાંથી તિર્યંચ થવા સુધીનું નિમ્ન સ્તર માત્ર સંપત્તિની તીવ્ર મૂર્છાનાં કારણે એને મળે છે અને છતાં સંપત્તિ તિર્યંચના ભવમાં એને તો કાંઈ જ ઉપયોગી થતી નથી હોતી.

**(૪) આપત્તિ-રોગ યા મરણ સંપત્તિથી દૂર થતા નથી :-** સંપત્તિ માટે એક માર્મિક વાત હૃદયસ્થ કરવા જેવી છે કે ''पैसा बहुत कुछ हो सकता है, मगर सब कुछ नहि होता है.'' જીવનમાં ત્રાટકતી ભયાનક આપત્તિ સંપત્તિથી દૂર થઈ જ જાય એવું માનવાની ક્યારે ય જરૂર નથી. અરે ! ઘણી વાર તો સંપત્તિનાં કારણે જ આપત્તિઓ આવતી હોય એવું ય બને છે. સુપારી લઈને હત્યા કરનારાઓની ગોળીનો ભોગ પૈસાની થપ્પી ભેગી કરનારાને બનવું પડે છે, આમ આદમીને નહિ. જેમ સંપત્તિથી આપત્તિઓ દૂર થવાની Guarantee નથી, એમ સંપત્તિથી કાતિલ રોગો અને મૃત્યુ દૂર થવાની ય કોઈ Guarantee નથી. રોગ અને મરણનાં આક્રમણસમયે સંપત્તિ બહુ બહુ તો દવા અને Doctor નો પ્રબંધ કરાવી શકે, એથી વિશેષ કાંઈ નહિ.

યાદ કરીએ વિશ્વવિજેતા સમ્રાટ સિકંદરની અંતિમ અવસ્થાને. માત્ર તેત્રીશ વર્ષની વયે મરણશય્યાએ પોઢેલ સિકંદરે અંતિમ ફરમાન એ કર્યું હતું કે ''મારા મૃત્યુ બાદ જનાજો કાઢો ત્યારે બે ય બાજુ મારું વિરાટ લશ્કર અને ક્રોડોની સમૃદ્ધિ રાખજો. એના દ્વારા સંસારને સંદેશ આપજો કે આ સૈન્ય અને સમૃદ્ધિ પણ સિકંદરને મરણનાં મુખમાંથી બચાવી શક્યા નહિ.''

છેલ્લે એક વાત : **સંપત્તિ પરલોકમાં સાથે આવતી નથી. પરંતુ સંપત્તિ માટે કરેલાં પાપો તો પરલોકમાં ય સાથે આવે છે.**

# ૯

# બોજ અલ્પ હશે તો પગપાળા પ્રવાસ સરળ બનશે... પરિગ્રહ અલ્પ હશે તો મુક્તિનો પ્રવાસ સરળ બનશે...

ઘી એવું શક્તિપ્રદાયક પૌષ્ટિક દ્રવ્ય છે કે સંસ્કૃત સાહિત્યકારો એને આયુષ્યની વૃદ્ધિ કરનાર પરિબળરૂપે બિરદાવે છે. લોકવ્યવહારમાં પણ ઘી મૂલ્યવાન પદાર્થ ગણાતું હોવાથી એનો ઉપયોગ ખપપૂરતો જ થતો હોય છે.

પણ... આ ઘીના અંજામ ત્રણ આવી શકતા હોય છે : ધારો કે ઘીની તપેલી ચીકાશવાળી હોય અને એ હાથમાં લેનાર વ્યક્તિની સરતચૂકથી હાથમાંથી છટકી જાય તો ઘી બધું ફર્શ પર ઢળી જાય. ઘીનો આ અંજામ કનિષ્ઠ ગણાય. કેમ કે એનાથી કોઈને લાભ તો થતો નથી, ઉપરાંત નુકસાન લગભગ અવશ્યંભાવી બની જાય. ફર્શ ચીકણી થવાનાં કારણે ત્યાંથી પસાર થનાર વ્યક્તિ જરા અસાવધ રહે તો એને પડી જતા વાર ન લાગે અને ક્યારેક તો Fracture જેવાં મોટાં નુકસાનો પણ થઈ જાય... એ જ ઘી જો ખીચડીમાં વપરાયું હોય તો એનાથી ખીચડી આરોગનાર વ્યક્તિને સ્વાદનો અને શારીરિક

સામર્થ્યનો-પુષ્ટિનો લાભ થાય... અને એ જ ઘી જો દેવના દરબારમાં-પ્રભુનાં મંદિરમાં દીવા પ્રગટાવવા માટે વપરાય તો એ અનેક ભક્તાત્માઓના-સાધકોના ભાવોલ્લાસની વૃદ્ધિમાં નિમિત્ત બની જાય! પહેલા પ્રકારમાં ઘી નિરર્થક-નુકસાનકારી નીવડે છે, બીજા પ્રકારમાં એ સાર્થક-ઉપયોગી નીવડે છે; જ્યારે ત્રીજા પ્રકારમાં તો એ સર્વાધિક શ્રેષ્ઠ સાર્થક-લાભદાયી નીવડે છે.

જેમ મૂલ્યવાન ગણાતા ઘીના ત્રણ અંજામ હોય છે, તેમ દુન્યવી દૃષ્ટિએ મૂલ્યવાન-મહત્ત્વપૂર્ણ ગણાતી સંપત્તિના ય ત્રણ અંજામ હોઈ શકે છે. એ જો વ્યસનમાં-વ્યભિચારમાં-ખૂનામરકીમાં-વૈરવિરોધની વૃદ્ધિમાં વપરાય તો એ ફર્શ પર ઢળી ગયેલ ઘીની જેમ નુકસાનકારી નીવડે... એ જો સેવાકીય ક્ષેત્રોમાં પ્રયોજાય તો એનાથી અનેક જરૂરિયાતમંદ અશક્ત-રોગી વગેરેને સહાય થતી હોવાથી ખીચડીમાં વપરાતા ઘીની જેમ એ લાભદાયી બને... અને જો તે સંપત્તિ ધર્મક્ષેત્રે પ્રભુભક્તિ-ગુરુભક્તિ-શ્રુતભક્તિ-સાધર્મિકભક્તિ વગેરેમાં વપરાય તો એનાથી અગણિત આત્માઓમાં અધ્યાત્મનો પ્રકાશ ફેલાતો હોવાથી તે દેવદરબારના દીવામાં વપરાતા ઘીની જેમ સર્વાધિક શ્રેષ્ઠ લાભદાયી-કલ્યાણકારી નીવડે.

સંપત્તિનાં ક્ષેત્રે વાસ્તવિકતા આ હોવાથી **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર મહર્ષિ એ ગ્રન્થના ચતુર્થ સંપત્તિમમત્ત્વત્યાગાધિકારમાં એક સરસ પ્રસ્તુતિ આ શ્લોકરૂપે કરે છે કે :-

क्षेत्रवास्तुधनधान्यगवाश्वै–
र्मेलितैः सनिधिभिस्तनुभाजाम्।
क्लेशपापनरकाभ्यधिकःस्यात्,
को गुणो न यदि धर्मनियोगः।।

ભાવાર્થ કે ખેતર-ઘર-ધન-ધાન્ય-ગાય-અશ્વો-ખજાનાઓરૂપ સમૃદ્ધિ મેળવ્યા પછી ય જો તેનો ઉપયોગ ધર્મક્ષેત્રે ન થાય તો એનાથી હે જીવ! તને સંક્લેશ-પાપો અને નર્કસમી દુર્ગતિ સિવાય બીજો કોઈ લાભ નહિ થાય! મતલબ કે ધર્મમાર્ગે નહિ પ્રયોજાતી આ સંપત્તિના ઢેર આખર અસમાધિનું-પાપોનું અને દુર્ગતિનું જ કારણ બનશે. જેઓ સદ્ગુરુનાં-શાસ્ત્રોનાં આ વિધાનનો

મર્મ સમજે છે તેઓ ધર્મમાર્ગે સંપત્તિનો વિનિયોગ કરવા કેવા ઉત્સાહિત અને ઉદ્યમશીલ હોય એ નિહાળવું છે? તો વાંચો આ જૈન ઈતિહાસની અદ્‌ભુત ઘટનાઃ

ગૂર્જરેશ્વર સમ્રાટ કુમારપાલના મન્ત્રીશ્વર ઉદયનના પુત્ર બાહડશાહ. પિતાનાં અવસાન બાદ મન્ત્રીમુદ્રા સંભાળનાર આ બાહડશાહે પિતાનાં અરમાન સાકાર કરવા તીર્થાધીરાજ શત્રુંજયગિરિરાજના મુખ્ય જિનાલયનો સંપૂર્ણ ઉદ્ધાર કર્યો અને પૂર્વના કાષ્ઠજિનાલયનાં સ્થાને પાષાણના અતિ ભવ્ય ઉત્તુંગ જિનપ્રાસાદનું સ્વદ્રવ્યથી નિર્માણ કરાવ્યું. વર્ષોની જહેમત અને લખલૂંટ સંપત્તિના સદ્‌વ્યયથી થતું એ ઉદ્ધારકાર્ય પરિપૂર્ણ થયું ત્યારે પાલિતાણાથી એક અશ્વારોહી દૂત મન્ત્રીશ્વર પાસે પાટણમાં આવ્યો અને જીર્ણોદ્ધાર સંપૂર્ણ થયાની વધામણી આપી. આનંદવિભોર બની ગયેલ મન્ત્રીશ્વરે એ ધર્મકાર્ય સંપન્ન થયાની ખુશાલીમાં સોળ તોલાની સુવર્ણજીભ દાનરૂપે આપી.

પણ... આ શું? એ ઘટનાના થોડા જ દિવસ બાદ પાલિતાણાથી એક નવો અશ્વારોહી દૂત આવ્યો. એનાં વસ્ત્રો સંપૂર્ણ શ્યામ હતા ને મુખ પર ગ્લાનિ લેપાયેલી હતી. ચતુર મન્ત્રીશ્વરે અંદાજ માંડી લીધો કે કોઈ અશુભ સમાચાર છે. એમણે દૂતને કહ્યું કે ગભરાયા વિના જે સમાચાર હોય તે નિઃસંકોચ કહે. દૂતે થોથવાતા સૂરે કહ્યું : ''શત્રુંજયગિરિરાજની ઉત્તુંગ ઊંચાઈ ઉપર પવનનાં તોફાન ખૂબ રહે છે. ભમતી અને જિનાલયની પૃષ્ઠ દીવાલ વચ્ચે ભરાતા પવનનાં કારણે જિનાલયના પૃષ્ઠ ભાગે મોટી તિરાડો પડી છે. જિનાલય નવું હોવા છતાં નષ્ટ થઈ રહ્યું છે.''

અન્ય કોઈ હોત તો આ સમાચારથી આઘાતમૂઢ થઈ ગયા હોત. પરંતુ પૂર્વોક્ત શાસ્ત્રવિધાનનો મર્મ સમજનાર મન્ત્રીશ્વરે તત્કાલ એ દૂતને બત્રીશ તોલાની સુવર્ણજીભ ભેટ આપી. આશ્ચર્યસ્તબ્ધ દૂતે કહ્યું : ''મન્ત્રીશ્વર! મેં તો અશુભ સમાચાર આપ્યા છે. તો પછી મને આટલી ઉદાર ભેટ કેમ?'' મન્ત્રીશ્વરે જે જવાબ આપ્યો એ લા-જવાબ હતો. એમણે કહ્યું : ''જિનાલય નષ્ટ થાય એ કોઈ પણ ભક્તને ઈષ્ટ ન જ હોય. એથી હું પણ હવે જે જિનાલય બનાવીશ તે કાયમ-ચિરકાળ રહે તેવું કરીશ. પરંતુ આજે જ્યારે જિનાલય તૂટી જ ગયું છે ત્યારે અફસોસ કરવાના બદલે હું એમ વિચારું છું કે મને ફરી વાર

જિનાલયનાં નિર્માણનો લાભ મળશે અને મારી સંપત્તિનો પુનઃ વિપુલપણે ધર્મમાર્ગે વિનિયોગ થશે.’’ ક્યારે ઉદ્‌ભવી શકે આવો ભક્તિભીનો ઉત્તર? માનવું જ જોઈશે કે વ્યક્તિ ધર્મમાર્ગે સંપત્તિનો વિનિયોગ કરવા ઉત્સાહિત અને ઉદ્યમશીલ હોય તો જ આવો ઉત્તર અંતરમાંથી ઉદ્‌ભવી શકે..

હવે આપણે ગ્રન્થકારે આ અધિકારમાં જે અફલાતૂન પ્રસ્તુતિ કરી છે તેના પર વિચારણા કરીએ. ધર્મ બે પ્રકારનો હોય છેઃ એક બાહ્ય ભક્તિરૂપ ધર્મ અને એક એથી ઉત્કૃષ્ટ અભ્યંતર ભક્તિરૂપ ધર્મ. શાસ્ત્રની પરિભાષામાં એને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ શબ્દથી સંબોધાય છે. દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવ અનેકગણો ઉત્કૃષ્ટ ધર્મ છે. જિનભક્તિ-શ્રુતભક્તિ વગેરે ધર્મક્ષેત્રમાં કરાતો લાખો-ક્રોડો રૂપિયાનો સદ્‌વ્યય પણ આખર તો દ્રવ્યસ્તવરૂપ ધર્મ છે, જ્યારે સંપત્તિના ત્યાગ-એની મૂર્છાના પણ ત્યાગ દ્વારા આરાધાતો ધર્મ ભાવસ્તવરૂપ ધર્મ છે. જે ધર્મ લાખો-ક્રોડોની સંપત્તિના વિનિયોગ દ્વારા થાય છે તેને ગ્રન્થકાર આરંભ-સમારંભયુકત ગણાવીને એ ‘અતિશુદ્ધ’ ધર્મ નથી એમ કહે છે, જ્યારે આસક્તિમાત્રના ત્યાગરૂપ નિઃસંગભાવના ધર્મને તેઓ ‘અતિ શુદ્ધ’ ધર્મ કહીને એનાથી ત્વરિત મોક્ષપ્રાપ્તિ પણ શક્ય હોવાનું જણાવે છે.

આજે કેટલાક ભદ્રકજનો અમારા જેવા સાધુજનો પાસે આવીને એમ કહેતા હોય છે કે :- ‘‘મહારાજ સાહેબ! ખૂબ સંપત્તિ મળે એવા આશીર્વાદ આપો. જે સંપત્તિ મળશે એમાંથી મોટો ભાગ મારે ધર્મમાર્ગે જ વાપરવાની ભાવના છે.’’ વસ્તુતઃ આમાં લગભગ ધર્મમાર્ગે સંપત્તિના વિનિયોગની વાતની આડશમાં સંપત્તિ મેળવી લેવાની આસક્તિ-લાલસા પોષાતી હોય છે. ધારો કે કદાચ તે શબ્દોમાં વ્યક્ત થતી ભાવના ખરેખર અક્ષરે અક્ષર સાચી હોય તો ય, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું ઉપરોક્ત નિરૂપણ એ વાત સ્પષ્ટ સમજાવે છે કે ધર્મમાર્ગે વિનિયોગની ભાવનાથી ય સંપત્તિ કમાવાની ઘેલછા અસ્થાને છે.

આ સંદર્ભમાં યાદ કરીએ ૧૪૪૪ ગ્રન્થના સર્જક સૂરિપુરંદર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ‘અષ્ટપ્રકરણ’ ગ્રન્થમાં કરેલ વિધાનને. તેઓ કહે છે કે ‘પહેલા પરિગ્રહ સંચિત કરવાના પાપો કરો અને પછી એ પાપો ધોવા સંપત્તિનો ધર્મમાર્ગે વિનિયોગ કરો : આ તો એવું થયું કે પહેલા કીચડમાં પગ મૂકવો અને પછી એ પાણીથી સાફ કરવો. આના કરતાં બહેતર વાત

એ છે કે પરિગ્રહ સંચિત ન કરવો : જેમ કીચડમાં પગ જ ન મૂકવો બહેતર છે એમ! **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રન્થકાર અને અષ્ટક પ્રકરણ ગ્રન્થકારનાં આ નિરૂપણો એ સમજણ વિકસ્વર કરવા સક્ષમ છે કે ધનનાં દાન દ્વારા થતાં ધર્મ કરતાં ધનની આસક્તિમાત્રના ત્યાગ દ્વારા-નિઃસંગભાવ દ્વારા થતો ધર્મ બેશક અનેકગણો શ્રેષ્ઠ છે-ઉત્તમ છે. કેમ કે એ ભાવસ્તવરૂપ ધર્મ છે.

હજુ એક સ્પષ્ટતા આ સંદર્ભમાં આવશ્યક છે કે કેટલાક બુદ્ધિવાદીઓ શાસ્ત્રનાં આવાં ઉત્તમ નિરૂપણની ઓથ લઈને એને મનફાવતો વળાંક આપે છે કે 'ધર્મમાં ધનની બોલબાલા છે, ધનના આધારે ધર્મ ન જોઈએ' વગેરે. એમની આ વાત પણ અયોગ્ય છે. કેમ કે પ્રભુએ સ્વયં દાન-શીલ-તપ-ભાવરૂપ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરી એમાં દાનધર્મને અગ્રિમ-પ્રથમ સ્થાન આપ્યું છે. વાસ્તવિક સાર એ સમજવાનો છે કે પૂર્વપુણ્યના યોગે વ્યક્તિને સંપત્તિ મળી જ ગઈ હોય તો એનો જરૂરથી જિન પ્રતિમા-જિનાગમ વગેરે ધર્મક્ષેત્રમાં વિનિયોગ કરવો. એનાથી લાભ જ છે. એથી જ શાસ્ત્રોમાં ઠેર ઠેર સંપત્તિના દાન દ્વારા મોટા સુકૃતો કરવાનું વિધાન કરાયું છે. એ 'અતિ શુદ્ધ' ધર્મ ભલે ન હોય, તો ય 'શુભ ધર્મ' તો છે જ. એ આગળ જતાં નિઃસંગતારૂપ-અનાસક્તિરૂપ 'અતિ શુદ્ધ' ધર્મ તરફ પણ તે તે પુણ્યાત્માને લઈ જશે. આનાં અનુસંધાનમાં આ માર્મિક વિધાન યાદ રાખવા જેવું છે કે **'દાન એ પરિગ્રહ નામનાં પાપનું પ્રાયશ્ચિત્ત છે.'**

સાવધાની માત્ર એટલી જ રાખવાની છે કે 'દાન માટે લાખો-ક્રોડોની કમાણી કરું આ વૃત્તિ ગલત છે, પણ પુણ્યયોગે જે સંપત્તિ મળી છે એનો વધુમાં વધુ ધર્મમાર્ગે વિનિયોગ કરું આ વૃત્તિ ઉત્તમ છે.' આવી સમજ સતત હૃદયસ્થ થવી જોઈએ.

છેલ્લે પરિગ્રહ અલ્પ કરવાની ગ્રન્થકારની વાતના સંદર્ભમાં સરસ વાક્ય : **બોજ અલ્પ હશે તો પગપાળા પ્રવાસ સરલ બનશે, પરિગ્રહ અલ્પ હશે તો મુક્તિનો પ્રવાસ સરલ બનશે.**

## ૧૦

# દેહને રાગદૃષ્ટિથી જોશો તો એ સંસારનું કારણ બનશે...
# દેહને વૈરાગ્યદૃષ્ટિથી જોશો તો એ મુક્તિનું કારણ બનશે...

જીવને સંસારમાં મજબૂતપણે જકડી રાખનાર અને વિવિધ ગતિઓમાં પરિભ્રમણ કરાવનાર ચાર મુખ્ય આસક્તિકેન્દ્રો પૂર્વે ચાર ગણાવાયા હતાઃ કંચન-કામિની-કુટુંબ અને કાયા. કેટલાક ચોક્કસ દૃષ્ટિબિંદુઓથી વિચારીએ તો ચારે ય માં જીવનું સૌથી વધુ મજબૂત આસક્તિકેન્દ્ર શરીર બની રહે છે. આને બરાબર સમજવા માટે આપણે એ અનેક પૈકીના બે દૃષ્ટિબિંદુ સમજીએ :

સંપત્તિ-સ્ત્રી-સ્વજન અને શરીર : આ ચારે પર ચાહે તેવી આસક્તિ હોય તો પણ પહેલા ત્રણને આપણે જાતથી અલગ સમજીએ છીએ. એથી જ જ્યારે એનો ઉલ્લેખ કરીએ ત્યારે આપણે 'મારી સંપત્તિ-મારી પત્ની-મારાં સ્વજનો' જેવા ઉલ્લેખ કરીએ છીએ. એમાં બોલનાર અને સંપત્તિ આદિ બાબતો પરસ્પર અલગ હોવાનું સ્પષ્ટ પ્રતીત થાય છે. પરંતુ શરીર માટે જ્યારે આવો ઉલ્લેખ કરવાનો આવે ત્યારે વ્યક્તિની ભાષા બે પ્રકારની બને છે. શરીર અક્ષમ-

વેદનાગ્રસ્ત બને ત્યારે વ્યક્તિ એમ પણ બોલશે કે 'હવે મારું શરીર ધાર્યું કામ આપતું નથી', તો ક્યારેક એમ પણ બોલશે કે 'મને ખૂબ પીડા થાય છે.' આમાંના પ્રથમ વાક્યમાં બોલનાર અને શરીર પરસ્પર અલગ હોવાની પ્રતીતિ થાય છે, જ્યારે બીજા વાક્યમાં બોલનાર અને શરીર બન્ને એક હોવાની પ્રતીતિ થાય છે. સાર એ થયો કે સંપત્તિ આદિ બાબતો પોતાનાથી અલગ હોવાનું જીવ હરહંમેશ માને છે, જ્યારે શરીર માટે એ ઘણી વાર અભેદભાવની પણ અનુભૂતિ કરે છે. એથી એ સર્વાધિક આસક્તિકેન્દ્ર પુરવાર થાય છે.

બીજું દૃષ્ટિબિંદુ જૈન શાસ્ત્રોની એક સૂક્ષ્મ પ્રરૂપણા પર આધારિત છે. ધારો કે એક વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે એનું દેખીતું શરીર અહીં રહી જાય છે અને એનો જીવ પરલોકમાં જઇ નવું શરીર ઉપાર્જિત કરે છે. આ લોકમાંથી પરલોકમાં જતી વેળાએ એ જીવ શરીર વિનાનો હોય એમ સરેરાશ-સામાન્ય સમજ ધરાવતી વ્યક્તિ માને. પરંતુ જૈન શાસ્ત્રો કહે છે કે એ શરીરરહિતતા દેખીતા (ઔદારિક) શરીરની અપેક્ષાએ છે. બાકી એ વચગાળાના સમયમાં ય તૈજસ અને કાર્મણ નામે બે સૂક્ષ્મ શરીરો તો જીવ સાથે જોડાયેલા જ છે જે કાયમના સાથી છે. જીવ મોક્ષ પામે ત્યારે જ એ શરીરોનો સંગાથ છૂટે. સાર એ થાય કે શરીર નામના પદાર્થનો સંગાથ જીવ માટે અનાદિકાલીન છે. માટે એને એના પર સર્વાધિક આસક્તિ હોય છે.

આ નિરૂપણથી જરા અલગ વ્યાવહારિક નિરૂપણ કરીએ તો એમાં ય શરીરનો સંગાથ સૌથી પુરાણો પ્રતીત થશે. એક વ્યક્તિ જન્મે છે ત્યારથી નહિ, બલ્કે માતાના ગર્ભમાં આવે છે ત્યારથી એનો સંગાથ શરીર સાથે થઇ જાય છે અને એ આખરી શ્વાસ લેશે ત્યાં સુધી શરીર સાથેનો એનો સંગાથ અખંડ જારી રહેશે. સંપત્તિ આદિ ત્રણે ય પરિબળો આટલા દીર્ઘ સમયનો સાતત્યસભર સંગાથ જીવ સાથે રાખે એ શક્ય નથી. માટે પણ જીવનું સર્વાધિક આસક્તિકેન્દ્ર શરીર બને છે.

શરીર પ્રત્યેની આ તીવ્ર આસક્તિ-મમતા તોડવા કાજે **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રન્થકાર ગ્રન્થના પાંચમા અધિકારરૂપે પ્રસ્તુત કરે છે 'શરીરમમત્વત્યાગાધિકાર.' આ અધિકાર રચવામાં ગ્રન્થકારના મુખ્યત્વે બે આધ્યાત્મિક હેતુઓ છે :

(૧) તપ-ત્યાગ-ઉપસર્ગો અને પરિષહોમાં દૃઢતા વગેરે કર્મનિર્જરાત્મક બાબતોની સાધનામાં વ્યક્તિ શિથિલ ન બને. જેઓને શરીર પર અતિરેકભરી

આસક્તિ છે તેઓ આમાંથી એકે ય બાબતની સાધના ન કરી શકે. તબીબી ક્ષેત્રની **acidity-cholestrol** વગેરે ઘણી બધી સામાન્ય સામાન્ય બાબતોમાં આજે કેટલોક વર્ગ વધુ પડતી સાવધાની રાખીને તપ-સહિષ્ણુતાથી સાવ વંચિત રહી જાય છે, તો કેટલો ય શ્રદ્ધાપ્રધાન ભાવુક વર્ગ અમારી નજર સમક્ષ એવો છે કે જે શ્રદ્ધાબળે માસક્ષમણાદિ કઠિન તપશ્ચર્યાઓ-પરિષહોની સહિષ્ણુતા વગેરે આસાનીથી આત્મસાત્ કરે છે. હા, જૈન દર્શન દેહની સર્વથા ઉપેક્ષા કરવાનું નથી જણાવતું. એવો નિર્દેશ આ જ અધિકારમાંથી આગળ મળશે. તેમ જૈન દર્શન દેહની આળપંપાળ કરવાનું પણ નથી જણાવતું. આ આળપંપાળથી દૂર થવાય અને તપ-ત્યાગાદિમાં સામેલ થવાય એ છે પ્રથમ હેતુ.

(૨) બીજો હેતુ છે દેહ અને આત્માના ભેદજ્ઞાનની પ્રવૃત્તિનાં સ્તરે અનુભૂતિ. સામાન્યપણે લગભગ દરેક વ્યક્તિ દેહ અને આત્મા વચ્ચે અભેદ અનુભૂતિ કરતી હોય છે. લેખના પ્રારંભે આપણે જે 'મને બહુ પીડા થાય છે' વાક્યપ્રયોગ ટાંક્યો એ અભેદ અનુભૂતિનો જ દ્યોતક હતો. હવે ધારો કે કોઇ તત્ત્વજ્ઞાન સમજનાર વ્યક્તિ દેહ અને આત્મા વચ્ચે ભેદજ્ઞાન ધરાવે પણ ખરી. પરંતુ પ્રવૃત્તિનાં સ્તરે દેહ અને આત્માનું ભેદજ્ઞાન અર્થાત્ દેહ અને આત્મા અલગ હોવાની પ્રતીતિ બરકરાર રાખી શકે એ ખૂબ કઠિન છે.

પ્રવૃત્તિનાં સ્તરે દેહ અને આત્મા અલગ હોવાની પ્રતીતિ એટલે? અસહ્ય બની રહે એવા ભયાનક કષ્ટો-વેદનાઓ વચ્ચે દેહ જ્યારે પીડા અનુભવતો હોય ત્યારે ય આત્માનાં સ્તરે કોઇ વ્યગ્રતાની-હાયવોયની નહિ, બલ્કે સમતાની અનુભૂતિ હોય. આને કહેવાય પ્રવૃત્તિનાં સ્તરે દેહ અને આત્મા વચ્ચેનાં ભેદજ્ઞાનની પ્રતીતિ. વિરલ સાધકો-આરાધકો જ આ સ્તર આત્મસાત્ કરી શકે. જૈન શાસનના પૂર્વકાલીન ઇતિહાસના ગજસુકુમાલમુનિ-મેતાર્યમુનિ-ખંધકમુનિ વગેરે અનેક મહાન આત્માઓએ આ સ્તર આત્મસાત્ કર્યું હતું, તો આજે પણ કોઇ કોઇ વિરલ આત્માઓ એવા હોય છે કે જેમણે આ સ્તર સર કર્યું હોય. કરવી છે આની ઝાંખી? તો વાંચો આ સત્ય ઘટના :

જીવનભર સુંદર આરાધનાઓ - પ્રવચનશ્રવણાદિ કરવા દ્વારા દેહાત્મભેદજ્ઞાન આત્મસાત્ કરનાર બહેનને અંતિમ વર્ષોમાં અશાતાવેદનીયકર્મના ઉદયે ગળાનું કેન્સર થયું. જેમ જેમ એ કેન્સર વધતું ગયું તેમ તેમ ખાવાનું-પીવાનું બંધ થતું ગયું, વેદનાની તીવ્રતા વધતી ગઇ અને છેલ્લે છેલ્લે તો સ્થિતિ એ હદે

વકરી ગઈ કે ગળા પાસેથી રીતસર કીડાઓ ખરે! જોનારા ય ભયથી આંખ મીચી દે એવી ખતરનાક પરિસ્થિતિ હતી. હવે આયુષ્ય ગમે તે ક્ષણે પૂર્ણ થવાની સંભાવના હોવાથી સ્વજનો ગુરુભગવંતને માંગલિક સંભળાવવા-વોસિરાવવા લઈ આવ્યા. ગળામાંથી ખરતા ઢગલાબંધ કીડાઓ જોઈને તેઓ પણ હચમચી ગયા. પણ કમાલ! જરા ય બોલી ન શકતા એ બહેને સ્લેટ પર લખીને ગુરુભગવંતને જણાવ્યું કે ''હાલમાં મારી સામે દીવાલ પર શંખેશ્વરપાર્શ્વનાથપ્રભુની વિશાલ તસવીર છે. હું પૂર્ણ સમતાથી વેદના સહન કરું છું. આશીર્વાદ આપો કે મૃત્યુની ક્ષણે પણ મારું મન શંખેશ્વરપ્રભુમાં જ લીન રહે!'' આવા શબ્દો લખવાનું સત્ત્વ ત્યારે જ આવે કે જ્યારે દેહાત્મભેદજ્ઞાન પ્રવૃત્તિનાં સ્તરે આત્મસાત્ થયું હોય.

ઉપરોક્ત બન્ને હેતુઓ સિદ્ધ કરવા કાજે ગ્રન્થકાર જે સબળ-પ્રબળ પ્રસ્તુતિઓ કરે છે એમાંની પ્રથમ ઝલક આ અધિકારના પ્રથમ શ્લોકનાં માધ્યમે નિહાળીએ. તેઓ લખે છે કે :-

पुष्णासि यं देहमघान्यचिन्तयन्,
तवोपकारं कमयं विधास्यति।
कर्माणि कुर्वन्निति चिन्तयायतिं,
जगत्ययं वञ्चयते हि धूर्तराट् ।।

આ શ્લોક દ્વારા ગ્રન્થકાર હૈયાસોંસરવી ઊતરી જાય તેવી રજૂઆત કરે છે. પહેલી વાત તેઓ પ્રશ્નરૂપે કરે છે કે 'જે શરીરના લાલન-પાલન-પોષણ-રક્ષણ માટે તું પાપોનો-દોષોનો ય વિચાર કરતો નથી એ શરીર આત્મકલ્યાણના સંદર્ભમાં તારા પર કયો વિશેષ ઉપકાર કરે છે? એનું ચિંતન કર.' એવું ઘણી વાર બને છે કે પોતાના શરીરની સુવિધા સાચવવા ખાતર વ્યક્તિ સ્વાર્થી-એકલપેટી બની જાય છે, તો અન્યોનું આંચકી લેવા ય તત્પર થઈ જાય છે; એ શરીરના શોખ પોષવા માટે અભક્ષ્ય ચીજોનાં ભક્ષણ-માંસાહાર અને દારુનાં સેવન સુદ્ધા કરવા તૈયાર થઈ જાય છે, તો કાતિલ રોગોનાં આક્રમણ સમયે હિંસાજન્ય દવાઓ-ઉપચારો પણ કરાવવા વ્યક્તિ વગર વિચાર્યે તૈયાર થઈ જાય છે. ગ્રન્થકાર કહે છે કે શરીર ખાતર આવાં બધાં અકૃત્યો કરતી વેળાએ તું ખાસ એ વિચાર કર કે આ શરીર તને ધર્મલાભરૂપે કોઈ વળતર આપે છે કે નહિ?

બીજી રજૂઆત ગ્રન્થકાર એ કરે છે કે 'આ શરીર તો ધૂર્તરાજ છે.' મોટો ધૂર્ત-કપટી શિરોમણિ તે કહેવાય કે જે રોજ રોજ નવી નવી માંગણી કરતો રહે, પોતાની તરફેણનાં કામ કરાવતો રહે અને છતાં આપણને કોઈ લાભ ન કરે. શરીર આવું હોવાથી એ ધૂર્તરાજ છે. રોજ રોજ એ ખાન-પાનની રહેણી-કરણીની સારવારની ભાતભાતની સુવિધાઓ માંગશે, ગમે તે રીતે એ માંગણીઓ પૂર્ણ કરાવશે અને છતાં આત્મકલ્યાણ માટેની સાધના-આરાધનાની વાત આવશે ત્યારે એ જાતજાતનાં બહાનાં-નિમિત્તો ઊભા કરી છટકી જશે.

ત્રીજી મહત્ત્વની રજૂઆત તેઓ એ કરે છે કે 'હે જીવ! તું તારા ભાવિનો-આગામી જન્મની ગતિનો વિચાર કર. જ્યારે જ્યારે શરીર ખાતર પાપોનું-હિંસાનું સેવન કરવાનો પ્રસંગ આવે ત્યારે તું અંતઃકરણથી એ વિચારજે કે આનાથી મને દુર્ગતિ તો નહિ મળે ને? તો ચોક્કસ તું દેહની મમતાથી ઉપર ઊઠીને અનિષ્ટ બાબતોથી બચી શકીશ.' આની પ્રતીતિ કરવા માટે આપણે નિહાળીએ શાસનસમ્રાટ આ. વિજય નેમિસૂરીશ્વરજી મહારાજની અંતિમ અવસ્થાનો એક પ્રેરક પ્રસંગ :

વર્તમાન જીવનશૈલીના સંદર્ભમાં આપણને આશ્ચર્ય થાય કે તેઓએ જીવનભર ક્યારેય Injection લીધું ન હતું. માન્યતા એમની એ હતી કે તબીબી શાખાની આ દવાઓ-Injection વગેરે હિંસક સંશોધનો-હિંસક સાધનોથી તૈયાર થતાં હોઈ એ લેવા જ નહિ. આયુષ્યના છેલ્લા દિવસોમાં ડૉક્ટરે એક Injection લેવાનો પ્રસ્તાવ કર્યો, તો આચાર્યશ્રીએ ઇન્કાર કર્યો કે 'શરીર ખાતર મારે હિંસક દવાનું-Injection સેવન કરવું નથી. દોષ સેવીને શરીરને શા માટે સાચવવું?' અને એમણે Injection ન લીધું. આજીવન Injection આ કારણે નહિ લેવાની વાત આજના યુગમાં તો અવશ્ય અજાયબી જ લાગે. એ પાપભીરુતામાંથી પ્રગટેલ દેહમમત્વત્યાગનું પરિણામ હતું.

છેલ્લે એક વાત : **દેહને રાગદૃષ્ટિથી જોશો તો એ સંસારનું કારણ બનશે... દેહને વૈરાગ્યદૃષ્ટિથી જોશો તો એ મુક્તિનું કારણ બનશે.**

# ૧૧

# પંપાળેલી કાયા ધર્મસાધનામાં બાધક બને છે... કેળવેલી કાયા ધર્મસાધનામાં સહાયક બને છે...

રૂપક કથાઓ ઉપદેશનું એક અગત્યનું અંગ છે. શ્રોતાને - વાચકને બોધ આપવા માટે કલ્પનાની રંગપૂરણી સાથે પ્રયોજાતી આ રૂપક કથાનાં પાત્રોની મૂર્ખતા - અજ્ઞતા જાણીને ક્ષણભર શ્રોતાને રમૂજ થતી હોય છે. પરંતુ એના ઉપનય દ્વારા શ્રોતાને જ્યારે ખબર પડે કે એ હાંસીપાત્ર વ્યક્તિ તો હું જ છું ત્યારે એના અંતરાત્માને - એના વિચારજગતને ચોટ લાગે અને ઘણી વાર તો તે પોતાની એ ખામીથી વિરમી પણ જાય. આથી જ પ્રવચનકારોથી લઈને શાસ્ત્રકારો પણ રૂપક કથાઓનો ઉપયોગ આવશ્યકતાનુસાર કરતા હોય છે.

જેના આધારે આપણી ચિંતનયાત્રા જારી છે તે **અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રન્થના સર્જક મહર્ષિ ગ્રન્થના દેહમમત્વત્યાગાધિકારના પાંચમા શ્લોકમાં એક મજાની રૂપક કથા કાંઈક આવી પ્રસ્તુત કરે છે : ચતુર્ગતિ નામે નગરમાં કર્મવિપાક નામે રાજા રાજ્ય કરે છે. એના અનેક સેવકોમાં કાયા નામે એક દુષ્ટ સેવક છે.

એક દિવસ એ રાજાએ તે દુષ્ટ સેવકને બોલાવીને કહ્યું : ''તારે અમૂક જીવને મુશ્કેટાટ બાંધીને નર્કના કેદખાનામાં પૂરી દેવાનો છે. એ માટે કર્મ નામની જે જંઝીરો જોઈએ તે તું લેતો જા.'' એ દુષ્ટ કાયા નામે સેવક તૈયાર તો થયો. પરંતુ એણે એક ભય દર્શાવ્યો : ''એ જીવ પાસે તો અનંત શક્તિ છે. સાધના દ્વારા એ શક્તિઓ તે સક્રિય બનાવશે તો હું એને જંઝીરોથી જકડી પણ નહિ શકું.'' કર્મવિપાક રાજાએ એનો ઉપાય દર્શાવ્યો : ''ઈન્દ્રિયોરૂપી મદિરાપાત્રમાં તું એને વિષય - કષાયાદિ પાંચ પ્રમાદના દારુનું એવું આકંઠ પાન કરાવી દેજે કે બેહોશ બનીને એ કાંઈ કરી જ નહિ શકે.'' અને... આ ઉપાયથી ખરેખર મદહોશ થઈ ગયેલ એ જીવ અનંતશક્તિમાન હોવા છતાં મડદાલની જેમ જંઝીરોથી બંધાવા લાગ્યો.

અહીં સુધીની આ રૂપક કથા સાંભળીએ ત્યારે આપણને અનંતશક્તિમાન એ જીવની મદિરાપાન દ્વારા બેહોશ બની જવાની મૂર્ખતા પર રમૂજ થાય. પરંતુ ગ્રન્થકાર મહર્ષિ જ્યારે રહસ્યસ્ફોટ કરે છે કે એ જીવ એટલે બીજું કોઈ નહિ, તું પોતે જ છે ત્યારે આપણને સચોટ આંચકો આવવો જોઈએ કે 'આત્મકલ્યાણનાં ક્ષેત્રે હું ક્યાં ગંભીર ભૂલ કરી રહ્યો છું.' ગ્રન્થકાર રૂપક કથાના એ શ્લોકમાં જ અંતે માર્મિક માર્ગદર્શન આપે છે કે ''તારે પૂર્વોક્ત મદિરાપાત્ર દ્વારા પેલા ખતરનાક દારુનું સેવન જ ન કરવું. ઉપરાંત કાયા નામે એ દુષ્ટ સેવકની નબળી કડીનો ઉપયોગ કરી એના દ્વારા જ સાધના કરીને તારી અનંતશક્તિ સક્રિય કરવી. કાયાની નબળી કડી એટલે એને જરૂર પૂરતું ખાન - પાન આપવું. આટલું આપીને એને આત્મહિત માટે સંયમમાં સ્થિર કરી દે. તો એ જ તને સહાયક બની જશે.'

ગ્રન્થકારનો આ અંતિમ નિર્દેશ ગત લેખનાં અમારાં એ વિધાનને પુષ્ટિ આપે છે કે **જૈન દર્શન દેહની સર્વથા ઉપેક્ષા કરવાનું પણ નથી જણાવતું, તો દેહની આળપંપાળ કરવાનું પણ નથી જણાવતું.** એ એમ કહે છે કે દેહની ખપપૂરતી આવશ્યકતા પૂર્ણ કરી એને સંયમમાં - સાધનામાં જોડી દો અને એના દ્વારા વધુમાં વધુ કર્મનિર્જરા કરવાનું લક્ષ્ય રાખો...

કાયાની માયા તોડવા અને એને આત્મકલ્યાણના પંથે જોડવા છટ્ઠા શ્લોકમાં ગ્રન્થકાર દેહની પાંચ વિ-લક્ષણતા વિચિત્રતા દર્શાવે છે. એમાંની

પ્રથમ વિ-લક્ષણતા આપણે દૃષ્ટાંતસહિત વિવેચિત કરવાના હોવાથી એને છેલ્લા ક્રમે વિચારીશું. તેઓ કાયાની બીજી વિચિત્રતા એ દર્શાવે છે કે વ્યક્તિ જીવંત હોય તો ય એની કાયાની ભીતરમાં કૃમિ વગેરે વિદ્યમાન હોય છે અને વ્યક્તિ મૃત્યુ પામે તો તો બે - ચાર દિવસમાં એનું નિશ્ચેષ્ટ શરીર કીડાઓથી ખદબદી ઊઠે છે. જે કાયા આ રીતે કૃમિ - કીડાઓનું નિવાસસ્થાન છે એ કાયા પર મમત્વ શું? ત્રીજી અને ચોથી વિચિત્રતા તેઓ એ દર્શાવે છે કે મૃત્યુ પછી આ કાયાના હાલ બેય રીતે બેહાલ થવાના છે : એનો જો અગ્નિસંસ્કાર ન કરાય તો એ કાગડા - કૂતરા આદિનું ભક્ષ્ય બની જશે અને જો એનો અગ્નિસંસ્કાર કરાય તો એ ભસ્મ થઈ જશે. એનું અસ્તિત્વમાત્ર નહિ રહે... પાંચમી વિલક્ષણતા તેઓ એ જણાવે છે કે શરીર મોહક લાગે છે તેનું એકમાત્ર કારણ એનો બાહ્ય દેખાવ છે. બાકી સુંદર ત્વચાની ભીતરમાં તો માંસ - રુધિર - હાડકાં જેવા બિભત્સ - અશુચિમય પદાર્થો જ છે. આવા અશુચિમય પદાર્થોના પિંડરૂપ દેહ પર આસક્તિ શા માટે?

હવે વિચારીએ એમણે દેહની વિ-લક્ષણતામાં પ્રથમ ક્રમે જે દર્શાવી છે તે વાત. એકદમ અસરકારક દલીલ કરતાં ગ્રન્થકાર ફરમાવે છે કે શરીર એવું અશુચિમય છે કે એની સાથે જેટલી સ્વચ્છ - શુદ્ધ ચીજોનો સંપર્ક થાય તે તમામ શરીરના સંસર્ગ બાદ અસ્વચ્છ - અશુદ્ધ બની જાય છે. ઉદાહરણરૂપે, શરીર પર અત્તર લગાવશો તો થોડી વાર પછી એ દુર્ગંધી પરસેવારૂપે વિ-પરિણામ પામી જશે. જે અત્તર બોટલમાં દિવસો - મહિનાઓ સુધી યથાવત્ સુગંધી રહ્યું હતું એ જ અત્તર શરીરના સંપર્કથી ચંદ ક્ષણોમાં જે ઉપરોક્ત વિ-પરિણામ પામે એમાં કારણ ચોક્કસપણે દેહની અશુચિમયતા જ છે. એક ઓર ઉદાહરણ જોઈએ. કબાટમાં મુકાયેલ સ્વચ્છ - ઈસ્ત્રીટાઈટ વસ્ત્રો એ અવસ્થામાં દિવસો - મહિનાઓ પર્યંત ટકી રહે. પરંતુ એ જ વસ્ત્રો જ્યારે પરિધાનરૂપે શરીરના સંપર્કમાં આવે છે ત્યારે એકાદ - બે દિવસમાં મલિન - પ્રસ્વેદથી દુર્ગંધી બની જતા વાર નથી લાગતી. કોનો આ પ્રતાપ? કહેવું જ જોઈશે કે શરીરની અશુચિમયતાનો. ખબર છે શરીરની આ અશુચિમયતા પર ધારદાર કટાક્ષ કરતી પેલી રમૂજકથા?

મલિન વસ્ત્રોનો ઢગલો લઈને આવેલ ધોબીએ તળાવની શિલા પર વસ્ત્રો પછાડી પછાડીને ધોવા માંડ્યા. એ સમયે શિલાને જાણે વાચા ફૂટી હોય એમ એણે વસ્ત્રોને ધમકાવ્યાં : ''હજુ ત્રણ દિવસ પહેલાં તમે સહુ મેલાં થઈને અહીં આવ્યા હતા અને અધમૂઆ થઈ જવાય એ હદે પછડાટ ખાઈ ખાઈને માંડ શુદ્ધ-સ્વચ્છ થયા હતા. વળી પાછા આજે મલિન થઈને પછડાવા - માર ખાવા આવ્યા છો. કાંઈ લાજ - શરમ નથી આવતી તમને?'' વસ્ત્રોએ લાચારીથી ઉત્તર આપ્યો : ''શરમ તો અમને ખૂબ જ આવે છે. પરંતુ થાય શું? માનવીના શરીરનો સંગ કર્યો ને, એટલે એનું આ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે!''

દેહમમત્વત્યાગાધિકારના અંતિમ બે શ્લોકોમાં ગ્રન્થકાર ચાર એવી બાબતો દર્શાવે છે કે જે દેહના સહકારથી શક્ય બને છે અને એનાં કારણે દેહની - કાયશક્તિની સાર્થકતા પણ સિદ્ધ થાય છે. આપણે એ ચાર બાબતોનો સંક્ષેપમાં નિર્દેશ કરીએ :

**(૧) પરોપકાર :-** વૃક્ષનો ધર્મ છે પરોપકાર. એ સ્વયં તડકો સહી આશ્રય લેનારને શીતલતા આપવાનો ઉપકાર કરે છે, તો પથ્થર મારનારને ફલ આપવાનો અદ્ભુત ઉપકાર પણ કરે છે; આસપાસનાં વાતાવરણને પ્રદૂષિત થતું અટકાવવાનો ઉપકાર એ કરે છે, તો કુહાડાના ઘા મારનારને કાષ્ઠદાન કરવાનો ઉપકાર એ કરે છે... નદી પણ આ વૃક્ષની જેમ પરોપકારવ્રત ધરાવે છે. એ તૃષાતુર વ્યક્તિની તૃષા દૂર કરે છે, તો મલમલિન વ્યક્તિના મલ દૂર કરે છે; ખેતરોને એ હરિયાળી બક્ષે છે, તો વસ્ત્રોને ય એ સ્વચ્છતા બક્ષે છે. બસ, કુદરતનાં આ અને આનાં જેવાં તત્ત્વો જેમ પરોપકાર કરે છે એમ માનવીએ પણ યથાશક્ય પરોપકાર કરવા જોઈએ. કુદરતનાં તત્ત્વોની જેમ માનવીનો પરોપકાર નિઃસ્વાર્થ હોય ત્યારે તેમાં એના દેહની - કાયશક્તિની પ્રાથમિક સાર્થકતા સિદ્ધ થાય...

**(૨) તપ :-** એક મજેદાર અને લક્ષ્યનો સ્પષ્ટ અંગુલિનિર્દેશ કરતું સુવાક્ય છે કે **''કર્મ બાંધવાનાં જન્મો અનેક છે, પરંતુ કર્મ બાળવાનો જન્મ તો એકમાત્ર માનવનો જ છે.''** એ એમ કહે છે કે માનવદેહની સાચી સાર્થકતા કર્મનિર્જરા કેટલી વિશેષ થઈ એના આધારે નિશ્ચિત થાય છે. આ કર્મનિર્જરા માટેનું સૌથી ઉત્તમ સાધન જો કોઈ હોય તો તે છે તપ. 'જ્ઞાનસાર' ગ્રન્થમાં

સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે 'તપ'ની વ્યાખ્યા જ આ કરી છે કે ''कर्मणां तापनात् तप:'' અર્થાત્ જે કર્મને તપાવે - બાળે તેનું નામ તપ. બાહ્ય અને અભ્યંતર, બે ય પ્રકારનો તપ જેટલો વધુ થાય તેટલી માનવદેહની સાર્થકતા વધુ.

**(૩) જપ :-** જ્યાં કોઈ આ લોક-પરલોકની ભૌતિક ઈચ્છાઓ ન હોય, માત્ર આત્મિક કલ્યાણની ખેવના હોય તેવી ભૂમિકાપૂર્વક થતો વિશિષ્ટ મન્ત્રજાપ વિચારશુદ્ધિ - આચારશુદ્ધિ - આત્મશુદ્ધિ અને અંતે સિદ્ધિ આપનાર નીવડે છે. એથી જ લખાયું છે કે ''जपात् सिद्धिर्न संशय:'' આરાધક વ્યક્તિએ આવો મન્ત્રજાપ યથાશક્ય વિશેષ કરવો જોઈએ. અમારા દિવંગત પિતામુનિવર પૂ.દિવ્યરત્નવિજયજી મહારાજે છેલ્લા વર્ષોમાં પચીશ લાખ નવકારમન્ત્રજાપ અને ચાલીશ લાખ અર્હંમન્ત્રજાપ કર્યા હતા. આવા લોકોત્તર મન્ત્રના જાપથી પણ માનવદેહની સાર્થકતા થાય છે.

**(૪) આત્મહિત :-** ઉપરોક્ત બન્ને બાબતો અલબત્ત આત્મહિતકારી જ ગણાય. આમ છતાં ગ્રન્થકારે અલગથી દર્શાવેલ 'આત્મહિત' શબ્દનું અર્થઘટન આપણે એમ કરવાનું છે કે વિશિષ્ટ - વિરલ આત્મહિતકારી સાધના દ્વારા માનવદેહને સાર્થક કરવો જોઈએ. આ સંદર્ભમાં આપણે યાદ કરીશું સાત દાયકાઓ પૂર્વે થઈ ગયેલ સાંપ્રત જૈન શાસનના સમર્થ જ્યોતિર્ધર આગમોદ્ધારક પૂ.આ.ભ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજને. આજીવન અનુપમ શ્રુતસેવા કરનાર આ ભગવંતે જીવનના અંતિમ પંદર દિવસો રાત - દિવસ ધ્યાનસ્થમુદ્રામાં રહી અદ્ભુત આત્મહિતસાધના કરી હતી. સત્યોતેર વર્ષની વયે લગભગ શક્તિહીન થયેલ દેહનો આ રીતે કસ કાઢવો, એ કોઈ વિરલ સાધક જ કરી શકે.

છેલ્લે દેહની સાર્થકતાની ઉપરોક્ત ચાર બાબતોના સંદર્ભમાં એક મહત્ત્વની વાત : **પંપાળેલી કાયા ધર્મસાધનામાં બાધક બને છે... કેળવેલી કાયા ધર્મસાધનામાં સહાયક બને છે.**

# ૧૨

# ઈન્દ્રિયોનો અસંયમ દુર્ગતિ તરફ લઈ જાય છે... ઈન્દ્રિયોનો સંયમ મુક્તિ તરફ લઈ જાય છે..

સાધનાપદ્ધતિ કોઈ પણ ધર્મપરંપરાની હો, એમાં ઈન્દ્રિયનિગ્રહની વાત અવશ્ય મળે. કોઈ ઉત્કૃષ્ટ તપ - ત્યાગાદિ દ્વારા એના અતિશય નિગ્રહની વાત કરે, તો કોઈ મધ્યમમાર્ગ અપનાવવાની વાત કરે. પરંતુ જૈન દર્શન ઈન્દ્રિયોના સંદર્ભમાં બહુ માર્મિક અને મૌલિક રજૂઆત કરે છે કે **ઈન્દ્રિયો સર્વથા નુકસાનકારક પણ નથી કે સર્વથા લાભદાયી પણ નથી. એનો ઉપયોગ કેવો થાય છે એના પર એની હાનિકારકતા યા લાભકારકતા નક્કી થાય છે.** જરા સમજીએ જૈન દર્શનની આ યથાર્થ વાત.

અનાદિ નિગોદની અવસ્થામાં જ્યારે જીવ હોય છે ત્યારે એની પાસે માત્ર એક જ ઈન્દ્રિય હોય છે અને વ્યાવહારિક દૃષ્ટિએ એની સ્થિતિ ત્યારે એવી નિમ્ન હોય છે કે તે જીવ છે કે અજીવ એની ભેદરેખા પણ જલ્દી ન સમજાય. પછી જેમ જેમ તે જીવ એકેક ઈન્દ્રિયની વૃદ્ધિ પામતો જઈ ક્રમશઃ બેઈન્દ્રિયથી

પંચેન્દ્રિય બનવાની સફર કરે તેમ તેમ વ્યાવહારિક દૃષ્ટિએ તે જીવ વિકાસશીલ બની રહ્યો ગણાય. એ સ્થિતિમાં એનું જીવત્વ વધુ ને વધુ સ્પષ્ટ પ્રતીત થાય. એમાં પણ પાંચમી ઈન્દ્રિય અર્થાત્ શ્રવણશક્તિ પ્રાપ્ત થવાની ઘટનાને તો જૈન દર્શન પુણ્યપ્રકૃતિ ગણીને એને આત્મિક દૃષ્ટિએ કલ્યાણનું મજબૂત સાધન ગણે છે.

જે સાધક આ ઈન્દ્રિયો પર સંયમ કેળવી એને કલ્યાણકારી યોગોમાં તન્મયપણે પ્રવૃત્ત કરે એના માટે એ ઈન્દ્રિયો લાભદાયી બને - કર્મનિર્જરાનું કારણ બને. જેમ કે એક વ્યક્તિ કર્ણેન્દ્રિય દ્વારા ધર્મોપદેશનું શ્રવણ કરે છે, નેત્રેન્દ્રિય દ્વારા પ્રભુદર્શન - શાસ્ત્રવાંચન કરે છે, જિહ્વેન્દ્રિય દ્વારા સ્વાદવિજયની તાલિમ રસત્યાગાદિ તપરૂપે કેળવે છે તો એના માટે તે તે ઈન્દ્રિયો લાભદાયી બને. એથી વિપરીત એક વ્યક્તિ કર્ણેન્દ્રિય દ્વારા વિષય - કષાયોત્તેજક વાતો સાંભળે, નેત્રેન્દ્રિય દ્વારા કામવાસનાથી વિજાતીય રૂપદર્શન કરે - મનને બહેકાવતી ફિલ્મો જુએ, જીભ દ્વારા અભક્ષ્યભક્ષણ - સંક્લેશકારક વાતોનું ઉચ્ચારણ કરે તો એના માટે તે તે ઈન્દ્રિયો નુકસાનકારી બને.

સાર આ ચિંતનનો એ થયો કે ઈન્દ્રિયોને નુકસાનકારી બનતી અટકાવવી હોય તો એને અશુભ વિષયોથી વિરમાવવી જોઈએ. આ માટે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર વિષયપ્રમાદત્યાગાધિકારરૂપે છટ્ઠો અધિકાર પ્રસ્તુત કરે છે. અધિકારનું નામ એ સૂચિત કરે છે કે અશુભ વિષયોનો તો ત્યાગ કરવો જ જોઈએ. ઉપરાંત એ વિષયો તરફ ઈન્દ્રિયો ખેંચાઈ જાય તેવી પ્રમાદદશાનો - ઉન્મત્તદશાનો પણ ત્યાગ કરવો જોઈએ. આ લક્ષ્યસિદ્ધિ કાજે ગ્રન્થકાર અંતરને - આત્માને ચૂમી જાય એવાં જે ધારદાર અને બુદ્ધિગમ્ય તર્કો રજૂ કરે છે એમાંના કેટલાકનું આપણે વિવરણ કરીએ. આ અધિકારના બીજા શ્લોકરૂપે તેઓ જણાવે છે કે :-

आपातरम्ये परिणामदु:खे, सुखे कथं वैषयिके रतोऽसि?
जडोऽपि कार्यं रचयन् हितार्थी, करोति विद्वान् यदुदर्कतर्कम् ।।

આ શ્લોકમાં તેઓ હૈયાસોંસરવો ઊતરી જાય તેવી દલીલ એ કરે છે કે 'લોકદૃષ્ટિએ જડ - મૂર્ખ વ્યક્તિ પણ એની જે કાંઈ સાદી - સામાન્ય સમજ

હશે તે મુજબની હિતકર પ્રવૃત્તિ કરશે, અહિતકર પ્રવૃત્તિ નહિ. જેમ કે એ ભોજન મળતું હશે ત્યાં જ ઊભો રહેશે, માર મળતો હશે ત્યાં નહિ. આના મુકાબલે વિદ્વાન - બુદ્ધિશાળી વ્યક્તિ તો ખૂબ વિચક્ષણતાથી - દીર્ઘદષ્ટિથી હિત - અહિતની તુલના કરી હિતમાં જ પ્રવૃત્તિ કરે. વાસ્તવિકતા જો આ જ છે તો પછી તારી જાતને બુદ્ધિમાન ગણતો તું ઈન્દ્રિયોને એવા વિષયસુખોમાં કેમ રમવા - ભમવા દે છે કે જે માત્ર શરૂઆતમાં જ મનઃકલ્પિત સુખ આપી પછી દુઃખોના દારુણ દરિયામાં ફેંકી દે.' ગ્રન્થકર્તાનો આ તર્ક લા-જવાબ છે. કારણ કે ઈન્દ્રિયોના દરેક સુખો પ્રારંભમાં આનંદદાયી - લલચામણા હોય છે અને પછી એનો અંજામ ભયાનક વેદના - પીડામાં આવતો હોય છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો પ્રભુમહાવીરદેવના સમયમાં થઈ ગયેલ મગધસમ્રાટ શ્રેણિક મહારાજાનો આ પ્રેરક જીવનપ્રસંગઃ

સમ્રાટ શ્રેણિક અને મહારાણી ચેલણા એક વાર રાજમહાલયના ઝરુખામાં હળવાશની પળો માણતા હતા. અચાનક શ્રેણિકને કેરી આરોગવાનું મન થયું. સમ્રાટનાં ઉપવનમાં બારમાસી આમ્રવૃક્ષ હોવાથી સેવકો તુર્ત રજતથાળમાં મધુર કેરીઓ લઈ આવ્યા. રાજા-રાણી મોજથી કેરી આરોગતા ગયા અને ચુસાયેલ કેરી ઝરુખામાંથી બહાર ફેંકતા ગયા. રાજમાર્ગ પરથી આ દૃશ્ય એક દરિદ્ર ભિક્ષુકે નિહાળ્યું. ત્રણ દિવસથી ક્ષુધાતુર ભિક્ષુકને લાલચ પ્રગટી કે જો આ નીચે પડેલ કેરી મને મળી જાય તો એનાથી ઘણી ક્ષુધા દૂર થઈ જાય. હિંમતપૂર્વક રાજમહાલય પરિસરની દીવાલ કૂદીને એ ઝરુખા નીચે આવી ગયો. રાજા-રાણી ઉપર-ઉપરથી કેરીનો આસ્વાદ માણી કેરી ત્યજી દેતા હતા. એથી ભિક્ષુકને તો મજા આવી ગઈ. જીવનમાં જેનો ક્યારેય વિચાર કર્યો ન હતો તે કેરીનો આસ્વાદ માણવામાં અને ક્ષુધા તૃપ્ત કરવામાં એ મશગૂલ બન્યો. ત્યાં અચાનક જ રાજસૈનિકોની નજર એના પર ગઈ અને એ રજા વિના ઘૂસી આવેલ - વણનોંતર્યા મહેમાનને મેથીપાક આપવા આવી ગયા.

ભિક્ષુકના ખુલ્લા બદન પર સૈનિકોએ ધડાધડ કોરડા વીંઝવા માંડ્યા. દર્દથી કણસતો ભિક્ષુક ચાર - પાંચ કોરડા વીંઝાતા સુધી બચાવની આજીજી પૂર્વક રડતો રહ્યો. પણ... આ શું? છટ્ઠો કોરડો વીંઝાયો ત્યાં એ રડવાના બદલે હસવા માંડ્યો. સાતમો.. આઠમો.. નવમો કોરડો વીંઝાતો ગયો તેમ

તેમ એ ખડખડાટ હસતો ગયો. ઝરુખામાંથી આ દૃશ્ય નિહાળી રહેલ સમ્રાટને આ અજીબ ઘટનાથી વિસ્મય થયું. ફટકા બંધ કરવાનો આદેશ આપી એમણે ભિક્ષુકને પોતાની સમક્ષ લાવવાનું ફરમાન કર્યું. સામે રજૂ કરાયેલ ભિક્ષુકને સમ્રાટે પૂછ્યું : ''આટલો માર પડવા છતાં તું હસે છે કેમ? શું તું પાગલ થઈ ગયો છે?''

ભિક્ષુકે અદબથી ઉત્તર આપ્યો : ''રાજાજી ! પાગલ તો હું માર પડ્યાની શરૂઆતમાં રડતો હતો ત્યારે હતો. મને લાગે છે કે હસવા લાગ્યો ત્યારથી હું શાણો બની ગયો છું.'' સમ્રાટને આ રહસ્યમય ઉત્તરમાં કાંઈ સમજાયું નહિ. એમણે ભિક્ષુકને સ્પષ્ટ રજૂઆત કરવાનું કહેતાં ભિક્ષુકે હૈયાસોંસરવી ઉતરી જાય એવી વાત કરી : ''ક્ષમા કરજો સમ્રાટ ! પરંતુ પાંચ ફટકાનો માર પડ્યા પછી મને અદ્ભુત વિચાર આવ્યો કે એંઠી - જૂઠી અને ત્યજી દેવાયેલ કેરીનો રસ માણવામાં - સ્વાદેન્દ્રિયનું સુખ માણવામાં મને આ ફટકાની સજા કર્મસત્તાએ આપી છે, તો જે નિત્ય નવી નવી કેરીઓ અને મિષ્ટાન્ન આરોગવામાં મશગૂલ છે એને પરલોકમાં કર્મસત્તા નર્કાદિ દુર્ગતિની કેટલી જાલિમ સજા ફટકારશે? હું નસીબદાર છું કે મને ઈન્દ્રિયસુખના કાતિલ અંજામનો તુર્ત ખ્યાલ આવ્યો. એટલે હવે હું અટકી જઈશ. પણ જેને આવી ખબર જ નથી અને ઈન્દ્રિયસુખમાં મશગૂલ છે એનું શું થશે?'' સમ્રાટ હચમચી ઊઠ્યા સામાન્ય ભિક્ષુકના આ અસામાન્ય ઉત્તરથી...

ત્રીજા શ્લોકમાં ગ્રન્થકાર ઈન્દ્રિયવિષયજન્ય ભૌતિક સુખ અને ઈન્દ્રિયવિષયાતીત આત્મિક સુખ વચ્ચે સરખામણી કરતાં જણાવે છે કે ઉપરોક્ત પૈકી પહેલું સુખ માત્ર બિંદુતુલ્ય છે, જ્યારે બીજું સુખ એની અપેક્ષાએ સિંધુતુલ્ય છે. ક્યાં નાનકડું એક બિંદુ અને ક્યાં અગાધ છલકાતો સાગર! ગ્રન્થકાર આવી ઉપમા દ્વારા એ જણાવે છે કે આ બન્ને વચ્ચે તુલના શક્ય જ નથી. જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ આ વિધાન ખૂબ તર્કસંગત એટલા માટે છે કે ઈન્દ્રિયવિષયાતીત આત્મિક સુખ અર્થાત્ મોક્ષસુખની ત્રણ અદ્ભુત વિશેષતા હોય છે. (૧) એ સુખ એવું 'pure' હોય છે કે એમાં કોઈ પણ પ્રકારના નાના શા દુઃખનું ય મિશ્રણ નથી હોતું (૨) તે સુખ એવું 'permanent' હોય છે કે

એ કદાપિ નષ્ટ નથી થતું. અનંતકાળ પછી પણ એ એવું ને એવું જ યથાવત્ રહે છે. (૩) એ સુખ એવું 'paramount' હોય છે કે પછી અન્ય કોઈ પણ પ્રકારના સુખની અભિલાષા જ નથી થતી. ઈન્દ્રિયજન્ય વિષયસુખમાં આમાંની એક પણ વિશેષતા નથી. કેમ કે એમાં તથાકથિત એક સુખ સાથે અન્ય શારીરિક-માનસિકાદિ દુઃખોનું મિશ્રણ હોય છે, એ સુખ ગમે ત્યારે નષ્ટ થાય એવું તકલાદી હોય છે, તો એની પ્રાપ્તિ પછી ય અનેક નવાં નવાં સુખોની અભિલાષા હોય છે. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર મહત્ત્વનો નિર્દેશ એ કરે છે કે 'બન્ને સુખ પરસ્પર પ્રતિપક્ષી છે. એથી એક હોય ત્યાં બીજું સખ નથી હોતું. પસંદગી તારે કરવાની છે'..

છેલ્લે એક વાત : **ઈન્દ્રિયોનો અસંયમ દુર્ગતિ તરફ લઈ જાય છે, ઈન્દ્રિયોનો સંયમ મુક્તિ તરફ લઈ જાય છે.**

## ૧૩

# આ જગતની સૌથી નિશ્ચિત બાબત છે મૃત્યુ... આ જગતની સૌથી અનિશ્ચિત બાબત પણ છે મૃત્યુ જ...

જૈન શાસ્ત્રકારો જણાવે છે કે સંસાર ચાર ગતિમય છે. નર્કગતિ - તિર્યંચગતિ - દેવગતિ અને મનુષ્યગતિ : આ છે એ ચાર ગતિનાં નામો. સંસારવર્તી દરકે જીવ આ ચારમાંથી કોઈ એક ગતિમાં હોય છે. જન્મ બદલાય ત્યારે એ જીવ પોતાના કર્માનુસાર અન્ય ગતિમાં જાય અથવા (મનુષ્ય -તિર્યંચગતિની અપેક્ષાએ) એ ગતિમાં પણ રહે. બીજા શબ્દોમાં કહીએ તો દરેક જીવનું સંસારભ્રમણ આ ચાર ગતિરૂપ લક્ષ્મણરેખાની અંદર જ થતું હોય છે. એનાથી બહાર કોઈ સંસારભ્રમણ હોતું નથી. આ ચાર પૈકી દેવગતિ અને નર્કગતિ આપણા માટે પરોક્ષ છે, જ્યારે મનુષ્યગતિ અને તિર્યંચગતિ પ્રત્યક્ષ છે - નજર સમક્ષ છે.

ચિંતકો આ ચારે ય ગતિની પરિચાયક બને તેવી એકેક લાક્ષણિકતા બહુ સરસ દર્શાવે છે. તેઓ કહે છે કે નર્કગતિ છે **દુઃખાધીન.** ત્યાં અલગ-

અલગ પ્રકારનાં દુઃખો - વેદનાઓ એવી ભયંકર અને ચરમ સીમાની હોય છે કે એનું વર્ણન સાંભળતાવેંત થથરી જવાય. એક માત્ર રોગજન્ય દુઃખની વાત ઉદાહરણરૂપે ટાંકીએ તો છટ્ઠી અને સાતમી નર્કના દરેક જીવોને જન્મથી મૃત્યુ પર્યંત એક સાથે પાંચ ક્રોડ અડસઠ લાખ નવાણું હજાર પાંચસો ચોર્યાશી રોગની વેદના છેલ્લા સ્તરની - Last Stage ની હોય છે. કરુણતા વળી એ છે કે તમામ નારક જીવોનાં આયુષ્ય નિકાચિત હોવાથી આટલા બધા જાલિમ રોગો પણ એમને મોત આપી શકતા નથી ! કલ્પનાતીત દીર્ઘ આયુષ્ય સુધી એમને એ તમામ દુઃખો વેઠવા જ પડે છે. એટલે જ પદ્મપ્રભસ્વામી સ્તવનામાં નર્કદુઃખ માટે આ હૃદયસ્પર્શી પંક્તિ લખાઈ છે કે "**નરક દુઃખ વેદના ભારી... નીકળવા ના રહી બારી.**"

તિર્યંચગતિ એટલે આપણી આસપાસમાં નિહાળવા મળે છે તે પશુ - પંખી - જલચર - ક્ષુદ્ર જીવોથી લઈને સ્થાવર સુધીના તમામ જીવોની સૃષ્ટિ. આ તિર્યંચગતિ છે **પરાધીન**. સ્પષ્ટ નિહાળાય છે કે હાથીને અંકુશની પરાધીનતા છે, તો અશ્વને લગામની પરાધીનતા છે; કૂતરાને સાંકળની પરાધીનતા છે, તો પંખીને પાંજરાની પરાધીનતા છે. અરે ! જે પશુ-પંખીઓને આવી દેખીતી પરાધીનતા નથી એમને પણ સ્પષ્ટ વાચાના અભાવે પોતાની જરૂરિયાત જણાવવામાં પરાધીનતા છે જ. આથી તિર્યંચગતિને પરાધીન કહેવી એકદમ યોગ્ય છે.

દેવગતિ છે **વિષયાધીન.** ભૌતિક સુખોની દૃષ્ટિએ વિચારીએ તો દેવગતિનાં સુખોની સામે માનવગતિનાં સુખો કોઈ વિસાતમાં નથી. દેહનું અનુપમ સૌંદર્ય - સમૃદ્ધિનું પરાકાષ્ઠાનું ઐશ્વર્ય - ભોગસામગ્રીની ઉત્કૃષ્ટતા વગેરે બાબતો દેવગતિમાં એવી સર્વોત્તમ હોય છે કે દેવો સતત એમાં લુબ્ધ - લીન બની જાય. સમ્યગ્દૃષ્ટિ દેવોને બાદ કરતા બાકીના સર્વની સ્થિતિ આ હોવાથી એને યથાર્થપણે જ વિષયાધીન કહી શકાય.

આ ત્રણે ય ના મુકાબલે મનુષ્યગતિની સ્થિતિ બહેતર છે. એના માટે વિશેષણ અપાયું છે **સ્વાધીન.** ધર્મસાધનાની દૃષ્ટિએ ત્રણે ય ગતિ કરતા સૌથી વધુ સ્વાધીનતા મનુષ્યગતિમાં છે. તપ - ત્યાગ - જાપ - આરાધનાથી લઈને સંસારત્યાગપૂર્વક સંયમધર્મ સ્વીકારવા સુધીની તમામ ધર્મસાધના માનવી

સ્વાધીનભાવે કરી શકે છે. આ વિશેષતાના આધાર પર તો માનવજન્મને મુક્તિનું પ્રવેશદ્વાર ગણવામાં આવ્યો છે. શરત માત્ર એટલી છે કે માનવીએ સતત જાગૃત રહી ગલત આકર્ષણોથી - પ્રમાદદશાથી દૂર રહી આરાધનામાં સંલગ્ન રહેવું જોઈએ.

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર 'વિષય-પ્રમાદત્યાગાધિકાર' ના ચતુર્થ શ્લોકમાં આ જાગૃતિ કેળવવા સરસ પ્રસ્તુતિ કરે છે કે :-

भुङ्क्ते कथं नारकगर्भवास,-दुःखानि देहीत्यवधेहि शास्त्रैः ।
निवर्तते ते विषयेषु तृष्णा, बिभेषि पापप्रचयाच्च येन ।।

મતલબ કે એ આપણને ઉદ્દેશી એમ કહે છે કે હે જીવ ! નર્કના - ગર્ભવાસના જાલિમ દુઃખો જીવો કેમ સહન કરે છે તે તું શાસ્ત્રો દ્વારા જાણજે, તો તારી વિષયતૃષ્ણા-વિષયલાલસા દૂર થશે અને પાપનો ભય મજબૂત થશે. જ્યારે આ રીતે દુર્ગતિનાં દુઃખો વિચારસૃષ્ટિમાં ઉપસ્થિત કરાય ત્યારે વિષયતૃષ્ણાનો નાશ થવા સાથે આત્મજાગૃતિ - આત્મસાધના કેવી તીવ્ર બને એ જાણવું છે? તો વાંચો રાજા ગોપીચંદની આ જીવનઘટના :

પિતાનાં અવસાન બાદ યુવાન રાજકુમાર ગોપીચંદ સત્તારૂઢ થયો. બેરોકટોક રાજસત્તા હતી, અનેક રૂપરમણી રાણીઓનો સંસર્ગ હતો અને ફાટ ફાટ થતી યુવાની હતી. આથી સ્વાભાવિક જ એનાં જીવનમાં મોજશોખની - ભોગસુખોની બોલબાલા હતી. યુવાનીના આવેગવશ એને ભલે એના ભાવિની - પરલોકની ચિંતા ન હતી. પરંતુ એક વ્યક્તિને એના માટે આવી ચિંતા ખૂબ હતી. એ વ્યક્તિ હતી રાજમાતા. એ ચાહતી હતી કે પુત્ર ભરપૂર ભોગ સામગ્રીઓ વચ્ચે ભાન ભૂલી ન જાય અને પરલોકની પણ ચિંતા કરે.

એક ગ્રીષ્મકાલીન દિવસની વાત. રાજમહાલયના વચ્ચેના ખુલ્લા પરિસરમાં ગોપીચંદ અને એની રાણીઓએ જલક્રીડા યોજી હતી. ગોપીચંદ વચ્ચે સિંહાસન પર અર્ધખુલ્લા બદને બેઠો હતો. આસપાસ શીતલ સુગંધી જલથી મસ્તી ચાલતી હતી. ત્યાં જ અચાનક એના ખભા પર જરા ઉષ્ણ લાગતા બે બિંદુ પડ્યા. ચમકી ગયેલ રાજાએ ઊપર નજર કરી તો ગવાક્ષમાં માતા ખડી હતી અને એની આંખોમાંથી જ એ બિંદુ ટપક્યા હતા. માતૃભક્ત રાજા

દોડાદોડ માતા પાસે પહોંચી ગયો અને આંસુનું કારણ પૂછ્યું. માતાએ એટલું જ કહ્યુંઃ "આ વિષયોમાં - ભોગસુખોમાં તું ડૂબી જઈશ તો તારી કેવી દુર્ગતિ થશે? એ વિચારે મને આંસુ આવ્યા." તેજીને ટકોરો બસ હતો. આ ઘટનાએ ગોપીચંદને સંપૂર્ણપણે વિષયવિમુખ કરી દીધો અને એ રાજ્ય ત્યાગી સંન્યાસી બની ગયો. લોકકંઠે એ માતાની પ્રશસ્તિ કરતી પંક્તિ આ રમવા માંડી કે **"જનની જીવો રે ગોપીચંદની."**

આ સંદર્ભમાં યાદ કરીએ આ મજાનું સૂત્ર કે : **ભોગતૃષ્ણાના વિચારો પાપો તરફ લઈ જાય છે. પરલોકના વિચારો પાપમુક્તિ તરફ લઈ જાય છે.**

હવે વિચારીએ આપણે આ જ અધિકારના મૃત્યુ અંગેના એક શ્લોકની આસપાસ. કોઈ આપણને એમ પૂછે કે આ જગતની સૌથી નિશ્ચિત છતાં સૌથી અનિશ્ચિત બાબત કઈ? તો એનો સત્ય ઉત્તર એક જ હોઈ શકે કે મૃત્યુ. કારણ કે મૃત્યુ હર કોઈ વ્યક્તિ માટે અવશ્યંભાવી - અત્યંત નિશ્ચિત બાબત છે. સાવ દરિદ્ર વ્યક્તિ હો કે દોલતમંદ વ્યક્તિ હો, ચાકર હો કે ચક્રવર્તી હો, અજ્ઞ હો કે સર્વજ્ઞ હો : સહુનાં જીવનનો અંતિમ અંજામ મૃત્યુરૂપે જ આવતો હોય છે. માટે એ જગતની સૌથી નિશ્ચિત બાબત છે. ચિંતકો 'જન્મ' શબ્દની એક નિરુક્ત વ્યાખ્યા મજાની કરે છે. નિરુક્ત વ્યાખ્યાનો અર્થ છે શબ્દના એકેક અક્ષર અલગ કરી એ અક્ષરથી આરંભાતા શબ્દો દ્વારા કલ્પનાશીલ અર્થઘટન કરવું. **'જન્મ'** શબ્દમાં ત્રણ અક્ષર છે : જ, ન્, મ. ચિંતકો એનો અર્થ કરે છે કે જ = જરૂર, ન્ = નક્કી, મ = મરણ છે જેના પછી તેનું નામ જન્મ ! મતલબ કે જેનો જન્મ થયો તેનું મૃત્યુ નક્કી જ છે.

ઘટનાની દૃષ્ટિએ મૃત્યુ જેમ નિશ્ચિત બાબત છે તેમ સમયની દૃષ્ટિએ પણ મૃત્યુ અત્યંત નિશ્ચિત બાબત છે. જે વ્યક્તિનું આયુષ્ય જે ક્ષણે પૂર્ણ થવાનું હોય એ જ સમયે એનું મૃત્યુ ગમે તે રીતે - ગમે તે કારણે થાય જ. વ્યક્તિ ભરયુવાન વયની હોય કે નખમાં ય રોગ ન ધરાવતી હોય : છતાં આંખના પલકારમાં એ મરણને શરણ થઈ જતી નિહાળાય છે એ મૃત્યુ સમયની દૃષ્ટિએ અત્યંત નિશ્ચિત હોવાની સચ્ચાઈનું દ્યોતક છે. અરે ! સ્વયં તીર્થંકર ભગવંતો જેવી અનંત શક્તિમાન વિભૂતિઓ પણ એમનાં આયુષ્યમાં ક્ષણની

પણ ફેરબદલ કરી શકતી નથી. એથી જ પ્રભુમહાવીરદેવને દેવરાજ ઈન્દ્રે એક ક્ષણનું આયુષ્ય વધારવાની વિનંતિ કરી ત્યારે પ્રભુએ એનો ઈન્કાર કર્યો હતો.

હવે નિહાળીએ સિક્કાની બીજી બાજુ. હમણા જણાવ્યું તે રીતે મૃત્યુ સૌથી વધુ નિશ્ચિત બાબત છે. તો મૃત્યુ સૌથી વધુ અનિશ્ચિત બાબત એ રીતે છે કે તે ક્યારે ક્યાં કઈ ક્ષણે આવી મળશે એની સચોટ જાણકારી કોઈને નથી હોતી. ક્યાંક એવું બને છે કે હોસ્પિટલના પલંગ પર ભયાનક રોગથી કણસતી જે વ્યક્તિ બે-ત્રણ કલાકની મહેમાન લાગતી હોય એ વ્યક્તિ દિવસો જ નહિ, મહિનાઓ પણ પસાર કરી દે. તો ક્યાંક એવું ય બને છે કે જેને મૃત્યુની કોઈ કલ્પના સુદ્ધા ન હોય એવી વીશ - બાવીશ વર્ષની જુવાનજોધ વ્યક્તિ 'Severe Heart Attack'નાં કારણે કાચી ક્ષણમાં ઢળી જાય. આપણી દૃષ્ટિએ મૃત્યુનું આગમન આટલું બધું અનિશ્ચિત હોવાથી જ એના માટે એક હૃદયસ્પર્શી વિધાન કરાયું છે કે **''જન્મની આગાહી નવ માસ પહેલા થઈ શકે છે, જ્યારે મૃત્યુની આગાહી નવ ક્ષણ પહેલા ય થઈ શકતી નથી.''**

આવી વિ-લક્ષણતા ધરાવતા મૃત્યુ માટે વ્યક્તિને ખુદને ભય - કુતૂહલ - જિજ્ઞાસા જેવા ભાવો પ્રગટતા હોય છે, તો ચિંતકો એનું સોહામણું - બિહામણું શબ્દચિત્ર પણ રજૂ કરતા હોય છે. જૈન ગ્રન્થકારો મૃત્યુ અંગે કોઈ નિરર્થક ભ્રાન્ત કલ્પનાઓ રજૂ કરવાના બદલે વાસ્તવિક અને વૈરાગ્યપ્રેરક રજૂઆતો કરે છે જે સરવાળે વ્યક્તિને ધર્મારાધનામાં જોડી શકે. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થના છટ્ઠા અધિકારમાં ગ્રન્થકારે મૃત્યુ અંગે સરસ રજૂઆત સાથે ધર્મક્ષેત્રે અપ્રમાદી થવાની પ્રેરણા કરી છે. 'મૃત્યુ સૌથી વધુ નિશ્ચિત છતાં સૌથી વધુ અનિશ્ચિત છે' એ પૂર્વોક્ત સત્યને જરા અલગ રીતે રજૂ કરતા તેઓ જણાવે છે કે :-

वध्यस्य चौरस्य यथा पशोर्वा, संप्राप्यमाणस्य पदं वधस्य।
शनैः शनैरेति मृतिः समीपं, तथाखिलस्येति कथं प्रमादः ?।।

ગ્રન્થકાર કહે છે કે ફાંસીની શિક્ષા પામેલ ચોર અથવા કતલખાને કતલ કરવા લઈ જવાતું પશુઃ આ બન્ને જેમ જેમ એકેક ડગલું ફાંસી કે કતલસ્થાન તરફ ભરતા જાય તેમ તેમ દરેક પગલે મૃત્યુ એમની નિકટ ને નિકટ આવતું જતું

હોય છે. બસ, લગભગ આવી જ પરિસ્થિતિ હરેક વ્યક્તિની છે કે દરેક નવા દિવસે - નવા માસે એ મૃત્યુની નિકટ જતી હોય છે. ફર્ક એટલો જ છે કે ચોરને અને પશુને ખબર હોય છે કે એના મૃત્યુનું સ્થાન ક્યાં છે? જ્યારે માનવીને એની ખબર નથી હોતી. ગ્રન્થકાર આ સરસ કલ્પના પ્રસ્તુત કરીને પૂછે છે કે 'જો પ્રતિદિન તું મૃત્યુની નિકટ સરે જ છે, તો ઈન્દ્રિયવિષયોથી વિમુખતા માટે - ધર્મસાધના માટે પ્રમાદ કેમ કરે છે?' વ્યક્તિ જ્યારે હાર્દિક સચ્ચાઈથી પોતાના મૃત્યુ અંગે આવી સતર્કતા કેળવે ત્યારે ધર્મસાધના માટે સજ્જતા કેવી આવે એ જાણવું છે? તો વાંચો આ હૃદયસ્પર્શી સત્ય ઘટના :

કલકત્તાની હાઈકોર્ટના એક નિવૃત્ત ન્યાયાધીશ રાજાબાબુ. ધાર્મિક પ્રકૃતિના એ ન્યાયાધીશે નિવૃત્તિ બાદ નિત્ય Evening Walk નો કાર્યક્રમ બનાવ્યો હતો. નિયત માર્ગ ઉપર એ સાંજે લટાર મારવા નીકળે અને આછું અંધારું થાય ત્યારે ઘર તરફ પરત આવે. આ નિત્ય ક્રમાનુસાર એક વાર ઢળતી સંધ્યાએ એ ઘર તરફ પરત આવી રહ્યા હતા. અંધકારનાં ઓળાં ચોતરફ છવાઈ રહ્યા હતા. ત્યાં એકાએક એમને એક અવાજ સંભળાયોઃ ''राजाबाबु, राजाबाबु! शाम ढलने आइ। अभी तक तूंने दीया नहि जलाया?'' ન્યાયાધીશ ચમકી ગયા કે મને સંબોધીને આ વાત કોણ કરી રહ્યું છે? એમણે આસપાસ નજર કરી. પણ ત્યાં કોઈ વ્યક્તિ હતી જ નહિ. ભ્રમ થયાનું સમજીને એ ડગલું માંડતા હતા ત્યાં ફરી વાર એ જ વાક્ય એમના કર્ણપટલ પર અથડાયું. રાજાબાબુને ખ્યાલ આવી ગયો કે Footpathની બાજુની ખોલીમાં કોઈ દરિદ્ર મા એના દીકરા રાજાબાબુને આ શબ્દો કહી રહી હતી. રાજાબાબુ ન્યાયાધીશે આ શબ્દો પોતાની જાત પર લઈ લીધા અને ગહન મંથન કર્યું કે 'જીવનની સંધ્યા ઢળવા આવી છે. છતાં મેં ધર્મસાધનાનો - આત્મકલ્યાણનો દીવો તો પ્રગટાવ્યો જ નથી !' આ મંથનના અંતે તેઓ ત્યાંથી જ હિમાલય તરફ જવા નીકળી ગયા અને શેષ જીવનમાં સંન્યાસ સ્વીકારી લીધો.

છેલ્લે એક સરસ વાત : **મૃત્યુનો ભય કેળવવાનો નથી, ભાન કેળવવાનું છે. ભય વ્યક્તિને વિહ્વલ બનાવે છે, ભાન વ્યક્તિને વિવેકી બનાવે છે.**

# ૧૪

# મનના Mobile માંથી Delete કરવા જેવો 'અહં' છે... મનના Mobile માં Save કરવા જેવી 'નમ્રતા' છે...

જંગલમાંથી પસાર થઈ રહેલ પ્રવાસી ચોતરફનાં દૃશ્યો નિહાળીને મનોમન વિચારી રહ્યો હતો કે 'કુદરતની તબાહી વેરવાની તાકાત કેવી જાલિમ છે !' થોડા જ દિવસો પૂર્વે આવેલ વિનાશક વાવાઝોડાંએ એકે ય વૃક્ષને સલામત રહેવા દીધું ન હતું. તોતિંગ અને ઘેઘૂર જણાતા વૃક્ષો પણ સાવ ધરાશાયી થઈ ગયા હતા. કુદરતનો આ તમાશો જોતાં જોતાં જઈ રહેલ એ પ્રવાસીની નજરે અચાનક એક એવું વૃક્ષ આવ્યું કે જે બિલકુલ અડીખમ - યથાવત્ હતું. સમગ્ર જંગલમાં આ એક જ વૃક્ષ આમ સહીસલામત કઈ રીતે રહી શક્યું એનું પ્રવાસીને આશ્ચર્ય થયું. પરંતુ એની પાસે આનો કોઈ ઉત્તર ન હતો.

એવામાં એને ત્યાં એક વનવાસી મળી ગયો. પ્રવાસીએ વનવાસી સમક્ષ પોતાનું કુતૂહલ રજૂ કર્યું. જાણકાર વનવાસીએ તરત જ ઉત્તર આપ્યો : ‘‘આમાં કાંઈ આશ્ચર્યજનક નથી. હકીકત એ છે કે આ વૃક્ષનાં મૂળ ઊંડે ઊંડે પાતાળ

સુધી ઊતરી ગયા છે. એથી એ એટલા સલામત છે કે કોઈ વા-વાંટોળ પણ એ મૂળને ઉખાડી ન શકે. મૂળ સલામત છે માટે આ વૃક્ષ પણ અડીખમ - સલામત છે. બીજી મહત્ત્વની વાત એ છે કે ધોમધખતા તાપમાં અન્ય વૃક્ષો સુકાઈ પણ ગયા છે, જ્યારે આ વૃક્ષના ઊંડાં મૂળ પાતાળમાંથી પાણી ચૂસતા હોવાથી એ લીલુંછમ પણ છે''...

જેમ મૂળ સલામત હોય તો વૃક્ષ અડીખમ રહે છે, તેમ જ્ઞાનીભગવંતો કહે છે કે કષાયો સલામત હોય તો આત્માનો સંસાર પણ અડીખમ - અનંત બની રહે છે. સાધક ભલે ને ચાહે તેવી ઘોર ઉગ્ર સાધના કરે, પરંતુ એના કષાયો અર્થાત્ ક્રોધાદિ દોષો સલામત હોય તો એ સાધકના સંસારનો - ભવભ્રમણનો અંત ન આવે. કારણ કે કષાયો તો સંસારવૃક્ષનું મૂળ છે. આપણે જે ગ્રન્થના સાતમા અધિકારમાં હવેથી પ્રવેશ કરી રહ્યા છીએ તે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થના આ સાતમા અધિકારમાં જ ગ્રન્થકારે બહુ સ્પષ્ટ રીતે સંસારને વૃક્ષની અને કષાયોને એનાં મૂળની ઉપમા આપી છે. ગ્રન્થકારની પંક્તિ આ છે કે ''मूलं हि संसारतरोः कषायाः''

જૈન પારિભાષિક શબ્દ 'કષાય'માં ચાર ભયાનક દોષો સમાવિષ્ટ થાય છેઃ ક્રોધ - માન - માયા અને લોભ. આ દૃષ્ટિએ કષાયોના પ્રકાર ચાર ગણાયા છે. આ દરેક દોષોની તીવ્રતા - મંદતાની અપેક્ષાએ દરેકના સંજવલનાદિ ચાર ભેદો કરી કર્મગ્રન્થકારો કષાયોના સોળ પ્રકાર અને વધુ સૂક્ષ્મતામાં જઈએ તો કષાયોના ચોસઠ પ્રકારો પણ દર્શાવે છે. આપણે અહીં સાતમા અધિકારના કેટલાક શ્લોકોના આધારે કષાયોના મૂળ ચાર પ્રકારો એટલે કે ક્રોધ-માન-માયા-લોભ પર ક્રમશઃ સંક્ષિપ્ત નિરૂપણ કરીશું :

ક્રમાનુસાર પ્રથમ વિચારીએ ક્રોધ. ક્રોધ નુકસાનકારક છે આવું સમજવા છતાં આપણે ઘણી વાર આપણા ગુસ્સાનો બચાવ કરવા એક સુંવાળી દલીલ કરીએ છીએ કે 'પણ ક્યાં સુધી સહન કરવાનું ને સાંભળી લેવાનું? સહન કરવાની કોઈ સીમા તો હોય ને? બેહદ થઈ જાય તો ગુસ્સો આવી ય જાય.'

વસ્તુતઃ આ દલીલ આપણી અસહિષ્ણુતા - 'Short Temper' સ્વભાવ પરનો ઢાંકપિછોડો છે. ગ્રન્થકાર સાતમા અધિકારના પ્રથમ શ્લોકમાં આની સામે સચોટ દલીલ કરે છે કે :-

''रे जीव! सेहिथ सहिष्यसि च व्यथास्ता,–स्त्वं नारकादिषु पराभवभू: कषायै:।
मुग्धोदितै: कुवचनादिभिरप्यत:किं, क्रोधान्निहंसि निजपुण्यधनं दुरापम्?।।''

ભાવાર્થ કે ''હે જીવ ! કષાયોના અંજામરૂપે ભૂતકાળમાં તેં નર્કમાં કારમી વેદનાઓ સહન કરી છે અને હજુ પણ કષાયવશ થઈશ તો જાલિમ નર્કવેદનાઓ સહન કરવી પડશે. ત્યાં એવી કોઈ દલીલ નથી ચાલતી કે 'ક્યાં સુધી સહન કરવાનું? કોઈ મર્યાદા તો હોય ને?' જો ત્યાં ઘણું સહન કરવું જ પડશે તો એના બદલે અત્યારે થોડું સહન કેમ નથી કરી લેતો? શા માટે અજ્ઞાની વ્યક્તિના દુર્વચનોથી ઉશ્કેરાઈ જઈને તારું પુણ્યરૂપી ધન ખતમ કરે છે?'' ગ્રન્થકારની આ દલીલ એવી દમદાર છે કે આ 'angle'થી વિચારીએ તો ક્રોધ શાંત થઈ જાય, ઉશ્કેરાટ પર કાબૂ આવી જાય.

ક્રોધ પર નિયંત્રણ રાખવા આપણે ત્રણ લક્ષ્ય રાખવા જોઈએ : (૧) ઉશ્કેરાટની સ્થિતિમાં કોઈ પ્રતિક્રિયા ન આપવી. કેમ કે ઉશ્કેરાટમાં વ્યક્તિ સારાસારનો વિવેક વીસરી જાય છે. (૨) મર્યાદા ચૂકીને પ્રતિક્રિયા ન આપવી. કોઈ ભલે અસભ્યતા દાખવે. વસ્તુતઃ એમ કરવામાં તે એના સંસ્કારોનું સ્તર નિમ્ન હોવાનું પુરવાર કરે છે. આપણે મર્યાદા ન ચૂકીએ તો આપણા સંસ્કારોનું સ્તર ઉચ્ચ હોવાનું આપોઆપ પ્રતિપાદિત થાય. યાદ આવે અહીં ભર્તૃહરિના એક શ્લોકની કલ્પના : કો'કે અસભ્યતા દાખવી સંસ્કારી સજ્જનને ગાળ આપી. સને કહ્યું : ''તમારે ગાળ આપવી હોય તેટલી આપો. એનાથી એ પુરવાર થઈ જશે કે તમારી પાસે ગાળોનો - અપશબ્દોનો ભંડાર છે. હું તમને પ્રતિક્રિયારૂપે એક ગાળ પણ નહિ આપું. કેમ કે મારી પાસે ગાળનો 'sample' પણ નથી!'' આને કહેવાય મર્યાદા ન ચૂકવાની સભ્યતા. (૩) વૈરનો અનુબંધ - પરંપરા સર્જાય તેવી ઉગ્ર પ્રતિક્રિયા ન દાખવવી. અતિ ઉગ્ર પ્રતિક્રિયા દાખવવાથી આ જન્મમાં તો દુશ્મનાવટ - અંગોપાંગહાનિ વગેરે નુકસાનો થાય જ. ઉપરાંત પરલોકમાં વૈરાનુબંધનાં કારણે નર્ક જેવી દુર્ગતિ

મળે છે. ઉત્તરાધ્યયન આગમસૂત્રનું એક વચન છે કે 'वेराणुबद्धा नरयं उवेंति' મતલબ કે વૈરાનુબંધી જીવો નર્કમાં ઉત્પન્ન થાય છે.

ઉપયોગી થશે આ ચિંતન આપણા ક્રોધ નામના દોષને નિયન્ત્રિત કરવામાં...

ચાર કષાયોમાં દ્વિતીય ક્રમે આવે છે માન. અહંકાર - અભિમાન - ગર્વ - દર્પ - મદ વગેરે એના પર્યાયવાચી શબ્દો છે.

ચારે ય કષાયો આમ તો દરેક અપૂર્ણ જીવોમાં ઓછા - વધતા અંશે હોય જ છે. છતાં જૈન શાસ્ત્રો ચાર ગતિના જીવોમાં સામાન્યતઃ એકેક કષાયોની મુખ્યતાદર્શાવે છે. જેમ કે નર્કગતિમાં ક્રોધકષાય મુખ્ય છે, તો તિર્યંચગતિમાં માયાકષાય મુખ્ય છે; દેવગતિમાં લોભકષાય મુખ્ય છે, તો માનવગતિમાં માનકષાય મુખ્ય છે. જૈન શાસ્ત્રોનું આ વિધાન એ નિર્દેશ કરી જાય છે કે સામાન્યતયા માનવીને સૌથી વિશેષ નડતો દોષ અહંકાર - અભિમાન છે. એક ચિંતકે એટલે જ તો માર્મિક કટાક્ષ કર્યો છે કે : **માનવીના અહંકારને સમાવા માટે તો આખું આકાશ પણ ઓછું પડે !**

એમાં ય જ્યારે પુણ્યનો પ્રબળ ઉદયકાળ હોય ત્યારે માનવીને અહંકારથી ફુલાઈ જતાં જરા ય વાર નથી લાગતી. અમારી દૃષ્ટિએ પુણ્ય એક Electricity power જેવું પરિબળ છે. Electricity power જો બરાબર અખંડ વહેતો રહે તો ઘરમાં રાત્રે ય બધી સુવિધા સચવાઈ રહે. પુત્ર એનાં કારણે રાત્રે 'lession' બરાબર કરી શકે, તો મમ્મી એનું ગૃહકાર્ય સફાઈદાર કરી શકે; પિતા હિસાબ - કિતાબના કાગળ બરાબર વાંચી શકે, તો ગરમીની સીઝનમાં A.C.- પંખામાં સહુ શાંતિથી પોઢી શકે. પણ જો Electricity power જ વચ્ચેથી Cut થઈ જાય તો અંધારપટ છવાઈ જવા સાથે ઉપરની બધી વ્યવસ્થા ખોરવાઈ જાય. જેવી વાત 'power' ની છે એવી જ વાત પુણ્યની છે. પુણ્ય જ્યારે પ્રબળ હોય ત્યારે વ્યક્તિ અંધારી રાત જેવી સ્થિતિમાં ય ઝળહળતી રહે. એનું નાવ રેતીમાં ફસાયેલું હોય તો ય સડસડાટ ચાલ્યું જાય. આવા સમયે 'side

effect' રૂપે વ્યક્તિના દિલ - દિમાગમાં અહંકારની રાઈ ભરાઈ જાય કે 'હું જે ધારું એ કરી શકું, હું શક્તિશાળી છું, મારી સામે અન્યો તુચ્છ છે' વગેરે. વ્યક્તિ એ સમયે પેલું સત્ય વીસરી જાય કે આ મારો નહિ, મારા પુણ્યનો પ્રતાપ છે. પરિણામ? પરિણામ એ આવે કે જ્યારે પુણ્યનો Power Cut થાય ત્યારે એના અહંકારના ય ટૂકડે ટૂકડા થઈ જાય. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો નેપોલીયન બોનાપાર્ટની આ સત્ય જીવનઘટના :

સાવ સામાન્ય વિધવા માતાના દીકરામાંથી ફ્રાન્સના સર્વોચ્ચ સત્તાધીશપદે પ્રતિષ્ઠિત થયેલ નેપોલીયનને પોતાની તાકાતનો એવો ગર્વ હતો કે એ ઘણી વાર કહેતો : "હું Order કરીશ ત્યારે આલ્પ્સની આ પર્વતમાળાએ પણ મારા માર્ગ વચ્ચેથી હટી જવું પડશે." પુણ્યનો એ ચમકતો 'period' પૂરો થયો અને અજેય ગણાતો નેપોલીયન વોટરલૂના યુદ્ધમાં પરાજિત થયો. નેપોલીયનને સજારૂપે સેંટ હેલીના ટાપુ પર કેદીરૂપે લઈ જવાતો હતો ત્યારે એક ઘટના બની. માર્ગ ત્યાં એટલો સાંકડો હતો કે બે વ્યક્તિ સામસામી પસાર ન થઈ શકે. બેમાંથી એકે માર્ગની નીચે ઊતરવું પડે. આ સ્થિતિમાં સામેથી એક બાઈ માથે ઘાસનો ભારો લઈને આવી રહી હતી. એ એકદમ નિકટ આવી ત્યારે નેપોલીયને એને આદેશ કર્યો : "તું નીચે ઊતરી મને જવાનો માર્ગ આપ." શ્રમજીવી બાઈએ તોછડાઈથી કહ્યું : "તું નીચે ઊતરી જા. જોતો નથી કે મારે માથે ભાર છે? તારા માથે કાંઈ નથી!" અને... ચૂપચાપ નેપોલીયન બાજુ પર ખસી ગયો. એક સમયે આલ્પ્સની પર્વતમાળાઓ હટાવી દેવાની વાતો કરનાર નેપોલીયન એક મજૂર સ્ત્રીને પણ બાજુ પર ન હટાવી શક્યો એ પુણ્યનો Power Cut થયાનું પરિણામ હતું.

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર પુણ્યના ઉદયથી મળતી ભૌતિક ઉપલબ્ધિઓથી ગર્વિષ્ઠ ન બનવા માટે આ સરસ શ્લોક જણાવે છે કે :-

रुपलाभकुलविक्रमविद्या – श्री–तपोवितरणप्रभुताद्यैः।
किं मदं वहसि वेत्सि न मूढा – नन्तशः स्वभृशलाघवदुःखम्।।

ભાવાર્થ કે "સુંદર રૂપ - શ્રેષ્ઠ લાભ - પ્રબળ પરાક્રમ - ઉત્તમ જ્ઞાન - પારાવાર સમૃદ્ધિ - ઉત્કૃષ્ટ તપ - દિલદાર દાન - ઐશ્વર્ય વગેરે વિશેષતાઓ મળવાથી તું અહંકાર કેમ કરે છે? ભૂતકાળમાં તો તેં અનંત વાર આ બધા જ ક્ષેત્રે લઘુતાનાં દુઃખ વેઠ્યા છે." સાર એ થયો કે પુણ્યોદયે મળતી વિશેષતાઓને પચાવી જાણી વધુ ને વધુ નમ્રતા કેળવવી. જો એ વિશેષતાઓ પચાવી ન શકાઈ તો દુર્યોધન અને રાવણ જેવી બદનામી અને બેહાલી થઈ શકે છે.

આ જ અધિકારના અન્ય એક શ્લોકમાં ગ્રન્થકાર બાહુબલિમુનિવરનું ઉદાહરણ આપીને સમજાવે છે કે કઠોર - ઉગ્ર તપ કરવો આસાન છે, પરંતુ અહંકારની ગ્રન્થિ તોડવી કઠિન છે. તપ મોક્ષ આપશે એ નિશ્ચિત નથી, જ્યારે અહંકારમુક્તિ મોક્ષ અપાવે એ નિશ્ચિત છે એમ બાહુબલિમુનિવરની જીવનઘટના સમજાવે છે. એમણે એક વર્ષ અખંડ ઉપવાસ કર્યા છતાં મોક્ષના પરવાનારૂપ કેવલજ્ઞાન ન પ્રગટ્યું. પણ જ્યાં બાંધવમુનિઓને વંદનાના ભાવરૂપ અહંકારત્યાગ થયો ત્યાં તુર્ત કેવલજ્ઞાન પ્રગટ્યું.

છેલ્લે એક વાત : **મનના Mobile માંથી 'Delete' કરવા જેવો અહં છે... મનના Mobileમાં 'Save' કરવા જેવી નમ્રતા છે.**

# ૧૫

# કોઈની 'હાય' લઈને એકત્ર કરાયેલ સંપત્તિ આખરે જીવનમાં 'લહાય' લગાવીને જ રહેશે !

જૈન દર્શન 'કષાય' શબ્દની જે વ્યાખ્યા કરે છે એ નિહાળતાં જ સ્પષ્ટ સમજાય કે આત્મકલ્યાણના અર્થી - મોક્ષના આશિક આરાધક માટે કષાયો કેવા ખતરનાક અવરોધરૂપ પરિબળ છે. જૈન શાસ્ત્રોમાં 'કષાય' શબ્દની વ્યાખ્યા આ કરી છે : કષ = સંસાર અને આય = લાભ. જેનાથી જીવને સંસારનો લાભ થાય અર્થાત્ સંસારભ્રમણની પરંપરા લમણે ઝિંકાય એનું નામ કષાય. આ વ્યાખ્યાનો સાર એ થયો કે કષાયો જીવની ભવપરંપરાનું - ચોર્યાશીના ચક્કરનું મુખ્ય ચાલક પરિબળ છે.

ક્રોધ - માન - માયા - લોભ : આ ચાર કષાયો પૈકી હવે આપણે વિચારવાનો છે માયાકષાય. માયાનો અર્થ છે છળ - કપટ - વંચના યાવત્ દંભ. ભીતરી વ્યક્તિત્વ અલગ અને બાહરી વ્યક્તિત્વ એનાથી સાવ અલગ : આ છે માયાનું- દંભનું સ્વરૂપ. પેલી હીંદી કહેવત દંભી વ્યક્તિનાં વ્યક્તિત્વ

સાથે બિલકુલ બંધબેસતી થાય કે **'मुखमें राम और बगलमें छुरी.'** અધ્યાત્મની દૃષ્ટિએ દંભના નુકસાનો પછી વિચારીએ તો ય એક વાત ચોક્કસ છે કે સામાજિક દૃષ્ટિએ, દંભનાં કારણે વ્યક્તિ સામી વ્યક્તિ માટે અવિશ્વસનીય બની રહે છે. દંભી વ્યક્તિ ભલે એ કેફમાં રાચતી હોય કે 'હું અન્યોને સીફતથી છેતરી શકું છું.' પરંતુ વાસ્તવિકતા એ છે કે એક - બે વારના અનુભવ પરથી સામી વ્યક્તિ એનું દંભી સ્વરૂપ પિછાણી લેતી હોય છે. એક મજાનું વિધાન આ સંદર્ભમાં યાદ કરવા જેવું છે કે **''તમે એક વ્યક્તિને લાંબો સમય મૂર્ખ બનાવી શકો છો. પરંતુ દરેક વ્યક્તિને લાંબો સમય મૂર્ખ બનાવી શકતા નથી.''** વ્યક્તિની દંભી વૃત્તિ જ્યારે ખુલ્લી પડી જાય ત્યારે એની સ્થિતિ કેવી વિલક્ષણ - શોચનીય બની જાય એ જાણવું છે? તો વાંચો આ માર્મિક રમૂજકથા :

સમ્રાટ તરફથી ભોજનનું આમન્ત્રણ મળતા સંત રાજી રાજી થઈ ગયા. ત્યાં ભોજન ઉત્તમ મળશે એ આશાથી નહિ, બલ્કે સમ્રાટને આંજી દેવાની તક મળશે એ આશાથી તેઓ રાજી રાજી હતા. નિયત દિવસે બહુમાનપૂર્વક લેવા આવેલ સમ્રાટ સાથે સંત રાજમહાલયમાં પધાર્યા. એ સતત એ જ ફિરાકમાં હતા કે સમ્રાટને આંજી દેવાની તક ક્યારે મળે? એવામાં ભોજન પૂર્વેની પ્રાર્થનાનો સમય થયો. સંતે તક ઝડપી લઈ લાં..બી પ્રાર્થના કરી. એ સમયે તન્મયતાનો દેખાવ પણ એમણે એવો રચ્યો કે સમ્રાટ એમની ભક્તિભાવનાથી અંજાઈ જાય. એ પછી વારો આવ્યો ભોજનનો. એમાં પણ સમ્રાટને પ્રભાવિત કરી દેવા સંતે યુક્તિ કરી. સમ્રાટે જે જે ઉત્તમ મિષ્ટાન્નો માટે સંતને આગ્રહ કર્યો એમાંનું એક પણ મિષ્ટાન્ન એમણે સ્વીકાર્યું નહિ. માત્ર દાળ-રોટીનું સાવ સાદું ભોજન અતિ અલ્પ પ્રમાણમાં કરી સંત તુર્ત ઊભા થઈ ગયા. આશય એમનો એ હતો કે એમની ત્યાગવૃત્તિથી સમ્રાટ પ્રભાવિત થઈ જાય.

સત્સંગ બાદ સમ્રાટ સંતને એમની કુટિર સુધી વળાવવા આવ્યો. છેલ્લા નમન કરી સમ્રાટ હજુ તો કુટિરની બહાર નીકળ્યો ત્યાં જ સંતે શિષ્યને આજ્ઞા કરી : ''જલ્દી થોડી ભિક્ષા લઈ આવ. કકડીને ભૂખ લાગી છે.'' શિષ્યે આશ્ચર્યથી પૂછ્યુંઃ ''અરે! આપ તો સમ્રાટને ત્યાંથી હમણા જ પધાર્યા છો. ત્યાં

ભોજનની શી કમી હતી કે આ તુર્ત ભૂખ લાગી?'' સંતે કહ્યું. ''પાગલ! ત્યાં તો સમ્રાટ પર મારે ત્યાગની છાપ ઉપસાવવી હતી. માટે જાણીને હું ત્યાં ભૂખ્યો રહ્યો હતો.'' કુટિરની બહાર ઊભેલ સમ્રાટે આ સંવાદ કાનોકાન સાંભળ્યો અને એનાં મનમાંથી સંતની તમામ ઉત્તમ છાપ એક ઝાટકે ધરાશાયી થઈ ગઈ. સમ્રાટે કુટિરમાં પ્રવેશી મર્મભેદી ઘા કર્યો કે ''મહાત્માજી! તો પછી ભોજનની જેમ પ્રાર્થના પણ તમે ફરી વાર કરજો. કારણ કે એ દીર્ઘ પ્રાર્થના પણ તમે મને આંજી દેવા જ કરી હશે, પ્રભુને રીઝવવા નહિ.'' સંતની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ..

જે દંભ - માયા વ્યક્તિને અન્યો સમક્ષ આવી પછડાટ આપે છે એ માયા અધ્યાત્મની - ધર્મની દૃષ્ટિએ તો આનાથી પણ અત્યંત ભયંકર પછડાટ આપે છે. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર સાતમા અધિકારમાં એનો નિર્દેશ કરતાં જણાવે છે કે :-

अधीत्यनुष्ठानतप: शमाद्यान्, धर्मान् विचित्रान् विदधत्समायान्।
न लप्स्यसे तत्फलमात्मदेह–क्लेशाधिकं तांश्च भवान्तरेषु।।

ભાવાર્થ કે :- ''હે સાધક! જો તું શાસ્ત્રાભ્યાસ - ધર્મક્રિયા - ઉગ્ર તપશ્ચર્યા - ક્ષમાશીલતા વગેરે ધર્મો પણ દંભ રાખીને કરે છે તો એનાથી તને કાયકલેશ સિવાય કાંઈ જ લાભ નહિ થાય અને તને ભવાંતરમાં એ શાસ્ત્રાભ્યાસાદિ ધર્માલંબનોની પણ પ્રાપ્તિ નહિ થાય!'' કેવી કડક રજૂઆત કરાઈ છે આ શ્લોકમાં કે માયાવી બનશો તો તરવાનાં આલંબનો પણ તમને તારી નહિ શકે અને જન્માંતરમાં તો એ આલંબનો ય મળવા અશક્ય બની જશે.

આપણી ધર્મસાધનાને જો ફલદાયી બનાવવી હોય તો આપણે દંભને - કપટને 'દિલનિકાલ' કરવું જ જોઈએ. સ્વયં પ્રભુ મહાવીરદેવ ઉત્તરાધ્યયન આગમમાં ફરમાવે છે કે ''सोही उज्जुभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ'' મતલબ કે જે સરલ - કપટરહિત આત્મા છે એની જ શુદ્ધિ શક્ય છે અને જે શુદ્ધિ પ્રાપ્ત કરે છે એનામાં જ સાચો ધર્મ ટકી શકે છે. આ સંદર્ભમાં યાદ રાખીએ આ સરસ

સુવાક્ય કે સરલ વ્યક્તિ સર્વત્ર આદરનું પાત્ર બની જાય છે... દંભી વ્યક્તિ સર્વત્ર અવિશ્વાસનું પાત્ર બની જાય છે.

કષાયો અંગેના ચિંતનમાં હવે આપણે વિચારીશું ચોથા - અંતિમ ક્રમનો કષાય. એ છે લોભ.

લોભ એટલે ચિત્તની અસંતુષ્ટ વૃત્તિ. જરૂર હોય કે ન હોય, તો ય વ્યક્તિ સંપત્તિની વધુ ને વધુ ઝંખના કરે છે એનાં મૂળમાં છે ચિત્તની આ અસંતુષ્ટ વૃત્તિ. આ વૃત્તિનાં કારણે જ વ્યક્તિ રાત - દિવસ એક કરતી તનતોડ મહેનત કરે છે, તો લોહી - પાણી એક કરી દે તેવી મથામણ કરે છે; ભાઈ - ભાઈ સાથે સામે જોવાના વ્યવહાર ન રહે તેવા વેર બાંધે છે, તો પુણ્ય - પાપનો વિચાર કર્યા વિના ભરપૂર ખોટાં કાર્યો કરે છે. પછી એના અંજામરૂપે એ સામેથી દુઃખોને - દુર્ગતિને જાણે કે આમન્ત્રણ આપે છે.

લોભનાં આ તોફાન તોડવા **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર મિત્રસંમિત ઉપદેશ આપતાં સરસ પ્રસ્તુતિ કરે છે કે :-

सुखाय धत्से यदि लोभमात्मनो, ज्ञानादिरत्नत्रितये विधेहि तत् ।
दु:खाय चेदत्र परत्र वा कृतिन्, परिग्रहे तद् बहिरान्तरेपि च ।।

ગ્રન્થકાર મધુર શૈલીમાં આપણને કહે છે કે 'તું તો ચતુર છે - હોંશિયાર છે. તો પ્રથમ એ વિચારી લે કે સુખપ્રાપ્તિ માટે લોભ કરવો છે યા દુઃખપ્રાપ્તિ માટે? જો સુખપ્રાપ્તિ માટે લોભ કરવો છે તો શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ રત્નો પર લોભ કરજે. અર્થાત્ એ વધુ ને વધુ પ્રાપ્ત થાય એ માટે રાત-દિવસ એક કરજે. પરિણામસ્વરૂપે તને આંતર આનંદ ઉપરાંત સદ્ગતિ - સિદ્ધિગતિનાં સુખો સંપ્રાપ્ત થશે. એથી વિપરીત જો દુઃખપ્રાપ્તિ માટે તારે લોભ કરવો છે તો પૈસો-પરિવાર વગેરે બાહ્ય પરિગ્રહ અને તેના પર આસક્તિરૂપ અભ્યંતર પરિગ્રહ પર લોભ કરજે. પરિણામસ્વરૂપે તને આ જન્મમાં ભય-માનસિક તાણ - સંક્લેશોનાં અને ભવાંતરમાં દુર્ગતિનાં જાલિમ દુઃખો મળશે. પસંદગી કયા લોભની કરવી એ તારે નક્કી કરવાનું છે.'

લોભ પર થોભ મેળવવા **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર જેમ આ રસાળ રજૂઆત કરે છે, એમ તત્ત્વાર્થશાસ્ત્રકાર એમની સ્વોપજ્ઞ વૃત્તિમાં નવી રજૂઆત કરે છે. એ કહે છે કે સંપત્તિ પ્રાપ્ત નથી થઈ ત્યારે, પ્રાપ્ત થાય છે ત્યારે, અને નષ્ટ થાય છે ત્યારે : એમ ત્રણ તબક્કે સંક્લેશ - દુઃખ આપે છે. જરા વિસ્તારથી સમજીએ એમની વાતઃ

અપ્રાપ્ત સંપત્તિમાં દુઃખ હોય છે ઝંખનાનું. 'अप्राप्ते कांक्षा' આ એમના શબ્દો છે. માનવીય મન નવી નવી સંપત્તિ માટે કેવું ઝંખનાગ્રસ્ત - ઘેલછાગ્રસ્ત હોય એ જાણવું છે? તો વાંચો આ રૂપકકથા :

નગરનો સમ્રાટ નવાં રાજ્યો જીતવાની ઝંખનાથી દિગ્વિજયયાત્રાએ જઈ રહ્યો હતો. ત્યાં સામે એક સંત મળ્યા. સંતે કહ્યું : ''રાજન્! તું મારું એક કાર્ય કરી દે, તો વિના યુદ્ધે તમામ પ્રદેશોનો માલિક બની જઈશ. આ યુદ્ધયાત્રા રહેવા દે.'' વિના યુદ્ધે માલિક બનવામાં સમ્રાટને ય રસ પડ્યો. એ સંતની સાથે રાજમહેલમાં પરત ફર્યો. સંતે એક નાનું પાત્ર દર્શાવી કહ્યું : ''આને તું સુવર્ણમુદ્રાથી ભરી દે, એટલે તું દિગ્વિજયી બની જઈશ.'' એક જ મૂઠી સુવર્ણમુદ્રામાં ભરાઈ જાય એવું નાનું પાત્ર જોઈ સમ્રાટ હરખાઈ ગયો.

એણે રાજભંડારમાંથી તપેલી ભરીને સુવર્ણમુદ્રા મંગાવી. પણ... આ શું? એનાથી પાત્ર ભરાયું નહિ. સમ્રાટે વધુ ને વધુ સુવર્ણમુદ્રાઓ મંગાવી પાત્ર ભરવાના ભરપૂર પ્રયાસ કર્યા. પણ વ્યર્થ. સુવર્ણમુદ્રાઓ ક્યાં ગાયબ થઈ જતી હતી એ સમજાતું ન હતું. સમ્રાટને એ પાત્ર ગેબી લાગ્યું. ત્યાં જ સંતે મર્મભર્યું હસતા કહ્યુંઃ ''રાજન્! આ પાત્ર માનવીની ખોપરીમાંથી બન્યું છે. એમાં ગમે તેટલી સુવર્ણમુદ્રાઓ હોમાય તો ય એ ભરાશે નહિ. આ જ અવસ્થા તારી પણ છે. ચાહે તેટલાં રાજ્યો મળશે તો ય તને સંતોષ નહિ થાય. તો પછી આ યુદ્ધયાત્રા શા માટે?'' સંતે યુક્તિ દ્વારા આપેલ આ ઉપદેશ સમ્રાટને અસર કરી ગયો.

આ રૂપકકથામાં, માનવીય મન અપ્રાપ્ત સંપદા માટે કેવી ઝંખના ધરાવતું હોય છે એ પ્રતિબિંબિત થાય છે...

પ્રાપ્ત સંપત્તિમાં દુઃખ હોય છે રક્ષાનું. અઢળક પૈસો ગલત માર્ગે મેળવીને પછી એને સાચવવા વ્યક્તિ જાત જાતના ઉપાયો કરે. એમાં ય એને સતત ચિંતા રહે કે Party ઊઠી ન જાય, Bank ઊઠી ન જાય તો સારું. પ્રાપ્ત સંપત્તિની રક્ષાની સતત ચિંતામાં મમ્મણશેઠ સંપત્તિ વાપરી તો ન શક્યા. બલ્કે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનથી સાતમી નર્કના અતિથિ બની ગયા...

નષ્ટ થયેલ સંપત્તિમાં દુઃખ હોય છે તીવ્ર શોકનું. ગલત માર્ગે એકત્ર કરેલ સંપત્તિ એક ઝાટકે જ્યારે ખતમ થઈ જાય છે ત્યારે આપઘાત સુધી જનારી વ્યક્તિઓ અત્યારે આપણી આસપાસ નિહાળવા મળે છે. એ સંપત્તિનું ત્રીજા તબક્કાનું નુકસાન બરાબર સમજાવી જાય છે...

અલબત્ત, ગૃહસ્થ સંસારી વ્યક્તિ માટે સંપત્તિ અનાવશ્યક પરિબળ છે એવું જણાવવાનો આશય ઉપરોક્ત પ્રતિપાદનનો નથી. સ્વયં જૈન શાસ્ત્રકારો પણ ''सुधीर्धर्माविरोधेन, विदधीतार्थचिन्तनम्'' જેવી પંક્તિઓ દ્વારા ગૃહસ્થને ધર્મ - ન્યાય - નીતિથી અવિરુદ્ધ ધનોપાર્જનની છૂટ આપે જ છે. એથી ઉપરોક્ત પ્રતિપાદનનો આશય એટલો જ સમજવો કે અસંતુષ્ટભાવે ગમે તે માર્ગે સંપત્તિ ઉપાર્જવાની વૃત્તિ ન રાખવી.

આ સંદર્ભમાં છેલ્લે એક માર્મિક વાત : **કોઈની 'હાય' લઈને એકત્ર કરાયેલ સંપત્તિ આખરે જીવનમાં 'લહાય' લગાવીને જ રહેશે.**

■ ■ ■

## ૧૬

# અન્યોને પ્રભાવિત કરવા શાસ્ત્રાભ્યાસ કરવાનો નથી... જાતને ભાવિત કરવા જ શાસ્ત્રાભ્યાસ કરવાનો છે...

આત્મકલ્યાણની સાધનાનાં ક્ષેત્રે, પ્રગતિ માટેનાં જે વિવિધ સોપાનો દર્શાવાયાં છે એમાંના બે મહત્ત્વનાં સોપાનો છે સત્સંગ અને શાસ્ત્રાભ્યાસ. વિશિષ્ટ બોધસંપન્ન - આચારસંપન્ન સદ્‌ગુરુના સત્સંગથી - એમના ઉપદેશશ્રવણથી વ્યક્તિને આત્મસાધનાનો સાચો પંથ પ્રાપ્ત થઈ શકે છે અને એના પર પ્રવાસ કરવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત થઈ શકે છે. આ સોપાન કરતાં ય વધુ ઉપકારક-સામર્થ્યવાન સોપાન છે શાસ્ત્રાભ્યાસ. એમાં ય સદ્‌ગુરુનો સંસર્ગ તો છે જ. પરંતુ ત્યાં મુખ્યતા શ્રવણની નહિ, એથી ય આગળ અભ્યાસની છે. તીવ્ર પુરુષાર્થથી થતા આ શાસ્ત્રાભ્યાસથી વ્યક્તિ પરમ જ્ઞાનીજનોનાં વચનોનું વિશાલ ફલક પર અવગાહન કરી શકે છે, હેય-ઉપાદેયનો વધુ વ્યાપક નિર્ણય કરી શકે છે અને આત્મસાધનાના અનેકવિધ આયામો આત્મસાત્ કરી શકે છે.

પણ... સબૂર ! **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર ભગવંત એ ગ્રન્થના 'શાસ્ત્રગુણાધિકાર' નામે અષ્ટમ અધિકારમાં આ શાસ્ત્રાભ્યાસ કરનાર વિદ્વાન વ્યક્તિને ઉદ્દેશીને કેટલીક કડક રજૂઆતો કરે છે. હા, એમાં એમનો આશય વિદ્વાન બનેલા એ મહાનુભાવોની જીવનગાડી અવળે પાટે ન ચડી જાય એ જ છે. પ્રથમ શ્લોકમાં તેઓ વિદ્વાન શાસ્ત્રાભ્યાસી વ્યક્તિને એનું અંતઃકરણ તપાસવાની ભલામણ કરે છે.

અંતઃકરણ બે પ્રકારના છે : (૧) કાળમીંઢ પર્વતશિલા જેવું અને (૨) ફલદ્રૂપ ખેતરભૂમિ જેવું. જલવર્ષા ચાહે તેવી ધોધમાર થાય, પરંતુ કાળમીંઢ શિલા પરથી એ તમામ જલ વહી જ જવાનું. શિલાની ભીતરમાં એ જરા પણ નહિ પ્રવેશે. પરિણામ એ આવે કે ધોધમાર વર્ષા પછી પણ શિલામાં ન કોઈ આર્દ્રતા - ભીનાશ આવશે કે ન કોઈ હરિયાળી પાંગરશે. ફલદ્રૂપ ખેતરભૂમિમાં આનાથી અલગ બહુ જ સરસ પરિણામ આવશે. એ ધોધમાર જલવર્ષાના પ્રવાહને પોતાની ભીતરમાં વધુ ને વધુ ઉતારે છે. પરિણામ એ આવે કે એ ભૂમિમાં ભરપૂર આર્દ્રતા - કોમળતા પણ પ્રગટશે અને એમાં હરિયાળી પણ પાંગરશે. ગ્રન્થકાર ફરમાવે છે કે 'હે વિદ્વાન, જો તારાં અંતરમાં જીવો પ્રત્યે મૈત્રીભાવરૂપ આર્દ્રતા નથી પ્રગટતી અને વૈરાગ્યપ્રેરક ભાવનાઓની હરિયાળી નથી પાંગરતી તો સમજી લેજે કે તારું અંતઃકરણ શિલાનું પ્રતિનિધિત્વ કરે છે. શાસ્ત્રોનો - સિદ્ધાંતોનો જલપ્રવાહ એના પરથી માત્ર વહી જાય છે, એમાં પ્રવેશ તો જરા ય કરતો નથી.'

આ કડક છતાં એકદમ યથાર્થ રજૂઆત ગ્રન્થકાર એટલા માટે કરે છે કે શાસ્ત્રાભ્યાસ - વિદ્વત્તા પોથીપંડિત બની જવા કે અન્યો પર સરસ છાપ ઉપસાવવા પ્રાપ્ત કરવાની નથી, બલ્કે આત્મહિત માટે પ્રાપ્ત કરવાની છે. જેઓ અન્યો પર છાપ ઉપસાવવા આ લક્ષ્યથી દૂર જતા રહે છે તેઓ ક્યારેક કેવા હાસ્યાસ્પદ બની જાય એ જાણવું છે? તો વાંચો આ માર્મિક કથા :

શાસ્ત્રોનો વિશદ અભ્યાસ કરીને પારંગત બનેલ એક પંડિત. વિદ્વત્તાનાં અને અભિવ્યક્તિનાં જોરે એ એવી હૈયાંસોંસરવી રજૂઆત કરતા કે એમનાં

પુસ્તકો વાંચીને ભલભલા આફ્રીન થઈ જાય. એક વાર એમનું પુસ્તક રાજાએ વાંચ્યું. પુસ્તકનો વિષય હતો વૈરાગ્ય. પંડિતની રજૂઆત એવી બળકટ હતી કે પુસ્તકનું વાંચન પૂર્ણ થતાં સુધીમાં તો રાજાનું અંતર વૈરાગ્યવાસિત થઈ ગયું. એણે પંડિતને સાથે લઈ વૈરાગ્યપૂર્વક - સંસારત્યાગી બનવાનું વિચાર્યું. એ માટે એ ખૂબ ઉમળકાથી - ઉત્સાહથી પંડિતને મળવા એના ઘરે ગયો.

પણ... આ શું? પંડિતનાં ઘરનું તે સમયનું દશ્ય બહુ વિ-લક્ષણ હતું. કોઈ કારણસર પંડિતની પત્ની રિસાઈને અપશબ્દોની બોછાર વરસાવી રહી હતી, પંડિત એને રાજી કરવા કાલાવાલા કરી રહ્યા હતા, પત્નીએ એ જ ક્ષણે ગુસ્સામાં પંડિતને લાત મારી અને છતાં જાણે કાંઈ ન બન્યું હોય એમ પંડિત હજુ ય એને આજીજી કરતા હતા ! અચાનક જોવા મળેલ આ દશ્યથી રાજા દંગ રહી ગયો. રાજા ઘરમાં પ્રવેશ્યો એથી દંપતીનો કલહ તત્કાલ સ્થગિત થઈ ગયો. રાજાએ એના મનોભાવો તુર્ત કહી દીધા : ''પંડિતજી! પુસ્તકમાં આલેખેલ વૈરાગ્યના ભાવો ક્યાં અને તમારું અત્યારનું આ વર્તન ક્યાં?''

પરિસ્થિતિ પામી ગયેલ પંડિતે બેશરમીથી રાજાને પૂછ્યુંઃ ''તમે ધિંગાણે ચડો ત્યારે તમારામાં શૂરાતન પ્રગટાવવાનું કામ કોણ કરે?'' ''ચારણો. એમના શૌર્યગીતોથી અમે પાંચ - પચીસ દુશ્મનોને વેતરી નાંખીએ.'' અચ્છા, તો એ લડાઈમાં ચારણો કેટલાને મારે?'' ''એકે ય ને નહિ. એ લોકો તો મેદાનથી દૂર જ રહે.'' ''બસ, તો રાજાજી! અમે ય એ ચારણો જેવા જ છીએ. અમે બીજાને વૈરાગ્યના રંગ ચડાવી શકીએ, પણ અમે એનાથી દૂર રહીએ.'' રાજા સ્તબ્ધ થઈ ગયો પંડિતના આ નિર્લજ્જ ઉત્તરથી. એનાં અંતરમાંની પંડિતની છબી ભાંગીને ભુક્કો થઈ ગઈ.

કાળમીંઢ શિલા જેવું હૃદય કેવું હોય એ પંડિતનાં આ નિર્લજ્જ ઉત્તરમાં નિહાળી શકાય છે. સૂરિપુરંદર આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આવાઓનાં જ્ઞાનને 'વિષયપ્રતિભાસ' જ્ઞાન કહ્યું છે. આ જ્ઞાન વસ્તુતઃ અજ્ઞાન છે. એનું એક લક્ષણ છે નિરપેક્ષપ્રવૃત્તિ. જે જ્ઞાન પ્રવૃત્તિથી - આચરણથી નિરપેક્ષ હોય એ જ્ઞાનને વાસ્તવિક જ્ઞાન શી રીતે કહેવાય? શિયાળામાં સૂર્યના કૂણા

તડકાથી મેદાનમાં ચમકતા સર્પ - કાચ અને રત્નની ઓળખને યથાર્થ જ્ઞાન ન કહેવાય. યથાર્થ જ્ઞાન એ છે કે જે સર્પને હેય (ત્યાજ્ય), કાચને જ્ઞેય અને રત્નને ઉપાદેય (ગ્રાહ્ય) હોવાનું સમજાવી તે મુજબ પ્રવર્તાવે. આત્મસાધનાના આશિકનું જ્ઞાન આવું હોવું જોઈએ એ આઠમા અધિકારના પ્રથમ શ્લોકનો નિર્દેશ છે...

હવે બીજા શ્લોકમાં તેઓ શાસ્ત્રાભ્યાસને પુનઃ જલની ઉપમા આપીને એક નવા રસપ્રદ "Angle" થી નવી પ્રસ્તુતિ કરે છે. આપણે એનો આસ્વાદ માણીએ :

ચાતુર્માસની ઋતુ છે, વરસાદનાં કારણે માર્ગો પર ખાબોચિયા ભરાયા છે અને સર્વત્ર થોડો થોડો કીચડ પણ છે. આ સ્થિતિમાં માર્ગ પર ચાલતા આપણા પગ કાદવથી લિપ્ત થયા છે, તો વસ્ત્ર પર પણ કીચડના ડાઘ પડ્યા છે. હવે એ કીચડ અને એના ડાઘ દૂર શેનાથી થશે? ઉત્તર છે જલથી. પાણીના અલગ અલગ ઉપકારક કાર્યોમાં એક કાર્ય આ સ્વચ્છતાનું ય છે. ગ્રન્થકાર શાસ્ત્રાભ્યાસને આ જલની ઉપમા આપી એના અભ્યાસીને ચાબુક ફટકારતા હોય એવો પ્રશ્ન કરે છે કે જેણે શાસ્ત્રોના જલથી જીવનના પ્રમાદનો પંક (કીચડ) દૂર કર્યો નથી એને અમે શી રીતે મોક્ષાભિલાષી - આત્મકલ્યાણનો અર્થી માની શકીએ? ''यस्यागमाम्भोदरसैर्न धौत:, प्रमादपङ्क: स कथं शिवेच्छु:'' આ ગ્રન્થકારની પંક્તિ છે. એમનો નિર્દેશ એ છે કે જેમ જેમ શાસ્ત્રાભ્યાસ વધતો જાય તેમ તેમ જીવનના દૂષણરૂપ વિવિધ પ્રમાદો દૂર થવા જ જોઈએ. તો જ જ્ઞાન લાભદાયી બને.

પ્રમાદ એટલે આળસ - સાધનાક્ષેત્રે પુરુષાર્થઅભાવ, આવો અર્થ સામાન્યતઃ પ્રસિદ્ધ છે. પરંતુ જૈન શાસ્ત્રકારોએ એનું વિશેષ અર્થઘટન કરી પાંચ પ્રકારના અને આઠ પ્રકારના પ્રમાદ દર્શાવ્યા છે. એ પૈકી આઠ પ્રકારના પ્રમાદ આ છે : (૧) સંશય (૨) વિપરીત બોધ (૩) રાગ (૪) દ્વેષ (૫) મતિભ્રંશ (૬) મન - વચન - કાયાના યોગોનું દુષ્પ્રણિધાન (૭) ધર્મમાં અનાદર અને (૮) અજ્ઞાન. આપણે અહીં આઠે ય પ્રમાદ પર વિશ્લેષણ ન કરી શકીએ. પરંતુ એમાંના એક દ્વેષ નામે પ્રમાદ પર કાંઈક વિચાર કરીએ.

જેમણે શાસ્ત્રજ્ઞાન પરિણતિરૂપે પચાવવાની કોશિશ કરી હોય એને અન્ય વિદ્વાન - જ્ઞાની પ્રત્યે સ્પર્ધાનો - ઈર્ષ્યાનો - ઉતારી પાડવાનો ભાવ ન હોય. કેમ કે એ ભાવ દ્વેષનો પર્યાય છે. અરે ! જ્ઞાની શું? અજ્ઞાની - સામાન્ય વ્યક્તિને ય ઉતારી પાડવાની ભૂમિકા એમની ન હોય. કેમ કે એ સહુને સત્તાગત ગુણોની દૃષ્ટિએ સમાન માનતા હોય. જ્યાં શાસ્ત્રજ્ઞાનને આ રીતે પરિણત કરી દ્વેષ નામનો પ્રમાદપંક દૂર કરવાનું લક્ષ્ય ન હોય - પુરુષાર્થ ન હોય ત્યાં શાસ્ત્રભ્યાસ અન્યોને ઉતારી પાડવાનું - સ્વમહત્તા સ્થાપિત કરવાનું સાધન બની જાય. આવું - અન્યોને હીન ચીતરવાનું વલણ ધરાવતી શાસ્ત્રાભ્યાસી વ્યક્તિ કયારેક સ્વયં કેવી હીન - હાસ્યાપદ પુરવાર થતી હોય એ જાણવું છે? તો વાંચો આ રમૂજકથા :

વિદ્યાધામ કાશીમાં સતત બાર વર્ષ અભ્યાસ કરીને પ્રકાંડ વિદ્વાન બનેલ બે બ્રાહ્મણો પગપાળા પ્રવાસ કરતા કરતા વતન જઈ રહ્યા હતા. મેળવેલ જ્ઞાન બેમાંથી એકે ય ને પચ્યું ન હતું. એથી બન્ને એકબીજા પ્રત્યે ઈર્ષ્યાનો - તુચ્છતાનો ભાવ ધરાવતા હતાઃ જાણે કે પૂર્વોક્ત આઠ પૈકી દ્વેષ નામે પ્રમાદના એ સાકાર સ્વરૂપ ન હોય ! પ્રવાસ દરમ્યાન તેઓ એક ગામ પાસે આવ્યા. ગામબહારની નદી પાસે તેઓ સ્નાનાદિ ક્રિયા કરવા રોકાયા. એવામાં ત્યાં ગામના અગ્રણી શ્રેષ્ઠી આવી પહોંચ્યા. અનુભવી શ્રેષ્ઠીએ વગર કહ્યે પરખી લીધું કે બન્ને ભૂદેવો બહારથી આવેલ અતિથિ છે અને પ્રથમ નજરે વિદ્વાન લાગે છે. એ બે ય માં પરસ્પર પ્રત્યે આદર છે કે નહિ એ ચકાસવાનું શ્રેષ્ઠીએ નક્કી કર્યું.

એ મુજબ, પહેલા ભૂદેવ સ્નાન કરતા હતા ત્યારે એમણે બીજા ભૂદેવને પોતાને ત્યાં ભોજનનું આમન્ત્રણ આપ્યું અને પછી આસ્તેથી પૂછ્યુઃ "પેલા સ્નાન કરી રહેલ ભૂદેવ પણ વિદ્વાન લાગે છે, ખરું ને?" "એ તમને વિદ્વાન લાગતો હોય તો ભલે. બાકી ખરેખર તો એ સાવ બળદિયો જ છે." આ બ્રાહ્મણે તિરસ્કારથી કહ્યું. મનમાં મલકાતા શ્રેષ્ઠીએ થોડી વાર બાદ, સ્નાન કરીને આવેલ ભૂદેવને ભોજનનું આમન્ત્રણ આપ્યું અને પૂછ્યું : "આ હવે જે સ્નાન

કરવા ગયા એ ભૂદેવ બહુ જ્ઞાની છે?'' એમણે તુચ્છતાથી કહ્યું : ''ના રે ના, એ તો એક નંબરનો ગધેડો છે. સાવ અક્કલ વિનાનો.''

બન્નેને ભરપૂર આગતા-સ્વાગતા સાથે ઘરે રાખ્યા બાદ ભોજન સમયે શેઠે ચાંદીના થાળ અને બાજોઠ - આસન સાથે જમવા બેસાડ્યા. પણ... આ શું? થાળ પરનું વસ્ત્ર દૂર કરતાં જ બન્ને બ્રાહ્મણો રાતા - પીળા થઈ ગયા. કેમ કે એકના થાળમાં ઘાસ અને બીજાના થાળમાં ભૂસું પીરસાયું હતું. શેઠે ઠાવકે મુખે હાથ જોડી કહ્યું : ''તમારા જેવી મહાન હસ્તીઓને પરખવાની મારી શી ગુંજાયેશ? આ તો તમે બન્નેએ એકમેકનો પરિચય બળદ અને ગધેડારૂપે આપ્યો એટલે મને તમને અનુરૂપ આ ભોજન આપવાની સમજ પડી !'' બન્ને પંડિતોએ શરમિંદા થઈને પોતાના એ શબ્દો બદલ ક્ષમા યાચી.

વસ્તુતઃ સાચો શાસ્ત્રાભ્યાસી - જ્ઞાની મહાનુભાવ તે છે કે જે પોતાનાં જ્ઞાનને નમ્રતાનું સાધન બનાવે, અહંકારનું નહિ. એની અવસ્થા આમ્રવૃક્ષની ડાળી જેવી હોય. આમ્રવૃક્ષની ડાળી પર જેમ જેમ ફળ આવે તેમ તેમ એ વધુ ને વધુ ઝૂકે, નમ્ર બને. તેમ સાચી જ્ઞાની વ્યક્તિ જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ વધુ નમ્ર બને. અહંકારને તો જ્ઞાનનું અજીર્ણ ગણાવાયું છે.**'અધ્યાત્મકલ્પદ્રુમ'**નો બીજો શ્લોક આ અને આવા આઠે ય પ્રમાદથી દૂર રહેવાનો નિર્દેશ કરે છે...

# ૧૭

## જેમ એકડા વિનાની મીંડાઓની કોઈ કિંમત નથી હોતી ... તેમ આચાર વિનાના શાસ્ત્રજ્ઞાનની ય કોઈ કિંમત નથી હોતી ...

પુણ્યના યોગે સંપત્તિ અઢળક હોય. પરંતુ સ્વભાવની ભયાનક કંજુસાઈનાં કારણે દાન - પરોપકાર તો ઠીક, બલ્કે દર્દની - રોગની સારવાર માટે પણ સંપત્તિનો વ્યય ન કરવાનું વિચિત્ર વલણ હોય તો? તો માનવું જ પડે કે એ સંપત્તિની કોઈ જ સાર્થકતા નથી. વર્ષભર મહેનત કરીને વિદ્યાર્થીએ અભ્યાસના વિષયોની તૈયારી બરાબર કરી હોય. પરંતુ સખત ડરની વૃત્તિનાં કારણે પરીક્ષા સમયે એ કાંઈ લખી જ ન શકે તો? તો માનવું જ પડે કે એની તૈયારીનું કોઈ મૂલ્ય નથી. આ અને આવી આવી અનેક બાબતોથી એક સાર એવો તારવી શકાય કે **જે સાધન કે શક્તિનો યોગ્ય ઉપયોગ ન થાય એ વાસ્તવમાં નિરર્થક ગણાય.**

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર આ જ સારને વધુ ધારદાર સ્વરૂપે રજૂ કરતાં 'શાસ્ત્રગુણાધિકાર'ના ત્રીજા શ્લોકમાં હૈયાંસોંસરવો ઊતરી જાય એવો તર્ક

પ્રસ્તુત કરે છે કે **આંખનું કાર્ય જોખમ દર્શાવીને એનાથી જાતને સલામત સ્થાન તરફ લઈ જવાનું છે. પરંતુ પતંગિયાના કિસ્સામાં એનાથી વિપરીત બને છે કે એ આંખથી દીવાની જ્યોત નિહાળે છે અને પછી આકર્ષણવશ એમાં ઝંપલાવીને જાતને રાખ – ખાખ કરી દે છે. તો શું આંખ એના માટે નિરર્થક પુરવાર થઈ? ના, એ એથી ય આગળ વધીને નુકસાનકારક પુરવાર થઈ ! પતંગિયાનું આ ઉદાહરણ આપી ગ્રન્થકાર કહે છે કે બસ આ રીતે જ, જે વિદ્વાન પ્રાપ્ત કરેલ શાસ્ત્રજ્ઞાનનો ઉપયોગ માત્ર માનપાન – યશ – કીર્તિ પ્રાપ્ત કરવામાં યા પોતાની ભૂલો છાવરવા કરે એના માટે તેનું શાસ્ત્રજ્ઞાન નિરર્થક જ નહિ, નુકસાનકારક પુરવાર થાય. અને અંતે એને દુર્ગતિનો મહેમાન બનાવવાનું કાર્ય કરે.**

યાદ આવે આ સદંર્ભમાં ઉપાધ્યાય ક્ષીરકદંબકના પુત્ર પંડિત પર્વતની જીવનઘટના. શૈશવમાં એ, નારદમુનિ અને રાજકુમાર વસુ સાથે મળીને ક્ષીરકદંબક પાસે ભણ્યા હતા. પિતાની વિદાય બાદ અધ્યાપનકાર્ય સંભાળતા પંડિત પર્વતે યજ્ઞસંબંધી એક વાક્યમાં 'અજ' શબ્દનો અર્થ બકરો કર્યો. હકીકતમાં ત્યાં 'અજ' શબ્દનો અર્થ ન ઊગે તેવી જૂની ડાંગર કરવાનો હતો. યોગાનુયોગ તે જ દિવસે ત્યાં અતિથિરૂપે આવેલ નારદમુનિએ, પર્વત પંડિતે વિદ્યાર્થીઓને સમજાવેલ આ અર્થ સાંભળ્યો અને એ ચમકી ગયા. ગુરુએ કરેલ અર્થથી વિપરીત 'અજ'નો અર્થ બકરો કરાય તો તો યજ્ઞમાં બકરા હોમવાની હિંસક પ્રથા શરૂ થઈ જાય. આ દહેશતથી એમણે પર્વત પંડિતને સત્ય અર્થ સમજાવ્યો. પરંતુ વિદ્યાર્થીઓ સમક્ષ પોતાનું પાંડિત્ય ઝાંખું ન પડે માટે પર્વત પોતાના મિથ્યા અર્થને વળગી રહ્યા.

વિવાદ ખૂબ વધી ગયો ત્યારે બન્નેએ પોતાના પૂર્વકાલીન સહાધ્યાયી વસુરાજાની સાક્ષી લેવાનો નિર્ણય કર્યો. પર્વતે પોતાની કીર્તિ ટકાવી રાખવા ખાતર વસુરાજા પર 'pressure' લાવી એની પાસે પોતાની તરફેણનો અસત્ય અર્થ ઉચ્ચારાવ્યો. પરિણામ એ આવ્યું કે યજ્ઞમાં પશુહિંસાપ્રવર્તનનું ભયાનક નિમિત્ત બની જઈ, અસત્ય અર્થઘટન કરનાર પર્વત અને વસુરાજ નર્કગતિમાં ધકેલાઈ ગયા! કલ્પિત કીર્તિ ટકાવી રાખવાનાં અને પોતાની ભૂલ છાવરવાનાં

વલણે પર્વત પંડિત માટે શાસ્ત્ર જેવું શ્રેષ્ઠ માધ્યમ પણ દુર્ગતિની પરંપરાનું કારણ બની ગયું.

ઉપરોક્ત ઉદાહરણમાં એ નિહાળવા મળે છે કે પ્રારંભમાં પોતાની કીર્તિ ઝાંખી ન પડવા દેવાની વૃત્તિ આગળ જતાં હઠાગ્રહ - કદાગ્રહમાં પરિણમી કે 'હું કહું એ જ સાચું... મારું જ સાચું'. **વિદ્વાન વ્યક્તિમાં જ્યારે હઠાગ્રહની - કદાગ્રહની વૃત્તિ આવી જાય ત્યારે એ શાસ્ત્રને જાણે કે શસ્ત્ર બનાવી દે.** શસ્ત્રથી જેટલું નુકસાન ન થાય એટલું નુકસાન ઘણી વાર શાસ્ત્રથી સ્વ - પરને કરવાનું કાર્ય એ કરે. મહાયોગી આનંદઘનજી મહારાજ શ્રી અનંતનાથ જિન સ્તવનામાં ઉત્સૂત્રભાષણને સૌથી મોટું પાપ કહે છે. ઉત્સૂત્રભાષણ એટલે શાસ્ત્રથી વિરુદ્ધ ભાષણ અથવા શાસ્ત્રનું વિપરીત અર્થઘટનપૂર્વક ભાષણ. મુખ્યત્વે આ પાપ અજ્ઞાનનાં કારણે નહિ, હઠાગ્રહ - કદાગ્રહનાં કારણે થાય છે. આ હઠાગ્રહ - કદાગ્રહ આકાશના શનિ કે રાહુ - કેતુ જેવા ગ્રહોથી પણ વધુ ખતરનાક છે. જે આત્મકલ્યાણના અર્થી આરાધક છે એ શાસ્ત્રોનો અભ્યાસી જરૂર બને, પણ હઠાગ્રહી - કદાગ્રહી બનવાથી સદંતર દૂર રહે. તો શાસ્ત્રો એને લાભદાયી બને..

હવે આપણે વિચારણા કરીએ ગ્રન્થકારે નવમા શ્લોકમાં કરેલ પ્રસ્તુતિ ઉપર. ત્યાં તેઓ એક ગધેડાનું ઉદાહરણ આપે છે કે એક ગધેડાની પીઠ પર સાકરની વજનદાર ગુણી લાદીને એને માઈલો સુધી ચલાવો. તો શું એને સ્વાદનું સુખ મળી જશે? જવાબ છે બિલકુલ નહિ. એને માત્ર બોજો ઉઠાવવાનો શ્રમ - થાક જ મળશે. બસ, આ જ મુજબ જે વ્યક્તિ ખૂબ ખૂબ શાસ્ત્રાભ્યાસનો બોજ મગજ પર ઉઠાવે છે, પરંતુ તદનુરૂપ આચરણ નથી કરતી એને પણ ફક્ત બોજનો શ્રમ જ મળશે. અધ્યાત્મસ્વાદનું સુખ નહિ.

શ્લોકનો આ અંગુલિનિર્દેશ ખૂબ વિચારપ્રેરક છે. મહદંશે એવું બને છે કે વ્યક્તિ જો પરિણતિયુક્ત - સમ્યક્ સમજયુક્ત ન હોય તો કેટલા ગ્રન્થો કંઠસ્થ કર્યા છે - કેટલા ગ્રન્થોનું અવગાહન કર્યું છે એની ગણતરીમાં રાચ્યા કરે. પરિસ્થિતિ પછી એ થાય કે વિવિધ ચન્દ્રકો જીતનાર 'રમતવીર' જેમ એના

ઘરે આવતા મુલાકાતીઓ સમક્ષ Gold Medal - Silver Medal આદિનું પ્રદર્શન કરતો રહે એમ આ 'ગ્રન્થવીર' પોતાના પરિચયમાં આવતા લોકો સમક્ષ એ ગ્રન્થોની યાદીનું પ્રદર્શન કર્યા કરે. ચન્દ્રકો બતાવીને રમતવીર જેમ પોતાનો 'અહં' પોષે, તેમ ગ્રન્થસંખ્યા દર્શાવીને આ 'ગ્રન્થવીર' પોતાનો અહં પોષે. 'ગ્રન્થવીર' જેમ જેમ વધુ સંખ્યામાં ગ્રન્થો ભણે તેમ તેમ એના મગજમાં માહિતીઓનો બોજ જ વધે. જો ખરેખર એ અભ્યાસને સાર્થક બનાવવો હોય તો પૂર્વે જણાવ્યું તેમ અભ્યાસને - જ્ઞાનને અનુરૂપ યથાશક્તિ સમ્યગ્ આચરણ જોઈએ જ. આચરણ વિનાનું માત્ર કોરું જ્ઞાન એટલે જાણે એકડા વિનાનાં મીંડાં. એકડા વિનાના મીંડાનું જેમ કોઈ મૂલ્ય ન ગણાય એમ આચરણ વિનાનાં યા આચાર પ્રત્યેના આદર વિનાનાં જ્ઞાનનું પણ કોઈ મૂલ્ય ન ગણાય.

આ નિરૂપણ કરવામાં ગ્રન્થકારનો આશય જ્ઞાનને ગૌણ કરવાનો જરા ય નથી. એમનો આશય માત્ર એ છે કે જ્ઞાનની કોરી - આભાસી ઝાકઝમાળમાં અંજાઈ ન જવું અને જીવનમાં અનુષ્ઠાનને - આરાધનાને - ક્રિયાને પણ યથાર્થ મહત્ત્વ આપવું. જેઓ માત્ર કોરા જ્ઞાનમાં મહાલતા રહી આચાર પ્રત્યે ઉપેક્ષા સેવે છે તેઓ સ્વજીવનને તો નુકસાન કરે જ છે, ઉપરાંત અન્યોને પણ પોતાના આચારશૂન્ય જીવનથી શ્રદ્ધાભ્રષ્ટ બનાવવાનું કાર્ય કરે છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો વડોદરા State ના મહારાજા સયાજીરાવ ગાયકવાડના જીવન સાથે સંલગ્ન આ સત્ય ઘટના :

ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર ધરાવતા હોવાથી સયાજીરાવે એક વાર એમના રાજમહેલ લક્ષ્મીવિલાસ પેલેસમાં અહિંસા વિશે એક વક્તાનું વક્તવ્ય આયોજિત કરાવ્યું હતું. અનેક ગણમાન્ય સજ્જનો અને પ્રજાજનો એમાં ઉપસ્થિત હતા. વક્તાની રજૂઆતો એકદમ ધારદાર અને જકડી રાખે તેવી હતી. મહારાજા સહિત સમગ્ર સભા એનાથી પ્રભાવિત થતી ગઈ. પણ... આ શું? વક્તવ્યનાં અંતિમ ચરણમાં એક વિચિત્ર 'Tragedy' સર્જાઈ ગઈ. બન્યું એવું કે વક્તવ્ય કરતા કરતા પરસેવે રેબઝેબ વક્તાએ પસીનો લૂછવા ખીસામાંથી રૂમાલ ખેંચ્યો અને અજાણતા એકાએક એની સાથે એક નાની ડબ્બી બહાર આવી ગઈ. એમાં બે ઈંડા હતા! સહુ ચોકન્ના થઈ ગયા કે અહિંસાની સૂક્ષ્મ

વાતો કરનારના ખીસામાં ઈંડાની ડબ્બી ! આ તો 'હાથીના બતાવવાના અને ચાવવાના દાંત જુદા' જેવું થયું. ખુદ વક્તા ય ઝંખવાણો પડી ગયો. બાકીનું પ્રવચન એણે જેમ તેમ પૂર્ણ કર્યું.

તે પછી સમાપનસંબોધન કરતાં સયાજીરાવે ધારદાર સમીક્ષા કરી કે "હિંદુસ્તાનને અભણ લોકોએ જે નુકસાન નથી કર્યું એટલું નુકસાન આવા આચારવિહોણા વિદ્વાનોએ કર્યું છે કે જેમની કથની - કરણીમાં કોઈ જ તાલમેલ નથી." આચારવિહોણું કોરું - આભાસી જ્ઞાન કેવું નુકસાન સ્વ-પર સહુને કરે એ આવી ઘટનાઓમાં હૂ-બ-હૂ પ્રતિબિંબિત થાય છે.

શાસ્ત્રગુણાધિકારના એ પછીના શ્લોકોમાં ચાર ગતિનાં દુઃખોનું વર્ણન ગ્રન્થકાર કરે છે. નર્કગતિમાં લમણે ઝિંકાતી અકલ્પનીય કાતિલ ઠંડીના/ગરમીનાં દુઃખો - ભાલા જેવી ભૂમિની તીવ્ર વેદના - પરમાધામી દેવોની પીડાઓ અને એક ક્ષણ પણ જેમાં ઘટાડી ન શકાય તેવા નિરુપક્રમ દીર્ઘ આયુષ્ય, તો તિર્યંચગતિમાં તીવ્ર ભારવહન - પરાધીનતા - ભૂખ - તરસ - બંધનાદિ દુઃખો; દેવગતિમાં અન્યો દ્વારા અપમાન - ઈર્ષ્યા - દાસત્વ વગેરે દુઃખો, તો માનવગતિમાં સાત ભયો - ઈષ્ટવિયોગ - અનિષ્ટ સંયોગ - દુર્વિનીત સંતતિ વગેરે દુઃખો : આ બધાનું બયાન કરીને ગ્રન્થકાર એ હિતશિક્ષા આપે છે કે શાસ્ત્રજ્ઞાનના સથવારે વિદ્વાન એવી સાધના - આરાધના કરે જેનાથી ચાર ગતિના તંતનો અંત આવે. શાસ્ત્રજ્ઞાનની સાચી ફલશ્રુતિ આવી ઉત્તમ આરાધનામાં છે...

## ૧૮

# દુર્ધ્યાનમાં ગ્રસ્ત મન નર્કનાં દુઃખો ય આપે...
# શુભ ધ્યાનમાં મસ્ત મન મોક્ષનાં સુખો ય આપે...

આપણા જેવા દરેક સરેરાશ માનવી પાસે ત્રણ વિશિષ્ટ શક્તિ છે : મનશક્તિ, વચનશક્તિ અને કાયશક્તિ. જૈન શાસ્ત્રોની પરિભાષામાં વાત કરીએ તો જે સંજ્ઞી પંચેન્દ્રિયની કક્ષાના જીવો હોય તેમની પાસે આ ત્રણે ય શક્તિ અલ્પાધિક અંશે હોય. આ સંજ્ઞી પંચેન્દ્રિયમાં આપણા જેવા માનવો ઉપરાંત પશુ-પંખી આદિ તિર્યંચો, નારકો અને દેવોનો પણ સમાવેશ થાય છે.

આ સહુ પાસેની એ ત્રણ શક્તિઓમાં સૌથી વધુ તાકતવર Powerful શક્તિ જો કોઈ હોય તો એ છે મનશક્તિ. આ વાતને આપણે એક સરલ ઉદાહરણથી સમજીએ. ધારો કે બંદૂકમાં ધરબી શકાય તેવી ગોળી તમારા હાથમાં છે અને તમે સામી વ્યક્તિ પર એનો હાથથી જ ઘા કરો છો. ત્યારે એ ગોળીની પ્રહારની તાકાત માત્ર એકાદ પથ્થર જેટલી જ રહેશે, એથી વધુ નહિ. હવે ધારો કે તમે એ જ ગોળીને બંદૂકમાં ધરબી તમે Point blank

સામી વ્યક્તિ પર ગોળીબાર કરો છો ત્યારે એ ગોળીની પ્રહારક્ષમતા અત્યંત તીવ્ર બની જશે અને સામી વ્યક્તિના દેહની આરપાર નીકળી જઇ એને મરણ-શરણ પણ બનાવી શકે. ગોળી એની એ જ, છતાં પરિણામમાં આ આભ-ગાભનો તફાવત આવવાનું કારણ છે બંદૂકનો જબરદસ્ત Force!

બસ, આ બંદૂકના જબરદસ્ત Force જેવી તાકાત છે મનની. પ્રવૃત્તિ શુભ હો યા અશુભ, પરંતુ જો એમાં મનની ગેરહાજરી હોય તો એ શુભાશુભ પ્રવૃત્તિની તાકાત એકદમ મર્યાદિત થઇ જાય. એથી વિપરીત એ શુભાશુભ પ્રવૃત્તિમાં મનનું જોડાણ અત્યંત તીવ્ર હોય તો એની તાકાત અત્યંત તીવ્ર-ગજબનાક બની જાય. આની પ્રતીતિ કરવા માટે આપણે ટાંકીએ અહીં જૈન શાસ્ત્રોનું એક નિરૂપણ.

એ કહે છે કે અસંજ્ઞી (મન વિનાના) જીવો કાયાનાં સ્તરે વધુમાં વધુ પાપ કરે તો ય એના અંજામરૂપે એને વધુમાં વધુ માત્ર પહેલી નર્ક સુધીની સજા મળે, એથી અધિક નહિ. જ્યારે જે સંજ્ઞી (મનશક્તિયુક્ત) જીવો છે એ મનનાં તીવ્ર અભિસંધાન સાથે પાપો કરે તો સાતમી નર્કની સજા પામે ! શું દર્શાવે છે આ? એ જ કે મનની તાકાત કેવી કલ્પનાતીત ગજબની છે. આ જ વાત શુભનાં ક્ષેત્રે પણ સમજવાની છે કે મનનાં અભિસંધાનવિહોણી માત્ર કાયાનાં સ્તરની શુભ પ્રવૃત્તિ મર્યાદિત ઉત્તમ ફળ આપે. જ્યારે મનનાં તીવ્ર અભિસંધાનયુક્ત શુભ પ્રવૃત્તિ કલ્પનાતીત પ્રચંડ ઉત્તમ ફળ આપે. વાસ્તવિકતા જ્યારે આ છે ત્યારે આત્મકલ્યાણના અર્થી આરાધકનું લક્ષ્ય એ રહે કે શુભમાં મન ઉલ્લસિતપણે જોડાય અને અશુભમાં ભૂલથી ય ન ખેંચાઇ જાય.

પણ... સબૂર ! મનના ખેલ બહુ નિરાળા છે. એ આપણી ચાહત મુજબ શુભમાં સ્થિર રહેવા કે અશુભથી દૂર રહેવા તૈયાર થઇ જાય એવું આજ્ઞાંકિત નથી. એ તો મહાન યોગીજનોને ય મથામણમાં મૂકી દે એવું ચાલબાજ છે. એટલે જ શ્રીમાન આનંદઘનજી મહારાજ જેવા મહાયોગીએ પણ મન માટે લખી દીધું છે કે :-

**क्यां करुं? मन स्थिर नहि रहेता,**
**इधर फीरे मन मेरा... उधर फीरे मन मेरा...**

આપણે સહુ પણ વારંવાર એ અનુભવમાંથી પસાર થતા હોઈએ છીએ કે કાયામાં ધર્મમાં-શુભમાં પ્રવૃત્ત હોય અને મન સાંસારિક બાબતોમાં ક્યાંનું ક્યાં ભટકતું હોય. ખબર છે આપણી આ અવસ્થાને પ્રતિબિંબિત કરતું પેલું રમૂજી દૃષ્ટાંત?

નગરના લબ્ધપ્રતિષ્ઠ શ્રેષ્ઠીને ત્યાં સવાર સવારમાં એમના સમોવડિયા શ્રેષ્ઠી મળવા આવ્યા. શેઠ ત્યારે અંદરના ભાગે ગૃહમંદિરમાં પ્રભુપૂજા કરતા હતા. બહારના ખંડમાં રહેલ પુત્રવધૂએ આગંતુક શ્રેષ્ઠીને આવકારતા ઉચ્ચ સ્વરે કહ્યું : ''બેસો, સસરાજી અમૂક સ્થળે ઉઘરાણી વસૂલવા ગયા છે. થોડી વારમાં આવી જશે.'' આગંતુક શ્રેષ્ઠીને આશ્ચર્ય થયું કે આટલી વહેલી સવારે ઉઘરાણી? એમાં ય પુત્રવધૂએ જે સ્થળનો ઉલ્લેખ કર્યો એ એવું હતું કે જ્યાં ઉચ્ચ કક્ષાના લોકો જલ્દી જાય નહિ. આ તરફ પૂજા કરી રહેલ શેઠ પુત્રવધૂની આ વિચિત્ર વાત સાંભળી મનોમન સમસમી ગયા. પૂજા બાદ, ખુલાસો કરવાની ગણતરીથી એ પૂજાવસ્ત્રોમાં જ બહારના ખંડમાં આવ્યા. આગંતુક શ્રેષ્ઠીએ પુત્રવધૂ સમક્ષ જોતા વિસ્મયથી પૂછ્યું : ''આ ક્યાં ઉઘરાણીએથી આવ્યા છે? આ તો મંદિરમાંથી આવ્યા છે.'' પુત્રવધૂએ ધારદાર કટાક્ષ કર્યો : ''પૂછો સસરાજીને કે પૂજાસમયે એમનું મન મેં કહ્યું એ સ્થળની ઉઘરાણીમાં ભટકતું હતું કે નહિ? પૂજાની તૈયારી સમયે મેં એમનાં મુખેથી એ શબ્દો સાંભળ્યા છે કે પૂજા પછી સીધા ઉઘરાણીએ જ જવું છે. મારી સો ટકા ધારણા છે કે એ જ વિચારોમાં એમનું મન પૂજાના સમયે પણ રમતું હશે.'' સસરાજીએ નિખાલસતાથી પોતે એ જ વિચારોમાં રમતા હોવાની કબુલાત કરી...

હા, તો મનની વિચિત્ર લાક્ષણિકતા આ છે કે કાયા શુભમાં પ્રવૃત્ત હોય તો ય એ સ્વચ્છંદી બની ગમે ત્યાં વિહરતું હોય. એને શુભમાં સ્થિર રાખવું ય કઠિન છે, તો અશુભથી અટકાવવું ય કઠિન છે. આ વાસ્તવિકતા વચ્ચે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર એના નવમા અધિકારમાં મન વિશેનું વિશદ ચિંતન લઈને આવે છે. સત્તર શ્લોકોમાં મન વિશે તેઓએ અનેક રસપ્રદ રજૂઆતો કરી છે. મનને નિયન્ત્રણમાં રાખવું ચાહે તેવું કઠિન હોય, તો પણ એને નિયન્ત્રણમાં રાખવાનો પ્રબળ પુરુષાર્થ સતત કરવો જ જોઈએ. એનું

સચોટ કારણ દર્શાવતા ગ્રન્થકાર એ અધિકારનો ત્રીજો શ્લોક આમ ફરમાવે છે કે :-

स्वर्गापवर्गौ नरकं तथान्त,–र्मुहूर्तमात्रेण वशावशं यत्।
ददाति जन्तोः सततं प्रयत्नाद्, वशं तदन्तःकरणं कुरुष्व ।।

આ શ્લોકમાં તેઓ એમ કહે છે કે મન જો નિયન્ત્રિત બની ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં લીન બની ગયું હોય તો એક અન્તર્મુહૂર્તમાં (૪૮ મિનિટથી અલ્પ સમયમાં) સ્વર્ગ અને મોક્ષ નિશ્ચિત કરી દેવાની ભૂમિકા સર્જી શકે. એથી વિપરીત એ જ મન જો અનિયન્ત્રિત બની આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં ખૂંપી ગયું હોય તો એક અન્તર્મુહૂર્તમાં સાતમી નર્ક નિશ્ચિત કરી દેવાની ભૂમિકા પણ સર્જી શકે! ઉન્નતિની સહુથી ઉત્તુંગ ટોચ અને અવનતિની સહુથી ઊંડી ખીણઃ બન્નેની સફર માત્ર અન્તર્મુહૂર્તમાં કરાવી દેવાની મનની આ વિલક્ષણ ક્ષમતાનું કોઇ એક જ સાધકની જીવનઘટનામાં પ્રતિબિંબ નિહાળવું હોય તો યાદ આવે પ્રસન્નચન્દ્ર રાજર્ષિ.

ભગવાન મહાવીરદેવના સમયમાં થયેલ આ રાજર્ષિ પૂર્વાવસ્થામાં પોતનપુરના રાજવી હતા. પ્રભુના સંસર્ગથી એ એવા વૈરાગ્યવાસિત થયા કે બાલરાજકુમારને રાજગાદીએ સ્થાપી એ દીક્ષિત થઇ ગયા. વિશ્વાસુ મન્ત્રીઓએ રાજ્યસંચાલનની જવાબદારી લીધી હોવાથી એ નિશ્ચિંત હતા. દીક્ષા બાદ એ આત્મકલ્યાણની સાધનામાં તલ્લીન થઇ ગયા. એ જ સાધનાના એક કઠોર ઉપક્રમરૂપે એક વાર તેઓએ રાજગૃહીનગરીની બહાર કાયોત્સર્ગસાધના શરૂ કરી. એમાં તેઓ એક પગે ઊભા રહી બે હાથ લંબાવવાપૂર્વક સૂર્યની આતાપના લેતા હતા. દેહ આ રીતે સાધનાગ્રસ્ત હતો, તો મન શુભ ધ્યાનમાં લીન હતું. અચાનક એ સમયે શાંત જળમાં પથ્થર પડે એવો વિક્ષેપ સર્જાયો.

બન્યું એવું કે એ જ માર્ગ પરથી સમ્રાટ શ્રેણિકની સવારી પ્રભુ મહાવીરદેવની ધર્મદેશના સાંભળવા નીસરી. શ્રેણિકે મનોમન એ મહાવૈરાગીને નમન કર્યા. પરંતુ એમના એક સૈનિકે તિરસ્કારથી બીજા સૈનિકને કહ્યું : ''શું વિચારીને આમણે દીક્ષા લીધી હશે? બીજાના ભરોસે મૂકેલ આમનો પુત્ર બાળરાજા અત્યારે મુસીબતમાં આવી ગયો છે. શત્રુઓએ એના રાજ્ય પર

આક્રમણ કર્યું છે. મન્ત્રીઓ ફૂટી ગયા છે અને એ કેદ થવાની અણી પર છે.'' આ શબ્દો પ્રસન્નચન્દ્રરાજર્ષિના કાને પડ્યા અને એમનું મન અવળી દિશામાં ફંટાઇ ગયું. દેહ સાધનારત રહ્યો, પરંતુ મન એકાએક યુદ્ધમેદાન પર પહોંચી ગયું. પુત્રને બચાવવાના મનઃ કલ્પનાનાં યુદ્ધમાં એ એક પછી એક શત્રુઓને-ફુટેલ મન્ત્રીઓને ખતમ કરતા ગયા. છેલ્લે એક જ શત્રુ બચ્યો હતો અને શસ્ત્ર ખલાસ થઇ જતાં મસ્તક પરનું લોખંડી શિરસ્ત્રાણ એના પર ફેંકવા એમણે મસ્તકે હાથ મૂક્યો. ત્યારે ભાન પ્રગટ્યું કે 'હું તો શ્રમણ છું. આ માનસિક યુદ્ધમાં મેં કેવું ભયંકર રૌદ્રધ્યાન કરી નાંખ્યું!' એ પશ્ચાત્તાપથી પાછા વળ્યા અને ઉત્તમ ધર્મ-શુક્લધ્યાનની ધારામાં લીન થયા.

જ્યારે એ માનસિક યુદ્ધમાં શત્રુસંહાર કરતા હતા ત્યારે, પ્રભુ મહાવીરદેવ પાસે સમ્રાટ શ્રેણિકે પ્રશ્ન કર્યો કે ''પ્રભુ, અદ્ભુત સાધના કરતા પ્રસન્નચન્દ્ર મુનિવર આ ક્ષણે મૃત્યુ પામે તો કઇ ગતિમાં જાય?'' પ્રભુએ ઉત્તર આપ્યો : ''સાતમી નર્કે જાય.'' શ્રેણિક સહિત સમગ્ર સભા ચોંકી ઊઠી આ ઉત્તરથી કે આવા સાધનાલીન શ્રમણને સાતમી નર્ક ! એવામાં દેવદુંદુભિનો નાદ થયો. શ્રેણિકે પૂછ્યું : ''ભંતે! શા કારણે આ દેવદુંદુભિ બજી?'' પ્રભુએ કહ્યું : ''પ્રસન્નચન્દ્ર રાજર્ષિ કેવલજ્ઞાન પામ્યા છે માટે.'' શ્રેણિક અને સભા ઓર સ્તબ્ધ થઇ ગયા. કેમ કે કેવલજ્ઞાન તો એમને જ મળે જે તે જ ભવના અંતે મોક્ષે જાય. મહાવીરપ્રભુએ પ્રસન્નચન્દ્રમુનિવરના દુર્ધ્યાનની અને શુભ ધ્યાનની વાત વિસ્તારથી વર્ણવીને કહ્યું : ''દુર્ધ્યાનની ક્ષણોમાં એમના આત્માએ સાતમી નર્કપ્રાયોગ્ય કર્મદલિકો એકત્ર કર્યા હતા. પરંતુ તુર્ત એ ધર્મ-શુકલધ્યાનમાં આરૂઢ થઇ જતા એમના સર્વ ઘાતીકર્મો ખતમ થઇ ગયા!'' મનની આવી તાકાતનાં કારણે અન્યત્ર પણ લખાયું છે કે ''मन एव मनुष्याणां, कारणं बन्धमोक्षयो:'' એટલે કે મન જ કર્મના બંધનું અને મોક્ષનું કારણ છે. આપણે એ મનને નિયન્ત્રિત કરવાના ઉપાયો આગામી લેખમાં વિચારવાનું રાખી અત્યારે યાદ રાખીએ આ સુવાક્ય કે **''દુર્ધ્યાનગ્રસ્ત મન નર્કનાં દુઃખો ય આપે.. શુભ ધ્યાનમાં મસ્ત મન મોક્ષનાં સુખો ય આપે.''**

# ૧૯

## ઉત્તમ વિચારોમાં લીન મન જેવો
## કોઇ શ્રેષ્ઠ મિત્ર નથી...
## અધમ વિચારોમાં લીન મન જેવો
## કોઇ કનિષ્ઠ શત્રુ નથી...

અનુપ્રાસ ધરાવતા ત્રણ મજાના શબ્દો દ્વારા આજની ચિંતનયાત્રાનો આપણે પ્રારંભ કરીશું. એ ત્રણ શબ્દો છે અધિકરણ, ઉપકરણ અને અંતઃકરણ. આપણે આ ત્રણે યની સંક્ષિપ્ત વ્યાખ્યા સમજીએ :

આત્માનાં અધઃપતનમાં જે નિમિત્ત બને તેવાં પાપસાધનોને કહેવાય છે અધિકરણ. ઉદાહરણરૂપે છે ચપ્પુ-તલવાર-ભાલા વગેરે શસ્ત્રો. આ સાધનો હાથમાં આવતા વ્યક્તિ હિંસાખોરીની વૃત્તિ-પ્રવૃત્તિમાં રાચવા માંડે અને સરવાળે હિંસાનાં પાપ કરી અધોગતિમાં જાય. એનાથી વિપરીત છે ઉપકરણ. આત્માનાં ઊર્ધ્વગમનમાં જે નિમિત્ત બને તેવાં ધર્મસાધનોને કહેવાય છે ઉપકરણ. ઉદાહરણ રૂપે છે ચરવળો-કટાસણું-મુહપત્તિ-પ્રભુપૂજાસામગ્રી-ધાર્મિક પુસ્તક વગેરે. આ સાધનો હાથમાં આવતા વ્યક્તિ વિરતિના-ભક્તિના-જ્ઞાનના શુભ વિચારોમાં-આચારોમાં રમવા માંડે અને સરવાળે શુભનો બંધ કરી ઊર્ધ્વગતિમાં જાય..

પણ... સબૂર ! આ બન્ને કરતાં મહત્ત્વની - ચડિયાતી બાબત છે અંતઃકરણ. અંતઃકરણનો અર્થ છે મન. આ અંતઃકરણ જો તીવ્રતાથી જોડાયું હોય તો જ અધિકરણ યા ઉપકરણ એની અધમ યા ઉત્તમ તીવ્ર અસરો સર્જી શકે છે. જેમ કે વ્યક્તિએ ન છૂટકે સંયોગવશ ચપ્પુ હાથમાં લીધું હોય, પરંતુ સચિત્ત વનસ્પતિ-શાક સુધારતા મન તીવ્ર ધ્રુજારી-પશ્ચાત્તાપ અનુભવતું હોય તો એને વનસ્પતિહિંસાનું પાપ અત્યંત મામૂલી બંધાય, તીવ્ર નહિ. એ જ રીતે વ્યક્તિએ ધર્મક્રિયા માટે ચરવાળો આદિ હાથમાં લીધા હોય, પરંતુ મન અન્યત્ર ભટકવાનાં કારણે એને એમાં કોઈ રસ-અભિસંધાન ન હોય તો એને ધર્મક્રિયાનો લાભ અત્યંત મામૂલી થાય, વિશિષ્ટ નહિ. આ એમ દર્શાવે છે કે શુભ-અશુભ કર્મબંધનો અને કર્મમુક્તિનો મુખ્ય આધાર અંતઃકરણ છે. અધિકરણ અને ઉપકરણ માત્ર સહાયક પરિબળો છે.

સિક્કાની આ બાજુ લક્ષ્યમાં રાખીને **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર ગ્રન્થના નવમા અધિકારમાં સાપેક્ષભાવે અંતઃકરણને સુનિયન્ત્રિત-વશવર્તી બનાવવાની સાધના જ મોક્ષનું કારણ હોવાનું પ્રતિપાદન કરતા ફરમાવે છે કે :-

जपो न मुक्त्यै न तपो द्विभेदं, न संयमो नाऽपि दमो न मौनम्।
न साधनाद्यं पवनादिकस्य, किन्त्वेकमन्तःकरणं सुदान्तम्।।

ભાવાર્થ કે મન જો અશુભમાં ભટકતું હોય તો મન્ત્રજાપ-પ્રભુનામજાપ હો કે બાહ્ય-અભ્યંતર તપ હો, સંયમ હો કે ઈન્દ્રિયદમન હો, મૌન હો કે યોગાસનસાધના હો : આમાંનાં એક પણ અનુષ્ઠાનો વ્યક્તિને મોક્ષ આપી શકતા નથી. માટે મનનું નિયન્ત્રણ જ મોક્ષનું કારણ સમજવું. અલબત્ત સાપેક્ષભાવનાં આ કથનનો એવો અર્થ હરગિજ ન કરવો કે જાપ-તપ-સંયમ વગેરે નિરર્થક છે, માત્ર મનને વશ કરવું એ જ કર્તવ્ય છે. બલ્કે એવો વિવેકસભર અર્થ કરવો કે મનને શુભમાં નિયન્ત્રિત રાખવાની જાગૃતિ સાથે જાપ-તપ-સંયમ વગેરે આત્મસાત્ કરવા. આ વિધાન ગ્રન્થકાર સ્વયં આ જ અધિકારના સોળમા શ્લોકમાં મનોનિગ્રહના ઉપાયો દર્શાવતા કરશે. અહીં એમનાં કથનનો સાર એ છે કે મન સૌથી મુખ્ય-પ્રભાવશાળી પરિબળ હોવાથી એને સુનિયન્ત્રિત રાખવાની વાતને સાધકે જરા ય નજરઅંદાજ ન કરવી.

સવાલ મહત્ત્વનો એ છે કે મનને સુનિયન્ત્રિત રાખવું શી રીતે? કારણ કે મન તો પારા અને પવન કરતાં ય વધુ ચંચળ છે. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર સોળમા શ્લોકમાં ચંચલ મનને સુનિયન્ત્રિત-શુભમાં સ્થિર કરવાના ચાર Practical સરસ ઉપાયો સરસ દર્શાવે છે. આપણે એ ઉપાયો સમજતા પૂર્વે એની સમજમાં મજબૂત ભૂમિકારૂપ બની રહે તેવું એક દૃષ્ટાંત નિહાળીએ. 'પ્રશમરતિ'ગ્રન્થમાં એનો ઉલ્લેખ **'पैशाचिक आख्यान'** શબ્દથી કરાયો છે. દૃષ્ટાંત કાંઇક આવું છે :

એક યુવાને સ્મશાનમાં જઇ ભૂત-પ્રેતની સાધના કરવાનો નિશ્ચય કર્યો. કારણ કે ભૂત-પ્રેત પાસે પ્રબળ આધિભૌતિક તાકાત હોવાનો એને ખ્યાલ હતો. જો કોઇ ભૂત સિદ્ધ થઇ જાય તો પછી વ્યવસાય - ધંધાની કોઇ કડાકૂટ ન રહે. જે જોઇએ તે બધું ભૂત દ્વારા ઉપલબ્ધ થઇ જાય. નિશ્ચય મુજબ એણે કઠોર સાધના કરી અને ખરેખર એક ભૂત એને સિદ્ધ થઇ ગયું. પરંતુ પછી ભયંકર સમસ્યા થઇ. પ્રત્યક્ષ થયેલ ભૂતે એને કહ્યું ''હું તને સિદ્ધ થયું હોવાથી તું બતાવીશ એ તમામ કાર્ય કરી દઇશ. પરંતુ હું એક ક્ષણ પણ Free નહિ રહી શકું. તારે મને નવાં નવાં કામ આપવા જ પડશે. જે ક્ષણે હું Free થઇશ એ ક્ષણે હું તારું ભક્ષણ કરી જઇશ!''

ભૂતની આ વિચિત્ર હરકતથી યુવાન ગભરાઇ ગયો. છતાં એણે હિંમત રાખી એકેક કાર્ય દર્શાવવા માંડ્યા કે ''બજારમાં મોટી દુકાન બનાવી આપ-શેરીમાં મજાનો બંગલો બનાવી આપ'' વગેરે. ભૂત-એકેક મિનિટમાં કાર્ય પૂર્ણ કરી યુવાનને કહે : ''ચલ, નવું કાર્ય આપ.'' યુવાનને થયું કે આ ભૂતને જગાડી મેં ગંભીર ભૂલ કરી છે. અંતે એ મારો કોળિયો કરી જ જશે.'' સમય પસાર કરવા બિનજરૂરી નગણ્ય કાર્યો આપતા રહી એણે પોતાના એક બુદ્ધિશાળી મિત્રને આ સમસ્યા દર્શાવી. મિત્રે એવી સલાહ આપી કે યુવાન નિશ્ચિંત થઇ ગયો. જેવું ભૂત કાર્ય માટે આવ્યું એવું તરત યુવાને કહ્યું : ''મારા બંગલાના પરિસરમાં વચ્ચે એક લોખંડની ઉત્તુંગ pipe રોપી દે.'' ભૂતે એ કર્યું એટલે યુવાને નવો આદેશ કર્યો કે ''હવે જ્યાં સુધી હું નવું કાર્ય ન આપું ત્યાં સુધી આ pipe પર ચડ-ઉતરનું કાર્ય તારે કરવાનું છે!'' વચનબદ્ધ ભૂતે એમ કરવા માંડતા યુવાનનું tension પણ દૂર થઇ ગયું અને ઇચ્છિત કાર્યો ય થયાં.

આ રમૂજી શાસ્ત્રીય કથાનક ઉપનયરૂપે એમ કહે છે કે ભૂતનાં સ્થાને છે મન. ભૂત પાસે જેમ કલ્પનાતીત તાકાત છે તેમ મન પાસે વિચારશક્તિની કલ્પનાતીત તાકાત છે. પૂર્વલેખમાં જણાવ્યું તેમ, આ વિચારશક્તિના જોરે મન તે ભવના અંતે જ મોક્ષપ્રાપ્તિના પરવાનારૂપ કેવલજ્ઞાન પણ આપી શકે, તો તે ભવના અંતે સાતમી નર્કમાં લઈ જાય તેવા ઘોર કર્મો પણ બંધાવી શકે. મનનું ભૂત સાધકને કહે છે કે "તું જો મને શુભ આલંબનો દ્વારા સ્થિર કરીશ તો હું તારી ધારણાથી ય અધિક આત્મિક ઉપલબ્ધિઓ કરાવી શકીશ. પણ જો તું મને free રાખીશ તો હું શયતાન બની જઇ તને દુર્ગતિના ચકરાવે ચડાવી તહસ-નહસ કરી નાંખીશ." મનની આ ધમકીથી ગભરાઈ ગયેલ સાધકને કલ્યાણમિત્રરૂપ સદ્ગુરુની યથાર્થ હિતકર સલાહ મળે છે અને સાધક એક નહિ, ચાર ચાર લોખંડી pipe રોપી દઈ મનને એમાં જોડી દે છે. પરિણામ એ આવે કે મનની શક્તિનો ધાર્યો લાભ ઉઠાવી શકાય અને એ જરા ય નુકસાન ન કરે એ રીતે એને સુનિયન્ત્રિત પણ રાખી શકાય. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર એ ચાર લોખંડી pipe જેવા ચાર ઉપાયો આવા દર્શાવે છે :

**(૧) સ્વાધ્યાયયોગમાં રમણતા :-** અમારા જેવા અનેક આરાધકોનો એ અનુભવ છે કે અલગ-અલગ ગ્રન્થોના-શાસ્ત્રોના સ્વાધ્યાયમાં મન જે એકાગ્રતા અનુભવે છે એ શાયદ અન્ય યોગોની અપેક્ષાએ ખૂબ ચડિયાતા હોય છે. એમાં ય વૈરાગ્યપોષક ગ્રન્થો હોય અને શબ્દસ્વાધ્યાયની સમાંતર અર્થસ્વાધ્યાય થતો હોય ત્યારે તો મનની એકાગ્રતા અદ્ભુત બની જતી હોય છે. એક ચિંતકનું વિધાન ક્યાંક વાંચ્યું હતું કે **"વિચારોનાં યુદ્ધમાં પુસ્તકો સૌથી ચડિયાતાં શસ્ત્રો છે."** આ વિધાનને ઉપરોક્ત સંદર્ભમાં સરખાવીએ તો, મનના દુર્વિકલ્પો સામેનાં યુદ્ધમાં ભરપૂર સદ્વિકલ્પો આપતા ગ્રન્થો ચોક્કસ જ ચડિયાતા શસ્ત્રોરૂપ બની રહે છે. સ્વયં અમારા એક-બે અનુભવની ઝલક ટાંકીએ :

* દશવૈકાલિક ગ્રન્થના સ્વાધ્યાયમાં બ્રહ્મચર્યમહાવ્રત માટેની ગાથામાં સાધક માટે એક વિશેષણપંક્તિ મળી "भेयाययणवज्जिणो." એનો અર્થ થાય છે બ્રહ્મચર્યને બાધા પહોંચાડે તેવાં સ્થાનોથી શ્રમણો દૂર રહે. આ પંક્તિએ

એવી જાગૃતિ આપી છે કે એવાં કોઇ પણ નિમિત્ત સામે આવે ત્યારે સહજભાવે એ પંક્તિ માર્ગદર્શક બની રહે કે આ ભેદાયતન છે. એનાથી દૂર રહીએ..

* એ જ દશવૈકાલિક ગ્રન્થમાં અન્યત્ર એક પંક્તિ છે કે ''संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए'' એનો અર્થ છે જેનાથી ચિત્તસંક્લેશ થાય તેવી બાબતોથી સાધકે દૂર રહેવું. જ્યારે જ્યારે તેવાં કોઇ નિમિત્તો ઉપસ્થિત થાય ત્યારે ત્યારે એ પંક્તિ માર્ગદર્શક બને છે કે સંક્લેશ કરનારી આ બાબતોથી આપણે દૂર રહીએ...

**(૨) ચારિત્રયોગોમાં અભિસંધાન :-** પહેલા ઉપાયમાં જો જ્ઞાનયોગ છે, તો આ બીજા ઉપાયમાં ક્રિયાયોગ છે. પ્રતિક્રમણ-સામાયિક-દર્શન વગેરે ક્રિયાયોગોમાં મનને સતત એવી રીતે પ્રવર્તાવતા રહેવું કે ત્યાં એનું અભિસંધાન રહે. મન્ત્રીશ્વર પેથડશાહની પ્રભુપૂજાયોગમાં તલ્લીનતા આ માટે આદર્શ બની રહે. જેઓ ક્રિયાયોગનો છેદ ઉડાડે છે તેઓએ એ વાત ખ્યાલમાં રાખવી જોઇએ કે free રહેતું કે શુભ આલંબન વિનાનું મન સુનિયન્ત્રિત ન રહી શકે. એના મુકાબલે ક્રિયાયોગમાં લીન થતું મન આસાનીથી સુનિયન્ત્રિત રહી શકે...

**(૩) બાર ભાવનાઓનું ચિંતન :-** અનિત્ય-અશરણ વગેરે બાર ભાવનાઓ જૈન દર્શન એવી દર્શાવે છે કે એનું વારંવાર ચિંતન - મનન મનને દુર્વિકલ્પોથી બચાવે. 'અધ્યાત્મસાર' ગ્રન્થ કહે છે કે આ ભાવનાઓ ધ્યાનનો પ્રાણ છે માટે ધ્યાનયોગી સાધકે પણ ધ્યાન સિવાયના સમયમાં બાર ભાવનાઓનું પુનઃ પુનઃ ચિંતન કરવું.

**(૪) શુભાશુભ ફળની સમીક્ષા :-** મન-વચન-કાયા શુભમાં જોડાય તો કેવા લાભો થાય અને જો તે અશુભમાં જોડાય તો કેવાં નુકસાનો થાય તેની વારંવાર સમીક્ષા-તુલના કરવી. આ પણ મનને શુભમાં સ્થાપવાનો practical ઉપાય હોવાનું ગ્રન્થકાર જણાવે છે. આવો, આપણે એક સમીક્ષાવચન દ્વારા આ લેખસમાપ્તિ કરીએ કે **ઉત્તમ વિચારોમાં લીન મન જેવો કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી, તો અધમ વિચારોમાં લીન મન જેવો કોઈ કનિષ્ઠ શત્રુ નથી.**

■ ■ ■

# ૨૦

## જાત અને જગત પર અનાસક્તભાવ એ છે વૈરાગ્ય... આવો વૈરાગ્ય ત્યાગના દીપકને દેદીપ્યમાન બનાવે...

પુષ્પ જો સુગંધરહિત હોય તો એ પુષ્પનું કોઈ મૂલ્ય નથી. માનવ તો શું, ભ્રમર પણ એ પુષ્પની આસપાસ ફરકે નહિ. દેહ જો જીવરહિત હોય તો એ મૃત દેહનું કોઈ મૂલ્ય નથી. અત્યંત નિકટના આત્મીય સ્વજનો પણ વ્યક્તિના એ દેહનો ત્વરિત અગ્નિસંસ્કાર કરવાની ફિકરમાં રહે. બસ, એ જ રીતે ત્યાગ જો વૈરાગ્યરહિત હોય તો એનું પણ કોઈ મૂલ્ય પારમાર્થિક જ્ઞાનીજનોની દૃષ્ટિએ નથી હોતું. વૈરાગ્ય વિનાનો ત્યાગ ઝાઝો સમય ટકી શકતો નથી અને જો ટકી ગયો કદાચ, તો એનું ભીતરી સ્વરૂપ આસક્તિની તીવ્ર ભૂતાવળોથી ઘેરાઈ ગયા વિના રહેતું નથી. એથી જ તો કહેવાયું છે ને કે **"ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના..."**

સાધનાપંથે આગળ વધતા સંસારત્યાગીઓ માટે તો વૈરાગ્ય અવશ્ય જરૂરી છે જ. ઉપરાંત સાધનાભિમુખ ગૃહસ્થ વ્યક્તિ માટે ય તીવ્ર આસક્તિના

અભાવરૂપ વૈરાગ્ય જરૂરી છે. આથી **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર દશમા અધિકારમાં વૈરાગ્યનો વિષય પ્રસ્તુત કરે છે. એના ચતુર્થ શ્લોકમાં તેઓ ખૂબ કોમળ અને લાગણીસભર સંબોધન સાથે હૈયે વસી જાય તેવી રજૂઆત કરે છે કે :-

कस्ते निरञ्जन! चिरं जनरञ्जनेन, धीमन् गुणोऽस्ति परमार्थदृशेति पश्य।
तं रञ्जयाशु विशदैश्चरितैर्भवाब्धौ, यस्त्वां पतन्तमबलं परिपातुमीष्टे।।

આ શ્લોકમાં સાધકને સંબોધિત કરતા તેઓ શબ્દપ્રયોગ કરે છે 'નિરંજન.' નિરંજનનો અર્થ છે નિર્લેપ. જેના પર કોઈ રંગ અંકિત ન કરી શકાય-જે કોઈથી લેપાય નહિ તે છે નિરંજન-નિર્લેપ. શંખની અવસ્થા છે નિરંજન. શંખ પર કોઈ પણ રંગ ચડાવો, એ રંગ એના પર ચડી ન શકે. કમલની અવસ્થા છે નિર્લેપ. એ ન સરોવરના કીચડથી લેપાય, ન ઝાકળબિંદુથી લેપાય. કીચડથી એ અદ્ધર રહીને નિર્લપ રહે છે, તો ઝાકળબિંદુને યથાવત્ સરી જવા દઈને એ નિર્લેપ રહે છે. સાધકની મૂલભૂત અવસ્થા આવી નિરંજન-નિર્લેપ છે. ન એ રાગથી લેપાય, ન એ દ્વેષથી લેપાય. કોઈ પણ અનુકૂળ-પ્રતિકૂળ ઘટના એના આત્મામાં રાગ-દ્વેષના રંગ ચડાવી ન શકે.

અલબત્ત આત્માની આ અવસ્થા એના સત્તાગત સ્વરૂપે છે-સ્વભાવદશાની અપેક્ષાએ છે, વર્તમાનની વિભાવદશાની અપેક્ષાએ નહિ. એટલે નિશ્ચયનયની અપેક્ષાએ આત્માને 'નિરંજન' સંબોધન સાર્થક થઈ શકે. બાકી વ્યવહારનયની અપેક્ષાએ તો એની અવસ્થા રાગ-દ્વેષથી લિપ્ત હોવાથી 'નિરંજન' સંબોધન ન થઈ શકે. ગ્રન્થકારનાં જ્ઞાનમાં આ સમજ સુસ્પષ્ટ હોવા છતાં તેઓ સાધકને 'નિરંજન' સંબોધન કરી સાધક સમક્ષ એ લક્ષ્યાંક સ્થિર કરવા ચાહે છે કે 'તારે ક્યાં ય આસક્તિગ્રસ્ત યા આવેશગ્રસ્ત થવું ન જોઈએ, બલ્કે નિર્લેપભાવમાં-વૈરાગ્યભાવમાં સ્થિર રહેવું જોઈએ.'

જૈન પરંપરામાં સાધકને દીક્ષાપ્રદાન કરવાના સમયે માતા-પિતાદિ સ્વજનો સાથેના સંબંધનો, ઘરનો અને સંસારી નામ સુદ્ધાનો ત્યાગ કરાવાય છે. કારણ એમાં એ છે કે ક્યાં ય સંસારની આસક્તિના સંસ્કારો ન રહી જાય. વિધિવિધાનરૂપે સ્વીકારાતી આ વાત જ્યારે સાધક સ્વયંની જાગૃતિ દ્વારા ઝળહળતી બનાવી દે ત્યારે ત્યાં વૈરાગ્ય ખરા અર્થમાં ચરિતાર્થ થાય. સાધકની

આંતર જાગૃતિ વૈરાગ્યને કેવો ચરિતાર્થ બનાવે એ જાણવું છે? તો વાંચો આ મજાની ઘટના :

વૈરાગ્યની ધારામાં રમતો એક યુવાન શ્રમણ બનવા ચાહતો હતો. પરંતુ માતા-પિતાદિ એને સંમતિ આપતા ન હતા. આખરે તીવ્ર વૈરાગ્યની પરાકાષ્ઠાએ એ યુવાન ગુપ્ત રીતે ઘર ત્યાગીને વિદાય થઇ ગયો અને બૌદ્ધ પરંપરામાં એ દીક્ષિત થઇ ગયો. વૈરાગ્ય એનો એવો આંતર જાગૃતિસભર હતો કે દીક્ષાને મહિનાઓ-વર્ષો વીતી ગયા તો પણ એણે સ્વજનો-ઘર-સંસાર સાથે કોઇ સંપર્ક સુદ્ધા ન રાખ્યો. માતાને હવે ઝંખના એ હતી કે 'શ્રમણ થઇ ગયેલ પુત્ર એક વાર પોતાના ગામમાં આવે, અમે એને જોઇને તો રાજી થઇએ.' આથી એ જે જે બૌદ્ધ શ્રમણો ગામમાં આવે એમને વિનંતિ કરે કે 'મારા પુત્રશ્રમણને તમે મળો તો મારો સંદેશ આપજો કે એક વાર ગામમાં આવે અને થોડા દિવસ ભિક્ષાનો લાભ આપે.'

થોડાં વર્ષો બાદ એમાંના એક બૌદ્ધ શ્રમણ પુનઃ એ ગામમાં આવ્યા. માતાએ એમને પૂછ્યું : ''મારો પુત્ર તમને ક્યાં ય મળ્યો હતો ખરો?'' શ્રમણે કહ્યું : ''હા.'' ''તમે એને મારો સંદેશ આપ્યો હતો?'' ઉત્તરમાં એ શ્રમણે જે વાત કહી એ પુત્રશ્રમણમાં ઝળહળતી તીવ્ર વૈરાગ્યજ્યોતિનાં દર્શન કરાવે તેવી હતી. એમણે કહ્યું : ''માજી ! મેં તમારા પુત્રને એ સંદેશ આપ્યો હતો અને વિહારમાર્ગમાં એક વાર ગામમાં થોડા દિવસ જવાનું એણે મને કહ્યું પણ હતું. થોડા સમય પૂર્વે એ મને ફરી મળી ગયો ત્યારે તો એણે મને એમ કહ્યું : ''હું ગામમાં એક સપ્તાહ સ્થિરતા કરી આવ્યો છું.'' ''હેં?'' માજીનાં મુખમાંથી આશ્ચર્યના ઉદ્‌ગાર સરી પડ્યા. ''હા, પણ બન્યું હતું એવું કે સાધનાકૃશ દેહનાં કારણે તમે કોઇ એને પિછાણી શક્યા ન હતા. ભિક્ષાક્રમમાં એ તમારા ઘરે પણ અવારનવાર ભિક્ષા લેવા આવ્યો હતો. તમને એનો લાભ મળી ગયો એનો એને સંતોષ હતો. બાકી એને પોતાની ઓળખ-સંબંધ રજૂ કરવામાં કોઇ રસ ન હતો.'' માજી સ્તબ્ધ થઇ ગયા કે શું વૈરાગ્ય? મમતાનો અંશ પણ અનુભવ નહિ.

જૈન પરંપરામાં આનાથી ય ચડિયાતી સુપ્રસિદ્ધ ઘટના શાલિભદ્રમહામુનિની મળે છે. પ્રભુ મહાવીરદેવના સમયમાં રાજગૃહીનગરીમાં થઇ ગયેલ એ મહર્દ્ધિક

શ્રેષ્ઠી પ્રકૃષ્ટ પુણ્યાઈના સ્વામી હતા. માનવદેહમાં દેવતાઈ સુખોપભોગ કરનાર એ શ્રેષ્ઠીની સમૃદ્ધિ સામે મગધસમ્રાટ શ્રેણિકની સમૃદ્ધિ ય પાણી ભરે એમ હતી. આમ છતાં એક વૈરાગ્યનિમિત્તે પ્રભુ મહાવીરદેવના હસ્તે દીક્ષિત થઈ તેઓ જૈન શ્રમણ બન્યા. ઉત્કૃષ્ટ વૈરાગ્યધારામાં ઝીલતા રહી તપ-ત્યાગ દ્વારા એમણે શરીર એવું સૂકવી નાંખ્યું હતું કે વિહારક્રમમાં તેઓ સ્વયંના મહાલયે-ગોચરી-ભિક્ષા માટે ગયા તો કોઈ એમને ઓળખી ન શક્યું. આ ઘટનાથી એ મહામુનિએ વૈરાગ્યનો દીપક વધુ દેદીપ્યમાન બનાવ્યો અને 'પાદપોપગમન' નામે અતિ કઠિન અનશન (આહાર-પાણી ત્યાગ) યાવજ્જીવ સ્વીકારી તેઓ મોક્ષપદની આરાધનામાં અગ્રેસર થયા...

નિરંજન અવસ્થા-નિર્લેપ વૃત્તિ શી મહાન બાબત છે તે આપણને ઉપરોક્ત ઘટનાઓમાં પ્રતિબિંબિત થતી જણાય છે. ગ્રન્થકાર 'નિરંજન' શબ્દનું સંબોધન કરીને આ આદર્શ અવસ્થા તરફ આગળ વધવાનો સાધકને અંગુલિનિર્દેશ કરે છે. જે જે પુણ્યાત્માઓ દીક્ષાસ્વીકાર બાદ પણ બાહ્ય જગતમાં પ્રસિદ્ધ થવાના ચક્કરમાં સપડાઈ જાય છે એમને એ પછી ગ્રન્થકાર પૂર્વોક્ત શ્લોકમાં જ સરસ હિતશિક્ષા આપે છે કે 'સાધક! ખરેખર તો તારે નિરંજન થવાનું છે, જનરંજન-લોકપ્રસિદ્ધિ તારું લક્ષ્ય ન હોય. એનાથી પારમાર્થિક દૃષ્ટિએ તને કોઈ લાભ નથી. માટે ઉત્તમ આચરણ દ્વારા એ આત્મધર્મનું તું રંજન કર કે જે તને આત્મિક પતનની ગર્તામાં જતો બચાવીને આત્મિક પ્રગતિના શિખરે આરૂઢ કરે.'

કેટલી મર્મવેધી રજૂઆત છે ગ્રન્થકારની! એ કહે છે કે ઉત્કૃષ્ટ આચરણ દ્વારા પણ લક્ષ્ય જો લોકપ્રસિદ્ધ થવાનું જ હોય તો તે સાધક દિશાભૂલ કરે છે. **ઉત્કૃષ્ટ તપથી-જ્ઞાનથી કે પ્રવચનશક્તિથી પણ સાધક જો લોકપ્રસિદ્ધ થવામાં જ રાચતો હોય તો પ્રવૃત્તિ સારી હોવા છતાં પરિણામ એમના માટે લગભગ શૂન્યવત્ આવે.** યાદ આવે અહીં સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરની આ પંક્તિ કે **''જનરંજનની નહિ ઈહા, મુનિ મારગ ભાખે નિરીહા.''** ભાવાર્થ એનો આ છે કે પ્રવચન આપતા ય મુનિને જનરંજનની-વાહવાહની કોઈ ઝંખના ન હોય, તેઓ નિઃસ્પૃહભાવે પ્રભુવચનોનાં માધ્યમે કલ્યાણમાર્ગનું દર્શન કરાવે. આવો નિરીહભાવ-વૈરાગ્યભાવ સ્વકલ્યાણ પણ

કરે અને પરકલ્યાણ પણ કરે. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકારનું ઉપરોક્ત નિરૂપણ એટલે કાબિલેદાદ છે કે દીક્ષા સ્વીકાર્યા પછી ય આવી જતી ખામીઓ-ક્ષતિઓ અંગે સાધકને બહુ પ્રબળ-સબળ અંગુલિનિર્દેશ એ લાગણીભીની શૈલીથી કરે છે.

આ જ લયમાં તે પછીના શ્લોકમાં ગ્રન્થકાર, સાધક શ્રમણ અને સાધનાભિમુખ ગૃહસ્થને ઉદ્દેશી ભ્રાંત કરાવી દે તેવા ભયસ્થાનો રજૂ કરી એમને સાવધ કરે છે. જેમ કે (૧) **હું વિદ્વાન છું.** ઘણી વાર એવું બને કે શ્રમણ યા ગૃહસ્થ વ્યક્તિ વિશિષ્ટ વિદ્વત્તા ધરાવતી હોય તો એનામાં એવો અહંકાર છવાઈ જાય કે મારામાં ઘણું જ્ઞાન છે-હું બીજાઓથી વિશેષ છું અને પછી એવું બને કે અન્યોની સાચી-યોગ્ય વાત પણ ઘણી વાર ન સાંભળે (૨) **હું લબ્ધિધારી છું.** ટીકાકાર ભગવંતે લબ્ધિનો અર્થ કર્યો છે ચમત્કારિક લાગે તેવી આમર્ષૌષધિ આદિ શક્તિઓ અથવા ઉત્તમ વસ્તુઓની-સંપત્તિ આદિની પ્રાપ્તિ. આ બધું વિશિષ્ટ પુણ્યાઈના યોગે મળી જાય ત્યારે ય ઘણી વાર એવું બને કે એ ઉપલબ્ધિઓની રાઈ મગજમાં ભરાઈ જાય અને વ્યક્તિ અન્યોને નગણ્ય ગણે. (૩) **હું રાજા-દાતા વગેરે છું.** કેટલીક વાર દાનનો પણ અહંકાર પ્રગટે કે મેં આટલા ક્રોડ રૂ.નાં દાન કર્યા છે માટે હું વિશિષ્ટ છું. (૪) **હું અદ્ભુત ગુણસંપન્ન છું.** કેટલીક વાર સેવા-પરોપકાર-સમતા વગેરે ગુણો હોય તો વ્યક્તિ એનો ય પ્રચાર કરવાની તક ન ચૂકે. ભલે એ સીફતથી રજૂઆત કરે. પરંતુ એમાં એનો અહંકાર ડોકાયા વિના ન રહે. (૫) **હું મોટો છું.** વય-સ્થાન-નામના વગેરેનાં કારણે ય મહત્તાનો કેફ વ્યક્તિમાં આવી શકે.

ગ્રન્થકાર આ નિર્દેશ કરીને કહે છે કે 'સાધનાજગતમાં પ્રવેશ્યા પછી જો આવા બધા અહંનો ભોગ બનીશ તો સરવાળે એનાથી ભવાંતરમાં તને લઘુતા-તુચ્છતા જ મળશે.' વ્યક્તિથી લઈને શક્તિ સુધી સર્વત્ર અનાસક્તિ-વૈરાગ્ય કેળવવાની ગ્રન્થકારની વિવેકધારાને આપણે અંતરના અક્ષયપાત્રમાં ઝીલીએ..

# ૨૧

# તમારી સંચિત સંપત્તિ પરલોકમાં સાથે નહિ આવે... તમારો સંચિત ધર્મ પરલોકમાં જરૂર સાથે આવશે...

મહારાજામાંથી મહારાજ અને સમ્રાટમાંથી સંત બનેલ ભર્તૃહરિ એટલે વૈવિધ્યસભર વ્યક્તિત્વ ધરાવતા કવિ. સંસ્કૃત ભાષામાં એમણે સર્જેલ સો-સો શ્લોકોનાં ત્રણ શતક ખૂબ પ્રસિદ્ધ છે : શૃંગારશતક, નીતિશતક અને વૈરાગ્યશતક. આ જ ક્રમથી રચેલ એ શતકો પૈકી શૃંગારશતકમાં એ સખત ઉન્માદી રસિક પ્રેમીજન લાગે, નીતિશતકમાં એ નીતિમત્તાના પ્રખર પુરસ્કર્તા લાગે; તો અંતે રચેલ વૈરાગ્યશતકમાં એ પ્રબળ વૈરાગી લાગે. ખૂબી એ છે કે શૃંગાર અને વૈરાગ્ય પરસ્પર વિરોધી ભાવો હોવા છતાં તેઓ બન્ને શતકમાં તે તે સ્વરૂપે ખૂબ નિખર્યા છે. શૃંગારમાંથી પસાર થઈને-એના વિષાદો અનુભવીને તેઓ અંતે વૈરાગ્યને જ સાર સમજી એમાં સ્થિર થયા હતા.

આ ભર્તૃહરિએ વૈરાગ્યશતકના એક શ્લોકમાં સંસારની નવ-નવ એવી આકર્ષક બાબતો દર્શાવી છે કે જેના પર કોઈ ને કોઈ ભય ઝળુંબતો હોય.

એ તાર્કિક રીતે દરેક ભય પુરવાર કરીને કહે છે કે માત્ર વૈરાગ્ય જ ભયમુક્ત છે. આપણે અહીં-ભૂમિકામાં એ નવ બાબત તો નહિ, પરંતુ બે-ત્રણ બાબતો નિહાળીએ : (૧) **ભોગમાં રોગનો ભયઃ-** સંસારના કોઈ પણ ભોગસુખો ચાહે તેવા આકર્ષક હોય, પરંતુ તે જો અતિરેકથી ભોગવાય તો એ રોગની આમન્ત્રણપત્રિકા બની જાય. કદાચ એવું ન થાય તો ય વયજન્ય રોગોનાં આક્રમણ થાય ત્યારે ભોગ પર અનિચ્છાએ પણ 'break' આવી જ જાય. માટે નક્કી થયું કે ભોગમાં રોગનો ભય છે.

(૨) **સંપત્તિમાં સત્તાનો (રાજાનો) ભયઃ-** સંપત્તિ જેમ જેમ વધતી જાય તેમ તેમ વ્યક્તિએ એને સત્તાધીશોના સકંજામાંથી બચાવવાના પેંતરા રચવા પડે. એના ચક્કરમાં ઘણી વાર એની નિદ્રા વેરણ થઈ જાય, તો ક્યારેક બેઈજ્જત થઈ જેલ સુધી ય જવું પડે. આ પુરવાર કરે છે કે સંપત્તિને સત્તાનો ભય છે.

(૩) **કાયાને કાળનો ભયઃ-** કાયા ચાહે તેવી સુંદર હોય કે સશક્ત હોય, કાળનો ઝપાટો વાગે એટલે એ કાયાને રાખ-ખાખ થઈ જતાં જરા ય વાર નથી લાગતી. આ એમ દર્શાવે છે કે કાયાને કાળનો-યમરાજનો ભય છે. આ રીતે સંસારની દરેક બાબતો ભયયુક્ત છે. એક માત્ર વૈરાગ્ય જ એવો છે કે જેને કોઈ ભય નડી શકતો નથી. એ અ-ભય છે! ભર્તૃહરિ એટલે શ્લોકના અંતે લખે છે કે ''वैराग्यमेवाभयम्'' આ વૈરાગ્યભાવના હૈયે વધુ ને વધુ વિકસ્વર બને તે માટે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર 'વૈરાગ્યોપદેશ' અધિકારમાં જે વૈવિધ્યસભર રજૂઆત કરે છે એમાંની ઝલકરૂપ રજૂઆતોનો આસ્વાદ આપણે માણીએ :

આ અધિકારના ઓગણીશમા શ્લોકરૂપે ગ્રન્થકાર જણાવે છે કે :-

प्रगल्भसे कर्मसु पापकेष्वरे,! यदाशया शर्म न तद्विनानितम्।
विभावयंस्तच्च द्रुतं विनश्वरं, बिभेषि किं दुर्गतिदु:खतो न हि।।

આ શ્લોક એક નહિ, બબ્બે રીતે હૈયું ઝકઝોરી દે એવી વૈરાગ્યની વિચારધારા આપે છે. સંસારી વ્યક્તિને ઉદ્દેશી પહેલી રીતે એ એમ કહે છે કે "હે જીવ! તું જે જે પાપકર્મોમાં લીન થાય છે તે તે પાપો પાછળ તારો આશય

પૈસો-પદ-પરિવાર-પદાર્થ વગેરે બાહ્ય સુખો પ્રાપ્ત કરવાનો છે. પરંતુ તું યાદ રાખજે કે પૈસો-પદ વગેરે બાહ્ય સુખો આયુષ્ય હોય તો જ માણી શકાય છે અને આયુષ્ય તો ક્ષણભંગુર હોવાથી એનો ભરોસો નથી. તો પછી આ બધા પાપો શા માટે કરવા?'' ધ્યાનથી વિચારીશું તો શ્લોકની આ રજૂઆત એકદમ તર્કબદ્ધ હોવાનું પ્રતીત થશે. કારણ કે એક વ્યક્તિ અનીતિ-જૂઠ-કપટ-ભ્રષ્ટાચાર કે ખૂનખરાબા જેવાં જે પાપો કરે છે એમાં એનો આશય પૈસા-પદ-પદાર્થો મેળવી લેવાનો જ હોય છે. ગલત માર્ગે આ બધું અંકે કર્યા પછી અચાનક જો જીવન જ સમાપ્ત થઇ જાય તો એ પ્રાપ્તિનો કાંઇ અર્થ જ નથી રહેતો. યાદ રહે કે એવા ઘણા લોકો હોય છે કે જેઓનું જીવન જંજાળોથી ગ્રસ્ત હોય છે અને અચાનક એમનું જીવન સમાપ્ત થઇ જાય ત્યારે એ મળેલું માણી પણ શક્યા નથી હોતા. ખબર છે પેલી રમૂજી વાત?

ગામના નગરશેઠનું જીવન જ એવું હતું કે એ સતત વ્યવસાયની માયાજાળમાં સાચા-ખોટા ઉપાયો કરવામાં જ વ્યસ્ત રહે. એ ગામમાં એક વાર નટમંડળીનું આગમન થયું. ગામનો શિરસ્તો એ હતો કે પહેલો ખેલ શેઠના બંગલાના પરિસરમાં થાય-શેઠ એ નિહાળે તે પછી જ અન્ય મહોલ્લાઓમાં ખેલ થઇ શકે. નટમંડળીના અગ્રણીએ શેઠની સમક્ષ ખેલ અદ્વિતીય-અદ્ભુત હોવાની વાતો કહી એ તરત જોવા વિનંતિ કરી. પરંતુ જંજાળગ્રસ્ત શેઠને સમય ન હોવાથી બે દિવસ પછી મળવાનું કહ્યું. બે દિવસ પછી પણ નટમંડળીના અગ્રેસરને પુનઃ બે દિવસ પછીનો વાયદો મળ્યો. નટમંડળીને ગામમાં ઠેર ઠેર ખેલ કરવાની તમન્ના હતી. પરંતુ શેઠને સમય ન મળતો હોવાથી વાત એક સપ્તાહ સુધી લંબાઇ ગઇ.

આઠમા દિવસે નટમંડળીના અગ્રેસરને સમાચાર મળ્યા કે શેઠ વહેલી પ્રભાતે મૃત્યુ પામ્યા છે! મનોમન કોઇ વિ-લક્ષણ નિર્ણય કરી એણે તો શેઠના બંગલાના પરિસરમાં ઝડપથી થાંભલા રોપી ખેલની તૈયારી કરવા માંડી. ગામના શાણા લોકોએ એને ટપાર્યો કે ''ભલા માણસ! મોતના માતમના સમયે તે કાંઇ નાટકના ખેલ કરાતા હશે?'' ઠાવકે મુખે મંડળીના અગ્રેસરે ઉત્તર આપ્યોઃ ''મને ય ખબર છે કે અત્યારે ખેલનો અવસર નથી. પણ શું થાય? ત્રણ-ત્રણ

વારની વિનંતિ પછી ય શેઠને સમય ન મળ્યો. એટલે મને થયું કે આજે છેલ્લો અવસર છે અને આજે તો શેઠ ના પણ કહી શકવાના નથી. માટે આજે ખેલ બતાવી જ દઉં!'' સાંભળનારાઓને આ કટાક્ષ પર હસવું કે રડવું એ સમજાયું નહિ...

આવી કરુણાંતિકા જો પૈસો-પદ-પ્રતિષ્ઠા મેળવતાની સાથે જ સર્જાય, તો એના માટે કરેલ પાપપ્રવૃત્તિઓનો લાભ શો? કાંઈ જ નહિ.. હવે ગ્રન્થકાર બીજી રીતે વૈરાગ્યની વિચારધારા આપતા એ જ શ્લોકમાં જણાવે છે કે એ પાપો દ્વારા ઉપાર્જિત થનાર ભવિષ્યની દુર્ગતિનાં દુઃખોનો તને ડર-ભય કેમ નથી લાગતો? યાદ રાખ કે **પાપપ્રવૃત્તિઓ દ્વારા પૈસા-પદાર્થો વગેરે મળશે જ એ નિશ્ચિત નથી, મળે તો એને માણવાનું આયુષ્ય મળશે જ એ નિશ્ચિત નથી; પરંતુ રસપૂર્વક થયેલ એ પાપપ્રવૃત્તિઓથી દુર્ગતિ મળશે જ એ નિશ્ચિત છે. જો આ રીતની વિચારણા વારંવાર હૃદયસ્થ કરાય તો એના દ્વારા પૈસા-પદ વગેરે માટે આંખ મીંચીને પાપો કરવાના અભિગમમાં ચોક્કસ પરિવર્તન આવે અને હૈયે વૈરાગ્યનો દીપક વધુ પ્રકાશમાન થાય...**

જેમ પોતાનાં જીવનની ક્ષણભંગુરતા વિચારવાથી આસક્તિનું પ્રમાણ ઘટે અને વૈરાગ્યનું પ્રમાણ વધે, તેમ નજર સમક્ષ અન્યોનાં જીવન ખતમ થઈ જતાં જોવાથી-એના પર વિચાર કરવાથી પણ આસક્તિનું પ્રમાણ ઘટે અને વિરક્ત દશા વધે. ઈ.સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીનો કચ્છનો ભૂકંપ થયો એ પછીના છ વર્ષ બાદની વાત. ત્યારે અમે વસઈ જૈન સંઘમાં હતા. ત્યાંના એક કચ્છના વતની પુણ્યાત્મા વાર્તાલાપમાં અમને કહે : ''મહારાજશ્રી! એ ભયાનક ભૂકંપનાં દૃશ્યો અમે T.V. પર જોયા, અમારી માતૃભૂમિને વેરાન-ભેંકાર બની જતી જોઈ, કરોડપતિ વ્યક્તિઓને કાચી ક્ષણમાં Road પર રખડતા થઈ ગયેલ જોઈ; ત્યારથી જીવન પ્રત્યેનો અભિગમ ધરમૂળથી બદલાઈ ગયો છે. એમ થાય છે કે હાયવોય કરી વધુ ને વધુ ભેગું કરવાનો કોઈ અર્થ નથી. આવી એકાદ હોનારતમાં બધું જ ચાલ્યું જશે અને આપણે ય ખતમ થઈ જઈશું. અલબત્ત, સંસાર લઈને બેઠા છીએ એથી જરૂરિયાત બધી સાચવીએ છીએ. પરંતુ હવે તીવ્ર લહાય-આંધળી દોટ નથી રહી.'' શું છે આ? નજર સમક્ષ અન્યોનાં જીવન ખતરનાક રીતે ખતમ થતાં જોઈ ઉદ્ભવેલ અનાસક્તિ-વૈરાગ્યદશા.

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર આ અન્યોની જીવનસમાપ્તિ નિહાળી વૈરાગ્યવૃદ્ધિ કરવાની વાતને જરા અલગ સ્પર્શ આપી એકવીશમા શ્લોકમાં કહે છે કે ''(૧) ભાઈ-બહેન-વગેરે જે જે વ્યક્તિઓ તારી સાથે પાલન-પોષણ પામી છે એમાંની ઘણી વ્યક્તિઓને અંતિમ મંઝિલે પહોંચાડવાનું કાર્ય તેં કર્યું હશે. (૨) જેમની સાથે દોસ્તી રાખી, જેમની સાથે રમીને મોટા થયા એવા મિત્રોની સ્મશાનયાત્રામાં તું સામેલ થયો હશે (૩) જેઓ તારા પ્રત્યે અત્યંત સ્નેહ ધરાવતા હતા અને તું પણ જેના પ્રત્યે પ્રબળ સ્નેહ ધરાવતો હતો એ પત્નીને (પતિને) ય તેં નજર સમક્ષ મૃત્યુના ખપ્પરમાં હોમાતી નિહાળી હશે. આ બધા સાથીઓનો અંજામ નિહાળ્યા પછી તું વિરક્ત થઈ આત્મહિત માટે ઉતાવળ કેમ કરતો નથી?''

એક સરસ ચિંતન અહીં યાદ કરવા જેવું છે કે **જે સમય પહેલા અર્થાત્ બાલ્યાવસ્થાથી ધર્મમાં જોડાઈ જાય છે એ ઉત્તમોત્તમ છે, જે સમયની સાથે અર્થાત્ યુવાવસ્થાએ ધર્મમાં-આત્મહિતમાં જોડાય છે એ ઉત્તમ છે; જે સમય વીતવા આવે ત્યારે અર્થાત્ વૃદ્ધાવસ્થામાં આત્મહિતમાં સામેલ થાય એ મધ્યમ છે અને જે કોઈ પણ તબક્કે આત્મહિતમાં સામેલ થતા નથી એ અધમ છે.** એકવીશમા શ્લોકનું ચિંતન આપણને અધમ કક્ષાથી ઉપર ઉઠાવી મધ્યમ કક્ષાએ લઈ જવાની પ્રેરણા આપે છે, તો વીશમા શ્લોકનું ચિંતન એથી ય આગળ ઉત્તમ અને ઉત્તમોત્તમ બનવાની પ્રેરણા આપે છે.

છેલ્લે એક મજાની વાત : **તમારી સંચિત સંપત્તિ પરલોકમાં સાથે નહિ આવે. તમારો સંચિત ધર્મ પરલોકમાં જરૂર સાથે આવશે.**

## ૨૨

# જો તમે તમારાં ધર્મકાર્યો વિશે મૌન રહેશો તો એ ધર્મકાર્યો તમારા વિશે વધુ સારું બોલી શકશે.

સંસ્કૃતમાં એક પ્રસિદ્ધ ઉક્તિ છે કે : ''अचिन्त्यो हि मणि–मन्त्रौषधीनां प्रभावः.''

ભાવાર્થ કે ચિંતામણિ યા સૂર્યકાંત-ચન્દ્રકાંત જેવા મણિઓ, વિશિષ્ટ મન્ત્રો અને ચમત્કારિક પરિણામ આપતી ઔષધિઓ : આ ત્રણે ય નો પ્રભાવ કલ્પનાતીત હોય છે. ચિંતામણિરત્ન કે વિશિષ્ટ મન્ત્રો મનોવાંછિત કાર્યો પૂર્ણ કરી આપે, તો ચમત્કારિક ઔષધિઓ શારીરિક રોગોનો રામબાણ ઈલાજ કરી આપે.

પણ... સબૂર ! આ ત્રણે ય શુદ્ધ હોય-Pure હોય તો જ એનું સામર્થ્ય દર્શાવી શકે એ નિશ્ચિત બાબત છે. મણિ જો કાકપદો હોય-અશુદ્ધ તત્ત્વોના અંશો ધરાવતો હોય તો ફલપ્રદ ન બને, મન્ત્રનું એકાદ બીજ -એકાદ પદ અશુદ્ધ હોય તો એ પરિણામદાયી ન બને; અને ઔષધિમાં જો થોડીક ભેળસેળ

હોય તો એ રોગનિવારણ ન કરી શકે. આ પૈકી ત્રીજા ઔષધિસંબંધી વિધાનને આધુનિક પરિપ્રેક્ષ્યમાં લઇ ઉદાહરણ વિચારીએ તો, હમણાં Corona મહામારીની બીજી લહેરમાં Remdisiver Injections ની માંગ ખૂબ વધી જતાં એમાં ભેળસેળના કૌભાંડો થયા. આ ભેળસેળયુક્ત Injections જરા ય કામિયાબ ન નીવડ્યા અને એ લીધા પછી ય મોટો વર્ગ મોતથી બચી ન શક્યો. આ એમ દર્શાવે છે કે જ્યાં ભેળસેળ-અશુદ્ધિ છે ત્યાં શક્તિશાળી સામગ્રી પણ નાકામિયાબ બની જાય છે.

બસ, જે વાત ઉપરોક્ત ત્રણ પ્રભાવસંપન્ન બાબતોને લાગુ પડે છે એ જ વાત આત્મસાધના-ધર્મઆરાધનાને લાગુ પડે છે. એથી જ **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર અગિયારમા અધિકારમાં ધર્મશુદ્ધિનો વિષય લઇને ઉપસ્થિત થાય છે. તેઓ આ અધિકારમાં જે વાત ઘૂંટી ઘૂંટીને સમજાવે છે તે પેલા ઇંગ્લીશ સુવાક્યની યાદ અપાવી જાય છે કે "Pay attention on the quality of your actions rather than its quantity" મતલબ કે તમે તમારી (ધર્મ) પ્રવૃત્તિની સંખ્યા કરતાં એની ગુણવત્તા પર વધુ ધ્યાન આપો. ગ્રન્થકાર આ વાતને એટલી સ્પષ્ટતાપૂર્વક રજૂ કરે છે કે ધર્મસાધનાની-આરાધનાની ગુણવત્તા ઉચ્ચતર બને એ માટે કયા કયા દૂષણોથી બચવું જોઇએ તે આપણને ખૂબ જ સરલતાથી સમજાઇ જાય. અધિકારના બીજા શ્લોકમાં તેઓ આરાધનાનાં દૂષણો આ જણાવે છે કેઃ-

शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधो,-नुतापदम्भाविधिगौरवाणि च ।
प्रमादमानौ कुगुरुः कुसङ्गतिः, श्लाघार्थिता वा सुकृते मला इमे।।

આ શ્લોકમાં ધર્મસાધનાને મલિન-દૂષિત કરે તેવાં તેર દૂષણો દર્શાવાયા છે. આપણે સ્થળસંકોચવશ એ તમામનું વિશ્લેષણ તો અહીં ન કરી શકીએ, પરંતુ એમાંનાં કેટલાક દૂષણો પર વિચારણા કરીશું. આમાં પ્રથમ દોષ દર્શાવાયો છે શિથિલતા. જે આરાધના-સાધના જે રીતે કરવાની હોય તે રીતે ન કરતાં શરીરની સુખશીલતા પોષાય તે રીતે કરવી તેને કહેવાય શિથિલતા. જેમ કે કાયોત્સર્ગસાધના ઊભા ઊભા કરવાની હોય એ સુખશીલતા માટે બેઠા બેઠા

કરાય તો એ બને શિથિલતા.એ જ રીતે તે તે અનુષ્ઠાનો અતિ ઉતાવળથી કરાય, અસ્ત-વ્યસ્ત કરાય તો તે ય  શિથિલતા કહેવાય. સંક્ષેપમાં એમ કહી શકાય કે શક્તિ હોવા છતાં ય જે આચારો દેશ-કાળસાપેક્ષ પણ યથોચિત ન પળાય તો તે ગણાય છે શિથિલતા. આત્માર્થી આરાધકે આ શિથિલતાથી દૂર રહેવું જોઇએ.

ગ્રન્થકારે સાધનાનું બીજું દૂષણ દર્શાવ્યું છે ઈર્ષ્યા. ધારો કે તમે કોઇ સરસ તપસાધના કરી છે. પરંતુ બીજી વ્યક્તિએ તમારાથી વધુ ઉગ્ર-વધુ શ્રેષ્ઠ તપશ્ચર્યા કરી છે. તો એ સમયે તમારો અભિગમ તે બીજી વ્યક્તિની વિશિષ્ટ તપસાધના માટે અનુમોદનાનો-પ્રશંસાનો જ હોવો જોઇએ. અરે ! તમારાથી વિશિષ્ટ તપસાધના કરનાર અંગે જ શા માટે? એથી ય આગળ વધીએ તો તમારાથી ન્યૂન-અલ્પ તપસાધના કરનાર પ્રત્યે પણ તમારો અભિગમ અનુમોદનાનો-પ્રશંસાનો જ રહેવો જોઇએ. ન્યૂન તપ કરનાર પ્રત્યે ન તિરસ્કાર જોઇએ, શ્રેષ્ઠ તપ કરનાર પ્રત્યે ન ઈર્ષ્યા-બળતરા જોઇએ. જો આવો ઉમદા અભિગમ ન હોય તો ધર્મઆરાધના કર્યા પછી ય લાભના બદલે કેવી નુકસાનીમાં ઊતરી જવાય એ જાણવું છે? તો વાંચો શાસ્ત્રોનાં પાને અંકિત થયેલ આ આંખ ખોલી દેતી ઘટના :

કુંતલા નામે એક રાજરાણી. પરમાત્મા જિનેશ્વરભગવંતોની ભક્તિમાં એને એટલી બધી રુચિ હતી કે કલાકોના કલાકો પર્યંત એ પ્રભુની પૂજા-અંગરચના-જિનાલયશણગાર આદિ કરે. એ કાળની પ્રણાલિકા મુજબ એના પતિ રાજવીએ અન્ય રાજકુમારીઓ સાથે લગ્ન કર્યા. કુંતલા એ સપત્ની રાજરાણીઓને પણ પ્રભુભક્તિ-અંગરચના શીખવવા માંડી. નવી રાણીઓ અત્યંત સરલ મનની હતી. તેથી તેઓ પ્રભુભક્તિની આ ધર્મારાધનામાં સહજતાથી જોડાઇ ગઇ. થોડા સમય બાદ વાત એવી બનવા માંડી કે એ રાણીઓ સ્વયંસ્ફૂર્ત ભાવનાથી કુંતલા રાણી કરતાં ય ચાર ચાસણી ચડે એવી ઉત્તમ પ્રભુભક્તિ કરવા માંડી. એમના ગૃહજિનાલયો કુંતલાના જિનાલય કરતા વધુ શ્રેષ્ઠ-લાખેણા બન્યા, તો એમની નિત્યની પ્રભુભક્તિ ય કુંતલાથી મૂલ્યવાન થવા માંડી. અલબત્ત, એ

રાણીઓના અંતરમાં કુંતલા પ્રત્યે લેશ પણ સ્પર્ધાભાવ ન હતો. એ તો એને ગુરુસ્થાને માનતી હતી. જે બન્યું એ સહજતાથી થયું હતું.

પરંતુ રાણી કુંતલાની ભીતરમાં ઈર્ષ્યાની આગ લબકારા લેવા માંડી કે 'હજુ ગઈ કાલે તો મેં જેમને પ્રભુભક્તિ શીખવી હતી એ રાણીઓ મારાથી ચડિયાતી ભક્તિ કરવા માંડે એ શી રીતે સહ્ય થાય?' એ પ્રગટપણે ભલે કાંઈ બોલતી ન હતી. કિંતુ ભીતરથી બળતી-જલતી હતી. **ઈર્ષ્યાની આ કરુણ વિચિત્ર લાક્ષણિકતા છે કે એ વ્યક્તિને જીવતે જીવ બાળ્યા કરે. સ્મશાનની આગ મૃત વ્યક્તિને બાળે, જ્યારે ઈર્ષ્યાની આગ જીવંત વ્યક્તિને બાળે.** થોડા વર્ષ બાદ આ ઈર્ષ્યામાં જ રાણી કુંતલા મૃત્યુ પામી. એના મૃત્યુના કેટલાક સમય બાદ એક નવી ઘટનાએ આકાર લીધો કે પેલી રાણીઓના વૃંદની આસપાસ એક કૂતરી સતત ફર્યા કરે. એને દૂર કરાય તો પણ એ પુનઃ ત્યાં આવી જ જાય. આશ્ચર્યચકિત રાણીવૃંદે એક વાર વિશિષ્ટ જ્ઞાનીભગવંતનો યોગ થતા કૂતરી સાથેના ઋણાનુબંધ અંગે પ્રશ્ન કર્યો. એનો જે ઉત્તર મળ્યો એનાથી એ રાણીવૃંદ આઘાતસ્તબ્ધ થઈ ગયું. જ્ઞાનીભગવંતે જ્ઞાનબળે નિહાળીને કહ્યું કે ''આ કૂતરી અન્ય કોઈ નહિ, રાણી કુંતલાનો જીવ છે. સતત તમારી ઈર્ષ્યાનાં કારણે એને તિર્યંચનો અવતાર મળ્યો છે અને પૂર્વજન્મના ગાઢ સંસ્કારોથી એ તમારી આસપાસ ભમ્યા કરે છે.''

આ છે ઈર્ષ્યાનો કરુણ અંજામ.

ગ્રન્થકારે દર્શાવેલ ધર્મસાધનાનાં અન્ય દૂષણોને હવે આપણે સંક્ષેપમાં નિહાળીએ. એમાં આવે છે કદાગ્રહ. કદાગ્રહ એટલે 'પોતે જે માને છે એ જ સાચું ને અન્ય સર્વની માન્યતા ગલત.' આવી એકાંગી ઝનૂનભરી વૃત્તિ. વસ્તુતઃ 'સાચું તે મારું' આવો ઉમદા અભિગમ ધર્મક્ષેત્રે હોવો જોઈએ. એનાં સ્થાને 'મારું જ સાચું' નો આ કદાગ્રહી અભિગમ ધર્મસાધનાનાં ક્ષેત્રે જૂથવાદ-કુસંપ સર્જે છે. આજે પણ ધર્મનાં ક્ષેત્રે એવા ઘણા ઠેકેદારો હોય છે જે આ કદાગ્રહની સીફતપૂર્વક પ્રભાવના કરતા હોય છે. એને દૂષણરૂપ સમજી વિવેકી પુણ્યાત્મા એનાથી દૂર રહે... અન્ય એક દૂષણ છે અનુતાપ અર્થાત્ પશ્ચાત્તાપ. ધર્મપ્રવૃત્તિ

દાનની હોય કે તપની : એ કરવામાં થોડું કષ્ટ પણ અનુભવાયું હોય તો ય તે કરતા યા કર્યા પછી નાનકડો ય અનુતાપ-પશ્ચાત્તાપ ન જોઈએ, બલ્કે માત્ર ને માત્ર અનુમોદના જ જોઈએ. યાદ રહે કે દાન આપ્યા પછી પશ્ચાત્તાપનાં કારણે જ મમ્મણ શેઠે દાનાંતરાયકર્મ બાંધ્યું હતું. જે અંતે એમને નર્કના અતિથિ બનાવીને જ જંપ્યું.

ધર્મસાધનામાં અપેક્ષાએ સૌથી ખતરનાક દોષ છે દંભ-કપટ. ભીતરમાં જુદું અને બહાર જુદું, દેખાવ અલગ અને વાસ્તવિક આચાર અલગ : આને કહેવાય દંભ. કેટલીક વાર વ્યક્તિ ધર્મી તરીકેની impression દૃઢ કરવા દંભ કરે, તો કેટલીક વાર ધર્મી તરીકેની છાપ અકબંધ રહે તે માટે ય દંભ કરે. આ દંભની ખતરનાક તાકાત એ છે કે તે ધર્મકરણીનું તમામ ફળ રાખ-ખાખ-સાફ કરી નાંખે. જૈન શાસ્ત્રોમાં લક્ષ્મણા સાધ્વીજીનું ઉદાહરણ મળે છે. એમણે આત્મવિશુદ્ધિ માટે સતત અડતાળીસ વર્ષ અતિ ઉગ્ર-ઘોર તપ કર્યો હતો. પરંતુ દંભ આચરવાનાં કારણે એમને ઘોર તપ પછી ય આત્મવિશુદ્ધિ પ્રાપ્ત ન થઈ.

અન્ય એક ખતરનાક દોષ છે અહંકાર. હું અન્ય કરતા મોટો-મહાન, મારી ધર્મસાધના અન્યો કરતાં શ્રેષ્ઠ : આવી આવી માનપોષક મનોવૃત્તિ તે છે અહંકાર. આવી અહંકારી વૃત્તિથી બાહુબલિ મુનિવરનાં જીવનમાં નિહાળાય છે તેમ દીર્ઘકાલીન ઉત્કૃષ્ટ સાધના પણ ફળદાયી નથી બનતી.

છેલ્લે આ અહંકારનાં દૂષણનાં સંદર્ભમાં મજાનું સુવાક્ય : **તમે તમારાં ધર્મકાર્યો-સત્કાર્યો વિશે મૌન રહેશો તો એ કાર્યો તમારા વિશે ખૂબ સારું બોલી શકશે.**

■ ■ ■

# ૨૩

# બહિર્મુખ વ્યક્તિ આત્મપ્રસિદ્ધિ માટે ધર્મ કરે... અંતર્મુખ વ્યક્તિ આત્મસિદ્ધિ માટે ધર્મ કરે...

વ્યક્તિત્વ બે પ્રકારનાં હોય છે : એક બહિર્મુખ સ્તરનું અને બીજું અંતર્મુખ સ્તરનું. જે બહિર્મુખ સ્તરનું વ્યક્તિત્વ છે એ લોકપ્રસિદ્ધ થવા ઝંખતું હોય છે. આ સ્તરની વ્યક્તિ કોઈ પણ શુભ કાર્ય કરે તો એ એની વધુ ને વધુ પ્રસિદ્ધિ કરવાની કોશિશ કરશે. એ કોઇ પરોપકારનું કાર્ય કરશે તો એને Highlight કરશે, તો એ સમાજસેવા કરશે તો એનો ય વ્યાપક પ્રચાર કરશે; એ કોઈ દાનધર્મ કરશે તો એની વિશેષ જાહેરાત કરશે, તો એ તપશ્ચર્યાનો ધર્મ કરશે તો એને ય ધ્યાનાકર્ષક બનાવવાના પ્રયાસ કરશે.

બહિર્મુખ સ્તરની વ્યક્તિના આવા અભિગમથી બિલકુલ વિપરીત અભિગમ અંતર્મુખ સ્તરની વ્યક્તિનો હોય છે. એ પરોપકાર-સેવા જેવાં શુભ કાર્યો કરે કે દાનધર્મ-તપધર્મ જેવાં આત્મકલ્યાણનાં કાર્યો કરે. એનું લક્ષ્ય લોકપ્રસિદ્ધિનું જરા ય ન હોય, બલ્કે એ હેતુપૂર્વક લોકપ્રસિદ્ધિથી દૂર

રહેવાની કોશિશ કરે. એનું લક્ષ્ય હોય તે તે સત્કાર્યો દ્વારા આત્મશુદ્ધિનું અને આત્મવિશુદ્ધિનું. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર ભગવંત ધર્મશુદ્ધિ અધિકારના દશમા શ્લોકમાં અંતર્મુખ વ્યક્તિનો આ અભિગમ કઇ રીતે યથાર્થ-શ્રેષ્ઠ છે એને હૈયે વસી જાય એવા ઉદાહરણ દ્વારા સરસ પ્રસ્તુત કરે છે કે :-

स्तुतैः श्रुतैर्वाप्यपरैर्निरीक्षितै,-र्गुणस्तवात्मन्! सुकृतैर्न कश्चन।
फलन्ति नैव प्रकटीकृतैर्भुवो, द्रुमा हि मूलैर्निपतन्त्यपि त्वधः।।

ભાવાર્થ કે હે આત્મન્! તારા સુકૃતો-તારી ધર્મસાધના બીજાઓ નિહાળે-સાંભળે અને એની ખૂબ ખૂબ પ્રશંસા કરે એનાથી તને પોતાને આત્મગુણોની દૃષ્ટિએ કોઇ લાભ થવાનો નથી. જો તું જાતે જ આત્મપ્રશંસા માટે તારાં સુકૃતો પ્રગટ કરીશ તો એનાથી લાભ નહિ, નુકસાન થશે. જેમ કે ધરતીમાં છુપાયેલાં-ઢંકાયેલા વૃક્ષમૂળને જો ખુલ્લું કરી નાંખવામાં આવે તો એનાથી વૃક્ષને કોઇ લાભ નહિ થાય, બલ્કે વૃક્ષ ધરાશાયી થઇ જશે ! કેવો અદ્‌ભુત તર્ક છે આ ઉદાહરણમાં કે મૂળિયાં ખુલ્લાં તો વૃક્ષ ખતમ અને સુકૃતો ખુલ્લાં તો સુકૃતનો લાભ ખતમ!

બહિર્મુખ વ્યક્તિઓ જે પ્રશંસાલક્ષી અભિગમ ધરાવે છે એના પર જાણે જોરદાર ઘા આ ઉદાહરણમાં અને એમાંના આ તર્કથી થાય છે. વસ્તુતઃ પ્રશંસા તો બહુ તકલાદી-અસ્થાયી બાબત છે. રમૂજમાં એમ કહી શકાય કે પ્રશંસાનો પર્યાયી શબ્દ છે 'વાહ વાહ.' આ 'વાહ વાહ' શબ્દને ઉલટાવીએ તો એ થઇ જશે 'હવા હવા.' જે હવા હવા થઇ જાય એટલે કે હવામાં ઊડી જાય એ છે વાહ વાહ-એ છે પ્રશંસા. અંતર્મુખી વ્યક્તિ યા સમજદાર ધર્મી વ્યક્તિ પ્રશંસાની આ તકલાદીતા અને આત્મકલ્યાણ માટે એની પ્રતિબંધકતા બરાબર સમજતી હોય છે. એથી એ એનાથી વિમુખતા કેળવતી હોય છે. એક સરેરાશ લાગે એવી સંસારી વ્યક્તિ પણ સમજદારીનાં બળે આ વિમુખતા કેળવે ત્યારે કેવી હૈયું હર્ષવિભોર બનાવી દેતી નમસ્કરણીય ઘટનાઓ સર્જાય એ જાણવું છે? તો વાંચો આ નિકટના ભૂતકાળનો સત્ય પ્રસંગ :

મુંબઇનું એક પ્રસિદ્ધ જૈન તીર્થ એટલે શેઠ મોતીશાહ નિર્મિત ભાયખલાનું આદીશ્વર જિનાલય. ચોત્રીશ વર્ષ પૂર્વે એ જિનાલયની ચોવીશ જિનકુલિકાઓનો જીર્ણોદ્ધાર થયો અને અનેક ભાવિકોએ એકેક કુલિકાનો સ્વતંત્ર લાભ લીધો. બન્યું એવું કે એ પછીના બે-એક દાયકા બાદ તીર્થપેઢીએ તમામ જિનકુલિકાઓ ભવ્ય સંગેમરમરીય બનાવવાનો નિર્ણય કરી પુનરુદ્ધાર આરંભ્યો. ત્યારે ભાયખલામાં જૈન વસતિ એટલી વિપુલ અને સમૃદ્ધશાલી હતી કે ઉછામણી થાય તો એકેક કુલિકાના આદેશો લાખો લાખો રૂ.માં અપાય. પરંતુ તીર્થપેઢીએ શાણપણભર્યો નિર્ણય કર્યો કે જો પૂર્વલાભાર્થી જ લાભ લે તો એમણે ખર્ચ જેટલું જ દાન આપવાનું રહે અને જો કોઇ કારણસર એ લાભ ન લે તો તેટલી કુલિકાઓની ઉછામણી કરવી. ભાવિકો ઉત્સુકતાથી પ્રતીક્ષા કરતા હતા કે ઉછામણીની તક ક્યારે મળે.

કુદરતી એવું થયું કે ચોવીશમાંથી ત્રેવીશ કુલિકાઓના પૂર્વલાભાર્થીઓએ નિશ્ચિત નકરો આપીને પોતાની કુલિકાના લાભ લઇ લીધા. બાકી રહી ફક્ત એક કુલિકા. એના પૂર્વલાભાર્થીની આર્થિક સ્થિતિ એટલી ઘસાઇ ગઇ હતી કે એ અત્યંત ભાવના છતાં આ લાભ લઇ શકે એમ ન હતા. નિયમાનુસાર એની ઉછામણી કરવાની થાય તેમ હતી. પરંતુ સંઘના એક શ્રીમંત યુવાનને આ ઉચિત ન લાગ્યું. પાંચ-સાત કુલિકાઓ બાકી હોય અને તેની ઉછામણી થાય એ અલગ વાત હતી. પણ એક જ કુલિકાની ઉછામણી થાય તો સમાજમાં સ્પષ્ટ ખ્યાલ આવી જાય કે આ એકની સ્થિતિ ઘસાઇ ગઇ છે. શા માટે એને આટલી ય શરમ અનુભવવી પડે?

આ ઉમદા ભાવથી એણે પેઢીમાં જઇને કહ્યું કે ‘‘લાભ એ પૂર્વલાભાર્થીને જ આપો. એના વતી તમામ રકમ હું ભરીશ!’’ પેઢીએ કડક સ્પષ્ટતા કરી કે ‘રકમ પ્રતિષ્ઠા પૂર્વે ભરી દેવાની રહેશે અને પ્રતિષ્ઠાનો તમામ લાભ - નામ સુદ્ધા પૂર્વલાભાર્થીના રહેશે. તો જ પેઢીનો નિર્ણય સચવાયો ગણાય.’ આ યુવાને એ સ્પષ્ટતા સહર્ષ વધાવી લઇ નામ વિના ને કામ વિના લાભ લીધો. યાદ રહે કે કામવાસના અને દામવાસના ત્યાગવી હજુ આસાન બને છે. પરંતુ એની તુલનામાં નામવાસના ત્યાગવી કેટલીક વાર અતિ મુશ્કેલ બની રહે છે. આ અતિ મુશ્કેલ કાર્યને સમજદારીનાં બળે આસાન બનાવનાર એ યુવાનનું નામ છે અતુલભાઇ સુંદરજી...

ધર્મશુદ્ધિ અધિકારના અંતિમચરણમાં ગ્રન્થકાર બે મહત્ત્વના અંગુલિનિર્દેશ કરે છે. એ પૈકીનો પ્રથમ નિર્દેશ છે ભાવ. એક વાત આપણે સહુ બરાબર જાણીએ છીએ કે કવર અને કાગળમાં અધિક મહત્ત્વનો કાગળ છે. કવર ચાહે તેટલું સારું હોય, પરંતુ એના પર જેનું નામ લખાયું છે એ વ્યક્તિ પાસે કવર પહોંચતા જ તે વ્યક્તિ કવર ફાડશે અને અંદર રહેલ કાગળ વાંચી એને જરૂર મુજબ ખૂબ સાચવીને રાખશે. દેહ ચાહે તેવો સૌંદર્યમઢ્યો હોય, પરંતુ એના કરતાં વધુ મૂલ્યવાન ભીતરમાં રહેલ જીવ છે. એથી જ જીવ ચાલ્યો જાય તે પછી સુંદર દેહને પણ કોઈ સાચવી રાખતું નથી. અરે ! ચોવીશ કલાકની અંદર એને રાખ-ખાખ કરી દે છે. દાળ-શાક વગેરે ભલે ચાહે તેવા સપ્રમાણ દ્રવ્યોના બનેલ હોય, પરંતુ જો એમાં 'સબરસ' કહેવાતું મીઠું જ ન હોય તો લોકો એ ભોજન પસંદ નહિ કરે. લોકો મીઠું નાખ્યા બાદ જ ભોજન કરશે.

બસ, જે મહત્ત્વ કાગળ-જીવ અને લવણનું છે એનાથી કૈંકગણું મહત્ત્વ ધર્મ-સાધનાનાં ક્ષેત્રે ભાવનું છે. ધર્મક્રિયા ચાહે તેટલી કરાય, પરંતુ એની સફલતાની પૂર્વશરત છે અંતરનો ઊછળતો ભાવ. જો આરાધકની ભાવધારા ઉલ્લસિત હોય તો અલ્પ પણ ધર્મક્રિયા વિરાટ ફળ આપે. અરે! ક્યારેક તો એવું ય બને છે કે ક્રિયા કાંઇ ન થઇ હોય તો પણ પ્રબલ ભાવબળે વ્યક્તિ ગજબનાક પરિણામ હાંસલ કરે. ઉદાહરણરૂપે છે પ્રભુમહાવીરદેવના સમકાલીન અને પ્રભુના પરમ ભક્ત જીર્ણશ્રેષ્ઠી. પ્રભુના ચારમાસી ઉપવાસના પારણાની કોઇ પ્રવૃત્તિ એમણે હજુ કરી ન હતી. છતાં અતિશય ઊછળતી ભાવધારાનાં કારણે-પારણું કરાવવાની તીવ્ર ઉત્કંઠાનાં કારણે એમણે બારમા દેવલોકનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આવી આવી ઘટનાઓનાં કારણે જૈન પરંપરામાં ''ભાવે ભાવના ભાવીએ'' જેવી પંક્તિઓ પ્રચલિત બની છે.

અલબત્ત, અહીં એક સ્પષ્ટતા કે ઉપરોક્ત જેવાં ઉદાહરણોનું વિપરીત અર્થઘટન એવું હરગિજ ન કરવું કે 'ક્રિયાની કાંઇ જરૂર નથી. ભાવ ઊંચા રાખો, એટલે કલ્યાણ થઇ જશે.' સામાન્ય વાસ્તવિકતા એ છે કે તે તે ધર્મક્રિયા ભાવવૃદ્ધિનું પુષ્ટ કારણ બને છે. માટે ક્રિયા આદરવા સાથે ભાવવૃદ્ધિનું લક્ષ્ય રાખવું એ સાર્થક અર્થઘટન છે. જો ભાવોલ્લાસ વિનાની ગતાનુગતિકપણાની

શુષ્ક-નીરસભાવની ક્રિયા કરાય તો એ પૂર્વે જણાવ્યું તેમ ખાસ ફળદાયી ન બને. એથી જ 'કલ્યાણમંદિર' સ્તોત્રમાં શ્રીમાન સિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજે આ પંક્તિ લખી છે કે :-

'यस्मात् क्रिया: प्रतिफलन्ति न भावशून्या:'

ભાવાર્થ કે ભાવરહિત કેવલ ક્રિયા યથાર્થ ફળ આપતી નથી.

ગ્રન્થકાર ભાવ ઉપરાંત બીજો મહત્ત્વનો નિર્દેશ કરે છે ઉપયોગનો. ઉપયોગ એટલે તે તે ધર્મક્રિયામાં સાવધાની-જાગૃતિ-તન્મયતા. ધર્મક્રિયાને-આરાધનાને સવાયી સફલ બનાવવાની બીજી પૂર્વશરત આ ઉપયોગ છે. તપાસીએ આપણાં અંતઃકરણને કે આપણે ધર્મક્રિયાઓમાં સાવધાની-જાગૃતિ પૂરેપૂરી દાખવીએ છીએ કે ઘોર બેદરકારી? પ્રામાણિક ઉત્તર છે પ્રાયઃ બેદરકારી. આપણી આ બેદરકારી પર ધારદાર કટાક્ષ કરતાં કવિએ એક અ-છાંદસ કાવ્યમાં મસ્ત પ્રસ્તુતિ કરી છે કે :-

**હું મેવાડ ગયો પણ મીરાં ન મળી,**
**વૃંદાવન ગયો પણ કૃષ્ણ ન મળ્યા;**
**જરા ભીતરમાં જોયું તો ખબર પડી કે,**
**મેં મુંબઈ તો હજુ છોડ્યું જ ન હતું!**

**અધ્યાત્મકલ્પદ્રુમ** ગ્રન્થકાર જણાવે છે કે ઉલ્લસિત ભાવ અને જાગૃત ઉપયોગ સાથે ધર્મસાધના કરશો તો એ સાચા અર્થમાં 'ધર્મ' બનશે. બાકી ભાવશૂન્ય - ઉપયોગશૂન્ય આરાધના માત્ર ક્રિયાકાંડ બની રહેશે.

છેલ્લે એક મહત્ત્વની વાત : **બહિર્મુખ વ્યક્તિ આત્મપ્રસિદ્ધિ માટે ધર્મ કરે... અંતર્મુખ વ્યક્તિ આત્મસિદ્ધિ માટે ધર્મ કરે.**

■ ■ ■

# ૨૪

## જે ન કરે મનથી પણ
## કોઈનું બુરું તે છે ગુરુ...
## જેનાથી અધ્યાત્મની યાત્રા
## થાય છે શરુ તે છે ગુરુ...

મહાન જૈન શાસ્ત્રકાર ઉમાસ્વાતિ ભગવંતે એમના અત્યંત પ્રસિદ્ધ ગ્રન્થ **'તત્ત્વાર્થસૂત્ર'** ના પ્રથમાધ્યાયમાં પહેલું જ સૂત્ર ''सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्ग:'' આપીને સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે કે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર જ સાચો મોક્ષમાર્ગ છે. જે જે સાધકો મોક્ષની મંઝિલ સર કરવા ચાહતા હોય એમણે ચુસ્તપણે આ ત્રણનું આરાધન કરવું જ રહે. જૈન દર્શન આ ત્રણ મહાન ગુણોને 'રત્ન'રૂપે ઓળખાવી એના માટે સામૂહિક શબ્દપ્રયોગ કરે છે રત્નત્રયી.

મજાની વાત એ છે કે આ રત્નત્રયીની પ્રાપ્તિમાં પ્રબળ સહાયક બને તેવા તત્ત્વો પણ ત્રણ છે. એનાં નામ છે દેવ-ગુરુ અને ધર્મ. આ પૈકી દેવતત્ત્વ સમ્યગ્દર્શન અર્થાત્ શ્રદ્ધાની પ્રાપ્તિમાં સબળ કારણ છે, ગુરુતત્ત્વ સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિમાં પ્રબળ કારણ છે; તો ધર્મતત્ત્વની આરાધના ચારિત્રપ્રાપ્તિનું સબળ કારણ છે. આ ત્રણ માટે સામૂહિક શબ્દપ્રયોગ થાય છે તત્ત્વત્રયી.

રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિનું અને આરાધનાનું પ્રબળ કારણ ઉપરોક્તપણે તત્ત્વત્રયી છે. એથી સાધકને મન તત્ત્વત્રયી પરમ ઉપાસ્ય છે. આ બાબત લક્ષ્યમાં રાખીને **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર બારમા અધિકારમાં આ તત્ત્વત્રયીનો એટલે કે દેવ-ગુરુ-ધર્મનો વિષય લઈ એની શુદ્ધિ પર ભાર આપે છે. એમાં પણ તેઓ વિશેષ Focus ગુરુતત્ત્વ પર કરે છે. બે કારણ છે એમાં : (૧) ગ્રન્થકાર સ્વયં જણાવે છે તે દૃષ્ટિબિંદુથી ત્રણે ય તત્ત્વમાં ગુરુતત્ત્વ સાધક માટે સર્વાધિક ઉપકારી છે તેથી અને (૨) ગુરુ હજુ છદ્મસ્થ હોવાનાં કારણે કાળબળ વગેરેવશ એમનામાં પણ ખામી-ન્યૂનતા આવી શકે છે તેથી. આપણે ગ્રન્થકારે ગુરુતત્ત્વ વિશે કરેલ વિસ્તૃત રજૂઆતો પૈકી કેટલીક પ્રસ્તુતિ પર વિચારવિહાર કરીએ.

બારમા અધિકારના પ્રથમ શ્લોકાર્ધમાં જ તેઓ ગુરુતત્ત્વ વિશે એવી પ્રભાવશાળી રજૂઆત કરે છે કે એ વાંચતા જ ગુરુતત્ત્વ વિશેની જૈન દર્શનની માન્યતાનો ખ્યાલ આવવા સાથે એના પ્રત્યે જબરજસ્ત અહોભાવ પ્રગટી જાય. તેઓ પ્રથમ શ્લોકાર્ધમાં આ શબ્દો લખે છે કે :-

''तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं, हितार्थधर्मा हि तदुक्तिसाध्याः''.

ભાવાર્થ કે તમામ તત્ત્વોમાં ગુરુતત્ત્વ પ્રધાન છે - મુખ્ય છે. કારણ કે એમના ઉપદેશથી જ આરાધકને હિતકારી ધર્મકરણીની સમ્યક્ સમજ પ્રાપ્ત થાય છે. જો સદ્ગુરુનાં વચનો ન મળે તો ભગવાન કેવા હોય ? એમનું તાત્ત્વિક સ્વરૂપ શું ? ધર્મનું યથાર્થ સ્વરૂપ શું ? કર્તવ્ય શું ? અકર્તવ્ય શું ? આવી આત્મહિતની કોઈ બાબતની સમ્યક્ સમજ ઉપલબ્ધ ન થાય. આ રીતે અધ્યાત્મક્ષેત્રે પ્રથમ અને પ્રત્યક્ષ ઉપકારી ગુરુ હોવાથી એ તમામ તત્ત્વોમાં મુખ્ય છે - પ્રધાન છે એમ ગ્રન્થકાર જણાવે છે. આ શાસ્ત્રીય વિધાન સાથે પેલી પ્રસિદ્ધ કાવ્યપંક્તિ સરખાવીએ તો બન્નેમાં મહદંશ સામ્ય જણાશે કે :-

गुरु गोविंद दोंनो खडे, किसको लागु पाय।
बलिहारी गुरुदेवकी, गोविंद दीयो बताय।।

માત્ર આપણી ભારતીય સંસ્કૃતિમાં જ શા માટે? પરદેશની સંસ્કૃતિઓમાં ય ગુરુ પ્રત્યેની ઉત્કટ ભાવના અલગ-અલગરૂપે વ્યક્ત થતી નિહાળાય છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો ઍરિસ્ટોટલ અને સિકંદરની આ પ્રેરક ઘટનાઃ

વિશ્વવિજેતા બનવા નીકળેલ ગ્રીસનો સમ્રાટ સિકંદર એક પછી એક પ્રદેશ જીતતા-જીતતા આગળ વધી રહ્યો હતો. એમાં એક સવારે, અજાણ્યા પ્રદેશમાં છાવણી સાથે રહેલ સિકંદર પોતાના ગુરુ ઍરિસ્ટોટલ સાથે વનભ્રમણ માટે નીકળ્યો. ફરતા-ફરતા બન્ને એવાં સ્થાને આવી ગયા કે જ્યાં આગળ જવા નદીપાર કરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. નદીનો પટ સાંકડો હતો, પણ એનું પાણી કેટલું ઊંડું હશે એ કલ્પી શકાય તેમ ન હતું. અધૂરામાં પૂરું બેમાંથી એકે યને તરતા આવડતું ન હતું. શું કરવું? એ વિમાસણ થઈ ગઈ. એવામાં અચાનક સિકંદરે નદીપટમાં ગણતરીપૂર્વક ચાલવા માંડ્યું. એક સ્થળે કેડ સમાણું પાણી પણ આવ્યું. છતાં સાહસપૂર્વક એ ઠેઠ નદીપાર પહોંચી ગયો. ત્યાંથી એણે ઍરિસ્ટોટલને પણ એ જ માર્ગે ચાલવાનું કહી સામે પાર લાવી દીધા.

હેમખેમ સામે પાર આવી ગયા બાદ ઍરિસ્ટોટલે કહ્યું : ''સિકંદર ! આવું આંધળું સાહસ તેં કેમ કર્યું? પાણી વધુ હોત અને તું ડૂબી ગયો હોત તો?'' સિકંદરે હસતા હસતા બે-ફિકર ઉત્તર આપ્યો : ''ગુરુદેવ ! એક સિકંદર ડૂબી ગયો હોત તો બીજા અગિયાર સિકંદર સર્જી શકે એવા ગુરુ ઍરિસ્ટોટલ તો હયાત જ હતા. એથી કાંઈ ફર્ક ન પડત. પરંતુ જો એક ઍરિસ્ટોટલ ડૂબી ગયા હોત તો મારા જેવા અગિયાર સિકંદર પણ એક ઍરિસ્ટોટલ સર્જી ન શકત. તમે સુરક્ષિત નદીપાર થઈ શકો, માટે જ મેં આ આંધળું સાહસ કર્યું હતું!''

ગુરુતત્ત્વનો મહિમા વિદેશી સંસ્કૃતિમાં ય કેવો અવ્વલ દરજ્જાનો છે તે આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. જૈન પરંપરા સદ્ગુરુ માટે કેવી અહોભાવમંડિત છે એની એક-બે ઝલક નિહાળીએ :

**✱ એક શ્લોક કહે છે કે અક્ષર (બારાખડીસ્વરૂપ) થી લઈને અ-ક્ષરપદ (મોક્ષપદ) સુધીની યાત્રા કરાવનાર ગુરુ તો પૃથ્વી પરના પ્રત્યક્ષ-જીવંત ભગવાન છે.**

**✱ એક ચિંતનમાં જણાવાયું છે કે આ જન્મમાં જેઓ ગુરુની ભગવાનરૂપે ભક્તિ-સેવા કરે છે એમને આગામી જન્મમાં ભગવાન સ્વયં ગુરુ તરીકે મળે છે.**

પણ...સબૂર ! **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર પૂર્વોક્ત શ્લોકના પૂર્વાર્ધમાં અગાઉ જણાવ્યો તેવો અદ્ભુત ગુરુમહિમા પ્રસ્તુત કરી પછી તુર્ત જ ઉત્તરાર્ધમાં એમ જણાવે છે કે ''ગુરુની પણ પરીક્ષા-ચકાસણી કરી પછી એમને સમર્પિત થજો.'' સમર્પણના જ પાઠ જેને શીખવાના છે તે શિષ્ય માટે - સાધક માટે આ વિધાન થોડું ચમકી જવાય તેવું લાગે. પરંતુ આ વિધાન પાછળ ગ્રન્થકારનું હાર્દ એ છે કે અયોગ્ય-ચારિત્રશિથિલ વ્યકિત ભૂલમાં ય ગુરુ તરીકે સ્થાપિત ન થઈ જાય. જો આવી વ્યક્તિ ગુરુ તરીકે જીવનમાં પ્રતિષ્ઠિત થઈ જાય તો એનું પરિણામ સ્વ-પરને નુકસાન થવારૂપે આવે.

**'સંબોધસિત્તરિ'** ગ્રન્થમાં લોખંડની શિલા જેવા ગુરુનો નિર્દેશ છે. એના આધારે આપણે ગુરુના ત્રણ પ્રકાર કરી શકીએ : (૧) લોખંડ જેવા ગુરુ. લોખંડ જેમ સમુદ્રમાં ડૂબી જાય અને એનો આશ્રય લેનારને પણ ડુબાડે, તેમ આવા ચારિત્રશિથિલ ગુરુ સ્વયંને અને આશ્રિતને ય ડૂબાડે. એ અધમની કક્ષામાં સ્થાન પામે. (૨) કાગળ જેવા ગુરુ. કાગળની નાવ પાણીમાં તરે ખરી. પણ અન્યોને એ તારી ન શકે. એમ આ સ્તરના ગુરુ સ્વયં આચાર-આરાધનાદિથી તરે. પરંતુ શિષ્યને - સાધકને ઉપદેશથી - સારણાવારણાદિથી ધર્મમાં સ્થિર કરવાનું સામર્થ્ય ન ધરાવતા હોવાથી આશ્રિતને તારી ન શકે. એ મધ્યમ કક્ષામાં સ્થાન પામે. (૩) કાષ્ઠ જેવા ગુરુ. કાષ્ઠ સ્વયં તરે અને એનો આશ્રય લેનારને પણતારે. તેમ આ સ્તરના ગુરુ સ્વ અને પર બન્નેને તારનાર બને. એ ઉત્તમ શ્રેષ્ઠ કક્ષામાં સ્થાન પામે. આપણને ગુરુ આ ઉત્તમ સ્તરના મળે તે માટે એમની પરીક્ષા કરવાનું વિધાન ગ્રન્થકાર કરે છે. અને....

હા, એક વાર પરીક્ષા દ્વારા ગુરુ ઉત્તમ મળી જાય પછી તો એમનાં પ્રત્યેક વચનને-વિચારને પૂર્ણ સમર્પિતતાથી કોઈ જ વિકલ્પ વિના અનુસરવાનું હોય.

આ માટે સાધક પાસે બે બાબતો ખાસ જોઈએ :

**(૧)** પોતીકા-પરાયાના ભેદનો અભાવ. જ્યારે દૃષ્ટિમાં 'આ મારા ગુરુ અને પરાયા ગુરુ' આવો ભેદ દૃઢ થઈ જાય ત્યારે એવો દૃષ્ટિરાગ જામી જાય કે 'પોતાના માનેલ ગુરુ જ સાચા...બીજા બધા કુગુરુ' આવો અભિનિવેશ પ્રગટે. આજે પણ કેટલોક વર્ગ આવો ઠેકેદાર જેવો સમાજમાં નિહાળવા મળે છે કે જે 'પોતાના ગુરુ જ સાચા' આવું જડતાથી માને. એમની પ્રત્યક્ષ ખામી છુપાવવામાં એ ધર્મ માને અને અન્યોમાં ખામી ન હોય ત્યાં ય એની કલ્પના કરવામાં ગૌરવ-આનંદ માને. ગ્રન્થકાર આવો દૃષ્ટિરાગ દૂર કરવા ચોથા શ્લોકમાં સરસ વિધાન કરે છે કે 'ઈષ્ટ સ્થાને પહોંચવા માટે હાથી-અશ્વ-રથ વગેરે પોતાના છે કે પરાયા એ આપણે નથી જોતા, બલ્કે એની ઈષ્ટ સ્થાને પહોંચાડવાની ક્ષમતાને જ જોઈએ છીએ. તેમ ગુરુ પોતાના છે યા પરાયા એ જોવાનું નથી, એમની આત્મકલ્યાણ કરાવવાની ક્ષમતા જોવાની છે.'

**(૨)** પરીક્ષાની પદ્ધતિ. કોઈ વ્યક્તિની પ્રરૂપણા અસરકારક હોય, એટલા માત્રથી એમને સદ્ગુરુ માની લેવાય નહિ. સદ્ગુરુ પરીક્ષાનો પ્રથમ માપદંડ છે અણિશુદ્ધ ચારિત્ર. ચારિત્રમાં ખામી ધરાવતી વ્યક્તિ શુદ્ધ પ્રરૂપણા કરતી હોય તો ય એ સદ્ગુરુરૂપે સ્થાન ન પામી શકે. અણિશુદ્ધ ચારિત્ર ઉપરાંત કષાયહ્રાસ - સાત્ત્વિક પ્રકૃતિ - સરલ હૃદય - વિભાજક વૃત્તિનો અભાવ - જ્ઞાનરમણતા -ત્યાગશીલતા વગેરે ગુણો પણ માપદંડરૂપે જોવાય. આવા સદ્ગુરુ જો મળી જાય તો સાધકની ઉન્નતિ અવશ્યંભાવી બની જાય. આવા સદ્ગુરુ માટે કહીએ કે **''જે ન કરે કોઈનું બૂરું તે છે ગુરુ... જેનાથી અધ્યાત્મયાત્રા થાય શરુ તે છે ગુરુ...''**

## ૨૫

# આપણે ક્યાં છીએ?
# તે એટલી મહત્ત્વની વાત નથી...
# આપણી નજર ક્યાં છે?
# તે વધુ મહત્ત્વની વાત છે.

એક મજાનું ચિંતનવાક્ય એમ જણાવે છે કે ''તમે કયાં છો એ જેટલું મહત્ત્વનું છે એનાં કરતાં તમારી નજર ક્યાં છે એ વધુ મહત્ત્વનું છે.'' આ વાક્યની યથાર્થતાની પ્રતીતિ કરવી હોય તો નજર સમક્ષ લાવો પર્વતની તળેટીમાં રહેલ પર્વતારોહીને. એની નજર હોય છે પર્વતની ટોચ પર. એથી પરિણામ એ આવે છે કે તે ભલે ત્યારે તળેટીમાં હોય, પરંતુ આખર તે પહોંચી જાય છે પર્વતની ટોચનાં સ્થાને - ઉત્તુંગ સ્થાને. એથી વિપરીત આકાશમાં અતિશય ઊંચે ઊડી રહેલ સમડીની નજર જો નીચે ધરતી પર રહેલ કોઈ જંતુ પર હશે તો પરિણામ એ આવશે કે તે ઊંચે ગગનમાં હોવા છતાં ચંદ ક્ષણોમાં સાવ નીચે-ધરતી પર આવી જશે. આ એમ પુરવાર કરે છે કે આપણાં સ્થાન કરતાં આપણી દૃષ્ટિ-નજર ક્યાં છે એ ખૂબ મહત્ત્વનું છે.

આત્મકલ્યાણના આશિક આરાધકની દૃષ્ટિનું-વિચારધારાનું સ્તર ઉત્તમ

રહે અને એ દ્વારા એની આચરણાનું - આરાધનાનું સ્તર ઉત્તમ રહે તે માટે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર બારમા અધિકારમાં દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ પર વિશેષ ભાર આપીને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મની આરાધનાનો ખાસ ઉપદેશ આપે છે. એમનું ગણિત સ્પષ્ટ છે કે દેવ-ગુરુ જો શુદ્ધ-ઉત્તમ હશે તો સાધકની દૃષ્ટિનું-વિચારધારાનું-પરિણતિનું સ્તર શુદ્ધ-ઉત્તમ બનશે અને એનાં કારણે એની ધર્મારાધનાનું-આચરણાનું સ્તર પણ શુદ્ધ-ઉત્તમ બનશે. આ ગણિતના આધારે તેઓ આ અધિકારમાં એક સ્થળે એમ જણાવી દે છે કે રોગી વ્યક્તિ કુપથ્યનું સેવન કરવાથી જેમ નુકસાની પામે, તેમ વ્યક્તિ પણ કુદેવ-કુગુરુ-કુધર્મના સેવનથી આત્મહિતની દૃષ્ટિએ નુકસાની પામે.

હવે આપણે આ અધિકારના એક એવા શ્લોક પર ચિંતન કરીશું કે જેમાં ગ્રન્થકાર પ્રશ્નાર્થશૈલીથી દેવ-ગુરુ-ધર્મની આરાધનાનો તેમજ પાપાચરણથી મુક્તિનો અનુરોધ કરતા હોય અને એમાં જ ગર્ભિતપણે શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનો પણ નિર્દેશ કરતા હોય. ગ્રન્થકારનો એ શ્લોક આ છે કે :-

भक्त्यैव नार्चसि जिनं सुगुरोश्च धर्मं, नाकर्णयस्यविरतं विरतीर्न धत्से।
सार्थं निरर्थमपि च प्रचिनोष्यघानि, मूल्येनकेन तदमुत्र समीहसे शम्?।।

આ શ્લોકમાં કુલ ચાર આત્મહિતકારી નિર્દેશ કરાયા છે. એમાં પ્રથમ નિર્દેશ છે દેવ તરીકે જિનેશ્વર ભગવાનની ભક્તિપૂર્વકની સેવા-અર્ચના. આમાં જે 'જિન' શબ્દ પ્રસ્તુત થયો છે તે ખૂબ ધ્યાનાર્હ છે. જૈન દર્શનની એક હાર્દિક ઔદાર્યસભર વિશેષતા એ છે કે તે મહાવીરપ્રભુ કે આદિનાથ પ્રભુ જ ભગવાન છે આવું વ્યક્તિલક્ષી વિધાન કરતું નથી, બલ્કે ગુણવત્તાલક્ષી વિધાન કરે છે કે જે 'જિન' છે તે સાચા ભગવાન-સાચા દેવ છે. 'જિન' નો અર્થ છે રાગ-દ્વેષને સર્વથા-સંપૂર્ણપણે જીતી લેનાર. આવી વ્યક્તિ કોઈ પણ હો, તે ભગવાન છે. આ વ્યાખ્યામાં દેવનાં શુદ્ધ સ્વરૂપનો સમાવેશ છે, તો નિષ્પક્ષતાનો પણ સમાવેશ છે. આપણા જેવી સરેરાશ વ્યક્તિઓ જેમ રાગ-દ્વેષમાં રાચે, એમ જ દેવ ગણાતાં વ્યક્તિત્વો રાગ-દ્વેષમાં રાચતા હોય તો આપણામાં અને એમનામાં કોઈ તાત્ત્વિક - ગુણવત્તાલક્ષી ફર્ક ન રહે. આ

રીતે, ગ્રન્થકાર ઉપરોક્ત શ્લોકમાં દેવતત્ત્વનાં શુદ્ધ સ્વરૂપનો નિર્દેશ કરી પછી એમની ઉત્તમ ભક્તિપૂર્વકની સેવા-અર્ચના કરવાનું જણાવે છે.

યાદ કરીએ અહીં આપણે સમ્રાટ કુમારપાલને. તેઓ મૂલભૂતપણે-જન્મથી જિનધર્માનુયાયી ન હતા. પરંતુ સદ્‌ગુરુભગવંત કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના સંપર્કથી તેઓ શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજ્યા. આ સમ્યક્ સમજના પાયા પર એમણે જે દેવ-ગુરુ-ધર્મભક્તિની ઉત્તુંગ ઈમારત રચી એ ઈતિહાસપ્રસિદ્ધ છે. એમાંની એકમાત્ર દેવભક્તિની - જિનભક્તિની વાત વિચારીએ :

કુમારપાલરાજાનું ચરિત્ર કહે છે કે એક વાર તેઓ વીતરાગ જિનેશ્વર-ભગવંતની મધ્યાહ્ન પૂજા કરી રહ્યા હતા. એક ઋતુનાં પુષ્પોથી પ્રભુની અંગરચના એમણે એવી અદ્‌ભુત કરી કે તેઓ ભગવાનના એ બાહ્ય સ્વરૂપથી આક્ષીન થઈ ગયા. ભાવુકતાના લયમાં ત્યાં જ એમણે વિચાર્યું કે એક ઋતુનાં પુષ્પોથી પ્રભુનું સ્વરૂપ આટલું આહ્‌લાદક બન્યું છે, તો એક સાથે છયે ઋતુનાં પુષ્પોથી પ્રભુની સજાવટ થાય-ભક્તિ થાય એ તો કેવી મનમોહક બની રહે ? અલબત્ત, છ ઋતુનાં ફૂલો એક સાથે મળવા અશક્યપ્રાયઃ હતા. પરંતુ ભાવુકતાની પરાકાષ્ઠાએ એમણે સંકલ્પ કર્યો કે ''જ્યાં સુધી છ ઋતુનાં પુષ્પ એક સાથે પ્રાપ્ત કરી હું પ્રભુભક્તિ - જિનાર્ચના ન કરું ત્યાં સુધી મારે અન્ન-જલનો ત્યાગ.'' ચરિત્ર કહે છે કે **'सच्ची पुकार है तो बेडा पार है'** આ ન્યાયે, કુમારપાલના ભીષ્મ સંકલ્પે દૈવી શક્તિને જાગૃત કરી. દેવતાએ ત્યાં જ એક સાથે છ ઋતુનાં પુષ્પો ઉપલબ્ધ કર્યાં અને કુમારપાલે ઉત્કૃષ્ટ ભાવધારાથી છ ઋતુનાં પુષ્પોની અંગરચના દ્વારા જિનાર્ચના કરી. આ મહાન ભક્તિઘટનાની સ્મૃતિ આજે પણ તમામ જૈન સંઘોમાં નિત્ય સાંધ્ય આરતી સમયે આ પંક્તિ દ્વારા થાય છે કે **''આરતી ઉતારી રાજા કુમારપાલે...''**

શુદ્ધ ગુરુતત્ત્વની વાત ગ્રન્થકારે આ અધિકારમાં વિસ્તારથી કરી હોવાથી આપણે એને અગ્રતા આપી ગત લેખમાં જ વિસ્તારથી વિચારી છે. એથી અહીં 'સુગુરુ' શબ્દ દ્વારા થયેલ એના નિર્દેશને સ્મૃતિમાં રાખી મુખ્ય વિચારણા કરીશું

એમનાં ઉપદેશશ્રવણની. ગ્રન્થકારે પૂર્વોક્તશ્લોકમાં આ ઉપદેશશ્રવણની વાત સાથે એક વિશેષણપ્રયોગ કર્યો છે 'અવિરત'. અવિરત એટલે નિરંતર-નિત્ય. જૈન પરિભાષામાં જૈન ગૃહસ્થ પુરુષ અને સ્ત્રી માટે ક્રમશઃ શ્રાવક અને શ્રાવિકા શબ્દપ્રયોગ થાય છે. સંસ્કૃત ભાષા મુજબ આ શ્રાવક તથા શ્રાવિકા શબ્દનો અર્થ થાય છે શ્રવણ કરનારા પુરુષ અને સ્ત્રી. તેઓ શેનું શ્રવણ કરે? ઉત્તર છે સદ્ગુરુભગવંતોના ઉપદેશનું શ્રવણ કરે. આ ઉપદેશશ્રવણથી જ એમને કર્તવ્ય-અકર્તવ્ય, ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ વગેરેનો ખ્યાલ પ્રગટે અને તેઓ ધર્મમાર્ગે આગળ વધે.

અહીં એક ખાસ સ્પષ્ટતા સમજવા જેવી છે કે જૈન પરંપરાનુસાર સદ્ગુરુ તે જ ગણાય કે જેમણે સંસારનો ત્યાગ કર્યો હોય-સંયમધર્મ અંગીકાર કર્યો હોય. એથી જ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં ગુરુતત્ત્વની વ્યાખ્યા સમયે બે વિશેષણો ખાસ દર્શાવ્યા છે કે ''महाव्रतधरा:'' અને ''सामायिकस्था:'' મતલબ કે સદ્ગુરુ પંચમહાવ્રતધારી અને ચારિત્રધર હોય. **હાલમાં ક્યાંક ક્યાંક સંસારી જૈન ગૃહસ્થો પ્રવચનશક્તિનાં બળે સ્વયંને ગુરુરૂપે સ્થાપિત કરવા-કરાવવા માંડે છે. વસ્તુતઃ એ જૈન શૈલીને જરા ય અનુરૂપ નથી. હા, તેઓ 'કલ્યાણમિત્ર' નું સ્થાન-માન ધરાવી શકે ખરા. પરંતુ ગુરુરૂપે પિછાણ ન આપી શકે, ન અપાવી શકે...**

ત્રીજા હિતકારી નિર્દેશરૂપે ગ્રન્થકાર પૂર્વોક્ત શ્લોકમાં પ્રસ્તુતિ કરે છે. ધર્મતત્ત્વની આરાધનાની. ધર્મતત્ત્વની ઉત્કૃષ્ટ અને યથાર્થ આરાધના થાય છે વિરતિસ્વરૂપે. ધર્મસાધનાનું ઉત્તમ સ્વરૂપ છે વિરતિ. આ વિરતિની વ્યાખ્યા તત્ત્વાર્થભાષ્યકાર ભગવંતે આવી કરી છે કે ''विरतिर्नाम ज्ञात्वाऽभ्युपेत्याऽकरणम्.'' મતલબ કે સમ્યક્ શ્રદ્ધા અને સમજપૂર્વક વિરાધક બાબતોનો ત્યાગ કરવો તેનું નામ વિરતિ. આવી વિરતિના પણ બે પ્રકાર છે : સર્વ વિરતિ અને દેશ વિરતિ. સંપૂર્ણપણે વિરતિનો અર્થાત્ શ્રમણજીવનનો સ્વીકાર તે છે સર્વવિરતિ અને અમૂક અંશે વિરતિનો અર્થાત્ શ્રાવકજીવનનો સ્વીકાર તે છે દેશવિરતિ. આ વિરતિસ્વરૂપ ધર્મ કેવો ઉત્તમ છે એનું એક ઉદાહરણ નિહાળીએ. જૈન શાસ્ત્રોમાં એક ગાથા આ મળે છે કે :-

दिवसे दिवसे लक्खं, देइ सुवण्णस्स खंडियं एगो।
एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स।।

ભાવાર્થ એનો કાંઈક આવો છે. ધારો કે એક વ્યક્તિ નિત્ય એક લાખ ખાંડી (એક ખાંડી એટલે ત્રણસો વીશ ક્રોડ તોલા) પ્રમાણ સુવર્ણનું દાન દે અને બીજી વ્યક્તિ અડતાળીસ મીનિટની વિરતિસ્વરૂપ સામાયિકધર્મ શુદ્ધ ભાવે પુણિયાશ્રાવકની જેમ આરાધે, તો લાખ ખાંડી સુવર્ણદાન કરતાં એક સામાયિક ચડિયાતું પૂરવાર થાય...

પૂર્વોક્ત શ્લોકમાં ગ્રન્થકાર ચોથો અને અંતિમ આત્મહિતકારી નિર્દેશ કરે છે પાપોના ત્યાગનો. વિરતિમાં ન હોય ત્યારે પણ આરાધકે શક્યતઃ પાપોના ત્યાગનું લક્ષ્ય રાખવું જોઈએ. આ પાપો બે પ્રકારમાં વિભક્ત થઈ શકે : (૧) અર્થદંડનાં પાપ અને (૨) અનર્થદંડનાં પાપ. જે અનિવાર્ય જરૂરિયાતનાં સ્તરનાં હોય તે અર્થદંડનાં પાપ છે અને જે શોખના-બિનજરૂરી સ્તરનાં હોય તે અનર્થદંડનાં પાપ છે. ગ્રન્થકાર આ બન્ને પ્રકારનાં પાપોનો યથાશક્ય ત્યાગ કરવાનો અનુરોધ કરે છે. જાગૃત સાધક એના ત્યાગમાં કેવો તત્પર હોય તે પ્રભુ મહાવીરદેવના સમકાલીન સુલસના પ્રસંગમાં જાણી શકાય છે. એનો પિતા રાજગૃહીનો સૌથી મોટો કસાઈ હોવાથી એના સ્વજનો એને એ હિંસાનો ધંધો સંભાળી લેવા દબાણપૂર્વક કહેતા હતા કે 'તું હિંસા કર. પાપ લાગે તો અમને આપી દેજે.' સુલસે એમને સમજાવવા ઈરાદાપૂર્વક પગ પર કુહાડી મારી અને પછી ચિલ્લાતાં કહ્યું કે : ''મને ખૂબ પીડા થાય છે. મારી પીડા તમે લઈ લો.'' સ્વજનો સાનમાં સમજી ગયા કે પીડાની જેમ પાપ પણ કોઈના ઊછીના લઈ શકાતા નથી...

છેલ્લે યાદ રાખીએ આ સૂત્ર : **બધા વિના ચાલશે, પણ આરાધના વિના નહિ ચાલશે...**

# ૨૯

## કેવું ધન્ય જીવન જીવે છે મુનિરાય...
## નીરખું ને આંખમાં અમૃત છલકાય...

સમાજોપયોગી કેટલીક સંસ્થાઓ એવી હોય છે કે જે શિક્ષકો તૈયાર કરે. આ શિક્ષકોનું જીવનકાર્ય અધ્યાપનનું હોય. નવી પેઢીને તે તે વિષયની માહિતીથી-જ્ઞાનથી સમૃદ્ધ બનાવવાનું કાર્ય આ શિક્ષકો કરે. તેઓ પોતપોતાના વિષયના જ્ઞાનથી સુસજ્જ હોય તે તો જરૂરી છે જ. પરંતુ એમના માટે આટલું જ પર્યાપ્ત નથી હોતું. બલ્કે એથી ય આગળ એ ચારિત્રસંપન્ન-સુસંસ્કારી હોય તે પણ એટલું જ જરૂરી છે. કારણ કે એમની પાસે અભ્યાસ કરતી નવી પેઢી માટે જાણતા-અજાણતા એમનું વ્યક્તિત્વ Role Model જેવું બની રહેતું હોય છે. એથી એમનાં જ્ઞાન ઉપરાંત એમના આચાર-વિચારોની અસર પણ અનાયાસે એ નવી પેઢી ઝીલતી હોય છે. એટલે ખરેખર સાચી શિક્ષકસંસ્થા એ ગણાય કે જે જ્ઞાનસમૃદ્ધ ઉપરાંત ચારિત્રસમૃદ્ધ-સંસ્કારસમૃદ્ધ શિક્ષકોનું નિર્માણ કરે.

પણ... સબૂર! તે તે શિક્ષકસંસ્થા પાસે આવું ઉમદા લક્ષ્ય હોય કે ન હોય. પરંતુ જૈન શાસન પાસે આવું ઉમદા લક્ષ્ય એકદમ ઉત્તુંગ અને ઉત્તમ કક્ષાએ મોજુદ છે. એથી જ આરાધકને-સાધકને સાધનાનું શ્રેષ્ઠ માર્ગદર્શન આપતા જે સદ્ગુરુને એ અમૂક અપેક્ષાએ ભગવાનથી અધિક સ્થાન-માન આપે છે એ જ સદ્ગુરુને- સંસારત્યાગી વર્ગને એ એવો પ્રબળ-સબળ ઉપદેશ પણ આપે છે કે જેમાં એમનાં ખુદનાં જીવનનું બાહ્ય-અભ્યંતર સ્તર વધુ ને વધુ ચારિત્રસમૃદ્ધ-ગુણસમૃદ્ધ બને.

સંસારત્યાગી મુનિવર્ગ માટેના જ ઉપદેશરૂપે આવી અઢળક વાતો પ્રસ્તુત થઈ છે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થના તેરમા અધિકારમાં. આ અધિકારનું નામ છે 'યતિશિક્ષાઅધિકાર'. અહીં 'યતિ'નો અર્થ અમૂક શિથિલાચારી પરંપરા નથી, બલ્કે સમગ્ર મુનિવર્ગ છે. શિક્ષાનો અર્થ છે ઉપદેશ. સમગ્ર મુનિવર્ગનાં જીવનને બાહ્ય-અભ્યંતર દૃષ્ટિએ મેરુગિરિ સમું ઉત્તુંગ બનાવી દે તેવી ઉપદેશધારા એટલે આ 'યતિશિક્ષાઅધિકાર.' **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થના કુલ સોળ અધિકારમાં સત્તાવન શ્લોકોનો સૌથી વિસ્તૃત અધિકાર છે યતિશિક્ષાનો. આના પરથી સૂચિત થાય છે કે જૈનશાસન મુનિવર્ગનાં ચારિત્રની ઉત્તમતા માટે કેવી સરસ અને સતર્ક ખેવના રાખે છે. આ અધિકારમાં ગ્રન્થકારે ઘણાં બધાં કડક વિધાનો પણ કર્યા છે, તો ક્યાંક ભાવોર્મિસભર પ્રસ્તુતિ પણ કરી છે. આ તમામ વિધાનોનો આશય એકમાત્ર એ છે કે ટાંકણાથી જેમ ભવ્ય પ્રતિમાનું સર્જન થાય, તેમ આ ઉપદેશવચનોથી મુનિવર્ગનું શ્રેષ્ઠ જીવનઘડતર થાય.

અધિકારના પ્રથમ શ્લોકમાં મુનિનું ભાવોર્મિસભર શબ્દચિત્ર દોરતાં ગ્રન્થકાર પ્રથમ પંક્તિ આવી સરસ આલેખે છે કે ''ते तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे'' મતલબ કે 'તે ઉત્તમ શ્રમણો-મુનિવરો તો જાણે હવે ભવસાગરને પાર ઊતરી ગયા છે અને અમે એમને નિત્ય નમન કરીએ છીએ!' પછીની ત્રણ પંક્તિઓમાં તેઓ આવા મહાન મુનિવરોનાં જીવનમાં સાત વિશેષતાઓ હોવાનું વિધાન કરે છે : જાણે કે સપ્તરંગી મેઘધનુષ! આપણે એ સાત વિશેષતાઓનું અહીં સંક્ષિપ્ત દિગ્દર્શન કરીએ :

(૧) **વિષયોમાં આસક્તિ નહિ** :- ઇન્દ્રિયો પાંચ છે : સ્પર્શ-રસ-ગંધ-ચક્ષુ અને કર્ણ. આ પાંચે ય ઇન્દ્રિયના અનુકૂળ વિષયો મળે ત્યારે ભલભલી

વ્યક્તિઓ વિવેકભ્રષ્ટ થઈને એમાં આસક્ત-લુબ્ધ થઈ જાય છે : જેમ પેલો ભ્રમર કમલમાં લુબ્ધ-આસકત થઈ જાય છે એમ. ઉદાહરણરૂપે અતિ આકર્ષક વિજાતીય વ્યક્તિનો સ્પર્શ-સાહચર્ય મળતું હોય, અત્યંત મનપસંદ favourite મિષ્ટાન્નભોજન સામે જ ઉપલબ્ધ હોય કે નયનમનોહર દૃશ્યો નજર સમક્ષ હોય : ભલભલી વ્યક્તિ ત્યારે તે તે ઈન્દ્રિયોના અનુકૂલ વિષયોમાં લલચાઈ જાય. પરંતુ સમ્યક્ સમજ અને ઉત્કૃષ્ટ વિવેક ધરાવતા મુનિવર સ્વેચ્છાએ એ અનુકૂળ વિષયો તરફ આકર્ષાય નહિ, બલ્કે એની આસક્તિથી મુકત રહેવાનો પુરુષાર્થ કરે. કેમ કે એમને ખ્યાલ છે કે આ આકર્ષણ મોહનીયકર્મનાં પ્રબળ બંધનરૂપ બની જશે અને એનાથી સંસારભ્રમણ વધી જશે.

(૨) **કષાયોની વ્યાપ્તિ નહિ :-** 'જે શાંત રહે તે સંત' આ છે સંતની-સાધુની સરલ અને સચોટ વ્યાખ્યા. કોઈ ઘટના ધારણાવિરુદ્ધ બને કે ગુસ્સાની ઉશ્કેરણીનાં નિમિત્ત મળે ત્યારે ક્રોધ-આવેશ ભભૂકી ઊઠે એ સામાન્ય વ્યક્તિનાં જીવનમાં જોવા મળે. પરંતુ જેમનું જીવન સાધનાપ્રભાવે અસામાન્ય-ઉત્તમ બની ગયું છે એ સાધુ-સંત ક્રોધગ્રસ્ત-આવેશગ્રસ્ત ન થાય. તેઓ એ પરિસ્થિતિમાં ઉપશાંત રહેવાનો સફલ પુરુષાર્થ કરે. પ્રભુ મહાવીરદેવે એટલે જ એક સરસ સાધનાસૂત્ર આપ્યું છે કે ''उवसमसारं खु सामण्णं.'' ભાવાર્થ કે સાધુજીવનનો સાર ઉપશમભાવ-શાંતિ છે. જ્યાં આ શાંતિ-ક્રોધાભાવ ન હોય ત્યાં સાધુ અને સંસારી વચ્ચે કોઈ ખાસ ભેદ ન રહે. ખબર છે પેલી માર્મિક કથા?

જંગલમાં રહી સાધના કરતા એક સંત પર ત્યાંની ક્ષેત્રાધિષ્ઠાયિકા વનદેવી એવી પ્રસન્ન હતી કે એ નિત્ય એક વાર સદેહે સંતને નમન કરવા આવે અને કાંઈ પણ કાર્ય હોય તો ફરમાવવાની વિનંતિ કરે. નિઃસ્પૃહ સંત આવશ્યક્તા ન હોવાથી ક્યારે ય કોઈ કાર્ય બતાવતા નહિ. માત્ર એટલું જ કહેતા કે ''જરૂર હશે ત્યારે યાદ કરીશ.''

એક વાર સંતને જંગલના કોઈ આદિવાસી સાથે કુટિરની આગળની જગ્યા માટે કોઈ વાંધો પડ્યો. જંગલી આદિવાસી કોઈ રીતે સમજતો ન હતો અને જેમ તેમ અપશબ્દો-ગાળો બોલતો હતો. આખર ઉશ્કેરાઈ જઈને સંતે એને ધક્કો માર્યો. એમાંથી વાત વધી ગઈ અને બન્ને વચ્ચે નાનું શું યુદ્ધ જામી

ગયું. સંત કૃશ-તપસ્વી હતા. એથી પહોંચી ન શક્યા. આદિવાસીના હાથે એમને ખૂબ માર પડ્યો. સંતે ત્યારે પેલી વનદેવીને સહાય માટે વારંવાર યાદ કરી. પરંતુ દેવીએ કોઇ સહાય ન કરી. બીજે દિવસે નિત્યક્રમાનુસાર દેવીએ વંદન કરી સંતને કાર્યસેવાની પૃચ્છા કરી ત્યારે સંત વરસી પડ્યા : ''તું માત્ર સેવાનો દેખાવ જ કરે છે. બાકી કાલે મને માર પડતો હતો ત્યારે તેં સહાય કેમ ન કરી? કયાં ભટકવા ગઇ હતી તું?'' વનદેવીએ ઠંડે કલેજે માર્મિક સ્પષ્ટતા કરી કે ''મહાત્માજી! એ યુદ્ધ ચાલતું હતું ત્યારે અદશ્યપણે હું અહીં જ હતી. છતાં મેં સહાય ન કરી. એનું કારણ એ હતું કે એમાં જંગલી કોણ અને સાધુ કોણ એનો ભેદ મને પરખાયો નહિ. કેમ કે સાધુ હોય એ ક્રોધ-મારામારી કરે નહિ.'' સંત સ્તબ્ધ થઇ ગયા વનદેવીના આ માર્મિક ધારદાર કટાક્ષથી.

(૩) **રાગ-દ્વેષમાં રમણતા નહિ :-** જે સાચા મુનિ છે-શ્રમણ છે એ રાગ-દ્વેષમાં રમે નહિ. કેમ કે એમને એ ખ્યાલ છે કે રાગ-દ્વેષની વિભાવના કર્મબંધનું કાતિલ કારણ છે. જે વ્યક્તિનો દેહ તેલથી-ચીકાશવાળા પદાર્થથી અભ્યક્ત હોય એ વ્યક્તિના દેહ પર રજ જલ્દી ચોંટે અને પછી એ આસાનીથી દૂર ન થાય, તેમ જે વ્યક્તિના મનનાં પરિણામો રાગ-દ્વેષની ચીકાશથી વ્યાપ્ત હોય એને કર્મોની રજ જલ્દી ચોંટે અને પછી એ આસાનીથી દૂર ન થાય. માટે સમ્યગ્ બોધવંત મુનિ રાગ-દ્વેષથી દૂર રહેવાનો જ પુરુષાર્થ કરે. એમના માટે એક અધ્યાત્મપદમાં આ સરસ પ્રેરણા કરાઈ છે કે :-

**વૈરી સાથે વૈર ન કીજે, રાગી શું નવિ રાગ;**
**સમભાવે સહુ જનને નીરખે, તો શિવસુખનો લાગ...**

(૪) **અશુભ અધ્યવસાય નહિ :-** વિપાકવિચય ધર્મધ્યાન, શાસ્ત્રચિંતન અને અનુપ્રેક્ષાનાં સામર્થ્યથી મુનિ પોતાના આત્મપરિણામોને-અધ્યવસાયોને કલુષિત થવા ન દે. તમામ કલુષિતતાને તે ઉપરોક્ત રસાયણથી-ઔષધથી પ્રશાંત કરી દે-લગભગ નામશેષ કરી દે. ભલે ને સામે નિમિત્તો નબળા હોય-આશ્રવનાં કારણરૂપ બને તેવા હોય. પરંતુ આત્માર્થી મુનિવર એને પણ પરિશ્રવનું-સંવરનું કારણ બનાવી દે એવા ઉત્તમ અધ્યવસાયોથી અલંકૃત રહે. 'जे आसवा ते परिसवा' આ શાસ્ત્રવચન એમના સંદર્ભમાં અક્ષરશઃ ચરિતાર્થ થાય.

(૫) **સામ્યસુખની પ્રાપ્તિ હોય :-** આ સંસારનું સૌથી મહાન સુખ સત્તા - સમૃદ્ધિ - સુંદરીમાંથી નથી પ્રગટતું, બલ્કે સમતામાંથી પ્રગટે છે. અનુકૂલતા - પ્રતિકૂલતા, લાભ-હાનિ, યશ-અપયશ વગેરે કોઈ પણ પરિસ્થિતિમાં મનનું સંતુલન-મનની પ્રસન્નતા ન ગુમાવવી તે છે સમતા. આ સમતાનું સુખ સર્વશ્રેષ્ઠ હોવાથી ગ્રન્થકારે એને અદ્વિતીય ગણાવ્યું છે. મુનિ આ સુખના સ્વામી હોય છે.

(૬) **સંયમગુણની સમાપત્તિ હોય :-** ક્ષણે ક્ષણ જાગૃત-અપ્રમત્ત રહી આત્મસંયમમાં-એમાં સહાયક ગુણોમાં રમણ કરવું એ સંયમી મુનિનું લક્ષ્ય હોય છે. ગ્રન્થકારે એટલે આ શ્લોકમાં મસ્ત કલ્પના કરી છે કે મુનિ તો સંયમગુણોના ઉપવનમાં નિત્ય ક્રીડા કરતા હોય-ખેલતા હોય.

(૭) **ભાવનાઓની વ્યાપ્તિ હોય :-** ભાવનાનો અર્થ શુભ ભાવો પણ થાય અને પારિભાષિક અર્થ કરીએ તો અનિત્યાદિ બાર અને મૈત્રી આદિ ચાર મળી સોળ ભાવનાઓ ય થાય. મુનિનું અભ્યંતર જગત આ સોળ ભાવનાથી નિરંતર વ્યાપ્ત હોય અને એનાથી એમનો વૈરાગ્ય મેરુગિરિ શો અવિચલ બને.

આવો, આપણે આવા મહાન મુનિવરોને અંતરથી વંદન કરતા ગાઈએ આ ભાવુક પંક્તિ કે :-

**કેવું ધન્ય જીવન જીવે છે મુનિરાય...**
**નીરખું ને આંખમાં અમૃત છલકાય...**

૨૭

# સમતાની સાધના છે
# મુનિજીવનનો સાચો પ્રાણ...
# સમતા જો ખોરવાય તો
# મુનિજીવન બની જાય નિષ્પ્રાણ...

સુવર્ણને જો સો ટચનું શુદ્ધ બનાવવું હોય તો એને 'Refinery'ની આગમાં તપવા દેવું જ પડે. એ આગનો દાહ સહન કરવાથી જ સુવર્ણમાં સંલગ્ન રજ-મલિનતા દૂર થાય અને એ સંપૂર્ણ શુદ્ધ બને... અત્યંત ચીકાશયુક્ત-મલિન થઇ ગયેલ વસ્ત્રને જો એકદમ સ્વચ્છ બનાવવું હોય તો એને ગરમ ગરમ પાણીમાં ડુબાડવું જ પડે. પાણીની સખત ગરમી મળ્યા પછી જ એ વસ્ત્રની ચીકાશ-મલિનતા દૂર થાય અને એ બિલકુલ સ્વચ્છ બની જાય.

બસ, આ જ નીતિ અખત્યાર કરી છે મુનિનાં જીવનને શુદ્ધ-શુદ્ધતર બનાવી રાખવા કાજે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર ભગવંતે. આ ગ્રન્થના 'યતિશિક્ષાઅધિકાર' ના પ્રથમ શ્લોકમાં તેઓએ મુનિજીવનનું જે રમણીય-નમસ્કરણીય શબ્દચિત્ર દોર્યું છે તે આપણે ગત લેખમાં સરસ રીતે નિહાળ્યું. પરંતુ ગ્રન્થકારની સમજ સ્પષ્ટ છે કે પડતો કાળ-નબળાં નિમિત્તો-સંસારીજનોથી

સંકુલ સ્થાનોમાં વસવાટ-સંસર્ગોની તીવ્ર અસર વગેરે કારણે સુવર્ણ સમા મુનિજીવનમાં ય દોષોની-સુખશીલતાની-પ્રમાદની રજ-મલિનતા જામી શકે છે. એનાથી મુનિજીવનને મુક્ત કરવા આગ જેવા કડક-કઠોર ઉપદેશની પણ આવશ્યકતા છે. એથી તેઓ 'યતિશિક્ષાધિકાર'માં મુનિને ઝકઝોરતી-સ્તબ્ધ કરી દેતી કેટલી ય કડક પ્રસ્તુતિ કરે છે. એમાં આશય એમનો એકમાત્ર એ છે કે મુનિનું જીવન પ્રવૃત્તિથી અને પરિણતિથી શુદ્ધતર બની રહે. આવો, આપણે એમાંની એક-બે પ્રસ્તુતિનો ઝલકરૂપ આસ્વાદ માણીએ :

પાંત્રીશમા શ્લોકરૂપે, આ અધિકારમાં ગ્રન્થકાર એક હૃદયસ્પર્શી રજૂઆત કરે છે કે :-

सह तपोयमसंयमयन्त्रणां, स्ववशतासहने हि गुणो महान्।
परवशस्त्वति भूरि सहिष्यसे, न च गुणं बहुमाप्यसि कञ्चन।।

સાધુનું જીવન એટલે સહનશીલતાનું જીવન. એ જીવનના નિયમો-વ્રતો-તપ વગેરે પણ કષ્ટભર્યા હોય છે, તો એના સંયમસંબંધી આચારો પણ કષ્ટસભર હોય છે. એમાં ય કેટલીક વાર તો અણધાર્યા-અચાનક જ કષ્ટો આવી જતા હોય છે. આ બધામાં મુનિનું મનોવલણ કેવું હોવું જોઈએ એનું માર્ગદર્શન ઉપરોક્ત શ્લોક આપે છે. એ કહે છે કે મુનિએ સ્વેચ્છાએ અર્થાત્ હસતા હસતા-પ્રસન્નભાવે એ કષ્ટો સહન કરવા જોઈએ, પરવશભાવે અર્થાત્ પરાણે પરાણે-ન છૂટકે એ સહન ન કરવા જોઈએ. તો જ મુનિને વિપુલ કર્મનિર્જરા થાય.

જૈન તત્ત્વજ્ઞાનમાં બે શબ્દો મળે છે : સકામ કર્મનિર્જરા અને અકામ કર્મનિર્જરા. સકામ કર્મનિર્જરા મુખ્યત્વે મુનિને જણાવાઈ છે. એથી જ 'યોગશાસ્ત્ર' માં લખાયું છે કે ''ज्ञेया सकामा यमिनाम्.'' આ સકામ કર્મનિર્જરામાં ખૂબ બધો-વિપુલ કર્મક્ષય થાય છે, જ્યારે અકામ કર્મનિર્જરામાં પ્રમાણમાં ખૂબ અલ્પ કર્મક્ષય થાય છે. મુનિ સ્વેચ્છાએ-પ્રસન્નતાથી કષ્ટો સહે તો જ એને આ સકામ નિર્જરાનો-વિપુલ કર્મક્ષયનો લાભ થાય, પરવશતાથી-પરાણે સહે તો નહિ. ગ્રન્થકાર આ હાર્દ લક્ષ્યમાં રાખી મુનિને માર્ગદર્શન આપે છે કે સ્વેચ્છાએ કષ્ટ સહન કરશો તો મહાન ગુણ-મહાન લાભ થશે અને પરવશતાથી સહન

કરશો તો કોઈ ખાસ ગુણ-ખાસ લાભ નહિ થાય. ગ્રન્થકારનાં આ વચનોનો સ્વાધ્યાય આ કાળમાં ય મુનિને કેવા સાવધ-જાગૃત રાખે એ જાણવું છે? તો વાંચો આ અમારી જ જીવનઘટના :

ઈ.સ. ૨૦૧૯. એ વર્ષે અમે આબુતીર્થે અગિયારસો ભાવિકોની ચૈત્રી ઓળી આરાધના કરાવી પુનઃ મુંબઈ તરફનો પદયાત્રા વિહાર આરંભ્યો. ચૈત્ર વદિ અગિયારશે તારંગાજી તીર્થની યાત્રા કરી અમે ઈડર તરફ નીકળ્યા. વચ્ચે જે ગામમાં સ્થિરતા કરવાની હતી એ તારંગાથી વીશ K.M. દૂર હોવાનું જણાવાયું હતું. એક સાથે વીશ K.M. ચાલવાનો નિર્ણય કરી અમે વહેલી સવારે વિહાર કર્યો. જેમ જેમ દિવસ ચડતો ગયો તેમ તેમ સૂર્યનો પ્રકોપ વધતો ગયો. કેમ કે પૂર્વદિશા તરફનો વિહાર હોવાથી તડકો સામે ને સામે ઉગ્રતાથી આવે. ગરમીના દિવસો અને એમાં વળી ઈડર આસપાસનો ગરમ પ્રદેશ. આવી વિષમ પરિસ્થિતિમાં તેર K.M. ચાલ્યા પછી અમને માહિતી મળી કે જે ગામે જવાનું છે એ હજુ નવા સત્તર K.M.(કુલ ત્રીશ K.M.) દૂર છે! વચ્ચે ક્યાં ય સ્થિરતા થઈ શકે તેમ ન હોવાથી સળંગ ત્રીશ K.M.ભીષણ ગરમીમાં ચાલવા સિવાય કોઈ વિકલ્પ ન હતો.

એ સ્થિતિમાં અમે સહારો લીધો **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ના પૂર્વોક્ત શ્લોકનો. એના સથવારે ચિંતન કર્યું કે 'પૂર્વકાલીન અનેક મહામુનિવરો સ્વેચ્છાએ કષ્ટ સહન કરી સકામ નિર્જરા કરવા સામે પગલે સ્મશાન વગેરે સ્થાને ધ્યાનમગ્ન થતા હતા. અમે સામે પગલે કષ્ટો ઊભા કરી સહન ભલે ન કરી શકીએ, પરંતુ અચાનક આવી ગયેલ કષ્ટોને જરૂર સ્વેચ્છાએ-હસતા હસતા સહન કરીએ.' સતત છ કલાક ચાલતા રહી પ્રસ્વેદથી રેબઝેબ થઈ અમે નિયત ગામે પહોંચ્યા. પરંતુ એ દરમ્યાન આ શ્લોકનાં સાન્નિધ્યમાં રહેલ મન જરા ય નાસીપાસ ન થયું, બલ્કે પ્રસન્ન રહ્યું.

પૂર્વોક્ત શ્લોક દ્વારા ગ્રન્થકાર પ્રવૃત્તિ ઉપરાંત પરિણતિને-આંતરિક વિચારધારાને ય સ્પર્શીને એમ કહે છે કે **માત્ર કષ્ટ સહન કરવું જ પર્યાપ્ત નથી, એને પ્રસન્નતાથી-સકામ નિર્જરાની બુદ્ધિથી સહન કરવું આવશ્યક છે. તો જ મુનિ સાધુજીવનનો વાસ્તવિક લાભ પ્રાપ્ત કરી શકે..**

હવે નિહાળીએ આ જ અધિકારનો પીસ્તાલીશમો શ્લોક. એમાં ગ્રન્થકારના, આત્મસુધારણાના કઠોર શબ્દો સ્પષ્ટ અનુભવાય છે. તેઓ લખે છે કે :-

**यो दानमानस्तुतिवन्दनाभि–र्न मोदतेऽन्यैर्न तु दुर्मनायते।**
**अलाभलाभादिपरीषहान् सहन्, यतिः स तत्त्वादपरो विडम्बकः।।**

મુનિજીવનમાં ક્યારેક એવું બને કે ઈષ્ટ દાન પ્રચુર મળે, ભરપૂર માન-પાન મળે, અઢળક પ્રશંસા મળે, શ્રીમંતો-સત્તાધીશો દ્વારા પણ બહુમાન-વંદન મળે. તો ક્યારેક એથી વિપરીત આવશ્યક ઉપકરણોનું કે ભિક્ષાનું ય દાન ન મળે, માનના બદલે અપમાન મળે, પ્રશંસાનાં સ્થાને બદનામી-નિંદા મળે, બહુમાન-વંદનનાં સ્થાને ઉપેક્ષા-તિરસ્કાર મળે. સાચા મુનિનું લક્ષણ એ છે કે પ્રથમની પરિસ્થિતિ સર્જાય તો મુનિ ખુશાખુશાલ-ગર્વિષ્ઠ ન બની જાય અને બીજી પરિસ્થિતિ સર્જાય તો મનને દુર્વિકલ્પગ્રસ્ત-હાયવોયગ્રસ્ત ન થવા દે. આવશ્યક ચીજ પણ ન મળે તો મુનિએ એમ સમજવું કે 'અત્યારે અલાભપરિષહનો લાભ થયો છે અને અપમાન વગેરે થાય તો એમ સમજવું કે અત્યારે આક્રોશપરિષહનો લાભ થયો છે. આ પરિષહો દ્વારા મારે કર્મો ખપાવવાના છે.' જે મુનિ પરિણતિનું સ્તર આ રાખીને પ્રવૃત્તિનાં સ્તરે સહન કરે એ જ તત્ત્વથી મુનિ છે. બાકી ગર્વિષ્ઠ કે આવેશગ્રસ્ત થઈ જનારા તો મુનિવેશની વિડંબના કરનાર છે. પીસ્તાલીશમા શ્લોકમાં ગ્રન્થકારે કરેલી આ પ્રસ્તુતિ મુનિને સમત્વની સતત આરાધના  કરવાની સખત પ્રેરણા પૂરી પાડે છે.

આ શ્લોકમાં જણાવાયેલ પ્રશંસા-બદનામીને સમતાથી સહવાની વાતના સંદર્ભમાં યાદ આવે અધ્યાત્મપદની પેલી મજેદાર પંક્તિ કે :-

**નિંદા-સ્તુતિ શ્રવણે સુણીને, હર્ષ-શોક નવિ આણે;**
**સો જગમેં જોગીશ્વર પૂરા, નિત ચડતે ગુણ ઠાણે...**

આ જ વાતનાં અનુસંધાનમાં એક સરસ પ્રેરણામઢ્યું દૃષ્ટાંત નિહાળીએ.

સંત પાસે સાધનાનો પાઠ શીખવા આવેલ જિજ્ઞાસુને સાધનાસૂત્ર શીખવવાના બદલે સંતે કહ્યું :

"પહેલા બાજુના કબ્રસ્તાનમાં જઈ ત્યાં ચિરનિદ્રામાં પોઢેલને ખરાબમાં ખરાબ અપશબ્દો-ગાળો બોલી આવ." જિજ્ઞાસુને આ વાત બેહુદી લાગી. પરંતુ સાધનાનો મૌલિક પાઠ ગુરુસમર્પણ-ગુર્વાજ્ઞાસ્વીકાર હોવાથી એણે ક-મને ગુરુની આજ્ઞા મુજબ કર્યું. એક કલાકે એ અપશબ્દો બોલીને પરત આવ્યો ત્યારે ગુરુએ નવી આજ્ઞા કરી : "વત્સ! તું ફરી એ કબ્રસ્તાનમાં જા અને ત્યાં ચિરનિદ્રામાં પોઢેલ પર સારામાં સારા પ્રશંસાપુષ્પો વરસાવ." પહેલા કરતા આ બીજું કાર્ય સારું હતું. તો ય જિજ્ઞાસુનાં મનમાં વિકલ્પ જાગ્યો કે મડદાં આગળ પ્રશંસા વ્યર્થ વાણીવિલાસ સિવાય કાંઈ નથી. એ માત્ર ગુર્વાજ્ઞાપાલન ખાતર કબ્રસ્તાનમાં એક કલાક પ્રશંસાવિધિ કરી આવ્યો. એને તાલાવેલી હતી કે હવે ગુરુ સાધનાનો પાઠ શીખવે તો સારું.

ગુરુએ એ તાલાવેલીના સંદર્ભમાં હસતા હસતા કહ્યું : "વત્સ! મેં તને અત્યાર સુધી સાધનાનો પાઠ જ શીખવ્યો છે. પરંતુ તું એને બરાબર સમજી શક્યો નથી." જિજ્ઞાસુ ચમકી ગયો. ગુરુએ રહસ્ય ઉજાગર કરતી પ્રશ્નોત્તરી કરતાં એને પૂછ્યું : "તેં જ્યારે કબ્રસ્તાનમાં અપશબ્દોની બોછાર વરસાવી. ત્યારે ત્યાંના મડદાંઓએ તારો પ્રતીકાર-સામનો કર્યો?" "ના ગુરુજી. મડદાં કાંઈ બોલી શકે જ ક્યાંથી?" "અચ્છા, એ પછી તેં જ્યારે પ્રશંસાપુષ્પો વરસાવ્યા ત્યારે તો એ ખુશ થઈ ગયા હશે ને?" "ના ગુરુજી. મડદાંને કોઈ Feelings ક્યાંથી હોય?" "બસ, તો નિંદા-પ્રશંસાની સામે આ કબ્રસ્તાનના મડદાં જેવો નિર્લેપ અભિગમ કેળવવો એ જ સાધના છે." સંતે કહ્યું. જિજ્ઞાસુ ખુશ થઈ ગયો સંતના આ Practical પાઠથી.

માત્ર નિંદા-સ્તુતિનાં ક્ષેત્રે જ નહિ, જીવનનાં હર કોઈ ક્ષેત્રે સમત્વ કેળવવાની ગ્રન્થકારની પ્રેરણા ઝીલી આપણે કહીશું કે : **સમતાની સાધના છે મુનિજીવનનો સાચો પ્રાણ.. સમતા ખોરવાય તો મુનિજીવન બની જાય નિષ્પ્રાણ.**

૨૮

# અનિયન્ત્રિત શક્તિઓ જીવનને ખુવાર કરે છે ... સુનિયન્ત્રિત શક્તિઓ જીવનનો ઉદ્ધાર કરે છે ...

Car ભલે ને એકસો વીસ Kilometre કે એનાથી પણ વધુ તેજ ગતિથી સડસડાટ જઈ શકતી હોય. પરંતુ એક વાત ચોક્કસ છે કે Car ની Speed કરતાં ય એની Break વધુ મહત્ત્વની છે. જો દિલધડક તેજ રફતાર ધરાવતી Car ની Break બરાબર ન હોય તો એ Car ના અને એમાંના પ્રવાસીઓના ભયાનક અકસ્માત્માં રામ રમી જતાં વાર ન લાગે...અવકાશયાન ભલે ને કલ્પનાતીત Speed થી પૃથ્વીની ભ્રમણકક્ષાથી ય દૂર-સુદૂરની સફર ખેડતું હોય. પરંતુ ત્યાં ય એ વાત તો ચોક્કસ છે કે એના પર પ્રયોગશાળાના વૈજ્ઞાનિકોનું નિયન્ત્રણ પૂરેપૂરું જોઈએ. જો એમનું નિયન્ત્રણ ન હોય તો એ અવકાશયાન કોઈ ઉપયોગી કાર્ય સિદ્ધ કર્યા વિના ભંગારમાં પલટાયા વિના રહે નહિ.

બસ, જે વાત આ Car કે અવકાશયાનને લાગુ પડે છે એ જ વાત વ્યક્તિને મળેલ ત્રણ વિશિષ્ટ શક્તિઓને પણ લાગુ પડે છે. એ ત્રણ વિશિષ્ટ

શક્તિઓ એટલે મન-વચન અને કાયા. આ ત્રણ શક્તિઓ બેફામ-બેલગામ બની જઈ વ્યક્તિનાં આત્મિક કલ્યાણનો કચ્ચરઘાણ ન કરી નાંખે એ માટે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર ચૌદમા અધિકારમાં મન-વચન-કાયાના સંવરનો ઉપદેશ આપે છે. 'સંવર' એ જૈન તત્ત્વજ્ઞાનનો પારિભાષિક શબ્દ છે. એનો અર્થ છે અટકાવવું યાવત્ નિયન્ત્રિત કરવું. તેઓ આ અધિકારના વિવિધ શ્લોકો દ્વારા મનસંવર-વચનસંવર-કાયસંવરની વાત એ રીતે રજૂ કરે છે કે જેથી એ ત્રણ શક્તિઓ અશુભમાં જોડાતી અટકે અને શુભમાં સ્થિર રહે-સંલગ્ન રહે. આ ઉપરાંત તેઓ કષાયસંવરની અર્થાત્ ક્રોધાદિ દોષોને નિયન્ત્રિત કરવાની પણ વાત હૃદયસ્પર્શી રીતે કરે છે. આવો, આપણે હવેના બે લેખ દ્વારા આ કુલ ચાર સંવરનો આસ્વાદ માણીએ.

પહેલો નિર્દેશ છે મનસંવરનો. પૂર્વે નવમા અધિકારમાં જણાવ્યું છે તેમ મનનું સામર્થ્ય અત્યંત ગજબનાક-પ્રચંડ છે. સાથે જ એની વિ-લક્ષણતા બે પરસ્પર વિરોધી અંતિમો સુધી પહોંચી જવાની છે. એ ક્ષણમાં કૌરવ પણ બની શકે છે ને ક્ષણમાં પાંડવ પણ બની શકે છે, એ ક્ષણમાં કૃષ્ણ પણ બની શકે છે ને ક્ષણમાં કંસ પણ બની શકે છે; એ ક્ષણમાં રામ પણ બની શકે છે ને ક્ષણમાં રાવણ પણ બની શકે છે. જ્યારે એ કૌરવ વગેરે બનવા તરફ પ્રવૃત્ત થાય છે અર્થાત્ ગલત - કુત્સિત બાબતોમાં પ્રવૃત્ત થાય છે ત્યારે એ કલ્પનાતીત ખાનાખરાબી સર્જી દે છે. ગ્રન્થકાર આ વાત સમજાવવા શાસ્ત્રીય દૃષ્ટાંત સાથેનો આ પ્રેરક શ્લોક ફરમાવે છે કે :-

मनः संवृणु हे विद्वन्, असंवृतमना यतः ।
याति तन्दुलमत्स्यो द्राक्, सप्तमीं नरकावनिम् ।।

ભાવાર્થ કે હે વિદ્વાન પ્રાજ્ઞપુરુષ ! તું તારા મન પર પૂર્ણ નિયન્ત્રણ રાખજે. કારણ કે મન પર કોઈ નિયન્ત્રણ ન ધરાવતો તંદુલમત્સ્ય માત્ર મનના ખોટા-હિંસક વિચારોના અંજામરૂપે, પ્રવૃત્તિથી એક પણ જીવની હિંસા કરી ન હોવા છતાં, ઠેઠ સાતમી નર્કની જાલિમ સજા પામે છે. કોણ છે આ તંદુલમત્સ્ય? શાસ્ત્રોમાં મળતો એનો વૃત્તાંત આપણે પણ નિહાળીએ :

મોટા - મોટા મહાસાગરોમાં ઘૂમતા વિરાટકાય મત્સ્યો - મગરમત્સ્યોની આંખની પાંપણમાં આ તંદુલમત્સ્યની ઉત્પત્તિ થાય છે. એનું કદ હોય છે ખૂબ નાનું-માત્ર ચોખાના એક દાણા જેટલું. સંસ્કૃતમાં ચોખાને કહેવાય છે તંદુલ. આ તંદુલ જેટલા કદના મત્સ્યને નામ અપાયું છે તંદુલમત્સ્ય. આટલું નાનકડું શરીર હોવાથી એ, સમુદ્રના કોઈ મત્સ્યનું ભક્ષણ કરવાનું, હિંસા કરવાનું કોઈ જ શારીરિક સામર્થ્ય ધરાવતો નથી હોતો. અધૂરામાં પૂરું એનું આયુષ્ય પણ માત્ર અંતર્મુહૂર્તનું (૪૮ Minute થી થોડું ઓછું) હોય છે. આટલા નાનકડાં આયુષ્યમાં શારીરિક સામર્થ્ય ન હોવાનાં કારણે એ પ્રવૃત્તિની દૃષ્ટિએ નાની શી ય હિંસા કરી શકતો નથી.

પણ...વિચિત્ર બાબત એ છે કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ હોવાથી એની મનશક્તિ-વિચારવાની શક્તિ અને ઈન્દ્રિયશક્તિ એકદમ Powerful હોય છે. મોટા મગરમત્સ્યની પાંપણમાં રહેલ આ તંદુલમત્સ્ય એ દૃશ્ય નિહાળે છે કે મોટા મગરમત્સ્યનું મુખ ખુલ્લું હોય ત્યારે એમાં પાણીની સાથે કેટલી ય નાની માછલીઓ - જલચર જીવો એનાં મુખમાં પ્રવેશતા હોય છે અને મોટા મત્સ્યની દરકાર ન હોવાનાં કારણે એ માછલીઓ-જલચર જીવો સલામત બહાર પણ નીકળી જતા હોય છે. આ દૃશ્ય નિહાળીને પેલો તંદુલમત્સ્ય તીવ્ર અભિસંધાનથી સતત એમ વિચારે કે ''આ મોટો મત્સ્ય મહામૂર્ખ છે. એટલે જ અનાયાસે મુખમાં કોળિયો થવા આવી ગયેલા આ જીવોને બેદરકારીથી જવા દે છે. એ મોટા મત્સ્યનાં સ્થાને જો હું હોઉં તો એક પણ માછલીને - જલચર જીવને પરત ન જવા દઉં, તમામનો શિકાર કરી પેટમાં પધરાવી દઉં.'' સતત આવા હિંસક વિચારોને શાસ્ત્રની પરિભાષામાં કહેવાય છે હિંસાનુબંધી રૌદ્રધ્યાન. આ રૌદ્રધ્યાનનાં અંજામરૂપે, એક પણ જીવની પ્રત્યક્ષ હિંસા ન કરનાર એ તંદુલમત્સ્ય અલ્પાયુષ્યના અંતે સાતમી નર્કની કારમી દારુણ-કરુણ સજા પામે છે !

મન પર જો સમ્યક્ સમજપૂર્વકનું નિયન્ત્રણ ન હોય તો, પ્રવૃત્તિ વિનાના માત્ર બે-લગામ વિચારો પણ કેવું ખતરનાક પરિણામ લાવી શકે તે આ તંદુલમત્સ્યનાં ઉદાહરણમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. માટે ગ્રન્થકાર કહે છે મનનો

સંવર કરો - વિચારો અશુભમાં ન ખેંચાય તેવું નિયન્ત્રણ કરો. આ માટે પૂર્વે નવમા અધિકારમાં દર્શાવાયેલ ઉપાયો ઉપયોગી પુરવાર થશે. ગ્રન્થકાર આ અધિકારમાં મનસંવરની વાત પૂર્ણ કરતા જણાવે છે કે "જેઓ શુભ ધ્યાનમાં મનને સ્થિર કરી મનને દુર્વિકલ્પોથી વિરમાવે છે તે મુનિવરોની હું સ્તવના-પ્રશંસા કરુ છું : એ મુનિવરો તો જાણે સંસારપાર થઈ ગયા છે!"

ગ્રન્થકાર હવે પ્રસ્તુત કરે છે વચનસંવર. વચન માટે એક મસ્ત સુવાક્ય છે કે **"બે હોઠોના કિનારા વચ્ચે વહેતી જીભરૂપી નદી દ્વારા હરિયાળી સર્જવી કે હોનારત સર્જવી એ આપણા હાથની વાત છે."** મતલબ? વાણી જો યોગ્યતા-અયોગ્યતા ઉચિત-અનુચિત પ્રસ્તુત-અપ્રસ્તુત અનવદ્ય-સાવદ્ય વગેરેના વિવેકપૂર્વક પ્રયોજાય તો એનાથી સ્વ-પરનાં જીવનમાં હરિયાળી સર્જાય-લાભ થાય અને જો વાણી આવા કોઈ વિવેક વિના મન ફાવે તેમ પ્રયોજાય તો ચોક્કસ જ એનાથી હોનારત સર્જાય-નુકસાનો જ થાય. વાણી સાથે કેટલી ય બાબતો સંલગ્ન કરી શકાય કે એ હિતકારી હોવી જોઈએ, સત્ય હોવી જોઈએ, પ્રિય હોવી જોઈએ, ડંખરહિત હોવી જોઈએ, ખપપૂરતી પ્રમાણોપેત હોવી જોઈએ નિષ્પાપ હોવી જોઈએ ઈત્યાદિ. ગ્રન્થકાર આ અધિકારમાં વચનસંવરરૂપે બે પ્રકારની વાણી ન ઉચ્ચારવાનું જણાવે છે : (૧) પાપમય વચન અને (૨) જેનાથી સામી વ્યક્તિનું મન તૂટી જાય-વૈરવિરોધની પરંપરા સર્જાય એવાં વચન.

કેટલીક વાર આપણે આશય વિના જ સહજતાથી પાપમય વચનો ઉચ્ચારતા હોઈએ છીએ. જેમ કે "આવાઓનાં તો મારી મારીને હાડકાં ખોખરાં કરી દેવા જોઈએ" "મારા હાથમાં સત્તા હોય તો હું સળગાવીને-વાળીઝૂડીને સાફ કરી દઉં" વગેરે વચનો. આવી વાતો બોલતી વેળાએ વ્યક્તિનો ભલે કોઈ દઢ નિશ્ચય - હેતુ ન હોય. તો પણ આવાં વચનો બોલવાથી પાપ તો લાગે જ. માટે સહજતાથી પણ આવાં વચનો ઉચ્ચારવાનું ટાળવું. અરે ! અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે "શાક કાપી નાંખ, Mobile માર..." જેવા શબ્દો પણ ન બોલવા. એના બદલે "શાક સમાર.. Mobile કર..."જેવા શબ્દો પ્રયોજવા. જેથી મારવા-કાપવા જેવી વાણીના સંસ્કારો જીવનમાં ન ઘુંટાય.

અન્યોનાં મન તૂટી જાય-સંઘર્ષની પરંપરા સર્જાય એવાં વચનો ન ઉચ્ચારવાના સંદર્ભમાં ગ્રન્થકારે આ મજેદાર શ્લોક લખ્યો છે કે :-

इहामुत्र च दुर्वाचो, वैराय नरकाय च ।
अग्निदग्धाः प्ररोहन्ति, दुर्वाग्दग्धाः पुनर्न हि ।।

ભાવાર્થ કે સામી વ્યક્તિનાં મન તોડી નાંખે, હૈયે કારી ઘા કરી દે તેવાં દુર્વચનો આ લોકમાં વૈર-વિરોધની પરંપરા સર્જે છે, તો પરલોકમાં નર્ક જેવી દુર્ગતિની ભેટ ધરે છે. આ પછી શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રન્થકાર જે વાત કહે છે એ હૃદયને સ્પર્શી જાય તેવી Heart Touch છે. એથી જ ઉત્તરાર્ધની આ પંક્તિ અમારી Favourite છે. તેઓ એમાં કહે છે કે અગ્નિથી બળી ગયેલ બીજ પણ હજુ કદાચ ઊગી શકે, પરંતુ દુર્વચનોથી બળી ગયેલા ભાવો-સંબંધો ફરી પાંગરી-મહોરી શકતા નથી! દુર્વચનોથી બળી ગયેલાં હૈયાં કેવા સંબંધશૂન્ય-સંવેદનાશૂન્ય બની વૈરપરંપરા સર્જી દે એ જાણવું છે ? તો વાંચો આ મહાભારતની પ્રસિદ્ધ ઘટના :

પાંડવોએ નવી વસાવેલ રાજધાની ઈન્દ્રપ્રસ્થને નિહાળવા આવેલ એમના સગા કાકાનો પુત્ર દુર્યોધન ત્યાંની વિલક્ષણ વિશિષ્ટતાઓથી સંભ્રાન્ત થઈ ગયો. આથી એવું બન્યું કે જ્યાં જલ ન હતું ત્યાં જલના આભાસથી વસ્ત્રો સંકોરીને ચાલવા જતા એ હાંસીપાત્ર બન્યો અને જ્યાં જલ હતું ત્યાં એ ન હોવાના આભાસથી ચાલવા જતાં લપસી ગયો. આ ઘટના પર હૃદયવેધી દુર્વચન દ્રૌપદીએ ઉચ્ચાર્યા કે "આંધળાના દીકરા તો આંધળા જ હોય." આ વચને એવી વૈરની આગ પ્રગટાવી કે 'મહાભારત' નું ભયાનક યુદ્ધ સર્જાયું...

અંતે યાદ રાખીએ આ વાત કે :- **અનિયન્ત્રિત શક્તિઓ જીવનને ખુવાર કરે ને સુનિયન્ત્રિત શક્તિઓ જીવનનો ઉદ્ધાર કરે.**

# ૨૯

# કષાયોનાં ઉદયનિમિત્તો સંસારવૃદ્ધિનું કારણ બને... કષાયોનાં ઉપશાંતિનિમિત્તો સંસારક્ષયનું કારણ બને...

વ્યાપારનાં ક્ષેત્રે વ્યાપારીનું મુખ્ય લક્ષ્ય હોય છે કમાણીનું-નફાનું. પરંતુ એનાથી પણ પ્રથમ લક્ષ્ય એનું હોય છે નુકસાન ન થવા દેવાનું. કારણ કે વ્યાપારી સમજતો હોય છે કે કમાણી કદાચ ઓછી-વધતી થઇ તો ય એ એક વાર ચાલી જશે. કિંતુ નુકસાન થાય એ હરગિજ ચાલી ન શકે. જો નુકસાન ભારે થઇ ગયું તો સખત જહેમત પછી ય ઉપર આવવું મુશ્કેલ બની જાય.

બસ, આ જ નિયમ આત્મિક સાધનાનાં ક્ષેત્રે પણ લાગુ પડે છે કે સાધકનું મુખ્ય લક્ષ્ય હોય છે કર્મોની નિર્જરાનું-કર્મોના ક્ષયનું. પરંતુ એનાથી ય પ્રથમ લક્ષ્ય એનું હોવું જોઇએ નવાં નવાં ક્લિષ્ટ કર્મોનો બંધ ન થાય તેનું. કર્મોની નિર્જરા ઓછી-વધતી થાય તો હજુ એક વાર એ ચલાવી લેવાય. પરંતુ ક્લિષ્ટ કર્મોનો બંધ થાય એ હરગિજ ન ચલાવી લેવાય. જો ક્લિષ્ટ કર્મબંધ ભારે થઇ જાય તો પછી ભવભ્રમણને 'Break' લગાવવી અતિ કઠિન બની જાય.

આ પરિપ્રેક્ષ્યમાં યાદ કરવા જેવું છે 'આવશ્યકનિર્યુક્તિ' ગ્રન્થનું આ વચન કે ''हिताप्रवृत्तेरहितप्रवृत्तिर्गुरुसंसारकारणम्.'' મતલબ કે હિતકારી પ્રવૃત્તિમાં ન જોડાવા કરતાં ય અહિતકારી પ્રવૃત્તિઓમાં જોડાવું એ સંસારભ્રમણનું મોટું કારણ છે. એટલે સર્વપ્રથમ કર્તવ્ય તો અહિતકારી-અકલ્યાણકારી પ્રવૃત્તિથી બચવાનું છે.

આ માટે જ **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર એ ગ્રન્થના ચૌદમા અધિકારમાં મન-વચન-કાયા અને કષાયોના સંવરની વાત લઇને આપણી સમક્ષ પેશ થયા છે. તે પૈકી મનસંવર અને વચનસંવરની વાત આપણે ગત લેખમાં વિચારી ચૂક્યા છીએ. હવે આ લેખમાં વિચારીશું કાયસંવર અને કષાયસંવરની આસપાસ.

આપણી અર્થાત્ માનવની કાયાને પાંચ શક્તિઓ વિશિષ્ટપણે વરી છે : સ્પર્શશક્તિ-રસશક્તિ-ગંધશક્તિ-દર્શનશક્તિ અને શ્રવણશક્તિ. બીજા શબ્દોમાં કહીએ તો તે, કાયાને મળેલ પાંચ ઈન્દ્રિયશક્તિ કહેવાય છે. આ ઈન્દ્રિયો જો બેફામ-બેલગામ બનીને પોતાના ઈષ્ટ વિષયોમાં પ્રવર્તે તો કાતિલ કર્મબંધ કરાવી આત્માને ભયંકર નુકસાન કરાવે. અરે! ક્ષણભર આ આત્મિક નુકસાન બાજુ પર રાખીએ તો ય એવી સ્પષ્ટ પ્રતીતિ થાય કે બેફામ-બેલગામ એકેક ઈન્દ્રિયનાં કારણે પણ જીવને મોટાં-મોટાં બાહ્ય નુકસાનો થાય છે. જરા વિચારધારાને 'Sharp' કરો તો સમજાશે કે ગંજાવર તાકાત ધરાવતો વનવિહારી હાથી પાંજરામાં સપડાય છે સ્પર્શેન્દ્રિયની આસક્તિનાં કારણે-હાથિણીનાં સંગમની લાલસાનાં કારણે, તો નદી-સમુદ્રમાં મસ્તીથી વિહરતો મત્સ્ય જાળમાં સપડાય છે સ્વાદેન્દ્રિયની આસક્તિનાં કારણે; ભ્રમર કમળમાં કેદ થઇ હાથીના પગતળે કચડાય છે ગંધેન્દ્રિયની આસક્તિનાં કારણે, પતંગિયું દીવાની જ્યોતમાં હોમાય છે રૂપની આસક્તિનાં કારણે, તો હરણ વિંધાય છે શ્રવણની આસક્તિનાં કારણે.

વાસ્તવિકતા આ હોવાનાં કારણે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર પ્રત્યેક ઈન્દ્રિય માટે એકેક શ્લોક દ્વારા એને અશુભ વિષયોમાં જતી અટકાવવાનો અનુરોધ કરી કાયસંવરની વાત પ્રસ્તુત કરે છે. એમનાં એ નિરૂપણમાં ઊંડાણ

કેવું કાબિલેદાદ છે એ જીહ્વેન્દ્રિય સંબંધી એક શ્લોક દ્વારા આપણે નિહાળીએ. તેઓ લખે છે કે :-

जिह्वासंयममात्रेण, रसान् कान्  के त्यजन्ति न।
मनसा त्यज तानिष्टान्, यदीच्छसि तप: फलम्।।

પાંચેય ઇન્દ્રિયોમાં જીતવી સૌથી મુશ્કેલ ઇન્દ્રિય છે જીભ. કાન-આંખ જેવી ઇન્દ્રિયો સંખ્યાની દૃષ્ટિએ બબ્બે છે. છતાં એનું કાર્યક્ષેત્ર શ્રવણ-દર્શન વગેરે એક જ છે. જ્યારે જીભની વિલક્ષણતા એ છે કે તે સંખ્યાની દૃષ્ટિએ એક જ હોવા છતાં એના કાર્યક્ષેત્ર બે છે : સ્વાદ અને વાદ. સ્વાદમાં એ બેલગામ બને તો શરીરક્ષેત્રે જાલિમ નુકસાન કરે અને વાદમાં જો એ બેલગામ બને તો સંબંધક્ષેત્રે જાલિમ નુકસાન કરે. આ પૈકી માત્ર સ્વાદનો વિચાર અહીં કરીએ તો એક વાત ચોક્કસ છે કે સામે Favourite - અત્યંત મનપસંદ ખાદ્યપદાર્થ હોય અને વાપરવાનો આગ્રહ થતો હોય ત્યારે જીભ પર નિયન્ત્રણ રાખવું અતિ કઠિન છે. અરે! કેટલાય લોકો જીભના એવા ગુલામ હોય છે કે મનપસંદ ખાદ્યસામગ્રી મળે ત્યારે આરોગ્ય-અનારોગ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય વગેરે બધું વીસરીને લિજ્જત માણવામાં મગ્ન બની જાય છે. આ સ્થિતિમાં એ સ્પષ્ટ પ્રતીતિ થઇ શકે કે જીભ પર સંયમ કેળવીને મનગમતા પદાર્થનો ત્યાગ કરવો કેવો કઠિન છે.

પરંતુ ગ્રન્થકાર પૂર્વોક્ત શ્લોક દ્વારા હજુ ઉત્તુંગ આદર્શ આપે છે કે માત્ર જીભના સંયમ દ્વારા ઇષ્ટ ખાદ્યપદાર્થો ત્યાગનાર તો હજુ કદાચ અનેક સાધકો મળી આવશે. પરંતુ હે સાધક! તારે જો તપનું ઉત્કૃષ્ટ ફલ આત્મસાત્ કરવું હોય તો માત્ર જીભથી જ નહિ, મનથી પણ એનો ત્યાગ કરવાનું સત્ત્વ દાખવજે. મતલબ કે અંતરના એક ખૂણે ય એ સ્વાદિષ્ટ પદાર્થની લાલસા પ્રગટવા ન દેજે. આ આદર્શને આત્મસાત્ કરનાર અનેક જૈન શ્રમણ-શ્રમણીભગવંતો એવા છે કે જેમણે જીવનના ત્રીશ-ચાલીશ અને પચાસ-પચાસ વર્ષો ઘી-દૂધ વગેરે તમામ વિગઇઓ **fruit**-શાક-મેવા વગેરે સ્વેચ્છાએ ત્યાગી માત્ર એક જ વારના બાફેલ ભોજનરૂપ આયંબિલતપ કર્યા છે. માનવું જ રહે કે આટલો

દીર્ઘકાલીન આ સ્વાદત્યાગ માનસિક ત્યાગવૃત્તિ વિના શક્ય ન બને. જ્યાં માનસિક ત્યાગવૃત્તિ ઝળહળતી હોય ત્યાં સ્વાદ-ત્યાગ સાથે સમ્યક્ સમજ કેવી દેદીપ્યમાન હોય એ જાણવું છે? તો વાંચો આ ઘટના :

દાયકાઓ પૂર્વે અમદાવાદના એક શ્રીમંતે સંતોની ભક્તિરૂપે ભવ્ય ભોજનસમારોહ યોજ્યો હતો. અનેક સંતો-મહંતોમાં મુખ્ય મહેમાન હતા સંત સરયૂદાસજી. એમને આવવામાં થોડો વિલંબ થતા અન્ય સંતોએ ભોજન શરૂ કરાવી દીધું. અન્ય વાનગીઓની સાથે શુદ્ધ ઘીથી તર-બ-તર સુગંધદાર શીરો એ શ્રીમંતે સહુને આગ્રહ કરીને પીરસવા માંડ્યો. સહુ ખુશી-ખુશીથી શીરો આરોગી રહ્યા હતા. એવામાં મુખ્ય સંત સરયૂદાસજીનું આગમન થયું.

યજમાન શ્રીમંત એમને પણ આગ્રહપૂર્વક શીરો પીરસવા પહોંચી ગયા. કિંતુ સાચા ત્યાગી એ સંતે યજમાનને કહ્યું : ''મારે શીરાની જરૂર નથી. માત્ર લૂખા રોટલાની જરૂર છે.'' મુખ્ય સંત મુખ્ય વાનગીનો ઇન્કાર કરે એ યજમાન શ્રીમંતથી ન સ્વીકારી શકાયું. એ ગદ્ગદ્ સ્વરે બોલ્યા : ''આપને જરૂર ન હોય તો ય મારા સંતોષ ખાતર આપ શીરો વાપરો. રોટલો તો મેં સંતો માટે બનાવ્યો જ નથી.'' સરયૂદાસજી ધરાર મક્કમ રહ્યા અને મજૂરવર્ગ-કર્મચારીઓ માટે બનાવાયેલ રોટલામાંથી બે રોટલા વાપરવા લીધા. પેલા ભાવુક શ્રીમંતથી આ દૃશ્ય જોઈ ન શકાયું. એમની આંખમાંથી આંસુ ટપકી પડ્યા.

સરયૂદાસજીએ શ્રીમંતને સ્વસ્થ કરવા પોતાની વિચારધારા સમજાવવાનો એક પ્રયોગ કર્યો. એમણે ભોજનમંડપમાં જ શ્રીમંતની સમક્ષ એક દર્પણ મંગાવ્યું. શ્રીમંતને એમાં મુખ જોવાનું કહ્યા પછી સંતે ઘીથી તર-બ-તર શીરો પૂરા દર્પણ પર થોડી ક્ષણો પાથરી દીધો. બે-ચાર ક્ષણ બાદ શીરો હટાવી લઈ એમણે શ્રીમંતને એ જ દર્પણમાં મુખ નિહાળવા કહ્યું. દર્પણ ઘીથી તર-બ-તર હોવાથી હવે મુખ જરાય દેખાતું ન હતું. તે પછી સંતે રોટલાના નાના નાના ટુકડા દ્વારા દર્પણને ચીવટથી સ્વચ્છ કર્યું તો તમામ ચીકાશ હટી જવા સાથે એમાં પુનઃ મુખ દેખાવા માંડ્યું. સંતે હસતા હસતા પેલા શ્રીમંતને કહ્યું : ''આ દર્પણનાં સ્થાને છે મારો આત્મા. એને જો ઘી જેવી વિગઈથી ભરપૂર મસ્ત-સ્વાદિષ્ટ વાનગીઓ અપાય તો એ વિકારોની ચીકાશથી એવો

લેપાઈ જશે કે પછી એમાં પરમાત્માનું પ્રતિબિંબ નહિ ઝિલાય. એને જો હું રોટલા જેવો શુષ્ક-નીરસ ખાદ્યપદાર્થ આપીશ તો જામેલ વિકારોની ચીકાશ પણ દૂર થવા સાથે એમાં પરમાત્માનું પ્રતિબિંબ ઝીલી શકાશે. માટે મેં રોટલો પસંદ કર્યો છે.'' સંતની આ અદ્ભુત વિચારધારા સાંભળી પેલા શ્રીમંત અહોભાવથી તર-બ-તર થઈ ગયા.

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર માત્ર જીભના જ નહિ, પાંચેય ઈન્દ્રિયોના મનગમતા વિષયો પ્રત્યે માનસિક ત્યાગવૃત્તિભર્યો નિર્લેપભાવ કેળવવાનો નિર્દેશ કરી કાયસંવરનું ધ્યેય આપે છે.

તેઓ આ અધિકારમાં અંતિમ મહત્ત્વનો નિર્દેશ કરે છે કષાયસંવર. પૂર્વઅધિકારોમાં નિહાળ્યું છે તેમ કષાયો ક્રોધ-માન-માયા-લોભરૂપે છે. આ કષાયોના સંવર માટે-રોધ માટે તેઓ કહે છે કે :-

कषायान् संवृणु प्राज्ञ!, नरकं यदसंवरात्।
महातपस्विनोप्यापु:, करटोत्करटादय:।।

મતલબ કે હે પ્રાજ્ઞ સાધક ! તું તારા ક્રોધાદિ કષાયોનો રોધ કર. કારણ કે ઉત્કૃષ્ટ ત્યાગ અને તપ કરનાર કુરુડ-ઉત્કુરુડ જેવા સાધકો ય ક્રોધકષાય પર નિયન્ત્રણ ન કરી શકવાથી દુર્ગતિગામી બની ગયા છે. કષાય ક્રોધરૂપે હો કે અહંકાર-દંભ-આસક્તિરૂપે હોઃ એના સંવરનો-રોધનો એક શ્રેષ્ઠ ઉપાય એ છે કે એનાં ઉદયનિમિત્તોથી દૂર રહેવું અને ઉપશાંતિનિમિત્તોનું આસેવન કરવું. જેમ કે બદલો લેવાના વિચારો કર્યા કરવા એ ક્રોધનું ઉદયનિમિત્ત છે અને ક્ષમા-માફી આપવાના વિચારોમાં રમવું એ ક્રોધનું ઉપશાંતિનિમિત્ત છે. આવું અન્ય ત્રણ કષાયોમાં પણ યથાસંભવ વિચારવું.

છેલ્લે એક વાત : **કષાયોનાં ઉદયનિમિત્તો સંસારવૃદ્ધિનું કારણ છે.. કષાયોનાં ઉપશાંતિનિમિત્તો સંસારક્ષયનું કારણ છે...**

30

# સોપાનની શ્રેણિ
# પર્વતની ટોચ સર કરાવે...
# આરાધનાની શ્રેણિ
# શ્રેયની ટોચ સર કરાવે...

સાધનપરસ્તીના આ યુગમાં શહેરોની ઇમારતોમાં વસતા લોકોને 'Lift' ની સુવિધા મળતી હોવાથી પગથિયાની-સોપાનશ્રેણિની મહત્તા ઘણાને સમજાતી નથી. જ્યારે 'Electricity' ખોરવાય ત્યારે જ એમને પગથિયાનો મહિમા બરાબર સમજાતો હોય છે. હજુ એક પગલું આગળ વધીએ તો સોપાનશ્રેણિની-પગથિયાની ખરી મહત્તા તીર્થાધિરાજ શત્રુંજયગિરિરાજ સમા ઉત્તુંગ તીર્થોની યાત્રાસમયે સમજાય છે. ધરતીથી કાફી ઊંચાઇએ રહેલ ત્યાંના મંદિરો સુધી પહોંચવા માટે પગથિયાં જ ઉપયોગી બનતા હોય છે. ધારો કે ત્યાં પગથિયાં ન હોત અને માત્ર સીધું ચડાણ જ હોત તો તીર્થયાત્રા આસાન નહિ. બલ્કે ભયંકર દુર્ગમ બની જાત.

આ પગથિયાની ઉપકારકતાના સંદર્ભમાં કવિ અછાંદસ કાવ્યમાં ચિત્તને ચમત્કૃત કરી જાય એવી મસ્ત રજૂઆત કરે છે કે :-

**મને પગથિયાં બહુ ગમે છે.**
**કારણ કે**
**એ પોતે ક્યાં ય જતા ન હોવા છતાં**
**બીજાને ક્યાંક પહોંચાડે છે.**

અમે એમ માનીએ છીએ કે જેમ પર્વતની ટોચ પર પહોંચવામાં પગથિયાં અસરકારક માધ્યમ બની રહે છે, તેમ શ્રેયનાં-કલ્યાણના શિખર સર કરવામાં પણ પગથાર સમી નિશ્ચિત આરાધનાશ્રેણિ પણ અસરકારક માધ્યમ બની રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો એ આત્મકલ્યાણના 'step' જ બની રહે છે. **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર ગ્રન્થના શુભવૃત્તિશિક્ષોપદેશ નામે પંદરમા અધિકારમાં પ્રારંભિક પાંચ શ્લોક દ્વારા આત્મકલ્યાણના આવા નવ 'step' -નવ સોપાનો દર્શાવીને સાધકને શ્રેયના શિખર સુધી લઇ જવાનો પ્રયાસ કરે છે. અલબત્ત, આ નવે ય સોપાન મુખ્યત્વે સંસારત્યાગી સંયમીઓને અનુલક્ષી પ્રસ્તુત થયા છે. તો પણ એમાંની કેટલીક બાબતો સંસારી આરાધક પણ આત્મસાત્ કરી શકે તેમ છે. એ નવ સોપાનનાં નામ છે આવશ્યકઆરાધના-તપ-શીલાંગધારણ-સહનશીલતા-અષ્ટપ્રવચનમાતાપાલન-સ્વાધ્યાયયોગ-ભિક્ષાચર્યા-ધર્મબુદ્ધિથી ધર્મોપદેશ અને અપ્રમત્ત વિહાર. આપણે અહીં આ નવમાંથી કેટલાક સોપાનો પર સંક્ષિપ્ત વિશ્લેષણ કરીશું :

(૧) **આવશ્યક ક્રિયામાં યત્ન :** આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય આરાધના. જૈન પરંપરામાં આવી છ બાબતો આગમોક્ત હોવાથી એને ષડાવશ્યક કહેવાય છે. વર્તમાનમાં એ 'પ્રતિક્રમણ' શબ્દથી વિશેષ પ્રચલિત છે. આવાં પ્રતિક્રમણ દરેક આત્માર્થી સાધકે વહેલી પ્રભાતે અને સમી સાંજે મળી બે વાર અવશ્ય કરવા જોઇએ. એ પણ માત્ર ગતાનુગતિક શૈલીએ કે અન્યમનસ્કભાવે નહિ, બલ્કે સ્થિરતાપૂર્વક તન્મયભાવે કરવા જોઇએ. એક એવા મુનિભગવંત નિકટના ભૂતકાળમાં થઇ ગયા કે જેઓ વહેલી પ્રભાતનું પ્રતિક્રમણ એવી તન્મયતાથી કરે કે નિયત સમય કરતા બે-ત્રણગણો સમય આ આરાધનામાં વ્યતીત કરે અને એમાં પણ સકલતીર્થસ્તોત્ર એ રીતે બોલે કે જાણે એમાંના તમામ તીર્થોની યાત્રા એ 'live' કરતા હોય, એ તીર્થો પર

જાણે પ્રત્યક્ષ હાજર રહી કરતાં હોય. આને કહેવાય તન્મયતા. એમનું નામ હતું પંન્યાસ શ્રી ચરણ વિજયજી ગણિવર.

જેમ આ આરાધનામાં તન્મયતા જોઈએ તેમ એ એક પણ વાર ન ચુકાય તેવી તત્પરતા પણ જોઈએ. આ તત્પરતાના સંદર્ભમાં અમે ઉલ્લેખ કરીશું અમારા પ્રશિષ્ય મુનિવર શ્રી પ્રશમરત્નવિજયજીનો સાંસારિક અવસ્થાનો એક પ્રેરક પ્રસંગ :

English mediumમાં જ સંપૂર્ણ અભ્યાસ કરનાર આ યુવામુનિવર ગૃહસ્થાવસ્થામાં જ્યારે સોળ-સત્તર વર્ષના હતા ત્યારની વાત. એક વાર એમને સહુની સાથે યાત્રાપ્રવાસમાં જવાનું હતું. Special બસ ઉપડવાની હતી બપોરે ત્રણ વાગ્યે અને જ્યાં મુકામ હતો ત્યાં પહોંચતા રાત્રિના દશ તો થાય જ એમ હતું. વળી એ દિવસ ચૌદશની પર્વતિથિનો હતો. નિત્ય પ્રતિક્રમણ કરનાર મુમુક્ષુને પર્વતિથિએ પ્રતિક્રમણ ચુકાય એ પાલવે એમ ન હતું. એમણે ત્રણ વાગ્યા પૂર્વે પક્ખી પ્રતિક્રમણ પૂર્ણ કર્યું. ખ્યાલ રહે કે આ પ્રતિક્રમણ શરૂ થાય ત્યારથી બીજા દિવસની પ્રભાતના નિયત સમય સુધી આહાર-પાણીનો સંપૂર્ણ ત્યાગ મુખ્યતઃ કરવાનો હોય છે. મુમુક્ષુએ બપોરે એક વાગ્યાથી આહાર-પાણીનો સંપૂર્ણ ત્યાગ કરીને ય આવશ્યક ધર્મક્રિયા અવશ્ય કરી જ.

આ હૃદયસ્પર્શી ઘટનાનાં અનુસંધાનમાં અમારે એ જ નિર્દેશ કરવો છે કે આરાધક બન્યા વિનાના માત્ર કોરા પ્રભાવક થવાથી કલ્યાણ થતું નથી. કલ્યાણ તો આરાધનાની મજબૂત ભૂમિકાથી થાય છે...

(૨) **બાહ્ય-અભ્યંતર તપની સાધના :-** શ્રમણોનાં આવશ્યક સૂત્રોમાં શ્રમણ માટે એક વિશેષણ છે 'તપોધન.' મતલબ કે શ્રમણનું સાચું ધન તપ છે. તો 'શ્રમણ' શબ્દની વ્યાખ્યા આમ કરાઈ છે કે 'श्राम्यति–तपस्यति इति श्रमण:' અર્થાત્ તપનો શ્રમ કરે તે શ્રમણ. આ બન્ને બાબતો એ સૂચિત કરે છે કે શ્રમણનાં જીવનમાં તપનો મહિમા કેવો અદ્ભુત છે. પ્રભુ મહાવીરદેવનાં જ ધર્મશાસનના તપઈતિહાસ પર દૃષ્ટિપાત કરીએ તો એમાં મસ્તક અહોભાવથી ઝુકાવી દે તેવા અપ્રતિમ બાહ્ય-અભ્યંતર તપ કરનાર મહાતપસ્વી શ્રમણોનો સિલસિલો નિહાળવા મળે.

વર્તમાનમાં માત્ર અમારા જ શ્રમણ-શ્રમણી પરિવારનો ઉલ્લેખ કરીએ તો, અઢાર શ્રમણો અને એકતાળીશ શ્રમણી મળી અમે કુલ ઓગણસાઠ સંયમીઓ પાંચસો આયંબિલતપની આરાધના કરીએ છીએ. એમાં સળંગ એક હજાર આઠ આયંબિલ કરનાર સાધ્વીજી ધ્યાનદર્શિતાશ્રીજી છે, તો એક હજાર આઠ આયંબિલ કરનાર સાધ્વીજી વિશ્વધર્માશ્રીજી પણ છે; દીક્ષાના માત્ર બે જ માસમાં પાંચસો આયંબિલ શરૂ કરનાર બાલમુનિ નમ્રરત્નવિજયજી છે, તો સળંગ પાંચસો અને તેથી વધુ આયંબિલ કરનાર નવ તપસ્વીઓ છે. એ પૈકીના એક અમારા પ્રશિષ્ય મુનિવર શ્રી માર્દવરત્નવિજયજી સળંગ સાતસો-પચીસ આયંબિલ તો કરે જ છે, ઉપરાંત વૈરાગ્યની પરાકાષ્ઠાએ તમામ સાતસો પચીસ દિવસ એક જ પાત્રમાં એક સાથે તમામ ભોજનદ્રવ્યો ભેગા કરી વાપરે છે. એક તો આયંબિલનું સંપૂર્ણ નીરસ માત્ર બાફેલ ભોજન અને તે પણ ભેગું કરીને આરોગવું : સળંગ સાતસો પચીસ દિવસ આમ કરવું જરા ય આસાન નથી. એમને આ ઉત્કૃષ્ટતાથી તપ કરતા નિહાળી અમને એમ થાય છે કે આમની તુલનામાં અમારા પાંચસો આયંબિલ કોઈ વિસાતમાં નથી...

(૩) **ઉપસર્ગોમાં સહનશીલતા :-** એક મસ્ત સુવાક્ય વાંચ્યું હતું કે **પંપાળેલી કાયા ધર્મસાધનામાં બાધક બને છે, જ્યારે કેળવેલી કાયા ધર્મસાધનામાં સહાયક બને છે. શ્રમણ કાયાને પંપાળે નહિ, બલ્કે કેળવે.** એટલે જ ગ્રન્થકારે આ સોપાન દર્શાવતા હૃદયસ્પર્શી શબ્દો પ્રયોજ્યા છે કે ''सहोपसर्गास्तनुनिर्ममः सन्'' ભાવાર્થ કે હે સાધક ! તું શરીરની મમતાથી મુક્ત થઈને ઉપસર્ગો સહન કરજે. પ્રભુમહાવીરદેવે સ્વયં ઉપસર્ગો પ્રત્યે આ અભિગમ દાખવીને સાડા બાર વર્ષ પર્યંત સાંભળતા પણ ધ્રૂજી જવાય તેવા ઘોરાતિઘોર ઉપસર્ગો સહન કર્યા હતા. એ સંસ્કારો આજે પણ શ્રમણપરંપરામાં ઝિલાય છે. આજથી ચુમ્માલીશ વર્ષ પૂર્વે અમારી દીક્ષાનાં પ્રથમ વર્ષે અમને એક એવા સ્થાનકમાર્ગી સાધ્વીજી સુરેન્દ્રનગરમાં મળ્યા હતા કે જેઓ અસાધ્ય વ્યાધિથી ગ્રસ્ત હતા. છતાં મસ્તીથી આયુષ્યનાં અંતિમ ચરણમાં સોળ ઉપવાસ કરી સમાધિમૃત્યુ વર્યા હતા...

(૪) **સ્વાધ્યાયયોગમાં રમણતા :-** આમ તો સ્વાધ્યાય, તપના છ અભ્યંતર પ્રકાર પૈકીના એક પ્રકારસ્વરૂપ છે. છતાં એને ગ્રન્થકારે અલગ સ્થાન આપ્યું તે એમ દર્શાવે છે કે સ્વાધ્યાયનું મહત્ત્વ કેટલું ઉચ્ચ છે. સ્વાધ્યાયના મહિમા માટે આપણે એક સંસ્કૃત અને એક ગુજરાતી સૂક્તિ જોઈએ :

આવશ્યકક્રિયામાં શ્રમણ માટે આ પંક્તિ મળે છે કે ''ज्ञानादिगुणयुतानाम्, नित्यं स्वाध्यायसंयमरतानाम्.'' ભાવાર્થ કે શ્રમણ જ્ઞાનાદિગુણોથી યુક્ત હોય અને હંમેશા સ્વાધ્યાયમાં-સંયમમાં રક્ત હોય. તો એક ગુજરાતી સૂક્તિમાં રમતિયાળ શૈલીમાં સરસ નિર્દેશ છે કે **'લોકમાં રમે તે સંસારી અને શ્લોકમાં રમે એ સંયમી.'** આ સૂક્તિઓ પ્રતિબિંબિત થાય એવું જીવન હતું અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપ્રવર સિદ્ધાંતનિષ્ઠ આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મહારાજનું. જીવનના સત્યાશીમા વર્ષ સુધી ડોળીનો ય ઉપયોગ ન કરનાર તેઓ ચુસ્ત સંયમી મહાપુરુષ તો હતા જ. ઉપરાંત નિત્ય પ્રભાતે સાતસો શ્લોકપ્રમાણ નંદિસૂત્રઆગમનો અખંડ સ્વાધ્યાય ન થાય ત્યાં સુધી અન્ન-જળ ન વાપરનાર મહાન સ્વાધ્યાયી મહાત્મા પણ હતા...

(૫) **ધર્મપ્રાપ્તિની બુદ્ધિથી ધર્મોપદેશ :-** શ્રમણે પ્રવચન જરૂર આપવા જોઈએ. કિંતુ એ 'Impression' સર્જવા યા વટ પાડવા નહિ, બલ્કે શ્રોતાને અને સ્વયંને ધર્મસન્નિષ્ઠ બનાવવા-આરાધક બનાવવા આપવા જોઈએ. એમાં ઉદ્ધતાઈ-આછકલાઈ-અહં વગેરેનું નામનિશાન ન જોઈએ. અમે પ્રવચન આપતા પૂર્વે નિત્ય ત્રણ પ્રાર્થના આ કરીએ છીએ કે :- (૧) હું જે બોલીશ તે પ્રભુની અને ગુરુની કૃપાથી બોલીશ. (૨) જે બોલીશ તે પહેલા મારા આત્મા માટે અને પછી અન્યો માટે બોલીશ અને (૩) જે બોલીશ તે રાગ-દ્વેષથી મુક્ત થવા બોલીશ..

છેલ્લે એક વાત : **સોપાનશ્રેણિ પર્વતની ટોચ સર કરાવે... આરાધનાશ્રેણિ શ્રેયની ટોચ સર કરાવે...**

# ૩૧

## હે પ્રભુ ! કોઇનું બુરું ન ચિંતવું એટલી સમજ દેજે...
## હે પ્રભુ ! કોઇનું ખરાબ ન કરું એટલો વિવેક દેજે...

જાપાનના એક શહેરમાં અવાર-નવાર આગ ફેલાવાની ઘટનાઓ બનતી હતી. દૂરના વિસ્તારોમાં આગ લાગે ત્યારે તે સમયની સંદેશવ્યવસ્થા મુજબ Fire Brigade સુધી સમાચાર પહોંચતા થોડો વિલંબ થતો. એથી એવું થતું કે એ પહોંચે ત્યાં સુધીમાં ઘણી તારાજી થઈ જતી. આના ઉપાયરૂપે Fire Brigade ની ઊંચી ઈમારત પર એવા Camera લગાવાયા કે જે દૂર-દૂરની આગ Cameraમાં ઝડપી શકે. Cameraમાં જેવા એ દૃશ્ય ઝડપાય એટલે તુર્ત Siren બજે અને એનાં કારણે સાવધ થયેલ Fire Brigade તુર્ત ઘટના સ્થળે જઈ કાર્યરત થઈ જાય.

આ વ્યવસ્થા આશીર્વાદરૂપ પુરવાર થઈ. ઘણા દૂરનાં સ્થળે Fire Brigade સમયસર પહોંચી જઈ આગ બુઝવતી હતી. પરંતુ એક વાર ગજબનાક ઘટના બની ગઈ. રાત્રિના સમયે ખુદ એ ઈમારતની નીચેના ભાગે ભયાનક આગ ફાટી નીકળી. ત્યારે ન Camera એ દૃશ્ય ઝડપ્યાં કે ન Siren

બજી. પરિણામ એ આવ્યું કે ત્યાં ઘણી ભયંકર તારાજી થઈ ગઈ. લોકોને આશ્ચર્ય એ થયું કે દૂર-દૂરનાં દશ્યો ઝડપી શકનાર Camera એ બિલ્ડીંગની આગ કેમ ન ઝડપી? કારણનું તારણ એ આવ્યું કે એ Camera દૂર-નજીકનાં દશ્યો ઝડપી શકતા હતા. પરંતુ નીચેનાં દશ્યો ઝડપી શકતા ન હતા. મતલબ કે એ પોતાની ઈમારતનાં દશ્યો ઝડપી શકતા ન હતા. માટે તારાજી થઈ.

હા, જેઓ અન્યોના દોષો-ખામીઓ જોવામાં શૂરા-પૂરા હોય,પરંતુ પોતાના દોષો-ખામીઓ નિહાળવામાં બેદરકાર હોય તેઓની દશા Fire Brigadeની આ Camera વાળી ઈમારત જેવી થાય. એ બહુ આસાનીથી તારાજીના આરે આવી જાય. માટે જ શાસ્ત્રોએ આત્મનિરીક્ષણ - આત્મસંપ્રેક્ષણનો મહિમા કર્યો છે. 'દશવૈકાલિક' આગમશાસ્ત્રની ચૂલિકામાં આત્માર્થી શ્રમણ માટે લખાયું છે કે તે રાત્રિના પ્રારંભે અથવા પૂર્ણાહુતિના સમયે એકાંતમાં જાતનિરીક્ષણ કરે કે "મેં કયા સુકૃતો કર્યાં અને ક્યાં કરવાના બાકી છે? કઈ શુભ બાબતો શક્ય હોવા છતાં હું આત્મસાત્ કરતો નથી? અને કઈ ખામીઓ સુધારવા જેવી હોવા છતાં હું સુધારતો નથી?'' બસ, આ છે આત્મનિરીક્ષણનો અંગુલિનિર્દેશ. આની મજબૂત ભૂમિકા પર આત્મનિરીક્ષણનો વ્યાપ ખૂબ ખૂબ વિસ્તારી શકાય.

આપણે જેની ચિંતનયાત્રા કરીએ છીએ તે **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થના કર્તા પણ પંદરમા અધિકારમાં આત્મનિરીક્ષણની વાત મજાના શબ્દોમાં કરે છે. અમારી દષ્ટિએ **'અધ્યાત્મકલ્પદ્રુમ'**ના જે કેટલાક સદાબહાર Heart Touch શ્લોકો છે એમાંના બે શ્લોક આ અધિકારના છે અને એ પૈકીનો એક શ્લોક આ આત્મનિરીક્ષણસંબંધી છે. આજના લેખમાં આપણે એ બન્ને શ્લોકો માણીશું. એમાં પ્રથમ વિચારીએ આ આત્મનિરીક્ષણનો શ્લોક. ગ્રન્થકાર આત્માર્થી આરાધકને કહે છે કે :-

कृताकृतं स्वस्य तपोजपादि, शक्तीरशक्ती: सुकृतेतरे च।
सदा समीक्षस्व हृदाथ साध्ये, यतस्व हेयं त्यज चाव्ययार्थी।।

વ્યાપારી દિવસભરની લેવડ-દેવડના અંતે સાંજે રોજમેળ કરે કે આજે કેટલી આવક-જાવક થઈ અને કમાણી કેટલી થઈ. વિદ્યાર્થી દરેક સત્રના અંતે અભ્યાસની સમીક્ષા કરે કે કયા કયા વિષયો મજબૂત તૈયાર થયા છે અને કયા વિષયોમાં કચાશ રહી ગઈ છે. અરે ! આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત

ટોચના Batsman પણ પોતાની રમતની સમીક્ષા કરતા હોય છે અને જે દડે Cleanbold થયા કે Catch-Out થયા હોય એનો પછીથી Replay જોઈ જોઈને પોતાની ખામી સુધારતા હોય છે. શું રમતવીરો કે શું કલાકારો : એ સહુ આ જ રીતે પોતાની ખામી સુધારી ક્ષમતા વિકસાવતા રહે છે.

બસ, આ જ નીતિ અધ્યાત્મક્ષેત્રે સેંકડો-હજારો વર્ષ પૂર્વેના ઉપરોક્ત શાસ્ત્રોમાં શાસ્ત્રકર્તાઓએ અપનાવી છે. પૂર્વોક્ત શ્લોક દ્વારા **‘અધ્યાત્મકલ્પદ્રુમ’** ગ્રન્થકાર કહે છે કે ‘‘હે સાધક! તપ-જપ-આરાધના-શ્રુતોપાસના-ચારિત્રનું ઉત્કૃષ્ટ પાલન-ધ્યાન-ભાવના-પ્રવચન-અધ્યાપન આદિ અઢળક આત્મકલ્યાણકારી યોગોમાંથી તેં કેટલા યોગો આત્મસાત્ કર્યા અથવા નથી કર્યા? જે યોગો આત્મસાત્ કર્યા છે તેમાં તારી ક્ષમતાનો તેં પૂરેપૂરો વિનિયોગ કર્યો છે યા નહિ? જે યોગો આત્મસાત્ નથી કર્યા એનું કારણ શારીરિક અશક્તિ આદિ છે કે પ્રમાદ? એની ખાસ સમીક્ષા તું કરજે. આવી સમીક્ષા સાચા હૃદયની હોય તો પરિણામ કેવું ઉત્તમ આવે એ જાણવું છે? તો વાંચો આ હૃદયસ્પર્શી પ્રસંગ :

અમદાવાદના એક ઉપાશ્રયમાં ઈકોતેર વર્ષીય વડીલ આચાર્યભગવંત વિરાજતા હતા. એક દિવસ સવાર - સવારમાં કોઈ બહેને એમની પાસે ઉપવાસનું પચ્ચક્ખાણ માંગ્યું. આચાર્યશ્રીએ પચ્ચક્ખાણ આપીને પૂછ્યું : ‘‘આજે કોઈ પર્વદિવસ તો નથી. પછી ઉપવાસનું પચ્ચક્ખાણ કેમ?’’ બહેને પ્રત્યુત્તર આપ્યો : ‘‘સાહેબજી ! મારે વર્ષીતપ આરાધના છે.’’ બહેન તો ગયા. પરંતુ આત્માર્થી આરાધક આચાર્યશ્રી મનોમંથનમાં મગ્ન બની ગયા કે ‘મેં પૂરી જિંદગીમાં વર્ષીતપ કર્યો નથી. કદાચ એ અશક્તિ નહિ, પણ પ્રમાદ હશે. માટે હવે વર્ષીતપ કરવો છે.’ એમણે એ જૈફ વયે વર્ષીતપ આદર્યો. અને...માનશો? આ ઘટના પછી તેઓએ જીવનના અંત સુધી એક ઉપર એક સળંગ વર્ષીતપ જારી રાખ્યા અને કુલ વર્ષીતપ કર્યા તેંત્રીશ! એકસો ચાર વર્ષની વયે તેઓ કાલધર્મ પામ્યા ત્યારે પણ અખંડ વર્ષીતપારાધના એમની જારી હતી. આ છે હાર્દિક સમીક્ષાનો પ્રભાવ. એ પુણ્યપુરુષ એટલે સંઘસ્થવિર આચાર્યપ્રવર શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ.

ગ્રન્થકાર એ શ્લોકના ઉત્તરાર્ધમાં સરસ વિધાન કરે છે કે **'જે સાધ્ય છે-લક્ષ્ય છે તેના માટે સતત પ્રયાસ કરજે અને જે ત્યાજ્ય છે, એને તું છોડતો જજે. કેમ કે હે સાધક ! તું મોક્ષાર્થી છે.'** કેટલી Heart Touch વાત છે આ! યાદ રહે કે શિલ્પી એક પાષાણમાંથી પ્રતિમાનું સર્જન કરે ત્યારે એ બહારથી કાંઈ એમાં ઉમેરતો નથી. મૂર્તિનો આકાર આપવાની દૃષ્ટિએ, પાષાણના જે નકામા અંશો છે એને એ ટાંકણાં દ્વારા દૂર કરે છે. પરિણામ એ આવે કે પાષાણમાંથી પ્રભુપ્રતિમાનું પ્રાગટ્ય થાય. એ જ રીતે દોષો-દુષ્પ્રવૃત્તિઓના નકામા અંશો સાધનાનાં ટાંકણાં દ્વારા દૂર કરીએ તો આપણા આત્મામાં જ પરમાત્માનું પ્રાગટ્ય થઈ શકે છે, આત્મા સ્વયં પરમાત્મા થઈ શકે છે. શર્ત એટલી જ કે ત્યાજ્યને ત્યાગવાની તૈયારી અને લક્ષ્યસિદ્ધિનો પુરુષાર્થ સખત હોવો જોઈએ...

આ અધિકારમાં ગ્રન્થકારનો બીજો સદાબહાર શ્લોક આ છે કે :-

परस्य पीडापरिवर्जनात्ते, त्रिधा त्रियोग्यप्यमला सदास्तु ।
साम्यैकलीनं गतदुर्विकल्पं, मनो वचश्चाप्यनघप्रवृत्ति ।।

આ અધિકારનું નામ પૂર્વે જણાવ્યા મુજબ શુભવૃત્તિશિક્ષાધિકાર છે. એ નામને અનુરૂપ શુભ વૃત્તિ વિસ્તરે એવી વાત આ શ્લોકમાં પ્રસ્તુત છે. સામાન્યપણે શુભ વૃત્તિનો અર્થ થાય મનના શુભ વિચારો. પરંતુ આ અધિકારમાં એનો વિશેષ અર્થ એ કરાયો છે કે મન-વચન અને કાયાના યોગોનું શુભમાં પ્રવર્તન એનું નામ શુભ વૃત્તિ. આ અર્થઘટનમાં જે ત્રણે ય યોગોને શુભ બનાવવાનો નિર્દેશ છે તેની નિર્મલતા માટે ઉપરોક્ત શ્લોક એક શબ્દ પર ભાર આપે છે કે પરપીડનનો ત્યાગ કરો. એ કહે છે કે "હે સાધક! અન્યોને પીડા-પરેશાની થાય તેવા વિચાર-વાણી કે વર્તન તારા ન જ હોવા જોઈએ. તું ન તો મનથી ય કોઈને પીડા થાય તેવા વિચારો કરજે, ન વચનથી કોઈને પીડા થાય એવા શબ્દો બોલજે; કે ન તો કાયાથી નાની શી ય પરપીડનની પ્રવૃત્તિ કરજે. સતત આ રીતે ઉપયોગવંત રહેવાથી સહજપણે તારું મન સમતામય રહેશે-દુર્વિકલ્પોથી મુક્ત રહેશે, વાણી નિરવદ્ય-નિષ્પાપ રહેશે અને વર્તન અયોગ્ય પ્રવૃત્તિથી મુક્ત રહેશે. બસ, આ છે ત્રણ યોગોની નિર્મલતા.

ગ્રન્થકારની આ વાત સામે યાદ આવે અજૈન પરંપરાનો એક પ્રસિદ્ધ શ્લોક. એમાં એમ જણાવાયું છે કે અઢાર પુરાણગ્રન્થોમાં મહર્ષિ વ્યાસમુનિએ કરેલ વિચારવિસ્તારનો સાર માત્ર બે પંક્તિમાં સમાવી શકાય કે પરોપકાર પુણ્યનું કારણ છે અને પરપીડન પાપનું કારણ છે. ''परोपकार: पुण्याय, पापाय परपीडनम्.'' હૈયે આવાં વચનો સ્થિર થઈ જાય તો માત્ર સાધકનાં જીવનમાં જ નહિ, જ્યાં રાત-દિવસ રાજરમત ચાલતી હોય એ રાજકર્તાઓનાં જીવનમાં ય કેવી શુભ વૃત્તિ ખીલે એ જાણવું છે? તો વાંચો ઈતિહાસનાં પાને સુવર્ણાક્ષરે ચમકતી આ ઘટનાઃ

ગુજરાતના ઈતિહાસપ્રસિદ્ધ રાજવી સિદ્ધરાજ જયસિંહની માતા મીનલદેવી. એક હજાર વર્ષ પૂર્વેના સમયમાં એમણે પ્રજાની પાણીની સમસ્યા દૂર કરવા એક વિરાટ તળાવનું નિર્માણ આદર્યું. એ તળાવ સંપૂર્ણ વર્તુળાકાર-ગોળ બને એ રાજમાતાની ખ્વાહિશ હતી. એ માટે એકમાત્ર અવરોધ એક વૃદ્ધાનું ઘર હતું. રાજમાતાએ ખુદ એ વૃદ્ધાને સમજાવ્યું કે આનાથી મોટું ઘર રાજ્ય તરફથી તમને બીજે અપાવી દઉં. તળાવ ગોળ બને એ માટે તમે આ ઘર રાજ્યને આપી દો. પરંતુ વૃદ્ધાને એ જ ઘર સાથે મમતા હોવાથી એણે એ ઘર આપવાનો ધરાર ઈન્કાર કર્યો. રાજમાતાએ વિચાર્યું કે પરપીડન થાય તે રીતે રાજસત્તાનો ઉપયોગ કરવો નથી. ભલે તળાવ થોડું વાંકું બને, પણ માજીની જગ્યા પરાણે નથી લેવી. એ તળાવ અંતે થોડું વાંકું જ બન્યું. ત્યારથી એક કહેવત પ્રચલિત થઈ કે ''ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ.''

છેલ્લે એક મસ્ત પ્રભુપ્રાર્થના : **''હે પ્રભુ ! કોઈનું બુરું ન ચિંતવું એટલી સમજ દેજે... કોઈનું ખરાબ ન કરું એટલો વિવેક દેજે.**

# ૩૨

# ચિત્ત જો સમતામય છે તો બારે માસ વસંત છે... ચિત્ત જો વિષમતામય છે તો બારે માસ પાનખર છે...

વ્યાપારી રાત-દિવસ એક કરતી જબરદસ્ત જહેમત કરતો હોય કે Season માં ખાણી-પીણી-નિદ્રા વગેરે બધું જ ગૌણ કરતો હોય. એની પાછળ એનું લક્ષ્ય એકમાત્ર હોય છે નફો. જો તગડો નફો થતો હોય તો એને પોતાની તમામ જહેમત સાર્થક લાગે. વિદ્યાર્થી કારકીર્દિનિર્માણ પર અસર કરે તેવા Standard માં હોય ત્યારે મોજ-શોખ ગૌણ કરીને પૂરું વર્ષ અભ્યાસને અગ્રિમતા આપે કે પરીક્ષા નજીક આવે ત્યારે રાતોની રાતો ઉજાગરા કરે. એમાં એનું એકમાત્ર લક્ષ્ય હોય છે પરીક્ષામાં Top Seded રૂપે ઉત્તીર્ણ થવાનું. પરિણામમાં જો એ સર્વોચ્ચ ક્રમાંક હાંસલ કરે તો એને પોતાનો સખત પુરુષાર્થ સાર્થક લાગે.

બસ, એ જ રીતે એક આત્માર્થી આરાધક વધુમાં વધુ સમય આત્મકલ્યાણની સાધનામાં ડૂબેલ રહે કે દુનિયાદારીથી લગભગ વિમુખ

જેવો થઈ જાય. એમાં એનું વર્તમાન જીવનમાં હાંસલ થઈ શકે તેવું એકમાત્ર અનંતર લક્ષ્ય હોય છે સમત્વનું અર્થાત્ રાગ-દ્વેષની પરિણતિની વધુમાં વધુ ઉપશાંતિનું. રાગ-દ્વેષ જેમ જેમ ઉપશાંત થતા જાય, સમત્વની ઉપલબ્ધિ જેમ જેમ વિશિષ્ટ થતી જાય તેમ તેમ એ આરાધકને પોતાની સાધના સાર્થક થતી પ્રતીતિ થાય. સ્વયં પરમાત્મા જિનેશ્વર ભગવંતોની આજ્ઞા આ છે કે પ્રત્યેક આત્માર્થી આરાધકે આ સમત્વપ્રાપ્તિનાં લક્ષ્યથી જ આરાધનામાં પ્રવર્તવું. સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર એમનાં 'ઉપદેશરહસ્ય' ગ્રન્થમાં આ વિધાન કરતાં જણાવે છે કે :-

किं बहुणा? इह जह जह, रागद्दोसा लहुं विलिज्जंति ।
तह तह पयट्टिअव्वं, एसा आणा जिणिंदाणं ।।

મતલબ કે 'ઉપદેશની બહુ બધી વાતો અમે આ ગ્રન્થમાં કરી છે. હવે બહુ વિસ્તારની જરૂર નથી. આત્મકલ્યાણ માટેના ઉપદેશનો સાર સંક્ષેપમાં એ છે કે જે જે વૃત્તિ-પ્રવૃત્તિથી રાગ-દ્વેષ મંદ-મંદતર-મંદતમ બને તે રીતે પ્રવર્તવું. પરમાત્મા જિનેશ્વર ભગવંતોની આજ્ઞા આ છે.'

આનાથી એ સ્પષ્ટ સૂચિત થાય છે કે સમત્વ તમામ સાધનાનો સાર છે. એથી જ **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર અંતિમ સોળમા અધિકારમાં સમગ્ર ગ્રન્થનાં દોહનરૂપે સામ્યની-સમતાની વાત લઈને આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. એમણે એ સોળમા અધિકારને સરસ નામ આ આપ્યું છે 'સામ્યસર્વસ્વાધિકાર.' મતલબ કે સમતા જ સાધનાનું સર્વસ્વ છે એમ સમજાવતો અધિકાર ! આ અધિકારના પ્રથમ જ શ્લોકમાં તેઓ બે ધ્યાનાકર્ષક વાત કરે છે. એક એ કે ''હે સાધક! જો તું સમતાને અખંડ આત્મસાત્ કરી દે તો મોક્ષની પ્રાપ્તિ પણ તારા માટે જાણે કે હાથવેંતમાં આવી જશે.'' અને બીજી વાત તેઓ એ કરે છે કે ''સામ્ય-સમતા સતત અભ્યાસથી સિદ્ધ થાય તેવો પદાર્થ છે, માત્ર વાતોથી નહિ.''

ગ્રન્થકારે જે આ સતતાભ્યાસનો ઉલ્લેખ કર્યો છે એ આપણા માટે ખૂબ અગત્યનો છે. અહીં અભ્યાસનો અર્થ છે પુરુષાર્થ. વ્યવહારજગતમાં

પણ આપણે એ નિહાળીએ છીએ કે જે બાબતનો પુરુષાર્થ Practice સાતત્યસભર થાય એ બાબત સમય જતાં ખૂબ સરસ-શ્રેષ્ઠરૂપે સિદ્ધ થાય છે. એક દોડવીર રોજેરોજ દોડવાની Practice - પુરુષાર્થ કરે તો લાંબી દોડની સ્પર્ધામાં આશ્ચર્યજનક લાગે એટલા અલ્પ સમયમાં લક્ષ્યાંક સિદ્ધ કરી શકે છે. એક સંગીતકાર રોજેરોજ Riaz કરે - Practice કરે તો ક્લિષ્ટમાં ક્લિષ્ટ શાસ્ત્રીય રાગોને જરા ય ક્ષતિ વિના તુર્ત ગાઈ શકે. સતતાભ્યાસનું આ પરિણામ છે. Englishમાં એટલે જ આ ઉક્તિ પ્રચલિત છે કે Practice Makes a Man Perfect ગ્રન્થકાર પણ સામ્યનું-સમતાનું મહાન તત્ત્વ આત્મસાત્ કરવા આ સતતાભ્યાસનો નિર્દેશ કરે છે કે સતત Awareness જાગૃતિપૂર્વક સમતા સિદ્ધ કરવા પુરુષાર્થી બનો. તો સ્વભાવપરિવર્તન જેવી અશક્ય ભાસતી બાબત પણ કેવી સહજ સિદ્ધ થઈ જાય એ જાણવું છે? તો વાંચો જૈન પરંપરામાં મળતી શ્રેષ્ઠિકન્યા અચ્ચંકારી ભટ્ટાની આ કથાઃ

અતિશય સમૃદ્ધિવંત શ્રેષ્ઠીની એકની એક લાડલી દીકરી હોવાથી ભટ્ટાના દિમાગમાં સાવ નાની વયથી એવી તુમાખી વ્યાપી ગઈ હતી કે એનો પડ્યો બોલ ઝિલાવો જ જોઈએ. એ એનો સખત આગ્રહ હતો. એની જીદ હતી કે મોટી-વયસ્ક વ્યક્તિ પણ એને 'તું' કારે બોલાવી ન શકે. પિતાએ એવો નિયમ બનાવતા એ 'અચ્ચંકારી' નામે પ્રસિદ્ધ થઈ. લગ્નસમયે એણે પતિ સાથે પણ શર્ત કરી કે એ કહે તે જ રીતે વર્તવું. એક વાર મજબૂરીવશ નાની શી વાતમાં પતિ એની ઈચ્છાનુસાર વર્તી ન શક્યો તેમાં એનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. ગુસ્સામાં ને ગુસ્સામાં એ રાત્રે જ પતિગૃહેથી પિતાગૃહે જવા એકલી નીકળી.

એ ક્ષણોમાં એનાં ભાગ્યનું પાનું પલટાયું. એ ચોરોના હાથમાં સપડાઈ અને દીર્ઘકાળ એવાં દુઃખોમાં સબડી કે જેનું શ્રવણ પણ કમકમાટી ઉપજાવે. મહામુશ્કેલીએ તે એ દુઃખોની ગર્તામાંથી બહાર આવી. ભવિતવ્યતાની આ કારમી થપાટે એના ક્રોધી-અહંકારી સ્વભાવમાં પરિવર્તન આવ્યું. એ સમ્યક્ સમજભર્યા સતત પુરુષાર્થથી એ સ્તરે પહોંચી ગઈ કે જાણે એનો ક્રોધ નામશેષ થઈ ગયો હોય. ચાહે તેવાં નુકસાનો થાય તો પણ એના સ્વભાવમાં

ઉગ્રતા-ક્રોધ ન આવતો. પરીક્ષા કરવા આવેલ સાધુવેશી દેવે એના સેવકના હાથે ઉપરાઉપરી ત્રણ વાર મોટાં નુકસાન કરાવ્યા તો ય ન તો એણે સેવક પર ગુસ્સો કર્યો, ન તો એ મનોમન પણ સમતાથી વિચલિત બની !

આપણે એમ માનીએ છીએ કે 'બધું બદલી શકાય, પણ સ્વભાવ ન બદલી શકાય.' અચ્ચંકારી ભટ્ટાની આ કથા એ પુરવાર કરે છે કે સતતાભ્યાસથી સ્વભાવ પણ બદલી શકાય છે. વસ્તુતઃ આપણે જેને 'સ્વભાવ' કહીએ છીએ તે શાસ્ત્રોની દૃષ્ટિએ સ્વભાવ નહિ, પરંતુ વિભાવ છે. શાસ્ત્રોની દૃષ્ટિએ આત્માનો મૂલભૂત સ્વભાવ સામ્ય છે, ક્રોધાદિ કષાયો તો એનો વિભાવ છે. સામ્યનો સતતાભ્યાસ-પુરુષાર્થ આપણને આત્મિક વિભાવદશામાંથી સ્વભાવદશા તરફ લઈ જાય છે...

જેમ ક્રોધ-અહંકાર જેવા કષાયથી દૂર રહેવું તે દ્વેષ નામની વિભાવદશાનો પરિહાર છે, તેમ માયા-આસક્તિ જેવા કષાયથી દૂર રહેવું તે રાગ નામની વિભાવદશાનો પરિહાર છે. આ રાગ નામે વિભાવદશા પર ઘણના ઘા કરે તેવી પ્રેરક પ્રસ્તુતિ ''સામ્યસર્વસ્વાધિકાર'' ના ત્રીજા શ્લોકમાં કરતા ગ્રન્થકાર હૃદયસ્પર્શી વાત લખે છે કેઃ-

निःसङ्गतामेहि सदा तदात्म–न्नर्थेष्वशेषेष्वपि साम्यभावात्।
अवेहि विद्वन् ! ममतैव मूलं, शुचां सुखानां समतैव चेति ।।

શ્લોકના પૂર્વાર્ધમાં ગ્રન્થકાર જે કહે છે એનો જરા વિસ્તાર કરીએ. બાહ્ય-અભ્યંતર સંપૂર્ણ નિઃસંગતા એનું નામ મોક્ષ છે. કેમ કે ત્યાં શરીરથી લઈને કર્મ સુધી કોઈ બાબતનો સંગ નથી. આ અવસ્થા તરફ ગતિશીલ બનવું હોય તો ગ્રન્થકાર કહે છે કે સાધનાના આ સમયમાં જ નિઃસંગતા કેળવતા રહો. આ નિઃસંગતા ખરેખર અનુભવવી હોય તો અનુકૂળ-પ્રતિકૂળ ગમતી-અણગમતી આકર્ષક - અનાકર્ષક મૂલ્યવાન-મૂલ્યહીન તમામ વ્યક્તિ-વસ્તુ યા પરિસ્થિતિ પર સમત્વ-સમાન ભાવ કેળવો. એટલે કે રસગુલ્લા હોય કે રોટલો હોય, સુવર્ણ પાત્ર હોય કે સામાન્ય પાત્ર હોય. જાન આપી દે તેવો મિત્ર હોય કે જાન લઈ લે એવો શત્રુ હોય, સુવાંગ અનુકૂળતા હોય કે પ્રતિકૂળતાની ભરમાર હોયઃ

દરેક સ્થિતિમાં ચિત્તવૃત્તિ સંતુલિત-સમતામયી બનાવી રાખો. તો જ સાચી નિઃસંગતા અનુભવી શકાશે. બાહ્ય ત્યાગ ચોક્કસપણે નિઃસંગતાનું સહાયક પરિબળ છે. પરંતુ સાચી નિઃસંગતા આ અભ્યંતર સામ્ય-સમદૃષ્ટિ છે.

શ્લોકનાં ઉત્તરાર્ધમાં ગ્રન્થકાર સાધનામાર્ગના શ્રેષ્ઠ સૂત્ર સમી સદાબહાર પંક્તિ આપે છે કે **તમામ દુઃખનું મૂળ મમતા છે અને તમામ સુખનું મૂલ સમતા છે!** અહીં આ શ્લોકમાં સમતાનો અર્થસંદર્ભ છે અનાસક્તિ. મમતા જો આસક્તિનો પર્યાય છે, તો સમતા અહીં અનાસક્તિનો પર્યાય છે. અનાસક્તિના પર્યાય સમી આ સમતા અનુકૂળ-પ્રતિકૂળ હરેક પરિસ્થિતિમાં મનને કેવું મસ્ત-સ્વસ્થ રાખે એ જાણવું છે? તો વાંચો આ રમૂજકથાઃ

એક મર્મી સાધક સંત સાથે રહેતો શિષ્ય હજુ પરિપક્વ થયો ન હતો. એક વાર એણે ગુરુને ફરિયાદ કરી : ''ભિક્ષામાં દૂધ મળવું મુશ્કેલ બને છે. આપણી પાસે એકાદ ગાય હોય તો સારું રહે.'' સંત મૌન રહ્યા. આ સંવાદ સાંભળી ગયેલ ભક્તે રાત્રે ચૂપચાપ કુટિર પાસે ગાય બાંધીને મૂકી દીધી. બીજી પ્રભાતે ગાય જોતાં જ શિષ્યે ખુશીથી ઊછળી પડી ગુરુને વધામણી આપી. ગુરુ બોલ્યા : ''સારું થયું. હવે તારે દૂધ માંગવાની ઝંઝટ મટી જશે.'' થોડા દિવસો શિષ્યની ખુશી જળવાઈ રહી. પછી એક રાત્રે ચોરો ગાય ચોરી ગયા. સવારે વીલે મુખે શિષ્યે ફરિયાદ કરી. તો ગુરુ કહેઃ ''સારું થયું. હવે તારે છાણ ઊઠાવવાની ઝંઝટ મટી ગઈ.'' આ છે અનાસક્તિના પર્યાય સમી સમતાની મસ્તી. એની પ્રાપ્તિ માટે કરીએ આ મસ્ત પ્રાર્થના કે :-

**મળે રેશમ, કે મળે કંતાન;**
**મન રહે મસ્તાન, પ્રભુ એ જ દેજો વરદાન.**

# 33

# 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થની અધ્યાત્મયાત્રાનું સમાપન : સમગ્ર શાસ્ત્રોનો સાર જો કોઇ હોય તો તે છે સમતા...

દૂધ ભલે પ્રચૂર પ્રમાણમાં હોય, પરંતુ એના સારરૂપ મલાઈ કાંઈ એટલા પ્રચૂર પ્રમાણમાં નથી હોતી. દૂધ તપેલી ભરીને હોય તો મલાઈ બે-પાંચ ચમચી જેટલી જ હોય... છાશ ભલે પ્રચૂર પ્રમાણમાં હોય, પરંતુ એના સારરૂપ માખણ કાંઈ એટલા પ્રચૂર પ્રમાણમાં નથી હોતું. છાશ ઘડો ભરીને હોય તો માખણ માંડ પ્યાલા જેટલું હોય.. પુષ્પો ભલે અઢળક હોય, પરંતુ એના સારરૂપ અત્તર કાંઈ એટલું પ્રચૂર ન હોય. પુષ્પો ઢગલે ઢગલા હોય, તો એમાંથી પ્રાપ્ત થતું અત્તર માંડ Bottle જેટલું હોય. બસ, એ જ રીતે શાસ્ત્રો-ગ્રન્થો ભલે પ્રચૂર હોય, પરંતુ એનો સાર પ્રચૂર ન હોય. શાસ્ત્રો હજારો હોય - એના શ્લોકો લાખો/ક્રોડો હોય, તો ય એવું બને કે એનો સાર માત્ર થોડા શબ્દમાં સમાઇ જાય. અલગ અલગ શાસ્ત્રકારો એ સાર અલગ અલગ રીતે પ્રસ્તુત કરતા હોય છે. આવો એક સાર છે **સમતા.**

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર આ સમતાની વાત ગ્રન્થના સોળમા અને અંતિમ અધિકારમાં કરી રહ્યા છે જે આપણે ગત લેખથી વર્ણવી રહ્યા છીએ. આ અધિકારમાં તેઓ એક શ્લોક હવે એવો પ્રસ્તુત કરી રહ્યા છે કે જેનાથી, સાધનાજગતમાં સમતા કેવું હાર્દરૂપ તત્ત્વ છે એની આપણને સ્પષ્ટ પ્રતીતિ થાય. એ શ્લોક આ છે કે :-

तमेव सेवस्व गुरुं प्रयत्ना,-दधीष्व शास्त्राण्यपि तानि विद्वन् ।
तदेव तत्त्वं परिभावयात्मन्, येभ्यो भवेत् साम्यसुधोपभोगः ।।

શ્લોકમાં જે ત્રણ બાબત છે તેમાં પ્રથમ છે ગુરુસંબંધી. સાધનાજગતમાં ગુરુનું મહત્ત્વ અત્યંત ટોચ કક્ષાનું છે. અરે! ઘણી વાર તો શાસ્ત્રો ગુરુને ભગવાન જેવું સ્થાન પણ ચોક્કસ દૃષ્ટિબિંદુથી આપી દે છે. શું જૈન પરંપરા કે શું અજૈન પરંપરા : સહુ આ મુદ્દે સમાન મત ધરાવે છે. ઉદાહરણરૂપે વિચારીએ તો गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः० આ અજૈન પરંપરાના પ્રસિદ્ધ શ્લોકમાં ગુરુને ભગવાનતુલ્ય સ્થાન અપાયું છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ' આ ઉક્તિ પણ ગુરુનો મહિમા દર્શાવે છે, તો જેને કોઇ ગુરુ ન હોય તેના માટે પ્રયોજાતો 'નગુરો' શબ્દ પણ ગુરુ વિના ન જ ચાલે તેનો દ્યોતક છે.

આટલો પ્રબળ મહિમા ગુરુનો હોવા છતાં ગ્રન્થકાર ઉપરોક્ત શ્લોકની પ્રથમ પંક્તિ દ્વારા એમ સમજાવે છે કે તે જ ગુરુની પર્યુપાસના-સેવા સાધકે કરવી જોઇએ કે જે સાધકની આંતરિક ભૂમિકાને સમતાની-રાગ/દ્વેષરહિત અવસ્થાની તરફ લઇ જતા હોય. એમના વિચારો-એમનો વાર્તાલાપ-એમનો ઉપદેશ-એમનું માર્ગદર્શન સાધકને સમતામય બનાવે તો એ ગુરુ સાધક માટે ખરા ઉપકારી બને. આથી વિપરીત જે ગુરુ એમના અનુયાયીઓને સાંસારિક લાલચોમાં-મોહમાયામાં અટવાવી દે, દોરા-ધાગા-જ્યોતિષનાં માધ્યમે સંસારનાં આકર્ષણોથી અભિમુખ રાખે એ ગુરુની ઉપાસના કોઇ આંતરિક લાભ ન કરે. એ જ રીતે જે ગુરુ 'પોતાનું જ સાચું' ની માન્યતામાં ખેંચી જઇ અનુયાયીઓમાં કષાયવૃદ્ધિ-મતઝનૂન વગેરે વધારવાનાં કૃત્યો કરે એમની સેવા પણ કોઇ સાધનાકીય લાભ કરાવે નહિ.

શ્લોકમાં બીજી બાબત દર્શાવી છે શાસ્ત્રસંબંધી. શાસ્ત્રોની વાચના લેવી-શાસ્ત્રોનો અભ્યાસ કરવો-શાસ્ત્રોનું પરિશીલન ચિંતન કરવું એ મુમુક્ષુ માટે એક મહત્ત્વની પ્રક્રિયા છે. કેમ કે શાસ્ત્રો મુમુક્ષુની સાધનાની દિશા નક્કી કરવામાં અગત્યની ભૂમિકા અદા કરે છે, તો એ સાધનાને ગતિ આપવામાં પણ જબરજસ્ત સહાયક બને છે; સાધના દરમ્યાન સર્જાતી દ્વિધાઓ-ઉલઝનોનું એ નિરાકરણ કરી આપે છે, તો ક્યાંક સાધનાભ્રષ્ટ થતા બચાવવાનું કાર્ય પણ એ કરે છે. આથી શાસ્ત્રોનું એક આગવું મહત્ત્વ હોય છે. ''જ્ઞાનસાર' ગ્રન્થકારે ''साधव: शास्त्रचक्षुष:'' અર્થાત્ સાધુ શાસ્ત્રરૂપી ચક્ષુ ધરાવે છે લખીને એ મહત્ત્વને સરસ પ્રગટ કર્યું છે.

આમ છતાં **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર પૂર્વોક્ત શ્લોકમાં જણાવે છે કે તે જ શાસ્ત્રોનો અભ્યાસ-સ્વાધ્યાય-અનુપ્રેક્ષા-ચિંતન કરવું જોઇએ કે જે સાધકની ચિત્તવૃત્તિને સમતાથી ભરી ભરી બનાવે. એનાં સ્થાને જે શાસ્ત્રોનાં વાંચનથી સાધક કદાગ્રહોમાં તણાઇ જાય કે ગર્વોન્નત બની જાય એ શાસ્ત્રો એના માટે લાભદાયી નહિ, નુકસાનકારી પુરવાર થાય. આવાઓ માટે કટાક્ષમાં કહેવાતું હોય છે કે 'તેઓ શાસ્ત્રોને શસ્ત્રો બનાવી દેતા હોય છે.' યાદ આવે અહીં 'અધ્યાત્મસાર' ગ્રન્થનો આંખ ઉઘાડી દે તેવો શ્લોક. એમાં જણાવાયું છે કે :-

धनिनां पुत्रदारादि, यथा संसारवृद्धये।
तथा पाण्डित्यदृप्तानां, शास्त्रमध्यात्मवर्जितम्।।

ભાવાર્થ કે જેમ એક સુખી - સંપન્ન સંસારી વ્યક્તિ માટે એની વિશિષ્ટ સમૃદ્ધિ-પુત્ર-સુંદર પત્ની આદિ પરિવાર ફક્ત સંસારવૃદ્ધિનું કારણ બને છે તેમ જ્ઞાનનું અભિમાન-કદાગ્રહ ધરાવનાર વ્યક્તિ માટે અધ્યાત્મવર્જિત શાસ્ત્રો પણ સંસારવૃદ્ધિનું કારણ બને છે. ખબર છે પેલી માર્મિક કથા?

તીવ્ર બુદ્ધિશક્તિનાં કારણે ઘણા બધા શાસ્ત્રો ભણી જનાર એક વિદ્વાનને એવું અભિમાન જાગ્યું કે 'હું સૌથી શ્રેષ્ઠ જ્ઞાની છું. મારી સામે ચર્ચામાં કોઇ ટકી ન શકે.' આ અભિમાનના તોરમાં એણે એક અભિગમ અપનાવ્યો. એ જે ગામ-નગરમાં જાય ત્યાં પડકારો કરે કે 'તમારા ગામમાં કોઇ શાસ્ત્રજ્ઞ વિદ્વાન

હોય તો ચર્ચામાં ઝંપલાવી મને હરાવે. જો કોઇ વિદ્વાન તેમ ન કરી શકે તો તમારે મને શ્રેષ્ઠ-સર્વોચ્ચ જ્ઞાની હોવાનું પ્રમાણપત્ર અને ચન્દ્રક આપવો.' કેટલા ય ગામોમાં એણે ચર્ચામાં વિજય મેળવ્યો, તો કેટલાય ગામોએ ચર્ચાથી ડરીને એને પ્રમાણપત્ર-ચન્દ્રક આપી દીધા.

આ રીતે એક પછી એક ગામ-નગરોમાં પ્રમાણપત્ર-ચન્દ્રક એકત્ર કરતો વિદ્વાન કોઇ નગરમાં આવ્યો. ત્યાં એક પ્રકાંડ વિદ્વાન છતાં આત્માર્થી જ્ઞાની વસતા હતા. નગરજનોને પોતાના એ જ્ઞાની સંત તરફ ખૂબ આદર હતો. એથી એ નગરના વતનીઓએ પેલા આગંતુક વિદ્વાનને પ્રમાણપત્રાદિ ન આપતા પોતાના સંત સાથે વાદ કરવાનો પ્રસ્તાવ આપ્યો. પરંતુ થયું એવું કે નગરના સંત ખૂબ આત્માર્થી હોવાથી એમણે વાદ-વિવાદમાં રસ બતાવવાનાં સ્થાને નગરજનોને કહી દીધું કે 'ભલે ને એ પ્રમાણપત્રાદિ લઇ જાય. આપણને એમાં કાંઇ ફર્ક નથી પડતો.' જો કે, નગરજનો ન માન્યા અને પરાણે પરાણે સંતને ચર્ચા માટે સંમત કર્યા. સંતે ચર્ચાનો વિષય પૂછ્યો, તો અભિમાનથી ઉદ્ધત પેલા આગંતુક વિદ્વાને કહ્યું કે ''મને તો તમામ વિષયો-શાસ્ત્રો કંઠસ્થ છે. શરત એ રાખો કે તમે જે કહો એનું મારે ખંડન કરી બતાવવું. ખંડન ન કરું તો હું પરાજિત ગણાઇશ.''

મર્મજ્ઞ સંતે આ તક ઝડપી લઇ નગરજનો સમક્ષ પોતાનો પક્ષ માંડ્યો કે ''આગંતુક વ્યક્તિ ખૂબ વિદ્વાન છે. બધા શાસ્ત્રો એમને કંઠસ્થ છે. આ મારો મત છે. તેઓ હવે એનું ખંડન કરે!'' આગંતુક વિદ્વાન એવો ફસાઇ ગયો કે એની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઇ ગઇ. કારણ કે જો તે આ વાતનું ખંડન કરે તો એને પોતે જ પોતાની જાતનું અવમૂલ્યન કરવું પડે અને જો ખંડન ન કરે તો પરાજય સ્વીકારવો પડે. અતિશય અભિમાનમાં પોતે જ મૂકેલ વિ-લક્ષણ શરતથી એને હાર સ્વીકારવી પડી. મર્મી સંતે પછી એને સમજાવ્યો કે ''શાસ્ત્રોને શસ્ત્ર બનાવી વાદ-વિવાદના યુદ્ધો લડવાથી આત્મકલ્યાણ નથી થતું. શાસ્ત્રોને અધ્યાત્મદશાનું કારણ બનાવી એના દ્વારા સમતાયોગ-સામ્યદશા સિદ્ધ કરવાથી જ કલ્યાણ મળશે.'' પેલા બહિર્મુખ વિદ્વાનને સંતના આ ઉત્તરમાં સાધનાની ગુરુચાવી ઉપલબ્ધ થઇ.

પૂર્વોક્ત શ્લોકમાં ત્રીજી બાબત દર્શાવાઇ છે ચિંતન-મનનસંબંધી. ગુરુવાણી હો કે શાસ્ત્રવાણી હો : એનું પરિભાવન અર્થાત્ ચિંતન-મનન અતિ આવશ્યક છે. ખોરાક ચાહે તેવો પૌષ્ટિક વાપર્યો હોય, પરંતુ જો એનું પાચન ન થાય તો એ શક્તિદાયક ન બને. એમ પદાર્થો ચાહે તેવા સરસ સાંભળ્યા કે વાંચ્યા હોય, કિંતુ જો એનું ચિંતન-મનન ન થાય તો એ જોઇએ તેવા લાભદાયક ન બને. આથી જ જૈન પરંપરામાં પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં અનુપ્રેક્ષાને ચિંતન-મનનને ચોથા પ્રકારના સ્વાધ્યાયરૂપે સ્થાન અપાયું છે.

ચિંતન-મનનનો આટલો સબળ મહિમા છતાં પૂર્વોક્ત શ્લોકમાં **'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકાર એ સ્પષ્ટતા કરે છે કે તે જ તત્ત્વોનું ચિંતન-મનન સાધકે કરવું જોઈએ કે જેનાથી હૈયું સમતાના સુધારસમાં નિમગ્ન બને, શાંત-પ્રશાંત-ઉપશાંત બને. બાકી જો સામી વ્યક્તિને આંજી દે-છાકો પાડી દે તેવાં વ્યાખ્યાન-પ્રવચન માટે જ ચિંતન-મનન હોય કે એક પછી એક અકાટ્ય તર્કો-દલીલો દ્વારા સામી વ્યક્તિને ચૂપ કરી દેવા માટે જ પરિશીલન હોય તો એનાથી તે સાધકનું કોઇ ખાસ કલ્યાણ થવાનું નથી.

**'અધ્યાત્મકલ્પદ્રુમ'** ગ્રન્થકારે એક જ શ્લોકમાં દર્શાવેલ ગુરુ-શાસ્ત્ર અને તત્ત્વચિંતનસંબંધી બાબતો એ પુરવાર કરે છે કે સામ્યયોગ-સમતા અધ્યાત્મયાત્રાનું-સાધનાજીવનનું કેવું Supreme પરિબળ છે! આ ઉપરાંત આ અધિકારના છટ્ઠા શ્લોકમાં પણ ગ્રન્થકાર સ્વયં આ ભાવનો શ્લોક લખે છે કે ''તમામ શાસ્ત્રોરૂપ મહાસમુદ્રનું મંથન કરી અમે એમાંથી સારરૂપે સમતા સુધાનો સમુદ્ધાર કર્યો છે. જે સાધકો આ સમતાનું અમૃતપાન કરશે એમને અત્યારે-આ ભવમાં જ મોક્ષસુખનો આંશિક રસાસ્વાદ માણવા મળશે.''

છેલ્લે સળંગ તેંત્રીશ લેખોની આ **'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થાધારિત ચિંતનયાત્રાનું સમાપન કરતાં અમે એ જ પ્રાર્થના કરીશું કે સહુ આત્માર્થી આરાધકો શાસ્ત્રોના સારરૂપ સમતામાં નિમગ્ન બનો...**

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૨૨) ધર્મવાણી
(૨૩) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૨૪) શ્રદ્ધાનું સંગીત
(૨૫) પર્યુષણાની પાવન પ્રેરણા
(૨૬) જીવનનું ઝવેરાત
(૨૭) પજુસણ આવ્યાં રે..
(૨૮) પગલું પડે તો પંથ ખૂલે
(૨૯) વન્દના...પાપનિકન્દના
(30) રેતીમાં મોતી
(૩૧) રણ બને ઝરણ
(૩૨) મેઘધનુષ
(૩૩) દિવ્યધામ દર્ભાવતી
(૩૪) માયાનાં મૃગજળ
(૩૫) નમામિ વીરમ્
(૩૬) શ્રુતસૌરભ
(૩૭) શૂલ વચ્ચે ફૂલ
(૩૮) જીવન બને ઉપવન
(૩૯) આંખ ફરે અંતર ઠરે
(૪૦) પાઠશાળા પ્રવેશિકા
(૪૧) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૪૨) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૪૩) कथा–कल्पवल्लि: (संस्कृत)
(૪૪) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૪૫) દર્ઈનં મોક્ષસાધનમ્
(૪૬) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૪૭) સ્વાતિનાં મોતી
(૪૮) પ્રેરણાનાં પુષ્પો
(૪૯) આવો આરાધના કરીએ
(૫૦) તમે મન મૂકીને વરસ્યા
(૫૧) सुगंध (हिन्दी)
(૫૨) નવપદ ધરજો ધ્યાન
(૫૩) દીવડો ધરો ...તિમિર હરો
(૫૪) સૌરભ
(૫૫) હૈયાના હસ્તાક્ષર
(૫૬) અંતરજ્યોત
(૫૭) મયૂરપંખ
(૫૮) વંદન હોજો વાર હજાર
(૫૯) પ્રેરણાદીપ
(૬૦) આદર્શોનું અમૃત
(૬૧) પાનું ફરે ...સોનું ઝરે ...
(૬૨) ધર્મધારા
(૬૩) ધર્મસિન્ધુ
(૬૪) યુગદિવાકર મહાગ્રન્થ
(૬૫) વિમલાચલ–વન્દના
(૬૬) ધર્મસેતુ

## ... દ્વારા પ્રકાશિત સાહિત્યની સૂચિ

(૬૭) હૈયે કરજો વાસ
(૬૮) મોતીની ખેતી
(૬૯) અમૃતનો આસ્વાદ
(૭૦) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૭૧) ખૂશ્બુનો ખજાનો
(૭૨) એક મૂઠી મોતી
(૭૩) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૭૪) ભીતર દીવા હજાર
(૭૫) વન થી વૃંદાવન
(૭૬) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૭૭) હયાતિના હસ્તાક્ષર
(૭૮) હસતા અક્ષર
(૭૯) માનસરોવરનાં મોતી
(૮૦) અજવાળાના અવતરણ
(૮૧) દરવાજે દસ્તક
(૮૨) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૮૩) અમૃતનું આચમન
(૮૪) વ્રત ધરીએ...ભવ તરીએ
(૮૫) મહામાનવ મોતીશાહ
(૮૬) પ્રેરણાનો પચગામ
(૮૭) પ્રેરણાના પારિજાત
(૮૮) પ્રેરણાનો પરાગ
(૮૯) પ્રેરણાનું પરબ
(૯૦) પ્રેરણાનું પંચામૃત
(૯૧) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૯૨) ચાલો શિખરજી જઈએ
(૯૩) ઝાકળભીનો ઉજાસ
(૯૪) હૃદયદીપ
(૯૫) સુખનું સરનામું
(૯૬) સુખના સૂરજમુખી
(૯૭) અમૃતની અંજલિ
(૯૮) નંદનવનનાં પુષ્પો
(૯૯) તિમિરથી તેજ
(૧૦૦) પરમને પ્રાર્થના
(૧૦૧) ઝાકળભીનાં પુષ્પો
(૧૦૨) તમે સૂરજ થઈને ચમક્યાં–મહાગ્રન્થ
(૧૦૩) મહેંક માર્ગાનુસારિતાની ...
(૧૦૪) વિચારસેતુ
(૧૦૫) આનંદનું એવરેસ્ટ
(૧૦૬) વાસંતી વાયરા
(૧૦૭) ભવ આલોચના
(૧૦૮) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૧૦૯) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૧૧૦) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૧૧૧) જ્યોત
(૧૧૨) વૈભવ
(૧૧૩) સુગંધનું સરનામું
(૧૧૪) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૧૧૫) અક્ષરના દીવા
(૧૧૬) ઉદ્યોત
(૧૧૭) સાહિબ! તમે મારા છો
(૧૧૮) રત્નકિરણ

### પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧૧૯) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૧૨૦) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૧૨૧) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૧૨૨) ચિંતનની ચાંદની
(૧૨૩) મનનનાં મોતી
(૧૨૪) Treasure of Qualities
(૧૨૫) સૂર્યોદયનું સૌંદર્ય
(૧૨૬) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૧૨૭) Entity of Supremacy
(૧૨૮) Bharat Chakravarti
(૧૨૯) Karma

### ૧૩૦ થી ૧૯૦

પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ પુસ્તકો

# ગ્રન્થથી ગ્રન્થિવિસર્જન સુધી

‘‘અધ્યાત્મલક્ષી જીવનશૈલી આત્મસાત્ થાય એના માટે અધ્યાત્મસાર–અધ્યાત્મોપનિષદ્ વગેરે અનેક આધ્યાત્મિક ગ્રન્થો પ્રભુશાસનમાં ઉપલબ્ધ છે. એમાંનો એક મહત્ત્વપૂર્ણ અધ્યાત્મમઢ્યો ગ્રન્થ છે ‘અધ્યાત્મકલ્પદ્રુમ’. એના રચયિતા પૂજ્યપ્રવર સહસ્ત્રાવધાની આચાર્યવર્ય **શ્રીમાન મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ** સ્વયં એમના સમયના સુપ્રસિદ્ધ અધ્યાત્મસંપન્ન અને પરમ વૈરાગ્યસંપન્ન મહાપુરુષ હતા. તેઓશ્રીએ એ ગ્રન્થમાં જે આત્મવિશુદ્ધિલક્ષી ભાવો ભર્યા છે એ ભલભલા સાધકના પ્રમાદને ખેરવી નાંખવા અને એને આત્મવિશુદ્ધિના લક્ષ્યથી જોડી રાખવા સક્ષમ છે. એમની માર્મિક રચનાશૈલીનાં એક–બે ઉદાહરણો નિહાળીએ :

* સાતમા ‘કષાયત્યાગાધિકાર’માં તેઓશ્રી મર્મસ્પર્શી વાત લખે છે કે ‘‘**मूलं हि संसारतरोः कषाया-स्तत्तान् विहायैव सुखी भवात्मन्.**’’ મતલબ કે હે સાધક આત્મન્! આ સત્ય સદા ય સમજી લેજે કે સંસારરૂપી તોતિંગ વૃક્ષનું મૂળ જો કોઈ પણ હોય તો તે છે કષાયો. આ કષાયો – ક્રોધાદિ ભાવો છોડી દે તો તું સુખી થઈ જઈશ – શાંતિ અનુભવી શકીશ.

* અંતિમ ‘‘સામ્યસર્વસ્વાધિકાર’માં તેઓશ્રી લખે છે કે ‘‘**अवेहि विद्वन! ममतैव मूलं, शुचां सुखानां समतैव चेति.**’’ ભાવાર્થ કે હે વિદ્વાન, શાસ્ત્રોનો સાર સંક્ષેપમાં એ સમજી લેજે કે દુઃખોનું સરનામું મમતા છે અને સુખોનું સરનામું સમતા છે.

એ જ મંગલ મનઃકામના કરું છું કે મને અને વાચક વર્ગને આ ગ્રન્થ ગ્રન્થિવિસર્જન સુધી લઈ જાય...’’

- વિજયરાજરત્નસૂરિ
(આ પુસ્તકનાં ‘લેખકીય નિવેદન’માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171